જ્ઞાનધારા – ૧૯

# જૈન ધર્મની ગઈકાલ,
# આજ
# અને આવતીકાલ



ગુણવંત બરવાળિયા

# જ્ઞાનધારા - ૧૯

# જૈન ધર્મની ગઈકાલ,
# આજ અને આવતીકાલ


સંપાદન :-

ગુણવંત બરવાળિયા



-: પ્રકાશક :-

અર્હમ સ્પીરીચ્યુઅલ સેંટર

સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફીકલ

એન્ડ લીટરરી રીસર્ચ સેંટર - ઘાટકોપર

૭૧૬, ગોલ્ડ ક્રેસ્ટ, બિઝનેસ પાર્ક, શ્રેયસ સામે,

એલ.બી.એસ. રોડ, ઘાટકોપર (વે), મુંબઈ - ૪૦૦૦૮૬.

ફોન : ૦૨૨ - ૨૫૦૦૦૯૦૦

Gyandhara - 19
Jain Dharm ni gaikal, aaj ane avtikal

Edited by : Gunvant Barvalia
Sept. 2019

જ્ઞાનધારા - ૧૯
સંપાદન : ગુણવંત બરવાળિયા
આચાર્ય ભગવંત પૂ. રાજહંસસૂરિજીની નિશ્રામાં યોજાયેલ
જૈન સાહિત્ય જ્ઞાનસત્રના વિદ્વાનોના
નિબંધો, પ્રાપ્ત શોધપત્રોનો સંચય

પ્રકાશન સૌજન્ય :
શ્રી ગોવાલીયા ટેંક જૈન સંઘ, મુંબઈ - ૩૬.
માતુશ્રી પુષ્પાબેન ભૂપતભાઈ બાવીશીના સ્મરણાર્થે
હ : મમતાબહેન યોગેશભાઈ બાવીશી - ઘાટકોપર.

પ્રકાશક :
અર્હમ સ્પીરીચ્યુઅલ સેંટર સંચાલિત
SKPG જૈન ફિલોસોફિકલ એન્ડ
લિટરરી રીસર્ચ સેંટર, ઘાટકોપર,
મુંબઈ. મો. ૦૯૮૨૦૨૧૫૫૪૨
gunvant.barvalia@gmail.com

મૂલ્ય : રૂા. ૧૫૦/-

મુદ્રણ વ્યવસ્થા :
સસ્તુ પુસ્તક ભંડાર,
અમદાવાદ.

# સંપાદકનું નિવેદન

પૂજ્યપાદ શાસન સમ્રાટ શ્રી વિજયનેમિસૂરિશ્વરજી મહારાજના સમુદાયના પૂજ્ય પદ્યુમ્નસૂરી મ.સા. ના શિષ્ય રત્ન આચાર્ય ભગવંત પૂજ્ય રાજહંસસૂરિ મહારાજ સાહેબની પાવન નિશ્રામાં તા. ૨૧-૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૯ ના ગોવાલીયા ટેંક જૈન સંઘમાં યોજાયેલ જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૧૯ ના વિદ્વાનોના નિબંધો અને પ્રાપ્ત શોધપત્રોનો સંચય "જૈનધર્મની ગઈકાલ, આજ અને આવતીકાલ" રૂપે ગ્રંથસ્થ કરી પ્રસ્તુત કરતા આનંદ અનુભવીએ છીએ.

શ્રુતજ્ઞાનની આવી સુંદર અનુમોદના કરવા બદલ શ્રી ગોવાલીયા ટેંક જૈન સંઘનો આભાર.

જેમની ઉપસ્થિતિ ઉત્સવને મહોત્સવમાં પલટાવે એવા આચાર્ય ભગવંત પૂ. રાજહંસસૂરિ મ.સા. આદિ ઠાણાની આ જ્ઞાનસત્રને પાવન નિશ્રા સાંપડી તે આનંદની ઘટના છે.

દૂર દૂરથી આવીને વિદ્વાનોએ જ્ઞાનસત્રમાં ઉપસ્થિત રહી શોધપત્રો પ્રસ્તુત કર્યા તે તમામ વિદ્વતજનોનો આભાર.

જ્ઞાનસત્રને સફળ બનાવવા માટે ખીમજીભાઈ છાડવા, યોગેશભાઈ બાવીશી અને પ્રકાશભાઈ શાહના પુરુષાર્થની અનુમોદના કરું છું.

સપ્ટે. ૨૦૧૯ ગુણવંત બરવાળિયા

૬૦૧ સ્મિત એપાર્ટમેન્ટ,
ઉપાશ્રયલેન
ઘાટકોપર (ઈ)

# જૈન ધર્મની ગઈકાલ, આજ અને આવતીકાલ

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | લેખકનું નામ | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | જૈન ધર્મની ગઈકાલ, આજ અને આવતીકાલ | ડૉ. સાધ્વી આરતી | ૫ |
| ૨. | જૈન ધર્મમાં સ્ત્રીઓનું પ્રદાન | ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૬ |
| ૩. | ચારિત્ર ધર્મની ગઈકાલ, આજ અને આવતીકાલ | ડૉ. રતનબેન ખીમજી છાડવા | ૨૮ |
| ૪. | ધાર્મિક શિક્ષણની ગઈકાલ, આજ અને આવતીકાલ | ડૉ. પાર્વતીબેન નેણસી ખીરાણી | ૩૯ |
| ૫. | જૈન પત્રકારત્વની ગઈકાલ, આજ અને આવતીકાલ | મણિલાલ ગાલા | ૪૬ |
| ૬. | ચતુર્વિધ સંઘને જોડતી કડી | ડૉ. મધુબહેન જી. બરવાળિયા | ૫૧ |
| ૭. | વિદેશમાં જૈન ધર્મ | હિંમતલાલ એસ. ગાંધી | ૫૮ |
| ૮. | સાધુ તો ચલતા ભલા : વિહાર | ડૉ. સેજલ શાહ | ૬૫ |
| ૯. | જૈન ધર્મની નારી | ડૉ. જાગૃતિ નલીન ઘીવાલા | ૭૨ |
| ૧૦. | સાધર્મિક ભક્તિ | ગુણવંત બરવાળિયા | ૮૫ |
| ૧૧. | જૈન સાહિત્ય સર્જન | ભારતી દીપક મહેતા | ૯૨ |
| ૧૨. | જૈન પરંપરા | મિતેશભાઈ એ. શાહ | ૯૮ |
| ૧૩. | જૈન ધર્મમાં તપ | ડૉ. ઉત્પલા મોદી | ૧૦૩ |
| ૧૪. | જૈનમંદિરોના સ્થાપત્યની રચનાઓ | ડૉ. રેણુકા પોરવાલ | ૧૦૬ |
| ૧૫. | જૈન ધર્મમાં દાન | ડૉ. ભાનુબેન જે. સત્રા | ૧૧૬ |
| ૧૬. | નાટક : જૈન ધર્મની ગઈકાલ, આજ અને આવતીકાલ | જ્હોની કીર્તિકુમાર શાહ | ૧૨૮ |
| ૧૭. | આવશ્યક સૂત્ર : પ્રતિક્રમણ | ડૉ. પૂર્ણિમાબેન મહેતા | ૧૪૩ |
| ૧૮. | પ્રભુભક્તિનું શ્રેષ્ઠ આલંબન : જિનદર્શન અને જિનપૂજા | કનુભાઈ એલ. શાહ | ૧૫૪ |
| ૧૯. | શાસન પ્રભાવના | હેમાંગ અજમેરા | ૧૬૩ |


# ૧ જૈન ધર્મની ગઈકાલ, આજ અને આવતીકાલ

- ડૉ. સાધ્વી આરતી

કોઈપણ વિષયની ત્રૈકાલિક પરિસ્થિતિની વિચારણા તે વિષયને સર્વાંગીણ રૂપે પ્રગટ કરે છે. જૈન ધર્મ કેવળજ્ઞાની, સર્વજ્ઞ, વીતરાગી તીર્થંકર પરમાત્મા દ્વારા પ્રરૂપિત છે. જૈન ધર્મ મંગલમય છે કારણ કે તેમાં વિશ્વના તમામ જીવોનું હિત સમાયેલું છે. જૈન ધર્મ ઉત્તમ છે કારણ કે તેમાં અન્ય કોઈપણ જીવનો ધિક્કાર કે તિરસ્કાર ન કરતાં અનેકાંતવાદના ઉદાર અને વિશાળ સિદ્ધાંત દ્વારા સર્વનો સ્વીકાર થયેલો છે. જૈન ધર્મ શરણભૂત છે કારણ કે તેની આરાધનાથી જીવમાત્રની તમામ દુ:ખોથી અને દુ:ખના કારણોથી પણ મુક્તિ થાય છે. તેથી તેનો ભૂતકાળ ભવ્ય હતો, ઉજ્જવળ હતો.

તીર્થંકરો દ્વારા કથિત આચારશુદ્ધિ માટે અહિંસા અને વિચારશુદ્ધિ માટે અનેકાંતવાદના સિદ્ધાંતોથી પ્રભાવિત થઈને અનેક ચક્રવર્તીઓ, રાજા-મહારાજાઓ, અનેક શ્રેષ્ઠીઓએ પ્રભુના શાસનમાં પ્રવેશ કર્યો હતો. જૈન ધર્મ કોઈ સંપ્રદાય કે કોઈ ચોક્કસ જ્ઞાતિનો એક વાડો નથી પરંતુ અંતરશુદ્ધિને ઇચ્છનાર,

પોતાની જાતને જીતવાનો પ્રયત્ન કરનાર કોઈપણ વ્યક્તિ જ્ઞાતિ-જાતિના ભેદભાવ વિના જિનશાસનમાં જોડાઈ શકે છે. તીર્થંકરો ક્ષત્રિય હતા. તેમના મુખ્ય શિષ્યરૂપ ગણધરો બ્રાહ્મણ હતા. ધન્ના-શાલિભદ્ર જેવા અનેક શ્રેષ્ઠીઓ વણિક હતા. તે જ રીતે હરિકેશી મુનિ ચાંડાલ જ્ઞાતિના હતા. શાસનમાં પ્રવેશ થયા પછી તેમાં કોઈ ઊંચ-નીચકુળનો ભેદ રહેતો નથી. પરમાત્માના શાસનમાં સહુના આસન એક સમાન બની જાય છે. નિષ્પક્ષપાતતા જ જૈન ધર્મની વિશાળતા, ઉદારતા અને ભવ્યતાને પ્રગટ કરે છે.

પ્રભુ મહાવીરે જ્યારે શાસનની સ્થાપના કરી, ત્યારે બ્રાહ્મણ સંસ્કૃતિ પ્રચલિત હતી. જ્ઞાનના અભાવે જનસમાજ અંધશ્રદ્ધામાં જકડાયેલો હતો. હોમ-હવન કે યજ્ઞ-યાગમાં નિર્દોષ, અબોલ પશુઓની બલિ અપાઈ રહી હતી. અમુક કુરિવાજોમાં લોકો ફસાયેલા હતા. પ્રભુ મહાવીરે ક્રાંતિ કરીને જનસમાજને સન્માર્ગનું દર્શન કરાવ્યું, અંધશ્રદ્ધાથી મુક્ત કર્યા. અહિંસા અને અપરિગ્રહના સિદ્ધાંતને વ્યાપક બનાવ્યો. ધાર્મિક અને સામાજિક રીતરિવાજોમાં ફેરફાર કર્યા. ભોગપ્રધાન જીવનશૈલીને ત્યાગપ્રધાન બનાવવી તે જ વિશ્વશાંતિ સાથે આત્મશાંતિનો માર્ગ છે, તેવું તેમણે સચોટપણે સમજાવ્યું. જે જે લોકો પ્રભુ મહાવીરના શાસનમાં જોડાયા. તેમણે પરમાત્માના ઉપદેશનો સાક્ષાત્કાર કર્યો. ભોગનો આનંદ ક્ષણિક છે, ભ્રામક છે, પરાધીન છે. જ્યારે ત્યાગનો આનંદ વાસ્તવિક છે, શાશ્વત છે, સ્વાધીન છે. આ સત્યનો તેમને અનુભવ થયો. જેમણે ત્યાગનો સ્વાદ ચાખ્યો, તેઓ આત્મશાંતિનો અનુભવ કરવા લાગ્યા. આ રીતે ક્રમશઃ સત્યમાર્ગનો, જૈનધર્મનો પ્રચાર અને પ્રસાર વધવા લાગ્યો. પ્રભુ વીરના શાસનમાં જોડાયેલા સંતો અને સાધ્વીજીઓ સત્ત્વશીલ અને સત્યમાર્ગના જ ચાહક હોવાથી તેમણે સંઘ-સમાજને તે જ પ્રેરણા આપી.



સંઘ-સમાજને સન્માર્ગનું દર્શન કરાવવું અને સન્માર્ગે વાળવો, તેમાં ધર્મના નાટકનું જે યોગદાન હોય છે, તેટલું જ યોગદાન શાસનને સમર્પિત થયેલા સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા રૂપ ચતુર્વિધ શ્રીસંઘનું હોય છે.પ્રભુની ઉપસ્થિતિમાં અને પ્રભુના નિર્વાણ પછી આજે ૨૬૦૦ થી અધિક વર્ષોમાં યુગે-યુગે શાસનપ્રેમી યુગપુરુષોએ, ચતુર્વિધ શ્રી સંઘે શાસનને જીવંત બનાવવા પ્રશંસનીય અને અનુમોદનીય પુરુષાર્થ કર્યો છે. તેમાં અનેક સાધ્વીજીઓ અને અનેક માતાઓનું નોંધનીય સ્થાન છે. સ્ત્રીઓ પોતાના સંતાનોમાં સંસ્કારોનું સિંચન કરીને સમાજની કાયાપલટ કરનાર એક-એક સંતપુરુષનું સર્જન કરી શકે છે. જૈન ધર્મના ભવ્ય ભૂતકાળમાં તેવા અનેક સાધ્વીજીઓએ અને માતાઓએ પોતાના સત્વ અને શીલથી જૈન ધર્મને જીવંત રાખ્યો છે.

આદિકાળથી જોઈએ તો પ્રભુ આદિનાથની સુપુત્રી સાધ્વી બ્રાહ્મીજી અને સાધ્વી સુંદરીએ અભિમાનમાં અંધ બનેલા બાહુબલીને સાંકેતિક ભાષામાં બોધ આપ્યો. ''વીરા મોરા ગજ થકી હેઠા ઉતરો રે, ગજ હોદ્દે કેવળ ન થાય'' આ બોધવાક્યના શ્રવણે બાહુબલીની આંખ ખુલી ગઈ. અટકેલી સાધના પુનર્જીવિત થઈ. બાહુબલીજી કેવળી બન્યા, પૂર્ણ વિશુદ્ધિને પામ્યા. એક સાધકની શુદ્ધિ જગતના તમામ જીવો માટે જરૂર લાભદાયી બને છે.

પ્રભુ મહાવીરના શાસનમાં શાલિભદ્રના માતા ભદ્રામાતાએ સંપત્તિના નશામાં દુનિયાદારીનું ભાન ભૂલેલા પુત્ર શાલિભદ્રને સત્ય સમજાવ્યું હતું. રાજા શ્રેણિક ઘેર પધાર્યા ત્યારે પુત્રને કહ્યું, ''બેટા ! આપણા નાથ પધાર્યા છે, તું નીચે ઉતરીને પ્રણામ કર.'' માતાએ પોતાના પુત્રને ધર્મના મૂળરૂપ વિનયધર્મનું આચરણ કરાવ્યું. 'નાથ' શબ્દના શ્રવણે શાલિભદ્રને સ્વયંની અનાથતાનો અનુભવ થયો, તેઓ જાગી ગયા. લખલૂંટ સંપત્તિનો અને સમગ્ર સંસારનો ત્યાગ કરીને સ્વયંના

નાથ બનવાની દિશામાં ચાલી નીકળ્યા. તેમણે જગતને ભોગસુખની અસારતા અને ત્યાગસુખની શ્રેષ્ઠતાનું દર્શન કરાવ્યું.

વેદ - વેદાંગના જ્ઞાતા દિગ્ગજ બ્રાહ્મણ પંડિત શ્રી હરિભદ્રને જૈન સાધ્વી શ્રી યાકિની મહત્તરાના સ્વાધ્યાયના શબ્દશ્રવણે જૈન શ્રમણ બનવાની પ્રેરણા મળી. તેમણે વૈદિક પરંપરા છોડીને જૈનદીક્ષાનો સ્વીકાર કર્યો. તે જ જૈનાચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીએ ૧૪૪૪ ગ્રંથરચનાની અનુપમ ભેટ આપીને જિનશાસને સમૃદ્ધ બનાવ્યું છે.

ગુરુના વચન પર શ્રદ્ધા રાખીને શાસનના ઉત્થાન માટે માતા પાહિણીદેવીએ પોતાના આઠ વર્ષના ચાંગદેવને ગુરુચરણે સમર્પિત કર્યા હતા. જે ભવિષ્યમાં જૈન શ્રમણ બનીને કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના નામે પ્રસિદ્ધિ થયા.

બે ભાઈઓ વચ્ચે થતાં યુદ્ધને અટકાવવા માટે સાધ્વી માતા મયણરેહા યુદ્ધના મેદાનમાં ગયા હતા. પોતાના બંને પુત્રોને સન્માર્ગનું દર્શન કરાવ્યું હતું અને યુદ્ધ સ્થગિત રખાવ્યું હતું.

આવા અનેક પ્રસંગો જૈન ધર્મને જીવંત બનાવવામાં માતાના મહત્ત્વપૂર્ણ યોગદાનને પ્રગટ કરી જાય છે. માતા સંતાનની જનની છે. તે ગર્ભકાળથી જ બાળકમાં સંસ્કારનું સિંચન કરી શકે છે. માતાના સંસ્કારસિંચનમાં જ આપણું ભવિષ્ય છુપાયેલું છે. માતા સંસ્કારી હશે તો જ સમાજ સંસ્કારી બનશે.

વર્તમાનની પરિસ્થિતિને નિહાળીએ તો સમસ્ત જનસમાજ પર પાશ્ચાત્ય સંસ્કૃતિની ઊંડી છાપ ઉપસી આવે છે. આર્યસંસ્કૃતિનો કે જૈનત્વના સંસ્કારનો ખુલ્લેઆમ લોપ થઈ રહ્યો છે. યુવાધન વ્યસન અને ફેશનમાં ગાંડાતૂર બનેલ છે. માંસાહાર, વ્યભિચાર, ભ્રષ્ટાચાર, દુરાચાર કે હિંસાચારનો વ્યાપ પ્રતિદિન વધી



રહ્યો છે. સહુના હૈયે ધનસંપત્તિ અને ભોગસુખની ધૂન લાગી છે. સમસ્ત સમાજ ભોગસુખ પાછળ દોડી રહ્યો છે. ધન વિના ભોગસુખ શક્ય ન હોવાથી લોકોએ ધન પાછળ દોટ મૂકી છે. અન્યાય, અનીતિ, કૃતઘ્નતા, વિશ્વાસઘાત વગેરે જે પાપનું સેવન કરવું પડે, તે કરીને પણ તેને ધન મેળવવું છે. પાપના પરિણામનો તેને વિચાર નથી. ધર્મવિનાશના આ કાળમાં મેકોલો શિક્ષણ પદ્ધતિએ બહુ મોટો ભાગ ભજવ્યો છે. માતા-પિતા લાખો રૂપિયાના ખર્ચ કરીને સંતાનોને ભણાવે છે. એજ્યુકેશન સારું હોય તો જ સારી એવી ધનસંપત્તિને પ્રાપ્ત કરી શકાય અને ધનસંપત્તિ હોય તો જ સુખશીલતાપૂર્વક જીવી શકાય તેવી સમસ્ત જનસમાજની દૃઢ માન્યતા છે. લોકો પુણ્ય-પાપના સિદ્ધાંતને ભૂલી ગયા છે. આ કલિકાલમાં ધર્મની વાતો ઊંડે ઊંડે ક્યાં છુપાઈ ગઈ છે કે દબાઈ ગઈ છે તે સમજાતું નથી.

આ પરિસ્થિતિ ફક્ત જૈનધર્મ માટે જ કફોડી છે તેમ નથી પરંતુ કોઈપણ ધર્મ માટે આજે કપરી પરિસ્થિતિ છે. લોકો ફક્ત વર્તમાનના સુખને જ જોઈ રહ્યા છે, તેને ભવિષ્યનો કોઈ વિચાર નથી. સંપત્તિ અને સુખ માટે તેઓ પોતાની તમામ શક્તિ વાપરી રહ્યા છે. તેને ધર્મ કે કર્મ સાથે કોઈ સંબંધ નથી. સમાજની સત્ત્વશીલતા ઘટી છે, તેથી સત્ય તેને સ્પર્શી શકતું નથી.

યુવાવર્ગ ધર્મ, ધર્મસ્થાન કે ધર્મગુરુઓથી દૂર જઈ રહ્યો છે. તેથી યુવાવર્ગને સત્યની સમજણ મળતી નથી. અમે ખોટે માર્ગે જઈ રહ્યા છીએ, તેવું તેમને લાગતું જ નથી. અફસોસ છે કે આ ખાડો છે, તે ખબર જ ન હોય, ખાડાને જોવાની દૃષ્ટિ જ ન હોય, તો તે ખાડાથી કઈ રીતે બચી શકે ? સમજાતું નથી કે મૃગજળ માટેની આ દોટ ક્યાં સુધી ચાલશે અને દોડનારને ક્યાં લઈ જશે ?

કદાચ પ્રભુ વીરે ભાખેલા ભવિષ્ય અનુસાર પ્રભુના નિર્વાણ સમયે શરૂ

થયેલા ભસ્મગ્રહની અસર હવે ઉતરી ગઈ છે. ધર્મ માટેનો અત્યંત પ્રતિકૂળ કાળ હવે લગભગ પૂરો થઈ રહ્યો છે. ધર્મના ઉત્થાનનો સમય હવે આવી ગયો છે. પાંચમો આરો ૨૧૦૦૦ વર્ષનો છે. તેમાંથી લગભગ ૨૬૦૦ વર્ષ વ્યતીત થયા છે. હજી પાંચમા આરાનો ઘણો દીર્ઘકાળ શેષ છે અને પાંચમા આરાના અંત સુધી જિનશાસન જયવંતુ રહેવાનું છે. આ તીર્થંકર પરમાત્માનું અબાધિત વચન છે. તેથી અનેક પ્રકારના ચડાવ-ઉતાર વચ્ચે જૈનધર્મ રહેવાનો છે, તે નક્કર સત્ય છે.

આ કળિયુગમાં ભૌતિકવાદના ભૂતમાં ફસાયેલા જનસમાજને જૈન ધર્મના સિદ્ધાંતો જ રાહબર બની શકે તેમ છે. તેથી જ જૈન ધર્મનો અભ્યુદય ક્યારે અને કેવી રીતે થાય, તે સહુને માટે વિચારણીય પ્રશ્ન છે. જૈન ધર્મના અભ્યુદય માટે પુરુષાર્થશીલ બનવું, તે શાસનમાં સ્થાન ધરાવતી પ્રત્યેક વ્યક્તિની ફરજ છે. જેટલી જવાબદારી સંતોની છે, તેનાથી અધિક જવાબદારી શ્રાવકોની છે. સંતોના માર્ગદર્શન પ્રમાણે શ્રાવકોએ ક્રિયાશીલ બનવાનું છે. 'બહુરત્ના વસુંધરા' એ ઉક્તિ અનુસાર કેટલાય સંત-સતીજીઓ પાશ્ચાત્ય સંસ્કૃતિના પવનની દિશાને ફેરવવા માટે, શાસનના ઉત્થાન કાજે પ્રયત્નશીલ બની ગયા છે. શાસનની જ્વલંતતામાં જ વ્યક્તિનો કે સમાજનો વિકાસ છે. શાસનના અભ્યુદયમાં જ જીવમાત્રનો અભ્યુદય છે. જિનશાસનના પ્રચારમાં જ વિશ્વમૈત્રી અને શાંતિ-સમાધિના બીજનું વાવેતર છે, તે પ્રત્યેક મનુષ્યના લાભનું કારણ છે.

જૈન ધર્મના ઉજ્જવળ ભવિષ્ય માટે નીચેના મુદ્દાઓ વિચારણીય છેઃ-

(૧) જૈન ધર્મ પૂર્ણતઃ વૈજ્ઞાનિક છે. જૈન ધર્મના અનેક સિદ્ધાંતો આજના વૈજ્ઞાનિકોએ સંશોધન કર્યા પછી પ્રસિદ્ધ કર્યા છે. એટલે પ્રભુ મહાવીર Super Scientist હતા, તે વાત જો આજના યુવાનોને સમજાવવામાં આવે તો તેઓને



પ્રભુ વીર પ્રતિ જરૂર શ્રદ્ધાનો ભાવ અને ધર્મ પ્રતિ આદરભાવ પ્રગટ થશે. તેમજ તેઓ આવા સિદ્ધાંતો જાણવા અને સમજવા ધર્મગુરુઓની નજીક આવશે અને ધર્મના સંસ્કાર પામશે. તેથી વૈજ્ઞાનિકોએ સિદ્ધ કરેલા જૈન ધર્મના અધિકતમ સિદ્ધાંતોનો પ્રચાર થવો જોઈએ.

(૨) આજની શિક્ષણપદ્ધતિમાં પરિવર્તન થવું જોઈએ. જૈન સંતોએ ઉપાશ્રય કે દેરાસર બનાવવાની પ્રેરણા આપવાની સાથે જૈન સ્કૂલો અને જૈન કૉલેજોના નિર્માણ માટે જોરશોરથી પ્રેરણા આપવી જોઈએ. આજે કોનવેન્ટ સ્કૂલમાં અભ્યાસ કરતા બાળકો પાશ્ચાત્ય સંસ્કૃતિને સહજ રીતે પામે છે, તે જ રીતે જૈન સ્કૂલો થાય તો એકસાથે સેંકડો યુવાનોમાં જૈનત્વના સંસ્કારનું સિંચન સરળતાથી થઈ શકે છે.

(૩) સંતોના પ્રવચનો ફક્ત ઉપાશ્રયમાં જ નહીં, પરંતુ સ્કૂલ, કૉલેજો અને મોટી સોસાયટીઓ વગેરે જાહેર સ્થાનોમાં થવા જોઈએ.

(૪) ટી.વી., મોબાઈલ વગેરે યુવાનોના વપરાશના સાધનોમાં 'સંસ્કાર સજાવો - ધર્મ બચાવો' જેવા વિશિષ્ટ પ્રોગ્રામો વધુમાં વધુ આવવા જોઈએ.

(૫) આદર્શ, સુસંસ્કાર સંપન્ન માતાઓ તૈયાર કરવા માતાઓ માટે પણ શિક્ષણની અલગ પ્રકારે વ્યવસ્થા થવી જોઈએ. સંસ્કારસંપન્ન માતા સુસંસ્કાર સંપન્ન સંતાનોને જન્મ આપે છે. ક્રમશઃ સમાજની પરિસ્થિતિ સુધારી શકાય છે.

(૫) જૈન સમાજના યુવાનો માટે એજ્યુકેશન, મેડિકલ સહાય તેમજ તેના ભવિષ્યમાં નિર્માણ માટે તેને સારામાં સારી રોજગારી મળી શકે તે માટે વિવિધ યોજનાઓ થવી જોઈએ. જૈન સમાજના ડોનેશનનો લાભ અધિકતમ જૈનોને જ મળે, યુવાનોની માંગ જો જૈન સમાજ તરફથી જ પૂર્ણ થાય તો આજના યુવાનોને સહજ રીતે જૈન ધર્મ પ્રતિ આદરભાવ પ્રગટ થાય છે.

(૬) લોકોને ભોગસુખથી સદાય અતૃપ્તિ અને અશાંતિનો સિદ્ધાંત વિવિધ રીતે સમજાવવો જોઈએ.

(૭) અન્યાય, અનીતિ કે દુરાચારના દુષ્ટફળનું જ્ઞાન આપવા લોકોને ધર્મ અને કર્મના સિદ્ધાંતો સમજાવવા જોઈએ.

ધર્મઆરાધનાનું ફળ ચિત્તશાંતિ કે પ્રસન્નતા છે, પરંતુ તેના By Product રૂપે ધનસંપત્તિનો લાભ સહજ રીતે મળવાનો જ છે.

(૮) જેમ ઘરમાં બાળકોને સમજાવવા માતા-પિતાએ થોડીવાર બાળક જેવા બનવું પડે છે. બાળકની કાલી-ઘેલી ભાષા બોલવી પડે છે. તે જ રીતે સંત-સતીજીઓએ યુવાધનને સાચવવા કે તેને સન્માર્ગે લાવવા પોતાના મૂળભૂત સિદ્ધાંતોને વળગીને યુવાનોની પસંદગીને સ્વીકારવી પડે છે.

(૯) ઘરના વડીલોએ ધન-સપંત્તિની ઘેલછા છોડવી જોઈએ. સંતાનોના શિક્ષણ સાથે તેને ધાર્મિક શિક્ષણ માટે પ્રારંભથી જ પ્રોત્સાહિત કરવા જોઈએ. ઘરનું વાતાવરણ બાળકોના માનસને અવશ્ય પ્રભાવિત કરે છે. તેથી ઘર ઘરમાં જૈનત્વના સંસ્કાર ઝળકવા જોઈએ.

(૧૦) રાજકીય ક્ષેત્રે સંસ્કારસંપન્ન સજ્જન પુરુષોનો પ્રવેશ થાય, તો પણ આર્યસંસ્કૃતિના સંસ્કારો જાળવી શકાય છે.

સંક્ષેપમાં યુવાનોને જે જોઈએ છે તે સર્વ પ્રકારની અનુકૂળતા ધર્મના ફળસ્વરૂપે જ મળે છે. 'આ જગતનું કોઈપણ સુખ ધર્મ સાથે જ બંધાયેલું છે' આ કથન યુવાનોના ગળે ઉતારવું જોઈએ. પ્રભુ મહાવીરના દશેય શ્રાવકો અઢળક સંપત્તિના સ્વામી હતા.



આત્મસાધનાની સાથે જેના હૈયે શાસનને જીવંત રાખવાની દાઝ છે, 'સવ્વે જીવ કરું શાસનરસી' જેવો ઉમદા ભાવ છે, 'પરમાત્માકથિત ધર્મમાં જ સર્વ જીવોનું હિત અને કલ્યાણ છે' તેવી દઢતમ શ્રદ્ધા છે તેવા અનેક સંત-સતીજીઓ આ ક્ષેત્રે પોતાનું યોગદાન આપી રહ્યા છે.

આવા અનેક સંતોમાં આચાર્યસમ પૂ. શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ સાહેબ અગ્રગણ્ય સ્થાન ધરાવે છે. તેમણે જીવનના છેલ્લા શ્વાસ સુધી પ્રખર પ્રવચન અને સાંસ્કૃતિક સાહિત્યસર્જન દ્વારા સમાજને સન્માર્ગનું દર્શન કરાવ્યું છે. એટલું જ નહીં, પરંતુ 'તપોવન' જેવા જૈન ગુરુકુળની સ્થાપના દ્વારા સેંકડો બાળકોમાં સુસંસ્કારનું સિંચન કરવાનો જબરદસ્ત પુરુષાર્થ કર્યો છે. તેમણે તૈયાર કરેલા વીર સૈનિકો જૈન સમાજની શાન છે. આ સંસ્થામાં તેજસ્વી વિદ્યાર્થીઓને આઈ.એ.એસ. કક્ષાના અધિકારી બનવાની તાલીમ ચાલુ થઈ ગઈ છે. આવા તપોવનો જો ઠેર-ઠેર ચાલુ થાય તો બાળકોનો વિકાસ ધર્મના પાયા પર થાય, જે ફક્ત બાળકો કે તેના પરિવાર માટે જ નહીં પરંતુ સમાજ, રાજ્ય કે રાષ્ટ્ર માટે લાભદાયી બની શકે તેમાં શંકાને સ્થાન નથી.

યુવાહૃદય સમ્રાટ પૂ. શ્રી હેમરત્નવિજયજી મ.સા.ની પવિત્ર પ્રેરણાથી જૈન એલર્ટ ગ્રુપ તૈયાર થયું છે, જેમાં હજારો યુવાનો ભોગ-વિલાસ કે વિવિધ વ્યસનોને છોડીને જૈન ધર્મ પ્રતિ શ્રદ્ધાશીલ બન્યા છે.

રાષ્ટ્રસંત પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.એ યુવાધનને સન્માર્ગે વાળવા અર્હમ્ યુવા ગ્રુપની સ્થાપના કરી છે. તેઓ યુવાનોને સેવાકીય પ્રવૃત્તિથી સાધનામાર્ગે લાવી રહ્યા છે. બાળકોના સંસ્કારસિંચન માટે Look and Learn ના સેંકડો સેન્ટરો દેશ-વિદેશમાં કાર્યરત બની રહ્યા છે. બાળકોને રમત-ગમત સાથે જૈનત્વના સંસ્કાર,

વડીલોનો વિનય અને સદાચારનું શિક્ષણ આપી રહ્યા છે.

તે જ રીતે વેલ એજ્યુકેટેડ યુવાનો અને યુવતીઓને ભોગસુખની અસારતાનું દર્શન કરાવી તેમને વૈરાગ્યબોધ પમાડે છે, તેમજ પ્રભુના મહામાર્ગે સંયમધર્મનો સ્વીકાર કરાવે છે. સંયમમાર્ગે આવેલા આવા એજ્યુકેટેડ સંત-સતીજીઓ જ જિનશાસનની અમૂલ્ય મૂડી છે અને તે જ શાસનનું ઉજ્જવળ ભવિષ્ય છે. હજારો યુવાનો અને હજારો બાળકોને તેમણે સંસ્કારસિંચન કરીને જિનશાસન પ્રતિ શ્રદ્ધાશીલ બનાવ્યા છે.

શ્રી રાકેશભાઈ ઝવેરી (ધરમપુર) તેઓ પણ દેશ-વિદેશમાં જઈને પ્રભુ મહાવીરના ધર્મનો વ્યાપ વધારી રહ્યા છે. તેમની પ્રેરણાથી પણ હજારો યુવાનો અને યુવતીઓ પોતાની જીવનદિશાને પરિવર્તિત કરીને જૈન ધર્મ પ્રતિ શ્રદ્ધાશીલ બન્યા છે.

વર્તમાન પરિસ્થિતિની જરૂરિયાતને સમજીને અનેક જૈનસંસ્થાઓ જૈન સમાજના બાળકોને એજ્યુકેશન માટે મદદરૂપ બની રહી છે અને કેટલીય સંસ્થાઓ મેડીકલ સહાય આપી રહી છે. તે ઉપરાંત શ્વેતાંબર અને દિગંબર બંને પરંપરાના અન્ય અનેક સંતો અને સતીજીઓ જૈન ધર્મના ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રયત્નશીલ બની ગયા છે.

તેમ છતાં જો જૈનસમાજના ચારે ફિરકામાંથી સંપ્રદાયવાદનું વિષ ઉતરી જાય, સમસ્ત જૈનસમાજ સંગઠિત થઈ જાય અને જૈનસમાજના ઉદારદિલા શ્રેષ્ઠીઓ સમાજના વિકાસ માટે આગળ આવે, પોતાની સંપત્તિનો સદુપયોગ જૈનસમાજ માટે કરે તો જૈનસમાજ સદ્ધર થાય, તેનો સર્વાંગી વિકાસ થાય અને સહજ રીતે જૈન ધર્મનો ભવિષ્યકાળ સુવર્ણકાળ બને તેમાં શંકાને સ્થાન નથી.



બસ ! પરમાત્માનો ધર્મ જ આત્મશાંતિ અને વિશ્વશાંતિનો મહામાર્ગ છે તેમ શ્રદ્ધાપૂર્વક સ્વીકારી આપણે સહુ પણ આપણા તન-મન-ધન શાસનને સમર્પિત કરીએ. શાસનના ઉત્થાન માટે યત્કિંચિત યોગદાન આપીએ. આ જ્ઞાનસત્રમાં ચર્ચિત વિષયો કેવળ ચર્ચા કે વિચારણાના વિષય ન બને, પરંતુ વિચારણીય પ્રત્યેક મુદ્દાઓ યથાશક્ય શીઘ્રાતિશીઘ્ર ક્રિયાન્વિત બને તેમાં જ જૈન ધર્મનું ઉજ્જવળ ભવિષ્ય છે. જૈન ધર્મની સર્વશ્રેષ્ઠતા અને સર્વોત્તમતાને સમજીને જીવમાત્ર કેવળી પ્રરૂપિત ધર્મનું શરણ સ્વીકારી શાશ્વત સુખને પામે એ જ મંગલ ભાવના.

જૈનમ્ જયતિ શાસનમ્.

**(ગોંડલ સંપ્રદાયના તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. તથા પૂ. મુક્ત-લીલમ-વીર ગુરુણીના સુશિષ્યા પૂજ્ય સાધ્વી આરતી આગમ પ્રાણ બત્રીશીના સંપાદક છે અને જૈન વિશ્વકોશના પરામર્શક છે.)**

## ૨

# જૈન ધર્મમાં સ્ત્રીઓનું પ્રદાન

- પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

જૈન ધર્મે વિશ્વને કેટલીક નૂતન મૌલિક વિચારણા આપી છે. એણે સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુમાં રહેલા કે ઘાસના તણખલામાં વસેલા જીવનનું ગૌરવ કર્યું. પરિણામે સહજ રીતે જ એની જીવનવિચારણામાં માનવ-માનવ વચ્ચેની સમાનતા સમાવિષ્ટ થઈ ગઈ. જૈન ધર્મે પ્રાણીમાત્ર તરફ, જીવજંતુઓ તરફ અને સમગ્ર પ્રકૃતિ તરફ મૈત્રીભાવની ઘોષણા કરી. સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુમાં રહેલા જીવનનો અને તેમની સંવેદનાનો આદર કરનારો ધર્મ નારીનો સમાદર કરે તે સ્વાભાવિક છે.

ભગવાન મહાવીરના સમયની વાત કરીએ તો એ સમયે ભારતમાં જાતિવાદ અને વર્ગવાદનું પ્રભુત્વ હતું. અમુક જાતિ કે વર્ગવિશેષ પોતાને અન્યથી ચડિયાતી ગણતાં. અમુક જાતિઓને જીવનભર ઉચ્ચ જાતિઓની સેવા કે ગુલામી કરવી પડતી હતી. આવા વર્ગભેદનો જૈન ધર્મે વિરોધ કર્યો અને પ્રત્યેક મનુષ્યના હૃદયમાં વસતા આત્માનું ગૌરવ કર્યું.સાહજિક રીતે જ આ ધર્મે પુરુષ અને સ્ત્રીની



સમાનતા પર ભાર મૂક્યો. સ્ત્રીને પોતાનાથી હલકા દરજ્જાની, ભોગ્યા કે દાસી માનવાને બદલે જૈન ધર્મે સ્ત્રીને પુરુષની સમકક્ષ દરજ્જો આપ્યો. ધાર્મિક અને સામાજિક ક્ષેત્રમાં પુરુષના જેટલા જ સ્ત્રીના અધિકાર છે, આથી સ્ત્રીજાતિને હીન કે સામાન્ય ગણવી તે અજ્ઞાન છે.

આ ધર્મે કહ્યું કે જ્યાં પુરુષ જઈ શકે છે ત્યાં સ્ત્રી પણ જઈ શકે છે. જે કાર્ય કરવા પુરુષ શક્તિમાન છે તે કાર્ય સ્ત્રી પણ કરી શકે છે. બંને વચ્ચે ઊંચ-નીચ કે સબળ-નિર્બળની ભેદક દીવાલ રાખી શકાય નહીં.

ધર્મ, કર્મ અને આત્મવિકાસનો સંબંધ શરીર સાથે નહીં પરંતુ આત્મા સાથે છે. આથી ધર્મ-આરાધના અને ધર્મ-પ્રગતિના વિષયમાં પુરુષ જેટલો જ સ્ત્રીના સ્વાતંત્ર્યનો સ્વીકાર કરવામાં આવ્યો. વાસના, વિકાર અને કર્મબંધનને કાપીને બંને સમાન ભાવથી મુક્તિ મેળવવાના અધિકારી છે. જૈન ધર્મે બતાવ્યું કે પુરુષ અને સ્ત્રીના આત્મામાં કોઈ ભિન્નતા કે ભેદનું પ્રમાણ મળતું નથી, આથી પુરુષ સ્ત્રીને નીચી કક્ષાની સમજે તે બાબત અજ્ઞાનદર્શક, અતાર્કિક અને અધર્મયુક્ત છે. આ વિચારસરણીને કારણે જૈન ધર્મનો સ્ત્રીઓ વિશેનો અભિગમ સમાનતાના પાયા પર રચાયો છે.

જૈન ધર્મ નિવૃત્તિપરાયણ ધર્મ છે. સંન્યાસ, વૈરાગ્ય અને મોક્ષ પર એનું વિશેષ લક્ષ છે. સામાન્ય રીતે એમ જોવા મળે છે કે વૈરાગ્ય ઉપર વિશેષ ભાર મૂકવા જતાં સ્ત્રીઓની નિંદા કરવામાં આવે છે. એને વિલાસ અને વિકાર જગાડનારી દર્શાવીને એનાથી દૂર રહેવાની માન્યતા સેવાય છે. મધ્યયુગીન સંતપરંપરામાં સ્ત્રીને માયા, મોહિની અને નરકની ખાણ કહેવા પાછળ આ જ વૃત્તિ કારણભૂત બની છે. આનાથી સાવ વિરુદ્ધ, જૈન ધર્મમાં સ્ત્રી અને પુરુષ બંનેને સમાન રીતે

જોવામાં આવ્યાં અને તેથી જ 'સૂત્રકૃતાંગ નિર્યુક્તિ' માં સ્પષ્ટપણે કહ્યું છે કે, ''જેમ નારી પુરુષના શીલનું ખંડન કરે છે એ જ રીતે પુરુષ પણ નારીના શીલનું ખંડન કરે છે. આથી વૈરાગ્ય-માર્ગમાં રહેલી સ્ત્રીઓએ પુરુષોથી એ રીતે બચવું જોઈએ જે રીતે પુરુષોએ સ્ત્રીઓથી બચવું જોઈએ.''

સ્ત્રીઓના વિભિન્ન પ્રકારો વિશેની ગવેષણા પણ આ ધર્મે કરી છે. 'સૂત્રકૃતાંગ નિર્યુક્તિ' અને 'ચૂર્ણિ'માં નારી શબ્દનું તાત્પર્ય સ્પષ્ટ કરીને દ્રવ્ય-સ્ત્રી અને ભાવ-સ્ત્રી એમ બે વિભાગમાં એને વર્ગીકૃત કરવામાં આવી છે. દ્રવ્ય-સ્ત્રીનો અર્થ સ્ત્રીની શરીરરચના છે, જ્યારે ભાવ-સ્ત્રીનો અર્થ સ્ત્રીનો સ્વભાવ છે. એવી જ રીતે 'ઉત્તરાધ્યયન ચૂર્ણિ', 'નિશીથ ચૂર્ણિ' અને 'આચારાંગ ચૂર્ણિ' માં સ્ત્રી-સ્વભાવનું વર્ણન કરવામાં આવ્યું છે. જ્યારે 'તન્દુલ વૈચારિક પ્રકીર્ણક' માં સ્ત્રીની સ્વભાવગત ચોરાણું વિશેષતાઓ બતાવવામાં આવી છે.

કોઈ કોઈ ગ્રંથોમાં સ્ત્રીનું વર્ણન દોષયુક્ત મળે છે. પરંતુ એ વિશે 'ભગવતી આરાધના' માં સ્પષ્ટપણે કહ્યું છે કે, 'આ દોષવર્ણન એ સામાન્ય અને શિથિલ સ્ત્રીઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે. જ્યારે શીલવાન સ્ત્રીઓને આવા કોઈ દોષ હોતા નથી.' એથીયે વિશેષ આ ગ્રંથમાં સ્ત્રીઓની પ્રશંસા કરતાં એમ કહેવાયું છે કે, 'ગુણવાન સ્ત્રીઓનો યશ બધે ફેલાય છે અને તે મનુષ્યલોકમાં દેવતા સમાન છે. દેવોને પણ પૂજનીય છે. એની જેટલી પ્રશંસા કરવામાં આવે તેટલી ઓછી છે. આથી જ જૈનાગમોમાં પત્નીને 'ધમ્મ સહાયા' ધર્મની સહાયિકા માનવામાં આવી છે.'

સ્ત્રીઓ પ્રત્યેના આવા અભિગમ અને સમાનતાના ખ્યાલને કારણે જૈન ધર્મમાં સ્ત્રીઓએ મહત્ત્વની અને યશસ્વી કામગીરી બજાવી છે. જૈન ધર્મના પ્રથમ



તીર્થંકર ઋષભદેવ ભગવાનના સમયથી પુત્રીઓને પૂરતી કેળવણી આપવામાં આવતી હતી. 'જ્ઞાતાધર્મકથા' અને 'જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ' માં સ્ત્રીઓની ચોસઠ કલાઓનો ઉલ્લેખ મળે છે; જેમાં સ્ત્રીઓ ભાષા, ગણિત, લેખનકલા વગેરેની સાથે નૃત્ય, સંગીત, લલિતકલા અને પાકશાસ્ત્રમાં નિપુણ બનતી હતી. ભગવાન ઋષભદેવની માતા મરુદેવી કરુણાની સાક્ષાત્ મૂર્તિ હતા. ભગવાન ઋષભદેવની પુત્રી બ્રાહ્મી બુદ્ધિવાન અને ગુણવાન હતી. ચોસઠ કલાઓની જાણકાર હતી. બ્રાહ્મીએ અઢાર લિપિઓનું અધ્યયન કર્યું હતું. એને લિપિવિજ્ઞાનની કેળવણી આપી હતી. એ બ્રાહ્મી સાધ્વી બની અને એની પાસે ત્રણ લાખ સાધ્વીઓ અને પાંચ લાખ ચોપન હજાર વ્રતધારિણી શ્રાવિકાઓનું નેતૃત્વ હતું. બ્રાહ્મીએ સ્ત્રીઓને આત્મકલ્યાણનો માર્ગ બતાવ્યો, જ્યારે ઋષભદેવની બીજી પુત્રી સુંદરીને ગણિતવિદ્યાનું અગાધ જ્ઞાન હતું.

સ્ત્રીનું એક સ્વરૂપ છે જનનીનું - માતાનું. દીક્ષા લીધા પછી ભગવાન મહાવીરે નારી જાતિનો 'માતૃજાતિ' તરીકે ઉલ્લેખ કર્યો છે. જૈન ધર્મગ્રંથોમાં તીર્થંકરની માતાઓનું મંગલમય વર્ણન સાંપડે છે. તીર્થંકરની માતાઓ કેવી ઉમદા વિચારોવાળી, ઉજ્જવળ ચારિત્રવાળી અને ઉચ્ચ ભાવનાવાળી હતી તે દર્શાવવામાં આવ્યું છે. ભગવાન મહાવીરના માતા ત્રિશલાનું ચરિત્ર કેવું ભવ્ય છે ! તીર્થંકર સુમતિનાથની માતા મંગલા ન્યાયપ્રિય અને વિદ્વાન હતી. એ સમયના ગ્રંથોમાં એમની ન્યાય તોળવાની સૂઝનાં દૃષ્ટાંતો પણ જડે છે. તીર્થંકરોએ તો આધ્યાત્મિક વિકાસ સાધ્યો, પરંતુ તીર્થંકરની માતાઓએ પણ આધ્યાત્મિક વિકાસ સાધ્યો છે અને મૃત્યુ બાદ દેવલોકમાં ગતિ પામ્યા છે.

જે તીર્થંકરોએ ત્યાગ સ્વીકાર્યા પહેલાં વિવાહ કર્યો હતો, તેઓના સંસારી

જીવનમાં વિવાહિત પત્ની પ્રત્યેનો આદર પ્રગટ થાય છે. ભગવાન મહાવીરના પત્ની યશોદા પોતાની પતિની ત્યાગવૃત્તિને પૂર્ણતયા પામી ગઈ હતી અને એમની અધ્યાત્મ-સાધના અને આત્મિક વિકાસમાં કોઈપણ પ્રકારનું કષ્ટ ન પહોંચે તેની ખેવના રાખતી હતી. યશોદા આદરપૂર્વક વર્ધમાનની વાત સાંભળતી હતી અને એ ઉપદેશને સ્વયં આચરણમાં મૂકવાનો પ્રયત્ન કરતી હતી. રાજકુમાર વર્ધમાને દીક્ષા માટે પ્રયાણ કર્યું ત્યારે યશોદાએ પતિને હસતે મુખે વિદાય આપી હતી. રાજકુમાર વર્ધમાનના મોટાભાઈ નંદિવર્ધનની પત્ની જ્યેષ્ઠાને દેવતાઓએ અનેક પ્રલોભનો બતાવ્યા છતાં પતિધર્મમાં અડગ રહી હતી.

'ઉત્તરાધ્યયન સૂત્ર', 'જ્ઞાતા ધર્મકથા', 'અંતઃકૃત્દશા' જેવા જૈન ધર્મના પ્રારંભના આગમોમાં સ્પષ્ટપણે સ્ત્રી અને પુરુષ બંનેને સાધનાના સર્વોચ્ચ લક્ષ સમાન મુક્તિની પ્રાપ્તિને યોગ્ય માનવામાં આવ્યા છે. એટલું જ નહીં પણ અનેક સ્ત્રીઓ મુક્તિની અધિકારિણી બની તેના ઉલ્લેખો મળે છે.

શ્વેતાંબર સંપ્રદાયની માન્યતા પ્રમાણે જૈનોના તીર્થંકર મલ્લિનાથ સ્ત્રીયોનિમાં જ કૈવલ્યજ્ઞાન અને મોક્ષ પામ્યા હતા. વળી, અન્ય તીર્થંકરોની તુલનામાં તીર્થંકર મલ્લિનાથની એ વિશેષતા હતી કે એમણે જે દિવસે દીક્ષા લીધી એ જ દિવસે એમને કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થયું. વર્ષો સુધી તેમણે નગરો અને ગામડાઓમાં ધર્મોપદેશ આપ્યો હતો અને લોકસમૂહને આત્મશુદ્ધિનો માર્ગ ચીંધ્યો હતો. નારીને મોક્ષનો સર્વોચ્ચ અધિકાર મળતાં એને બીજા અધિકારો તો આપોઆપ મળી ગયા.

એ હકીકત લાક્ષણિક છે કે છેક પ્રાગૈતિહાસિક કાળથી વર્તમાન કાળ સુધીમાં જૈન સાધુઓ કરતાં જૈન સાધ્વીઓની સંખ્યા વધુ રહી છે. એવી જ રીતે શ્રાવકો કરતાં શ્રાવિકાઓની સંખ્યા વધુ રહી છે.



ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથ ભગવાન અને ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામી ભગવાને લેશમાત્ર ખચકાટ વિના સાધુની સાથે સાધ્વીને અને શ્રાવકની સાથે શ્રાવિકાને સમાન સ્થાન આપ્યું. મથુરાના પ્રાચીન જૈન શિલ્પમાં સાધુના જેવું જ સાધ્વીનું શિલ્પ અને સ્ત્રી અને પુરુષ બંને પૂજાની સામગ્રી સાથે સહપૂજા કરતાં હોય તેવું શિલ્પ મળે છે. એ સૂચિત કરે છે કે પ્રાચીનકાળમાં જૈન પરંપરામાં પુરુષ અને સ્ત્રીનું આરાધનાની ભૂમિકા પર સમાન સ્થાન હતું. એ જ રીતે મથુરાના પ્રાચીન શિલાલેખોમાં પુરુષોની સાથે મોટેભાગે સ્ત્રીઓના નામ પણ ઉલ્લેખિત થયા છે. એ દર્શાવે છે કે ધર્મકાર્યમાં પુરુષની સાથે સ્ત્રીઓ પણ સમાનરૂપે જ ભાગ લેતી હતી, સ્વ-ઈચ્છાનુસાર દાન કરતી હતી અને મંદિર વગેરે ધર્મસ્થાનોના નિર્માણમાં સક્રિય સહયોગી બનતી હતી. ભગવાન પાર્શ્વનાથના સમયમાં પુષ્પચૂલા નામની સાધ્વીના નેતૃત્વ હેઠળ સોળ હજાર શ્રાવિકાઓએ દીક્ષા લઈને આત્મકલ્યાણના માર્ગે પ્રયાણ કર્યું હતું. ભગવાન મહાવીરના સંઘમાં સાધુઓની સંખ્યા સોળ હજારની હતી, જ્યારે સાધ્વીઓની સંખ્યા છત્રીસ હજારની હતી. શ્રાવકની સંખ્યા દોઢ લાખની હતી અને શ્રાવિકાઓની સંખ્યા ત્રણ લાખથી વધારે હતી. આ સંખ્યા એ સંકેત આપે છે કે જૈન ધર્મમાં નારીજાતિના માન, સ્થાન અને ગૌરવ કેવા ઉચ્ચ હતા. મહાસતી ચંદનબાળા તો સ્વતંત્ર રૂપે આ છત્રીસ હજાર સાધ્વીઓના સંઘની દેખરેખ કરતા હતા.

ચંદનબાળાનું ચરિત્ર એ નોંધપાત્ર ચરિત્ર છે કારણ કે ચંદનબાળા જેવી દાસી ગણાતી નારી પાસેથી આહાર ગ્રહણ કરીને ભગવાન મહાવીરે જાતિવાદ નષ્ટ કર્યો. એને પ્રવર્તિનીનું પદ આપીને સંઘના વરિષ્ઠ આચાર્ય જેવો સમાન અધિકાર આપ્યો. સાધ્વી ચંદનાના ધાર્મિક પ્રવચનોથી પ્રભાવિત થઈને અનેક રાજાઓએ

સંસારત્યાગ કર્યો. ચંદનાએ ઉગ્ર તપશ્ચર્યા કરીને સિદ્ધત્વ મેળવ્યું. જૈન સાધ્વીસંઘમાં દરેક જાતિ-જ્ઞાતિની સ્ત્રીઓ મળે છે. ચંદનબાળા, કાળી, સુકાળી, મહાકાલી, કૃષ્ણા જેવી સ્ત્રીઓ ક્ષત્રિયાણી હતી તો દેવાનંદા જેવી બ્રાહ્મણ જાતિની સ્ત્રી પણ હતી. સ્ત્રી માત્રને મુક્તિનો અધિકાર આપનારો ધર્મ જાતિવાદની સંકુચિત સીમામાં કઈ રીતે પુરાઈ રહે ? માત્ર રાજકુટુંબની સ્ત્રીઓ જ સાધ્વી સંઘમાં સામેલ થઈ નથી. દાસી, ગણિકા અને પતિતાઓએ પણ દીક્ષા લીધી છે અને તેઓ સમાજમાં વંદનીય બની છે. આ સાધ્વીઓના જ્ઞાન, શીલ અને તપશ્ચર્યાને સર્વત્ર સન્માન સાંપડતું. કોઈ પ્રદેશનો રાજા કે સમાજમાં સર્વોચ્ચ સ્થાને બેઠેલી વ્યક્તિ પોતાનું આસન છોડીને ઊભી થઈને આવી સાધ્વીઓને નમન કરતી હતી. આજે પણ સ્ત્રીઓમાં બ્રાહ્મી, સુંદરી, ચંદના આદિને વંદના કરવામાં આવે છે. તીર્થંકરના નામસ્મરણની સાથોસાથ સોળ સતીઓનું નામસ્મરણ પણ થાય છે.

જૈન સાધ્વી સંઘ પર નજર કરીએ તો ખ્યાલ આવશે કે આમાં કોઈ પણ જાતના ભેદભાવ વિના બધી જાતિ, વર્ણ અને વર્ગની સ્ત્રીઓને પ્રવેશ મળ્યો છે. આ સાધ્વીઓએ પોતાની અધ્યાત્મસાધનાથી અને વિદ્વત્તાથી સમાજ પર મોટો પ્રભાવ પાડ્યો છે. જીવનમાં મુશ્કેલી આવવા છતાં સુલસા સાધ્વીએ ધર્મમાર્ગ છોડ્યો નહિ. પોતાના શુભ કર્મોને કારણે આગામી ભવચક્રમાં સુલસા સોળમા તીર્થંકરનું પદ મેળવશે.

કૌશાંબીના રાજાની ધર્મતત્ત્વની મર્મી પુત્રી જયંતી ભગવાન મહાવીરના સમયકાળમાં થયેલી વિદૂષી હતી અને ભગવાન મહાવીરની ધર્મસભામાં નિઃસંકોચ પ્રશ્ન પૂછતી હતી. સામાન્ય રીતે પુરુષો ઉપદેશ આપતા હોય છે, પરંતુ જૈન ધર્મમાં સ્ત્રીઓએ ઉપદેશ આપ્યો છે અને તેથીય વિશેષ પુરુષોને સન્માર્ગે વાળ્યા હોય તેવાં



દૃષ્ટાંતો મળે છે. 'ઉત્તરાધ્યયન સૂત્ર' માં રાણી કમલાવતી રાજા ઈક્ષુકારને સન્માર્ગ બતાવે છે. 'આવશ્યક ચૂર્ણિ' માં બ્રાહ્મી અને સુંદરીએ મુનિ બાહુબલિને ઉપદેશ આપ્યાનો ઉલ્લેખ છે. 'ઉત્તરાધ્યયન' અને 'દશવૈકાલિક' ની ચૂર્ણિમાં રાજિમતી (રાજુલદેવી) દ્વારા મુનિ રથનેમિને ઉપદેશ આપવાની વાત આલેખાઈ છે. કોશા વેશ્યા પોતાના આવાસમાં રહેતા મુનિને સન્માર્ગે વાળે છે. પ્રભાવતીની ધર્મનિષ્ઠાથી તેના પતિ રાજા ઉદયનને ધર્મમાર્ગે ચાલવાની પ્રેરણા મળે છે. જ્યારે મૃગાવતીએ પોતે દીક્ષિત થઈને યુદ્ધનો રક્તપાત અટકાવ્યો હતો. વૈશાલી ગણરાજ્યના અધ્યક્ષ ચેટકની રાણી પૃથાએ એની સાતેય પુત્રીઓને જુદી જુદી કલામાં નિપુણ કરીને યશસ્વી બનાવી હતી. એ સમયના મહિલા સમાજ પર આ સાત પુત્રીઓનો ઘણો પ્રભાવ પડ્યો હતો. ગોભદ્રની પત્ની ભદ્રા વિશાળ વ્યાપાર ચલાવવાની અસાધારણ સૂઝ ધરાવતી હતી. ચંપા શ્રાવિકાના છ મહિનાના ઉપવાસના તપથી મોગલ સમ્રાટ અકબર પ્રભાવિત થયા હતા અને જેટલા દિવસ વ્રત ચાલે તેટલા દિવસ અકબરે રાજ્યમાં હિંસા બંધ રાખી હતી.

સ્મરણશક્તિ કે સાહિત્યસર્જનમાં પણ જૈન સ્ત્રીઓએ અત્યંત મહત્ત્વનું યોગદાન કર્યું છે. યક્ષા સાધ્વી અઘરા ગદ્ય કે પદ્યને એક વાર સાંભળ્યા પછી યથાતથ કહી આપતા હતા. આર્યા પોયણીએ ભગવાન મહાવીરના નિર્વાણની ચોથી શતાબ્દીના પ્રારંભમાં આગમ સાહિત્યને સુરક્ષિત અને વ્યવસ્થિત કરવા માટે યોજાયેલી પરિષદમાં મહત્ત્વની કામગીરી બજાવી હતી.આચાર્ય સુસ્થિતની પરંપરાના પાંચસો શ્રમણ એકત્ર થયા ત્યારે આર્યા પોયણીના નેતૃત્વમાં ત્રણસો જેટલી સાધ્વીઓએ આ આગમવાચનાની પરિષદમાં ભાગ લીધો.

દક્ષિણ ભારતના ચેર રાજ્યની જૈન રાજકુમારી ઔવે તમિલ ભાષાની

પ્રસિદ્ધ કવયિત્રી હતી. એની સુમધુર વાણી અને નીતિપૂર્ણ ઉપદેશ માટે આજે પણ તમિલભાષીઓ એને માતા ઔવે (આર્યિકા મા) તરીકે સ્મરણીય અને પૂજનીય ગણે છે. તમિલના વિશ્વવિખ્યાત ગ્રંથકાર તિરુવલ્લુવરની પત્ની વાસુકીએ પણ સાધ્વી જીવન ગ્રહણ કર્યું હતું અને તિરુવલ્લુવર સાથે ગૃહસ્થ જીવનમાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

ઉદય વિદ્યાધરની પત્ની સાવિયબ્બેએ બેગપુરના યુદ્ધમાં પોતાના પતિની પડખે રહીને લડતાં લડતાં વીરગતિ મેળવી. શ્રવણ બેલગોલના એક પાષાણ પર આ વીર મહિલાનો લેખ મળે છે, જેમાં હાથમાં તલવાર સાથે અશ્વારૂઢ વીર નારી સાવિયબ્બે ગજઆરૂઢ યોદ્ધા પર નિર્ભયતાથી પ્રહાર કરે છે. રાજા રાજમલ દ્વિતીયની પત્ની ચંદ્રવલ્લભા એક વીર મહિલા હતી. એણે પોતાના પ્રદેશનું રાજ્યશાસન ચલાવ્યું હતું અને વિશાળ જિનપ્રતિમાની સ્થાપના કરી હતી. દસમી સદીના અંતિમ ચરણમાં દક્ષિણ ભારતની દાનવીર અતિમબ્બેએ સતીપ્રથાનો વિરોધ કર્યો હતો અને કન્નડ કવિ પોન્નેએ રચેલી શાંતિપુરાણની હજારો હસ્તપ્રત લખાવીને વહેંચી હતી. અતિમબ્બેએ કાવ્યની હસ્તલિખિત પ્રતોનું રક્ષણ કર્યું અને તેને કારણે અનેક ગ્રંથો જળવાયા અને પરિણામે કેટલાક પુનર્જીવિત થયા હતા. તેમણે કર્ણાટકમાં વિદ્યાપ્રસાર કર્યો હતો અને અનેક જિનપ્રતિમાઓ બનાવી હતી. મહાકવિ રત્નએ એમને 'દાનચિંતામણિ' ની ઉપાધિ આપી હતી. ઈ.સ.૧૦૩૭ માં ચાલુક્ય વંશના રાજા સત્યાશ્રયની બહેન અક્કાદેવીને એની રાજ્યકુશળતા જોઈને એક પ્રાંતનું રાજ્ય સોંપવામાં આવ્યું હતું. દક્ષિણ ભારતમાં કેતલદેવી, શાંતલદેવી, અચલદેવી વગેરેએ જિનમંદિરો બંધાવ્યા હતા. ઈ.સ. ૧૧૪૭ ના એક શિલાલેખ અનુસાર અનન્ય પંડિત એવી રાજકુમારી પદ્માદેવીએ 'અષ્ટ વિદ્યાર્ચનમહાભિષેક' અને



'ચતુર્ભક્તિ' નામના ગ્રંથોની રચના કરી હતી. જ્યારે આઠમી સદીમાં યાકિની મહત્તરા વિદૂષી તરીકે પ્રસિદ્ધ હતા.

જૈન સ્ત્રીઓએ પ્રેરણા આપવાનું કાર્ય પણ કર્યું છે. કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રાચાર્યના જીવનમાં માતા પાહિણીની પ્રેરણા મહત્ત્વની બની રહી. કવિ ધનપાલને એની બહેન સુંદરીએ 'અમરકોશ' રચવાની પ્રેરણા આપી. સંપત્તિનો સદ્ધર્મને માર્ગે સદુપયોગ કરવાની પ્રેરણા શ્રીદેવી અને અનુપમાદેવી જેવી સ્ત્રીઓએ આપી. આ સદીની વાત કરીએ તો અનેક સાધ્વીઓ અને શ્રાવિકાઓએ અનેકવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ સ્થાન હાંસલ કર્યું. ખુદ મહાત્મા ગાંધી મહાસતી ઉજ્જવળકુમારીને મળવા માટે ગયા હતા. હરકુંવર શેઠાણીએ અદ્ભુત વ્યવસ્થાશક્તિ બતાવીને અતિ રમણીય હઠીસિંહના દેરાસરનું સર્જન કર્યું તથા વિરાટ યાત્રાસંઘ કાઢ્યો. મહત્તરા મૃગાવતીશ્રીજીએ નવી દિલ્હી પાસે વલ્લભસ્મારકની રચના કરી. શારદાબાઈ મહાસતીજી, સાધ્વી પ્રમુખા કનકપ્રભાશ્રીજી અને એવી અનેક સાધ્વીઓએ સમાજને માર્ગદર્શન અને દોરવણી આપવાનું કાર્ય કર્યું.

સાધ્વી અને શ્રાવિકાના આ ગરિમામય સ્થાનને કારણે મધ્યકાલીન યુગમાં જ્યારે સતીપ્રથા પ્રચલિત હતી ત્યારે જીવહિંસાના વિરોધી એવા જૈન ધર્મે એનો સ્વીકાર કર્યો નથી. એવી જ રીતે દાસીપ્રથા, સ્ત્રીઓનો વ્યાપાર અને ક્રય-વિક્રય જેવા દૂષણોને દૂર કરવા પ્રયત્ન કર્યો હતો. મેઘકુમારની સેવા-શુશ્રૂષા માટે ભિન્ન ભિન્ન દેશોમાંથી દાસીઓનો ક્રય-વિક્રય થયો અને એ સમયે ભગવાન મહાવીરે એની વિરુદ્ધ બુલંદ અવાજ ઉઠાવ્યો હતો. સાધ્વી યક્ષકુંવરજીએ મૂંગા પશુઓનો બલિ સમાપ્ત કરવા માટે અવિરત સંઘર્ષ કર્યો હતો. જૈન ધર્મમાં સાત વ્યસનોનો વિરોધ હોવાને કારણે સામાન્ય રીતે બહુપત્નીત્વ, વ્યભિચાર, દારૂ, વેશ્યાગમન,

જુગાર જેવા વ્યસનોથી સ્ત્રીઓને જે યાતના સહેવાની આવે છે તેવું આ ધર્મમાં નજરે પડતું નથી. આગમ-ગ્રંથ 'જ્ઞાતા ધર્મકથા' માં રાજા દ્રુપદ દ્રૌપદીને જાતે એના પતિની પસંદગી કરવાનું કહે છે. 'ઉપાસક દશાંગ' નામના ગ્રંથમાં મહાશતક પોતાની પત્ની રેવતી પર ધાર્મિક શ્રદ્ધા, ભોજન કે આચાર-વ્યવહારની બાબતમાં કોઈ જબરદસ્તી કરતો નથી. આનંદ જેવા શ્રાવકોની પત્ની આનંદપૂર્વક પતિનું અનુસરણ કરીને મહાવીરના ઉપાસક તરીકેના વ્રતો સ્વીકારે છે. આ રીતે આગમયુગથી સ્ત્રીને પોતાની ધર્મશ્રદ્ધા અને એની જીવનશૈલી અંગે પૂર્ણતયા મુક્તિ આપવામાં આવી હતી. સાધ્વીઓ સાધુસંગથી જુદી રહીને સ્વતંત્રપણે વિચરણ કરતી હતી. પોતાની સુરક્ષાની વ્યવસ્થા સ્વયં કરતી હતી. સુરક્ષા કરનારી સાધ્વીને પ્રતિહારી જેવા પદ પર નિયુક્ત કરાતી હતી.

ભગવાન મહાવીરે બ્રહ્મચર્યનો મહિમા કર્યો. શ્રી પાર્શ્વનાથ ભગવાનના ચતુર્યામ ધર્મમાં પાંચમા યામ બ્રહ્મચર્યનું ઉમેરણ કર્યું. પુરુષની પેઠે સ્ત્રી પણ વિવાહનો અસ્વીકાર કરી બ્રહ્મચર્યનો સ્વીકાર કરી શકતી હતી. બ્રાહ્મી, સુંદરી, મલ્લિ, ચંદનબાળા અને જયંતી જેવી સ્ત્રીઓએ વિવાહનો અસ્વીકાર કરી આજીવન બ્રહ્મચર્યનું પાલન કર્યું. આસપાસની પરિસ્થિતિ અને અન્ય પ્રવર્તમાન પરંપરાઓમાં સ્ત્રી માટે વિવાહ કરવો તે અનિવાર્ય ગણાતું હતું, ત્યારે જૈન પરંપરામાં એમ માનવામાં આવ્યું નથી. લગ્ન કરવા કે ન કરવા એ પ્રશ્ન સ્ત્રીના વિવેક પર છોડવામાં આવે છે. જે સ્ત્રીઓ એમ માને કે અવિવાહિત રહીને તે પોતાની સાધના કરી શકશે તેમને વિવાહ કર્યા વિના દીક્ષિત થવાનો અધિકાર આપ્યો.

ભગવાન મહાવીરના સમવસરણ (ઉપદેશ સભા) માં સ્ત્રીઓને પુરુષો જેટલી જ પૂર્ણ સ્વતંત્રતા હતી. કશા સંકોચ કે પ્રતિબંધ વિના સ્ત્રીઓ એમાં આવતી,



ઉપદેશ શ્રવણ કરતી અને સભામાં પોતાની જિજ્ઞાસા પૂછીને જયંતીની માફક પોતાના સંશયોનું સમાધાન મેળવતી.

આમ, જૈન ધર્મમાં સ્ત્રીઓનું સ્થાન ઘણું ઉચ્ચ અને મહત્ત્વપૂર્ણ છે. માતા તરીકે એણે તીર્થંકરોને જન્મ આપ્યો છે. પત્ની તરીકે એ પ્રેરણારૂપ બની છે. સ્વતંત્રપણે વિશાળ વેપાર-ઉદ્યોગ ચલાવ્યો છે. શીલના રક્ષણ માટે કે શત્રુને પરાજિત કરવા માટે એણે કદી પાછી પાની કરી નથી. એની વિદ્વત્તા સર્વત્ર સન્માન પામી છે અને એ જ રીતે સાધ્વીઓએ પણ આધ્યાત્મિક પ્રગતિની ઊંચાઈનું ઉદાહરણ રજૂ કર્યું છે. નારીમુક્તિ, નારીસ્વાતંત્ર્ય અને નારીવિકાસ એ ત્રણેય બાબતો આ ધર્મના પાયામાં છે, જે આવતી કાલના જગતને નારીસ્વાતંત્ર્યની બાબતમાં નવી દિશા ચીંધી શકે તેમ છે.

**(આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સાહિત્યકાર પદ્મશ્રી કુમારપાળ દેસાઈના દેશ-વિદેશમાં પ્રવચનો યોજાતા રહે છે. તેમના ૧૦૦ થી વધુ પુસ્તકો પ્રગટ થયા છે. ઈન્સ્ટીટ્યુટ ઓફ જૈનોલોજી, ગુજરાત વિશ્વકોશ, જૈન વિશ્વકોશ સહિત અનેક સંસ્થાઓ સાથે સંકલાયેલા છે. ગુજરાત સમાચારના વરિષ્ઠ કોલમ લેખક છે.)**

૩

# ચારિત્ર ધર્મની ગઈકાલ, આજ અને આવતીકાલ

- ડૉ. રતનબેન ખીમજીભાઈ છાડવા

ભારતીય આસ્તિક ધર્મ-દર્શનનું પરમ અને ચરમ લક્ષ્ય મોક્ષની પ્રાપ્તિ જ છે. આત્માની કર્મોથી સંપૂર્ણ મુક્તિ, સહજાવસ્થા કે પરમ આનંદાવસ્થા તે મોક્ષ છે. મોક્ષની સાધના મનુષ્યભવમાં જ થઇ શકે છે. મોક્ષની પ્રાપ્તિ હેતુ જૈનધર્મ-દર્શનના ઉપદેષ્ટા તીર્થંકર ભગવંતોએ સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને મુખ્ય સાધનાના રૂપમાં નિરૂપિત કરેલ છે, જેને મોક્ષમાર્ગ પણ કહ્યો છે. સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન હોવા છતાં જ્યાં સુધી સમ્યક્ચારિત્રની પરાકાષ્ઠા પ્રાપ્ત ન કરે ત્યાં સુધી મોક્ષની પ્રાપ્તિ મનુષ્ય માટે અસંભવ છે. આથી ફલિત થાય છે કે મોક્ષપ્રાપ્તિનું અનંતર સાધન સમ્યક્ચારિત્ર છે તેમજ સમ્યક્દર્શન અને સમ્યક્જ્ઞાન પરંપરા એ સાધન છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે, 'णाणस्य फलं विरई' જ્ઞાનનું ફળ વિરતિ છે. આ વિરતિધર્મ કે ચારિત્ર ધર્મ દ્વારા જ મોક્ષ પ્રાપ્ત થાય છે. કર્મોને રિક્ત-ખાલી કરે તે ચારિત્ર સામાન્યતઃ ચારિત્ર આસ્રવને રોકનારું કહેવાય છે. ચારિત્ર ધર્મના મુખ્ય બે



ભેદ છે. પાપકારી પ્રવૃત્તિનો ત્યાગ અને મહાવ્રતરૂપી અહિંસાદિનું જીવનપર્યંત પાલન તે સર્વવિરતિ ચારિત્ર કહેવાય છે, જ્યારે બાર અણુવ્રતરૂપી અહિંસાદિનું પાલન તે દેશવિરતિ ચારિત્ર કહેવાય. જો કે સમ્યક્ચારિત્ર ત્યારે જ આવે છે કે જેના પૂર્વે સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ થઇ હોય. અર્થાત્ સમ્યક જ્ઞાન-દર્શનની પ્રાપ્તિથી જીવનું અનંત સંસારપરિભ્રમણ સીમિત બની જાય છે. સીમિત થયેલ સંસારના પરિભ્રમણને દૂર કરવા માટે સાધક સમ્યક્ચારિત્રનો સ્વીકાર કરે છે. સાધક સમ્યક્ચારિત્રની પૂર્ણતાને પામે ત્યાં સુધીની વિવિધ અવસ્થાઓના આધારે શાસ્ત્રોક્ત પ્રમાણે ચારિત્રના પાંચ પ્રકાર દર્શાવ્યા છે. જેમ કે (૧) સામાયિક ચારિત્ર (૨) છેદોપસ્થાપનીય ચારિત્ર (૩) પરિહારવિશુદ્ધિ ચારિત્ર (૪) સૂક્ષ્મ સંપરાય ચારિત્ર અને (૫) યથાખ્યાત ચારિત્ર. સાધક પોતાના ઉત્કૃષ્ટ પુરુષાર્થ વડે અંતિમ યથાખ્યાત ચારિત્રને પામી સિદ્ધ-મુક્ત બને છે.

દશવૈકાલિક સૂત્રમાં ચારિત્રધર્મની મહત્તા દર્શાવતા કહ્યું છે કે,

धम्मो मंगलमुत्कुष्टं, अहिंसा संयमस्तपः ।
देवा अपि तं नमस्यन्ति यस्य धर्मे सदा मनः ॥

અર્થાત્ અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે. જેનું મન સદા ધર્મમાં મગ્ન રહે છે તે ધર્માત્માને દેવો પણ નમસ્કાર કરે છે. એટલે જ આવા ઉત્કૃષ્ટ મંગલમય સર્વવિરતિરૂપ ચારિત્રધર્મના પ્રભાવથી જ ભવ્ય આત્માઓ મોક્ષમાં ગયા છે, જઇ રહ્યાં છે અને જશે. તેમ છતાં અપવાદ રૂપે જે ભવ્ય આત્માઓ આગાર વેશમાં જ મુક્તિના અધિકારી બન્યા છે તેઓ પણ ભાવચારિત્રના ઉત્કૃષ્ટ પરિણામોના આધારે જ મુક્તિ મેળવી શક્યા છે. જો ચારિત્રધર્મ વગર જ મુક્તિ મળતી હોત તો તીર્થંકર, ચક્રવર્તી આદિ સર્વે સાર્વભૌમ રાજ્ય, વૈભવ, રિદ્ધિ-

સિદ્ધિ વગેરેનો ત્યાગ કરી ચારિત્રધર્મ શા માટે અંગીકાર કરે ? આ ઉપરથી કહી શકાય કે મુક્તિની પ્રાપ્તિ માટે ચારિત્રધર્મ આવશ્યક છે. એના વગર મુક્તિ અશક્ય છે.

સમ્યક્ચારિત્રને છાયા તરુની ઉપમા આપવામાં આવી છે. સૂર્યની દિશા બદલી જાય તેમ છતાં વૃક્ષછાયા તો રહે જ છે. સમ્યક્ચારિત્ર પણ એવું જ છાયાવૃક્ષ છે. આ વૃક્ષનું મૂળ દયા છે. સમ્યક્વ્રત એના સ્કન્ધ છે. ગુપ્તિરૂપી ઉન્નત શાખાઓ તેમ જ સમિતિરૂપી ઉપશાખાઓથી તે શોભિત છે. શીલરૂપ તેનો વિસ્તાર છે. એમાં સંયમરૂપી ભેદ-પ્રભેદરૂપી સુંદર ફળો લાગ્યા છે. સર્વ સાવદ્યયોગથી વિરતિરૂપ ચારિત્ર ધર્મ સાધક માટે છાયાતરુ ઉપાદેય રૂપે છે.

ચારિત્રધર્મની ગઈ કાલ :-

આ અવસર્પિણી કાળના તૃતીય આરાના અંતે પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ થયા. એમનાથી જ ભારતદેશમાં વિધિપૂર્વક શ્રુતધર્મ અને ચારિત્રધર્મનો પ્રાદુર્ભાવ થયો. 'સવ્વ અકરણિજ્જ પાવકમ્મં પચ્ચક્ખામિ' સાથે પ્રભુ સંયમના પંથે ચાલી નીકળ્યા. તેવી એમની ઉત્કૃષ્ટ સંયમ સાધના કે... દીક્ષાકાળથી ૧૩ માસ અને ૧૦ દિવસ સુધી તેઓ નિર્જળ અને નિરાહાર રહ્યા, છતાં મનમાં ન કોઈ ગ્લાનિ કે ખેદ. મૌન બની પ્રભુ તો અનાસક્ત ભાવે ભ્રમણ કરતા રહ્યા. જો કે દરેક તીર્થંકર ભગવંતોના જીવનમાં તેમના ચારિત્રધર્મની સાધના ઉત્કૃષ્ટપણે વિશેષરૂપે જ રહેલી છે. તેઓ જે પ્રકારના ઉચ્ચ વિચાર પ્રસ્તુત કરતાં તેવા જ એમનાં આચાર, સમુચ્ચાર અને પ્રચાર પણ રહેતા. એટલું જ નહિ, તેઓ વીતરાગી અને કલ્પાતીત હોવા છતાં તેમણે નિશ્ચય અને વ્યવહારરૂપી મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો. પરંતુ તેઓએ વ્યવહાર વિરુદ્ધ પ્રવૃત્તિ કરી નથી. જેમ કે તીર્થંકર ભગવંતોએ ક્યારેય રાત્રિવિહાર કર્યો નથી. તેમ જ મલ્લિનાથ પ્રભુ કેવળજ્ઞાન થયા પછી પણ સાધુસભામાં ન



રહેતાં સાધ્વી સભામાં જ રહ્યા હતા. દેવ-દેવેન્દ્રોથી પૂજિત હોવા છતાં તીર્થંકર ભગવંતો એમની સંયમ સાધનામાં સ્વાવલંબી જ રહ્યાં છે.

ક્યારેય પણ દેવ, દાનવ કે માનવી સહાયતાની ઈચ્છા પણ કરી નથી. જ્યારે શ્રમણ ભગવાન મહાવીરને દેવેન્દ્રએ નિવેદન કર્યું હતું કે, હે ભગવન્ ! તમારા ઉપર ભયંકર કષ્ટ અને ઉપસર્ગ આવવાના છે. આજ્ઞા હોય તો હું તમારી સેવામાં રહીને તમારા કષ્ટોનું નિવારણ કરવા માગું છું. જવાબમાં પ્રભુએ એવું કહ્યું હતું કે, હે દેવેન્દ્ર ! સ્વયં દ્વારા બાંધેલ કર્મ સ્વયં જ ભોગવવાના હોય છે. આ ભાવથી પ્રભુએ શૂલપાણિ યક્ષના ઉપસર્ગ અને એક રાતમાં સંગમદેવ કૃત વીસ ઉપસર્ગોને સમતાપૂર્વક સહન કર્યા. એટલું જ નહિ, એમણે કષ્ટ નિવારણ માટે યક્ષ-યક્ષિણીઓને મનથી પણ યાદ કર્યા નથી. ... કેવી... ઉત્કૃષ્ટ તેમની ચારિત્રધર્મની સાધના....

એવી જ રીતે પ્રભુ મહાવીરે સાધના અને સિદ્ધાંતમાં સર્વત્ર ગુણ, તપ અને સંયમની પ્રધાનતા બતાવી છે. તેવી જ રીતે આચારમાં અહિંસા ઉપર પણ એટલો જ ભાર મૂક્યો છે. કારણ કે મુક્તિના અવ્યાબાધ સુખ પ્રાપ્ત કરવાનું મૂળ સાધન પણ આચાર છે. સંઘ વ્યવસ્થાની દૃષ્ટિએ પણ આચાર સંહિતાની પ્રથમ જરૂર પડે છે. આચાર સંહિતાની સ્પષ્ટ રૂપરેખાથી જ સમ્યક્ રીતે આચારનું પાલન કરી શકાય છે.

આમ, તીર્થંકર ભગવંતોએ તેમની કઠોરતમ દિનચર્યા અને જીવનચર્યાથી સાંસારિક જીવોને બોધ આપ્યો છે કે સંયમના માર્ગમાં પ્રવેશેલ સાધકે કર્મના ફળભોગથી નાસીપાસ થયા વિના વીરતાપૂર્વક સમભાવે પોતાના કર્મોને ખપાવવા જોઈએ. એ જ ખરો વિરતિનો માર્ગ છે.

ચારિત્રધર્મનો પ્રભુ ઋષભદેવના શાસનથી પ્રારંભ થયો અને પ્રભુ મહાવીરના શાસન સુધી પહોંચતા તેનો વિસ્તાર થયો. એટલે જ ઉત્કૃષ્ટ ધર્મ-ચારિત્રનું પાલન કરનાર ભવ્ય આત્માઓના જ્વલંત ઉદાહરણો આગમ સૂત્રોમાં અંકિત થયેલ જોવા મળે છે. એની થોડીક ઝલક જોઈએ. શ્રી 'અંતગડદશા સૂત્ર'માં આપેલ ગજસુકુમાલનો પ્રસંગ અત્યંત રોચક અને મનનીય છે. પૂર્વકૃત કર્મોદયે સોમિલ બ્રાહ્મણની ક્રોધાગ્નિ ભભૂકી ઊઠે છે, અને વિવેકનો દીપક બૂઝતા પરિણામે નવદીક્ષિત મુનિરાજના મુંડિત મસ્તક પર માટીની પાળ બાંધી તેમાં ધગધગતા ખેરના અંગારા રાખી દીધા. અંગારાના તાપથી મુનિના શરીરમાં અસહ્ય વેદના ઉત્પન્ન થઈ, છતાં મુનિ ગજસુકુમાલના મુખ ઉપર જરાપણ ક્રોધની કે બદલાની રેખા આવી નહિ. અપૂર્વ ધૈર્ય અને સમભાવનો વિજય થયો ને ક્ષપકશ્રેણીમાં આરુઢ બની વર્ધમાન પરિણામે વધતાં સમસ્ત કર્મોનો ક્ષય કરી માત્ર એક જ દિવસની ચારિત્ર પર્યાય દ્વારા મોક્ષ પ્રાપ્ત કરી લીધો.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં 'દિશા બદલાતા દશા બદલાઈ ગઈ' આ કથનને ઉજાગર કરતું કથાનક એટલે 'કાપિલીય'. સ્ત્રીસંગમાં આસક્ત એવો કપિલ બે માસા મેળવવાની લાલચમાં પ્રાતઃકાળે નગરશેઠને પ્રથમ વધાઈ આપવા વહેલો નીકળે છે પરંતુ નગરસેવકોએ તેને ચોર સમજીને પકડી લીધો અને રાજા સમક્ષ લઈ ગયા. ત્યારે કપિલે સર્વ સત્ય હકીકત જણાવી. રાજાને તેની સચ્ચાઈ અને સરળતા સ્પર્શી જતાં, તેની જે ઈચ્છા હોય તે પૂર્ણ કરવા તૈયાર થયા. ત્યારે કપિલની વિચારધારા બે માસાથી શરૂ થઈ, જે ક્રમશઃ વધતાં વધતાં કરોડો સુવર્ણમુદ્રા સુધી પહોંચી. તેમ છતાં સંતોષ ન થયો, તૃપ્તિ ન થઈ પણ અચાનક તેની ચિંતનધારાએ વળાંક લીધો. દિશા બદલાતાં જ 'ભાવ' બદલાયા. સંતોષ અને ત્યાગનું તેજ ઝળકી ઊઠ્યું. તેનો માર્ગ પ્રશસ્ત બની ગયો. રાજા પાસેથી નીકળી કપિલે મુનિવેશ ધારણ



કરી આત્મસાધનામાં લીન બની ગયા. છ માસ સુધી ઉત્કૃષ્ટપણે સંયમ ધર્મની આરાધના કરતાં કપિલમુનિને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. કેવું ઉત્કૃષ્ટ ચારિત્રધર્મ...

શ્રી 'જ્ઞાતાધર્મકથા' સૂત્રમાં આપેલ પુંડરિકનું કથાનક પણ એટલું જ મહત્ત્વનું છે. બે સગાભાઈ પુંડરિક અને કુંડરિક. પિતાજી સંયમના માર્ગે જતાં પુંડરિક રાજા બન્યા. જ્યારે કુંડરિક કુમારને વૈરાગ્યના ભાવ જાગતા દીક્ષા ગ્રહણ કરી. સંયમ પાળતાં શરીર લથડ્યું, સુશ્રૂષાથી શરીર તો સારું થયું પણ ચારિત્રથી લથડી પડ્યા. રાજ્ય ભોગવવાની ઈચ્છા થતાં ભાઈ પુંડરિક પાસેથી રાજ્ય માંગ્યું અને સાધુવેશ છોડી દીધો. ધર્મમય જીવન ગાળનાર મોટાભાઈ પુંડરિકે જૈનશાસનની શાન જાળવવા ભાઈનો સાધુ-વેશ પહેરી ચારિત્ર અંગીકાર કર્યું. ચડતા પરિણામે પુંડરિક યોગી બન્યા. માત્ર અઢી દિવસનું ઉત્કૃષ્ટ ચારિત્ર પાળી આયુષ્ય પૂર્ણ થતાં સર્વાર્થસિદ્ધના દેવ બન્યા. અનંતકર્મની નિર્જરા કરી એકભવાવતારી બન્યા.

'જીવ જન્મે નહિ પરંતુ કર્મે મહાન બને છે.' જૈનદર્શનના આ મૌલિક સિદ્ધાંતરૂપે ઉત્તરાધ્યયન સૂત્રમાં ચારેય વર્ણમાંથી દીક્ષિત થયેલ ભવ્ય આત્માઓના ઉદાહરણ જોવા મળે છે. આ ઉપરાંત ત્રિખંડાધિપતિ કૃષ્ણ મહારાજની રાણીઓ, તો ચંદનબાળા જેવી દાસી, સનતકુમાર જેવા ચક્રવર્તીનો અર્જુનમાળી જેવો હત્યારો, આઠ વર્ષિય દીક્ષિત થનાર અયવંતા કુમાર છે, તો મેઘકુમાર, ગૌતમકુમાર જેવા અનેકાનેક કુમારો ચારિત્રધર્મનું ઉત્કૃષ્ટ પાલન કરી ઉત્તમગતિને વર્યા છે.

આ ઉપરાંત આનંદ આદિ દસ શ્રાવકોની ઉત્તમ ધર્મસાધનાનું વર્ણન આગમમાં જોવા મળે છે. એટલું જ નહિ, તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કરનાર દેવકી, સુલસા અને રેવતી જેવી શ્રાવિકાઓની ઉત્તમ ધર્મ આરાધનાનો ઉલ્લેખ થયો છે.

આમ, ચારિત્રધર્મના ભૂતકાળની ઉજ્જવળ ગાથા આગમ શાસ્ત્રોના પાને પાને આલેખાયેલી છે, જે ચારિત્રધર્મની ગઈકાલને સાક્ષીરૂપે ઉજાગર કરે છે.

**ચારિત્રધર્મની આજ :-**

ભારત એવો એક દેશ છે કે જ્યાં હજારો વર્ષથી ધર્મ ટકી રહ્યો છે. તેનું મુખ્ય કારણ આપણા સંતો, મુનિઓ અને ગુરુભગવંતો છે. પ્રભુ મહાવીરના સમયથી ગણીએ તો ૨૬૦૦ વર્ષ પછી પણ જૈનધર્મની ધજા મુક્ત ગગનમાં ઉન્નત મસ્તકે લહેરાઈ રહી છે. સમયના વહેણમાં અનેક પ્રકારના ચઢાવ-ઉતાર આવ્યા છતાં દીપમાંથી દીપ પ્રગટે તેમ સમયે સમયે અનેકાનેક ગુરુભગવંતો રૂપી દીપકો પ્રગટ્યા-પ્રગટતાં રહ્યા ને ચારિત્રધર્મ રૂપી જ્યોતનો પ્રકાશથી આજે પણ ભારતભૂમિ પ્રકાશિત થઈ રહી છે.

આજના ભૌતિક યુગમાં સુખ સાહેબીની અદ્યતન સાધનસામગ્રી ઉપલબ્ધ છે. ઈન્દ્રિયોને બહેકાવે તેવા પરિબળોનું સામ્રાજ્ય ચારેબાજુ છવાયેલું છે ત્યારે સંસારના આ ભૌતિક સુખોને ક્ષણિક માની શાશ્વત સુખને પામવા અનેક ભવ્ય આત્માઓ સંયમના પંથે પ્રયાણ કરી વિચરી રહ્યા છે, એટલું જ નહિ દુનિયાની આઠમી અજાયબી જેવાં જૈનશાસનના આ મુનિ ભગવંતો ઉત્કૃષ્ટપણે ચારિત્રધર્મનું પાલન કરી પોતાના કર્મનો ક્ષય કરી રહ્યાં છે. આવા વીરલ, પૂજનીય અને વંદનીય મહાત્માઓના જીવનની થોડીક ઝલક સાંભળીને પણ આપણા હૃદયમાં અહોભાવના ઉદ્ગાર સરી પડે છે.

જૈનશાસનના શૂરવીર સંત એટલે કે વિશાલમુનિ મ. સાહેબ, તાજેતરમાં માત્ર ૪૬ વર્ષની ઉંમરે તેમનો દેહવિલય કાંકરેલી રાજસ્થાન મધ્યે થયો. તેઓ સૌરાષ્ટ્રના ધોરાજીના વતની હતા. તેમણે રાજસ્થાનના જ્ઞાનગચ્છમાં દીક્ષા લીધી



હતી. તેમના જીવનમાં ત્યાગ અને સંયમનો અદ્ભુત સંગમ જોવા મળે છે. જીવનના ઘણા વર્ષો સુધી તેમણે લાંબા થઈને નિદ્રા કરી ન હતી. માત્ર ૪૮ મિનિટ વજાસનમાં બેસીને માથું જમીન સાથે ટેકવીને આરામ કરી લેતા. આઠમ, પાખીના દિવસે તો નિદ્રાનો સંપૂર્ણ ત્યાગ. સતત સ્વાધ્યાય અને સ્વ અધ્યયનમાં લીન રહેતા. ચાતુર્માસના ૧૨૦ દિવસમાંથી ૯૦ દિવસતો ઉપવાસ હોય, પારણામાં માત્ર પાણી અને રોટલી! ગોચરી જવાનો સમય પણ બપોરે ૧.૦૦ વાગ્યાનો. શ્રાવકોએ જમી લીધું હોય પછી જે કાંઈ શેષ હોય તેમાંથી જ ગોચરી વહોરવી અને એ પણ ઘર બધી રીતે સૂઝતું હોય ત્યારે. તેઓ જે ક્ષેત્રમાં બિરાજતાં હોય ત્યાં સવારે ૯.૦૦ થી ૯.૩૦ વાગ્યા સુધી વ્યાખ્યાન અચૂક વાંચે - એ પણ આંખ બંધ કરીને જ. ખરેખર.... તો તેઓ આગમોમાં જણાવ્યા મુજબનું અક્ષરસ - સાધુજીવન આચરતા હતા.

દિગંબર પરંપરામાં પરમાત્મા જેવું જીવન જીવવા માંગતા સાધુઓ આહાર-પાણી આદિ માટે કોઈ પાત્રા કે ઘડા પણ રાખતા નથી. તેઓ ઓઘા જેવો જ એક મોરપીંછીનો બનેલ ચરવાળા જેવું રાખે છે, જેથી જીવોની જયણા પાળી શકાય. આચાર્યશ્રી વિદ્યાસાગરજી મ. સાહેબ દિગંબર સંપ્રદાયમાં દીક્ષિત થયેલ છે. તેઓશ્રી દિવસમાં ફક્ત એક જ વાર ઊભા ઊભા કરકમળમાં આહાર-પાણી ગ્રહણ કરે છે. અત્યંત સાવધાનીપૂર્વક જોઈ જોઈને વાપરતા તેમના આહારમાં જો વાળ કે અભક્ષ્યઆવી જાય તો તેઓ હાથની આંટી ખોલી સીધા ઠામ ચૌવિહાર લઈ લે છે. એટલું જ નહિ, તેઓએ મીઠું, ગોળ, લીલોતરી, સૂકામેવા, દૂધ વગેરેનો પણ કાયમ માટે ત્યાગ કરેલ છે. નીચી નજર જ હોય, ભાગ્યે જ ઊંચી નજર કરે. આવું ઉત્તમ ચારિત્રધર્મ પાળતાં તેઓશ્રી સંસ્કૃત અને પ્રાકૃતના પ્રખર વિદ્વાન છે. એટલું જ નહિ, અન્ય ભાષાઓનું જ્ઞાન પણ ધરાવે છે. ધન્ય છે... તેમને.... વંદન છે તેમને...

એવાં જ એક વીરલ વિભૂતિ સંત મહાત્મા એટલે કે રાજસ્થાનની ભૂમિમાં વિચરતાં શાલિભદ્ર મ. સાહેબ. તેમનો જન્મ ગર્ભશ્રીમંત કુટુંબમાં થયો હતો. યુવાન વયે ધંધાર્થે દેશવિદેશમાં પુષ્કળ ફર્યા. અઢળક જાહોજલાલી.... પરંતુ માતાના એક વેણે તેમની જિંદગી બદલાવી દીધી અને સંયમના પંથે પ્રયાણ કર્યો. દીક્ષા લઈ ચારિત્રધર્મનું ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પાલન કરી રહ્યા છે. અખંડ મૌનની સાધના, કાયક્લેશ અને કઠોર તપશ્ચર્યાનો ત્રિવેણી સંગમ તેમના સાધુજીવનમાં જોવા મળે છે.

આવા તો કેટલાય નામી - અનામી સાધુ ભગવંતોના ચારિત્રધર્મની સુવાસ ભારતની ભૂમિ પર પ્રસરી રહી છે. એવી જ રીતે દેશવિરતિરૂપ ઉત્કૃષ્ટપણે શ્રાવક ધર્મ પાળનારા શ્રાવક-શ્રાવિકાઓ પણ આજે જોવા મળે છે. પરંતુ તેઓનું જાહેર જીવન પ્રકાશિત ન હોવાથી વિશેષ ખબર પડતી નથી.

**ચારિત્ર ધર્મની આવતી કાલ :-**

આજે સાંપ્રત સમયમાં ચારિત્ર ધર્મ અંગીકાર કરનારની સંખ્યામાં વધારો તો થયો જ છે, સાથે સાથે સુશિક્ષિત વર્ગ પણ જોડાઈ રહ્યો છે, જે ઉજ્જવળ ભવિષ્યનો શુભ સંકેત બતાવે છે. જૈનદર્શનાનુસાર પાંચમા આરાના અંતે દુપસહ નામના આચાર્ય, ફાલ્ગુની નામના સાધ્વી તેમ જ જિનદાસ શ્રાવક અને નાગશ્રી નાગે શ્રાવિકા થશે. અર્થાત્ ચારિત્ર ધર્મ તો રહેવાનો જ છે, પરંતુ આગામી પેઢીના વારસદારમાં જૈનધર્મના સંસ્કારો સુદઢ કરવા અત્યંત જરૂરી છે. કારણ કે આજનું બાળક ભાવિનો ભગવાન છે.

આજનો યુગ ભૌતિક વિકાસ અને વિજ્ઞાનનો યુગ છે. ધર્મના સંસ્કારો તો જૈન શાળા જ આપી શકે છે. પરંતુ બાળકોને માત્ર વડીલોના આદેશથી કે સાધુ



સંતોના ઉપદેશથી ધર્મ તરફ વાળવા સરળ નથી કારણ કે બાળકોને આકર્ષવા માટે આજે નવા નવા પુષ્કળ ગેઝેટ્સ ચારે બાજુ વિકસી રહ્યાં છે. ત્યારે આ ઈલેક્ટ્રોનિક્સના યુગમાં બાળકોને આકર્ષવા જૈનશાળામાં પણ આવા સાધનો વસાવવા પડશે. અન્ય આકર્ષણો તરીકે ચિત્રકળા, નૃત્યકળા, સંગીત વગેરેના વર્ગોને પણ જૈનશાળામાં પ્રાધાન્ય આપવું પડશે.

જૈનદર્શનના પાયાના સિદ્ધાંતો વિનય-વિવેક, સત્ય, અહિંસા, સંયમ શિષ્ટાચાર વગેરે ગુણોને નાનપણથી બાળકમાં રોપવાનું તેમ જ ક્રમે ક્રમે તેમાં વિકાસ કરવાનું કાર્ય જૈનશાળા જ કરી શકે છે, જેથી જૈનશાળાના જ્ઞાનદાતા પણ પ્રશિક્ષિત હોવા જોઈએ કારણ કે જમાના સાથે તાલ મેળવવા નિતનવી ટેકનિકથી જૈનશાળાને ધબકતી રાખવી જરૂરી છે.

દીર્ઘદૃષ્ટા, પરમ ઉપકારી રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સાહેબે આજની પાઠશાળાઓની સ્થિતિ જોઈને, જૈનધર્મના ભવિષ્યને નજરમાં રાખી બાળમાનસ અનુરૂપ 'Look N Learn' જૈનજ્ઞાન ધામની સ્થાપના કરી છે. દશ્ય અને શ્રાવ્ય પદ્ધતિ વડે અપાતું શિક્ષણ બાળકોના વર્તન અને જીવનશૈલીમાં ઝડપથી પરિવર્તન લઈ આવે છે. આ કારણે Look N Learn ની લોકપ્રિયતા દિવસે દિવસે વધવા લાગી છે. ભારતથી દૂર યુ.એસ., દુબઈ, સુદાન, મલેશિયા વગેરે દેશોમાં પણ Look N Learn જ્ઞાનધામ દ્વારા બાળકોને જૈન ધર્મના સંસ્કારો પ્રાપ્ત થતાં આગામી પેઢીના વંશ વારસદારને પણ સ્વાભાવિકપણે જૈનધર્મના સંસ્કારો મળી રહેશે.

આજે સામાજિક, આર્થિક પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. દેશવિદેશોમાં જૈનબંધુઓ વસવાટ કરી રહ્યાં છે ત્યારે સાધુજીની સમાચારી અને સંયમજીવનની

મર્યાદાને કારણે સાધુ-સંતો બધી જગ્યાએ જવા અસમર્થ હોય છે. એવી જ રીતે જ્યાં વિહારની વિકટતા હોય, દૂર કે દુર્ગમ સ્થળે પણ સંત-સતીજીઓ પહોંચી શકતા નથી અને જો આવું લાબું ચાલે તો નવી પેઢી વીતરાગ ધર્મથી વંચિત બની જાય. એટલા માટે આજે ધર્મપ્રચારક કે સમણ-સમણી શ્રેણીની પણ આવશ્યકતા છે. આવા સમણ-સમણી વર્ગને અહિંસા આદિ વ્રતપાલનમાં આંશિક રૂપે છૂટ હોવાથી તેઓ સહેલાઈથી ધર્મપ્રચારક તરીકે દૂર દૂર જઈ શકે છે. આવા ધર્મ પ્રચારક કે સમણ-સમણી વર્ગને જૈનધર્મના સિદ્ધાંતો, નિયમો, તપ, જપ આદિનું સંપૂર્ણ જ્ઞાન-શિક્ષણ આપવું જોઈએ. સાથે સાથે વિવિધ ભાષાઓનું જ્ઞાન તેમજ એક આદર્શ વક્તા બનાવવાનું શિક્ષણ આપવું પણ જરૂરી છે.

'જાગ્યા ત્યારથી સવાર' એવું સમજી આજે ઘણા બધા સંપ્રદાયોમાં Look N Learn જેવા જ્ઞાનધામ તૈયાર થઈ રહ્યાં છે. એટલું જ નહિ, આજે ધર્મ પ્રચારકો-કે સમણ સમણી વર્ગને પ્રશિક્ષિત કરી ધર્મપ્રભાવનાના કાર્ય માટે ભારતના જુદાં જુદાં પ્રદેશો ઉપરાંત વિદેશોમાં પણ મોકલવામાં આવે છે. આપણા ગુરુભગવંતો પણ આ કાર્યને પ્રોત્સાહિત કરીને આગળ વધારવામાં મદદ કરે છે. આ બધા જ પ્રયત્નોનું પરિણામ પણ ઉત્તમ પ્રકારે મળી રહ્યું છે. તે જોતાં એવું લાગે છે કે જૈનધર્મરૂપી ચારિત્ર ધર્મનું ભવિષ્ય પણ ઉજળું જ છે... કહ્યું છે કે,

જેનો પ્રારંભ સારો તેના અંત પણ સારો ....

**('જૈન પ્રકાશ' નાં તંત્રી રતનબહેને શ્રાવકકવિ ઋષભદાસ કૃત "વ્રત વિચારરાસ" પર શોધપ્રબંધ લખી પી.એચ.ડી. કર્યું છે. હસ્તપ્રતોના સંશોધનમાં તથા જૈન સાહિત્ય સત્રોના આયોજનમાં ખૂબ રસ ધરાવે છે.)**

સંદર્ભ સૂચિ :-

(૧) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, શ્રી ઠાણાંગ સૂત્ર, શ્રી આચારાંગ સૂત્ર, પ્ર. શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન



# ૪ ધાર્મિક શિક્ષણની ગઈકાલ, આજ અને આવતી કાલ

- ડૉ. પાર્વતીબેન નેણસી ખીરાણી

ખેતરને વાડની જરૂર હોય, ઘરને દીવાલની જરૂર હોય, નદીને કિનારાની જરૂર હોય એમ જન્મ - મૃત્યુના બે કાંઠામાં વહેતા જીવનને શિક્ષણની જરૂર હોય છે. શિક્ષણની શરૂઆત ક્યાંથી થઈ એની લીટી તાણીએ તો ભગવાન ઋષભદેવ સુધી તાણી શકાય. ભગવાને બ્રાહ્મીને જમણા હાથે લખવારૂપ લિપિજ્ઞાન આપીને તથા સુંદરીને ડાબા હાથે ગણવારૂપ ગણિતનું જ્ઞાન આપીને શરૂઆત કરી.

ખેતરમાં ઊગેલા ઘઉં સીધેસીધા રોટલી બનીને આપણી ભૂખ નથી ભાંગતા, પરંતુ એને વીણીને, સાફ કરીને, પીસાવીને, લોટ બાંધીને, રોટલી બનાવીને ખાઈએ ત્યારે આપણી ભૂખ સંતોષાય છે. એમ આપણું જીવન પણ જન્મમાત્રથી સુસંસ્કૃત નથી બની જતું. એને સંસ્કારોથી કેળવવું પડે છે ત્યારે આપણો ભવ સાર્થક બને છે. એને કેળવવા માટે શિક્ષણની જરૂર છે.

શિક્ષણ બે પ્રકારનું છે - વ્યવહારિક અને ધાર્મિક.

ભૌતિકતા, બૌદ્ધિકતા એ વ્યવહાર શિક્ષણનું લક્ષ્ય છે. તો સમજશક્તિ, સહનશક્તિ એ ધાર્મિક શિક્ષણનું લક્ષ્ય છે. વ્યવહારિક શિક્ષણમાં માત્ર જાણકારી Knowing છે તો ધાર્મિક શિક્ષણમાં જાણકારીની સાથે સમજદારી Understanding છે. એનાથી મનની વૃત્તિમાં અને જીવનની પ્રવૃત્તિઓમાં વિવેકશક્તિ આવે છે. અલબત્ત વ્યવહારિક શિક્ષણ પણ જરૂરી છે. બંનેનો સમન્વય જ જીવનને સુસંસ્કૃત બનાવે છે.

અહીં ધાર્મિક શિક્ષણના સંદર્ભે જૈન ધર્મના ભૂત-ભવિષ્ય-સાંપ્રતકાળની પરિસ્થિતિનું અવલોકન કરાવાનું લક્ષ્ય છે.

જૈન ધર્મના સિદ્ધાંતોનો અભ્યાસ કરતા ખ્યાલ આવે છે કે એમાં સૌપ્રથમ વિનયને સ્થાન આપવામાં આવ્યું છે. વિનયને ધર્મનું મૂળ કહેવામાં આવ્યું છે. વિનયથી થતાં નમ્રતા, સરળતા, સંતોષ, નીતિમત્તા, ઉદારતા આદિ ગુણોનો વિકાસ થાય છે. આચાર-વિચાર-ઉચ્ચારમાં આમૂલ પરિવર્તન આવે છે. આચારમાં અહિંસા, વિચારમાં અનેકાંતવાદ અને ઉચ્ચારમાં સ્યાદ્‌વાદને કારણે ઝઘડા, ટંટા, ક્લેશ, વાદ-વિવાદ આદિથી બચી જવાય છે અને માનસિક શાંતિ પ્રાપ્ત થાય છે. મન સ્વસ્થ હોય તો શરીર આપોઆપ સ્વસ્થ જ રહે છે અને સ્વસ્થ હોઈએ તો સ્વમાં સ્થિર થઈ શકાય છે, જે માનવજીવનને સાર્થક કરવાનો મૂળભૂત હેતુ છે. સ્વમાં સ્થિર થવું એટલે સિદ્ધ થવું.

જૈન ધર્મની ગઈકાલ અત્યંત ઉજળી હતી. કરોડોની સંખ્યામાં જૈન ધર્મના અનુયાયીઓ હતા. ધાર્મિક શિક્ષણ પ્રાયઃ સાધુ-સાધ્વીજી ભગવંતો પાસેથી જ મળતું હતું, જે પોતે જ એક પ્રકારનું સંયમિત જીવન જીવતા હતા. ઉદરનિર્વાહ પૂરતો સમય વ્યતીત થયા પછી બાકીનો સમય સતત સ્વાધ્યાય, વ્યાખ્યાન, વાંચણી,



ધર્મકથા આદિમાં જ વ્યતીત કરતા હતા. એક જ સ્થળે કાયમ રહેવાનું ન હોવાથી ગ્રામાનુગ્રામ વિચરતા રહેતા હતા. એને કારણે એમને પુસ્તકો આદિ સાથે રાખવાનું પ્રયોજન હતું નહીં. તેથી મૌખિક રીતે જ શિક્ષણ આપતા હતા 'કંઠોપકંઠ' એ જ્ઞાન એકબીજા પાસે પહોંચતું હતું.

જૈન ધર્મના શિક્ષણમાં આવશ્યક ક્રિયાનું સ્થાન મોખરે છે. ચારે તીર્થ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાએ આત્મશુદ્ધિની સાધના માટે અવશ્ય કરવા યોગ્ય ક્રિયા એટલે કે સામાયિક, પ્રતિક્રમણ આદિ. જૈન ધર્મમાં આત્મશુદ્ધિ પર વિશેષ ભાર આપવામાં આવે છે. મુખ્ય ધ્યેય જ આત્મા પર લાગેલા કર્મના પડળોથી મુક્ત થઈને મુક્ત અવસ્થાને પ્રાપ્ત કરવાનું છે માટે પ્રથમ સામાયિક-પ્રતિક્રમણનું જ્ઞાન મેળવવાનું છે. ત્યાર પછી આગળ વધીને જીવવિચાર, છ કાયના બોલ, નવતત્ત્વ, કર્મપ્રકૃતિ, ગુણસ્થાન આદિનો અભ્યાસ કરવાનો હોય છે.

ગઈકાલના શ્રાવકોની જરૂરિયાતો ઓછી હતી. કુદરતના ખોળે રહીને જીવન વ્યતીત થતું હતું. કૃષિકર્મ, ગોપાલન આદિથી જીવન વ્યતીત થતું હતું. સંતોષપૂર્વક જીવનનિર્વાહ કરતા હતા. છતાં ગુરુ ભગવંતો પ્રત્યે આદર, સમર્પણ, શ્રદ્ધા, માહાત્મ્ય આદિ ભાવ ભરપૂર હતા, જેથી ગુરુ સમીપે જ્ઞાન પ્રાપ્ત કરવાના અભિલાષી પણ રહેતા હતા. ગુરુ જે જ્ઞાન આપે તે નિર્વિવાદ સ્વીકારી પણ લેતા હતા. ધાર્મિક, નૈતિક, બૌદ્ધિક, શારીરિક આદિનું જ્ઞાન પણ સુપેરે પ્રાપ્ત કરતા હતા.

પરંતુ સમયાનુસાર વેશ, વિચાર, વાણી, વિદ્યા, વાતાવરણમાં પરિવર્તન અવશ્ય લાવે છે એ અનુસાર આજે શિક્ષણક્ષેત્રે પણ આમૂલ પરિવર્તન આવી ગયું છે. આજનું શિક્ષણ પરિણામલક્ષીને બદલે પરીક્ષાલક્ષી બન્યું છે. અધ્યાત્મલક્ષીને બદલે ભૌતિકલક્ષી બન્યું છે.

બુદ્ધિ એને ઓવરસ્માર્ટ બનવા પ્રેરે છે, જેને કારણે નમ્રતા, સમર્પણતા, વિનય, નીતિમત્તા જેવો ગુણોનો ભોગ લેવાઈ જાય છે. બુદ્ધિ એને સફળતાનો નશો ચકાસવામાં મદદ કરે છે, જેથી એ નિષ્ફળતા પચાવવા સમર્થ નથી બનતો અને જેના ફલસ્વરૂપ એ સ્નાતક, અનુસ્તાનક, એન્જિનિયર, વકીલ, બેરિસ્ટર, ડૉક્ટર આદિ તો બની જાય છે પણ નિષ્ફળતા મળતાં આત્મહત્યા-આપઘાત કરી બેસે છે. આર્થિક સંકટને ટાળવા લાંચ-રુશ્વત જેવા ભ્રષ્ટાચારનો સહારો લઈ લે છે. નીતિમત્તાનું ખૂન કરી દે છે. કોઈ ક્ષેત્રમાં આગળ નીકળી જાય તો વ્યસનોમાં ફસાઈ જાય છે. વાસ્તવિકતાનો સ્વીકાર કરી શકતો નથી. પરિસ્થિતિને પડકારી નથી શકતો, જેથી નિરુત્સાહી બની જાય છે.

આજે વિજ્ઞાને ભૌતિકવાદ તરફ વણથંભી કૂચ કરી છે, જેને કારણે કેટલાક ફાયદા થયા છે તો કેટલાક ગેરફાયદાઓ પણ થયા છે.

આજે કમ્પ્યુટરથી માહિતીની તો છત થઈ છે, પણ લાગણીઓની અછત થઈ હોય એવું નથી લાગતું ? કેલક્યુલેટરથી ગણિતના જટિલ કોયડા આસાનીથી ઉકેલાઈ જાય છે, પરંતુ સંબંધોના કોયડાઓ ગૂંચવાઈ ગયા છે એવું નથી અનુભવાતું ? કોન્કર્ડ વિમાન જગતના સીમાડા નજીક આવી ગયા છે, પરંતુ સમાજના સીમાડા વણસી ગયા છે એવું નથી વર્તાતું ? આ બધાને ભોગસંપત્તિના ભારે ગુણાકાર થયા હશે પરંતુ મૂલ્યોના ભાગાકાર થતા જાય છે ત્યારે એનાથી બચવાનો ઉપાય આપણને ધાર્મિક શિક્ષણમાંથી મળે છે, જે વિજ્ઞાનના વધતા વર્ચસ્વને નાથીને તત્ત્વજ્ઞાન પર લગામ આપે છે. તત્ત્વજ્ઞાન હો તો મનુષ્ય કોઈ પણ પરિસ્થિતિમાં સમાધાન કરી શકે છે. સંતોષ માની શકે છે. રાગદ્વેષથી રહિત થઈ શકે છે.



વર્તમાનની આ પરિસ્થિતિથી મુક્ત થવા આપણા વડીલોએ ધાર્મિક શિક્ષણ બોર્ડ જેવી સંસ્થાઓ સ્થાપી. જૈનશાળા, પાઠશાળા, મહિલામંડળોની સ્થાપનાઓ થઈ, જેના દ્વારા પરિણામલક્ષી જ્ઞાન આપવાની શરૂઆત થઈ ગઈ. લુક-એન્ડ લર્ન, લર્ન એન્ડ ટર્ન, મેજિક ટચ, લીટલ એજંડા વગેરે પાઠશાળાના નવીન સ્વરૂપ છે.

ગુરુ ભગવંતો પણ શિબિરના માધ્યમથી જીવનને સંવારવાનું, અભ્યુદય કરવા માટેનું તત્ત્વસભર શિક્ષણ આપી રહ્યા છે. સ્વસ્થ જીવન જીવવાની કળા બતાવે છે. 'सा विद्या या विमुक्तये' અર્થાત્ વિદ્યા એ જ મુક્તિ અપાવે. કર્મબંધનથી મુક્ત કરાવે. પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરાવે એવી વિદ્યાનું દાન આપી રહ્યા છે.

ગુરુભગવંતો પોતે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહને પૂર્ણપણે સ્વીકારીને આચરણમાં મૂકે છે, જેનો પ્રભાવ અચિંત્ય પડે છે. એ પ્રમાણે કરવાની પ્રેરણા પણ મળે છે. જેથી ૧ ૨ વ્રત સ્વીકારીને સાચા શ્રાવક-શ્રાવિકા બને છે ને સિદ્ધ બનવા તરફ પગરણ મંડાય છે.

યુનિવર્સિટીઓમાં પણ જૈનીઝમના કોર્સ ચાલુ થઈ ગયા છે, જેમાં 'બેઝિક નૉલેજ' આપવામાં આવે છે. આ ઉપરાંત વિવિધ સેમિનાર, જ્ઞાનસત્ર યોજીને જૈન ધર્મના સિદ્ધાંતોને જનતા સમક્ષ મૂકીને, ધાર્મિક સંશોધનપત્રો દ્વારા પણ જૈન ધર્મના અભ્યાસ માટે પ્રેરણા કરવામાં આવે છે. 'શ્રુતગંગા' જેના પ્રોજેક્ટ દ્વારા હસ્તપ્રતોના કહેલા તત્ત્વજ્ઞાનને સાચવવામાં આવે છે.

હવે વોટ્સઅપના જમાનામાં વોટ્સ એપ પર પણ જ્ઞાન પીરસવામાં આવે છે. વિવિધ પ્રોજેક્ટ - પ્રદર્શનો દ્વારા ધર્મ ઉજાગર થાય છે.

ઓનલાઈન અભ્યાસના કોર્સ પણ ચાલુ થયા છે. ઈ-મેલ દ્વારા પ્રશ્નપેપરો મોકલીને પરીક્ષાઓ પણ લેવાય છે.

નાની વીડિયોક્લિપ દ્વારા પણ ધર્મનો અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે. પાઠશાળા માટે પ્રોત્સાહિત પણ કરવામાં આવે છે; જેના પ્રતાપે ભણેલા-ગણેલા નાની વયના અનેક મુમુક્ષુઓ શિક્ષિત થઈને દીક્ષિત થાય છે, જે એક ગર્વ લેવા જેવી વાત છે.

આમ, વચ્ચેના થોડાક સમયમાં ધાર્મિક શિક્ષણની પ્રવૃત્તિ મંદ રહી હશે પણ હાલ તો આ પ્રવૃત્તિ વેગ પકડી રહી હોય એમ લાગે છે. એ જોતાં લાગે છે કે આપણો ભવિષ્યકાળ પણ ઊજળો જ હશે.

ભગવાન મહાવીરનું આ શાસન આ આરાના અંત સુધી ચાલવાનું છે તેથી ધાર્મિક શિક્ષણ પણ આગળ જતાં વેગ જરૂર પકડશે. રાજા ચંદ્રગુપ્તને આવેલા સ્વપ્ન અનુસાર વડીલો નહીં પણ નવયુવાન-યુવતીઓ જ આ ધર્મધુરાને આગળ લઈ જશે. ઈ-અભ્યાસક્રમ દ્વારા જૈન ધર્મના સિદ્ધાંતોને દેશ-વિદેશમાં જરૂર ફેલાવવામાં આવશે.

ધર્મ પ્રચારનો નહીં, આચારનો વિષય છે. સૂર્ય પ્રકાશ પર પ્રવચન નથી આપતો પણ પ્રકાશ જ આપે છે. સુમને સૌરભ પર ક્યારેય વ્યાખ્યાન કર્યું છે ? વૃક્ષ કદી પરોપકારના બણગાં નથી ફૂંકતું. નદીને પોતાના વહેણ વિશે વાત કરવાની ફુરસદ જ ક્યાં છે ? વાયુ સહજ વહન દ્વારા સૌને જીવન બક્ષીને વહી જાય છે, એમ ભવિષ્યમાં શિક્ષા પ્રાપ્ત કરીને દીક્ષા લેનારા સંતોનું પ્રભુત્વ વધશે કે જેઓ હળવાશથી જ સહજ રીતે જ્ઞાનદાન કરશે અને સૂર્ય, વૃક્ષ, હવા આદિની જેમ સતત પરોપકાર કરીને લોકોનું હિત ઇચ્છશે.



હમણાં વિદેશમાં કેટલીય જગ્યાએ સંસ્કૃત ભાષાના ક્લાસ ચાલુ થયા છે, જેમાં કેનેડા, જર્મની, જાપાન વગેરે મોખરે છે; જે વીડિયોક્લિપ દ્વારા જાણવા મળ્યું છે, જેથી એ ભાષાનો પ્રચાર-પ્રસાર થતાં ઘણો ફાયદો થશે.

ઈન્ટરનેટ પર ભણનારો એક આખો વર્ગ ઊભરી રહ્યો છે, જે ભલે સાધુ, સંસ્થા કે સંપ્રદાય-ગચ્છ આદિ સાથે સંકળાયેલો નથી પણ ધર્મના મૂળભૂત સિદ્ધાંતોનો જાણકાર તો બને જ છે. તેઓ ટ્વિટર, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ પર પોતાના વિચારોની અભિવ્યક્તિ પણ કરે છે, જેથી લાગે છે કે ભવિષ્યમાં ધાર્મિક શિક્ષણ જરૂર વધશે. વ્યાખ્યાનો પણ ઓનલાઈન સાંભળીને પોતાના વિચાર, વાણી-વર્તનમાં અવશ્ય સુધારા લાવી શકે છે.

આમ, ભવિષ્ય પણ ઉમદા જ હશે એવી અપેક્ષા અસ્થાને નથી. આ રીતે ગઈકાલ, આજ અને આવતીકાલ ધાર્મિક શિક્ષણ માટે યથાસ્થાને યોગ્ય જ છે.

**(મુંબઈ સ્થિત જૈન દર્શનના અભ્યાસુ પાર્વતીબહેને શ્રાવક કવિ ઋષભદાસના રાસ પર સંશોધન કરી Ph.D. કરેલ છે. લિપિવાચન અને જૈન શિક્ષણમાં રસ લે છે.)**

# ૫ જૈન પત્રકારત્વની ગઈકાલ, આજ અને આવતીકાલ

- મણિલાલ ગાલા

વિશ્વમાં પત્રકારત્વને ચોથી જાગીર તરીકે માનવામાં આવ્યું છે. શાસકો, વહીવટકારો, વહીવટી તંત્ર પ્રજા પર દમન ગુજારે યા તેમની ફરજ બજાવવામાં ઉણી ઉતરે ત્યારે લોકો ન્યાયતંત્ર સમક્ષ જાય, પરંતુ આવા સંજોગોમાં સમાજમાં જનજાગૃતિનું કામ અખબારો સુપેરે બજાવે છે અને એ તેમની ફરજ છે. વર્તમાન સમયમાં પત્રકારત્વ અતિ શક્તિશાળી બન્યું છે. એની સાથે સત્તાવાળાઓના કાન આમળવામાં પણ તે પાછીપાની કરતું નથી. આમ છતાં વર્તમાન યુગમાં એમાં પણ કેટલાક દૂષણો પેઠા છે. આપણા ભારત જેવા લોકશાહી દેશમાં આ ચોથી જાગીરનું મૂલ્ય ઘણું વધી ગયું છે. આજે આપણે વાત કરવાની છે તે ''જૈન ધર્મની ગઈકાલ, આજ અને આવતી કાલ, જૈન પત્રકારત્વ સંદર્ભમાં.''

એક રીતે જોવા જઈએ તો પત્રકારત્વ એ પત્રકારત્વ જ છે. એને ધર્મ, સંપ્રદાય કે સમાજ સાથે બાંધવો ઠીક નથી. આમ છતાં આપણે જૈનધર્મને દર્શન, કલા અને સામાજિક ઉત્કર્ષની સાથે મૂલ્યાંકન કરવાનો પ્રયાસ કરીશું.



જૈન ધર્મની માત્ર ભારતમાં જ નહીં, સમગ્ર વિશ્વમાં તેની એક સ્વતંત્ર અને અલગ ઓળખ છે. આપણે જૈન પત્રકારત્વને ત્રણ કાળખંડમાં વિભાજિત કરીએ તો તેને આમ વિભાજિત કરી શકાય - (૧) પ્રારંભિકકાળ (૨) ઉદયકાળ અને (૩) વર્તમાનકાળ.

પ્રારંભિક કાળમાં સૈદ્ધાંતિક તથ્યોનું નિરૂપણ, સંસ્કારો, જૈનત્વના મૂળભૂત સિદ્ધાંતો, પ્રાચીન ઈતિહાસ સહિત તીર્થો અંગે પ્રવર્તતા મતભેદો વગેરેની ચર્ચાને વિશેષ મહત્ત્વ આપવામાં આવી રહ્યું હતું.

ખાસ કરીને શ્વેતાંબર અને દિગંબર એ જૈનોના બે મુખ્ય ફિરકાની સૈદ્ધાંતિક ભિન્નતાઓને મહત્ત્વ આપવામાં આવી રહ્યું હતું. પોતપોતાના ફિરકાની સબળતા પુરવાર કરવા માટે પ્રયાસ થતા રહ્યા હતા.

જૈન પત્રકારો તેમની પત્રિકાઓ અને દૈનિક પત્રોના માધ્યમથી જૈન ધર્મના વિશિષ્ટ સામાજિક, આર્થિક સંજોગોની સાથે વર્તમાન રાજકારણની સાથે પણ તાલ મિલાવતા રહ્યા છે. તીર્થંકરો દ્વારા ઉપદેશિત સિદ્ધાંતો, અહિંસા, સત્યાગ્રહ, અપરિગ્રહ, તપ વગેરે પંચમહાવ્રત દ્વારા સંસ્કારોનું સિંચન પણ કરતા રહ્યા. જૈન પત્રકાર જ્યારે પંચમહાવ્રતની વાત કરે ત્યારે તે જૈનીઝમથી પર વૈશ્વિક કલ્યાણના વતી કરે છે. દાખલા તરીકે શું અહિંસાની વાત માત્ર જૈનો માટે છે ? શું સત્ય, અહિંસા, અચૌર્ય, અપરિગ્રહ પૂર્ણ વિશ્વ માટે સંદેશવાહક નથી ?

એક સમય હતો કે જૈન ધર્મના સિદ્ધાંતોને સામાન્ય પત્રકારત્વમાં જે સ્થાન મળવું જોઈએ તે નહોતું મળતું. પરંતુ હવે એ સમય બદલાયો છે અને એ પરિપ્રેક્ષ્યમાં જૈન પત્રકારત્વનું હવે વિશેષ મહત્ત્વ ઊભું થયું છે.

કાળક્રમે રાષ્ટ્રીય આંદોલન, સ્વાતંત્ર્ય સંગ્રામની જ્વાળા ફેલાતી રહી.

જૈન પત્રકારો અને પત્રિકાઓએ પણ તેમનો રાષ્ટ્રધર્મ બજાવ્યો. દેશની સ્વતંત્રતા બાદ નવા સમાજની રચનામાં પણ તેમણે મહત્ત્વનું યોગદાન આપ્યું. આમ છતાં દરેક પત્રિકાને આર્થિક કટોકટીનો સામનો કરવો પડ્યો. જૈન સમાજ કહેવાતી રીતે તો પ્રગતિશીલ છે, પરંતુ તેને જો કોઈ કાર્યમાં નફો ન દેખાય તો તેનાથી તે મોં ફેરવી લે છે. સમાજના તવંગરો પત્રિકાઓને દાન આપીને તેનું અસ્તિત્વ ટકાવવા ફાળો આપતા રહ્યા, પરંતુ પત્રિકાઓની તંદુરસ્તી અને તટસ્થતા પર ધ્યાન આપવામાં ન આવ્યું. પરિણામે અનેક પત્રિકાઓ સમયે સમયે બંધ થતી ગઈ. અનેકના બાળમરણ પણ થયા. તેને આર્થિક રીતે સક્ષમ રાખવા સમાજના ઉચ્ચ વર્ગ અને બિઝનેસમેનોની જાહેરાતો પર મદાર રાખવો પડે છે, જે સમાજ માટે લાલબત્તી સમાન છે.

ફરી સમય બદલાયો, વીસમી સદીમાં જૈન પત્ર-પત્રિકાઓની સંખ્યા વધતી ચાલી. લોકોમાં જાગૃતિ આવી, સમાજને પત્રકારત્વનું મહત્ત્વ સમજાવા લાગ્યું. વિવિધ સમાચારો, લેખોનું પ્રમાણ વધવા લાગ્યું, પરંતુ તેમાં એક દૂષણ ઉમેરાયું. પોતાની પ્રસિદ્ધિ માટે પત્રિકાઓ વેચાવા અને વહેંચાવા લાગી. વિવિધ ફિરકાઓ, સમાજ, સાધુઓ, મંડળો દ્વારા પત્રિકાઓ પ્રસિદ્ધ થવા લાગી. જાણે "જૈનીઝમ" વિવિધ ફિરકાઓમાં વહેંચાતું ગયું. આજે દેશભરમાંથી લગભગ ૪૦૦ જેટલા જૈન પત્રો-સામયિકો પ્રસિદ્ધ થાય છે. એમાંના કેટલાક પત્રો જૈનીઝમને ઉજાગર કરવાને બદલે સંપ્રદાયના પત્રો માત્ર બની રહ્યા છે.

મારી દૃષ્ટિએ જે પત્રો-પત્રિકાઓ માત્ર જૈનત્વના લેખ અને સિદ્ધાંતો રજૂ કરે છે, જે સમન્વયવાદી દૃષ્ટિકોણ સાથે પ્રસિદ્ધ થાય છે, જેમણે અહિંસા, અપરિગ્રહ, પ્રેમ, કરુણા, ક્ષમા, શાકાહાર માટે કલમ ચલાવી છે તે શ્રેષ્ઠ છે. તેમને જ ખરા અર્થમાં જૈનત્વની પ્રતિનિધિ પત્ર-પત્રિકાઓ માનું છું.



જો કે પત્રકાર સંપ્રદાયમાં બંધાઈ જાય તો તેનું કદ નાનું થઈ જાય છે. તેણે તો મુક્ત ગગનમાં આઝાદ પક્ષીની જેમ વિહરવું જોઈએ. સમાચારપત્રો અને સામયિકો એવા હોવા જોઈએ જે પ્રજામાં સંસ્કાર ઘડતરનું કાર્ય કરે, વિકૃતિનું સંસ્કૃતિમાં, વ્યભિચારનું સદાચારમાં, અન્યાયનું ન્યાયમાં, અશ્લીલતાનું સંસ્કારિતામાં પરિણમન કરે. જે પત્ર સત્યનું પુરસ્કૃત બની તેનો પ્રચાર-પ્રસાર કરવા સક્ષમ નથી કે તેના પુરુષાર્થ પર નિર્ભર નથી તે પ્રત્યેક પ્રજાનું હીર હણવા માટે મોકલાવાયેલા વિષના પ્યાલા સમાન છે.

જૈન પત્રો અને જૈન પત્રકાર અસત્ય અને અન્યાયને સ્થાને સત્ય તેમજ ન્યાય, હિંસાના સ્થાને અહિંસા, પરિગ્રહના સ્થાને ત્યાગ અને દાન, વૈચારિક સંઘર્ષના સ્થાને અનેકાંત દ્વારા સામંજસ્યની પ્રતિષ્ઠાનો સમ્યક્ પુરુષાર્થ કરે છે.

જૈન પત્રકારનું કાર્ય ઉપભોક્તાવાદથી ઉપયોગની સંસ્કૃતિ તરફ લઈ જઈ જન-જનના હૈયામાં વિવેક અને સંયમના ભાવોને પ્રવાહિત કરવાનું છે. સારો પત્રકાર કોઈપણ ઘટનાનું તલસ્પર્શી પૃથ્થકરણ કરી માર્મિકતાથી સમાજ-જીવનના હિતમાં યોગ્ય લાગે તે નીડર રીતે પ્રગટ કરે.

આજના ડીજીટલાઈઝેશનના યુગમાં સમગ્ર પત્રકારત્વના પરિમાણ બદલાઈ ગયા છે. વિશ્વમાં સોશિયલ મિડીયાની એક નવી ક્રાંતિ આવી છે ત્યારે જૈનપત્રકારત્વ પણ તેમાંથી બાકાત રહી શકે નહીં. ઈન્ટરનેટ, વૉટ્સ અપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ટ્વીટર, યુટ્યુબ વગેરે સોશિયલ મિડીયાની ભરમાર વચ્ચે વિશ્વ એક મુઠ્ઠીમાં સમાઈ ગયું છે ત્યારે પત્રકારત્વ ચેલેન્જીંગ એટલે કે વધુ પડકારમય બની ગયું છે. આજે સોશિયલ મિડીયાના સહારે દરેક વ્યક્તિ એક પત્રકારની ભૂમિકા ભજવવાનો પ્રયાસ કરે છે, પરંતુ એમાં સારાસારનો વિવેક ભૂલાય છે અને

માહિતીના ધોધ સાથે એટલો બધો 'કચરો' ઠલવાઈ રહ્યો છે કે સાચું શું અને ખોટું શું એની ખરાઈ કરવી મુશ્કેલ બની ગઈ છે. 'સૂકા ભેગું લીલું બળે' તેવું પણ થાય છે. તેથી વિવેકપૂર્વક વૃત્તાંત લખવું. આવા સંજોગોમાં પત્રકારની ભૂમિકા અતિ મહત્ત્વની બની રહી છે. પ્રસંગો કે ઘટનાઓની ખરાઈ તપાસી તેને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂકવાની તેની ફરજ બની રહે છે.

બીજી બાજુ જો આ સોશિયલ મિડીયાનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવામાં આવે તો તે આશીર્વાદરૂપ પણ બની રહે છે. જૈન ધર્મના વૈજ્ઞાનિક સિદ્ધાંતોને દાખલા, દલીલ સાથે અને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સોશિયલ મિડીયામાં મૂકવામાં આવે તો જૈન ધર્મના સિદ્ધાંતોનો પ્રચાર-પ્રસાર અતિ સરળ પણ બની શકે છે, પરંતુ એ માટે જૈન પત્રકારોએ વિશ્વસનીયતા કેળવવી પડશે. ઘટનાઓની તલસ્પર્શી તપાસ કરીને તે યોગ્ય લાગે તો સોશિયલ મિડીયામાં મૂકે તો કેવળ જૈન સમાજનું જ નહીં, સમગ્ર વિશ્વનું ભલું કરવા તે મહત્ત્વપૂર્ણ યોગદાન બની રહેશે.

આ સમગ્ર લખાણમાં જિનાજ્ઞા વિરુદ્ધ કંઈપણ નિરૂપણ થયું હોય તો ત્રિવિધ મિચ્છામિ દુક્કડમ્ માગીને વિરમું છું.

**(મણિલાલ ગાલા જન્મભૂમિ જૂથના વરિષ્ઠ પત્રકાર છે અને તેઓ 'જૈનપ્રકાશ'ના સંપાદનકાર્ય સાથે સંકળાયેલા છે.)**



૯

## ચતુર્વિધ સંઘને જોડતી કડી

- ડૉ. મધુબેન જી. બરવાળિયા

જિનશાસનના ચતુર્વિધ સંઘના ચાર સ્તંભો છે - સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા. એમાં સાધુ-સાધ્વીજી પંચ મહાવ્રતના પાલન કરનારા હોય છે અને શ્રાવક-શ્રાવિકા અણુવ્રત-શ્રાવકના બાર વ્રતો અંગીકાર કરનારા હોય છે.

સાધુઓની સમાચારીને કારણે સાધુસંતોને કેટલાંક કાર્યો કરવાની મર્યાદા હોય છે. શાસનના કેટલાંક કાર્યોમાં થોડે ઘણે અંશે આરંભ-સમારંભ હોય છે. આવા કાર્યો સંતો કરી શકતા નથી.

સંતોના માર્ગદર્શન હેઠળ અને શ્રાવકોના સહયોગથી, સુવ્રતી સમુદાય-શ્રમણ-શ્રમણી શ્રેણી, ધર્મ પ્રભાવકો, શ્રાવક-શ્રાવિકા અને સાધુ-સાધ્વીજી વચ્ચે જોડતી કડી બની રહે. મધ્યકાલીન જૈન સાહિત્યમાં 'વિદ્યાપુત્રો' નો ઉલ્લેખ છે, જે આવું શાસનપ્રભાવનાનું કાર્ય કરતા.

શ્વેતામ્બર મંદિરમાર્ગી અને સ્થાનકવાસી સંપ્રદાયમાં પહેલાં જતિ (યતિજી)

વર્ગ હતો. દિગંબર સંપ્રદાયમાં આવા યતિજીઓ ભટ્ટારક કહેવાતા. દિગંબર સંપ્રદાયમાં આવી અનેક શ્રેણી છે. દીક્ષા માટે ક્રમશઃ બ્રહ્મચારી, ક્ષુલ્લક અને એલક થયા પછી જ સાધુ દીક્ષા અપાય છે. જૈન સંતોની જીવનચર્યાનો પ્રભાવ જનસમૂહ પર પડે અને તે અહિંસાધર્મ અપનાવે તે જિનશાસનની વિશિષ્ટતા છે, કારણકે જૈન ધર્મ આચારપ્રધાન છે.

સાંપ્રત જીવનપ્રવાહમાં આર્થિક, ભૌગોલિક, સામાજિક અને રાષ્ટ્રીય પરિસ્થિતિ બદલાઈ છે. જૈનો દેશ-વિદેશમાં ચોતરફ વસવાટ કરી રહ્યા છે. સાધુજીની સમાચારી અને સંયમજીવનની મર્યાદાને કારણે સંતો બધી જગાએ જવા અસમર્થ હોય છે. જ્યાં જૈનાનાં થોડાંઘણાં કુટુંબોનો વસવાટ હોય, પરંતુ વિહારની વિકટતાને કારણે દૂર કે દુર્ગમ સ્થળોએ જૈન સંત-સતીજીઓ જઈ ન શકે અને આવું લાંબો સમય ચાલે તો જૈન પરિવારોને વારસામાં મળેલ સંસ્કાર નવી પેઢીમાં ન ઊતરે, શ્રાવકાચાર લુપ્ત થઈ જાય અને અન્ય ધર્મગુરુ કે ધર્મસ્થળનું આલંબન મળતાં નવી પેઢી જિનકથિત અહિંસાધર્મથી વંચિત રહી જાય. આવા કારણે સાંપ્રત પરિસ્થિતિમાં જૈન ધર્મપ્રચારક કે પ્રવર્તકની જરૂરિયાત ઊભી થઈ છે. તેરાપંથ સંપ્રદાયમાં ચતુર્વિધ સંઘને જોડતી આવી કડીની રચના કરવામાં આવી છે.

અમેરિકાના હ્યુસ્તન શહેરના તેરાપંથ ભવનનું સંચાલન સમણીજીવો કરે છે. આ સંકુલમાં મેડિટેશન માટે પિરામિડ હૉલ, જૈન મંદિર, ગ્રંથાલય, જૈન પાઠશાળા, અતિથિનિવાસ, સંતનિવાસ, ભોજનાલય વગેરે વિવિધ વિભાગો આવેલા છે. અહીં યોજાય છે પરિસંવાદ, ધ્યાન, પ્રવચનો, ગીત-સંગીતના નાટક વગેરે જૈન ધર્મ અને ભારતીય સંસ્કૃતિને લગતા કાર્યક્રમોમાં જૈનોના તમામ ફિરકાનાં શ્રાવક-શ્રાવિકાઓ તથા અન્ય ભારતીય અને વિદેશી જૈનેતરો પણ ઉલ્લાસભેર લાભ લે



છે. તેરાપંથની સમણ-સમણી શ્રેણીની પરંપરા રસપ્રદ છે. સ્વપ્નદૃષ્ટા આચાર્ય તુલસીએ, ભગવાન મહાવીરે પ્રરૂપેલ ધર્મના પ્રચાર માટે દેશ અને વિદેશમાં ધર્મપ્રવર્તક તરીકે કાર્ય કરી શકે તે માટે સાધુ અને શ્રાવક વચ્ચે જોડતી કડીરૂપ સમણ શ્રેણીની કલ્પના કરી. વિ.સં. ૨૦૩૭, કારતક સુદ બીજ, તા. ૯-૧૧-૧૯૮૦ના આચાર્ય તુલસીના જન્મદિને છ મુમુક્ષુ બહેનોને દીક્ષા લઈ સમણ શ્રેણીની વિધિવત્ શરૂઆત કરી.

શ્રાવકશ્રેષ્ઠી છોગમલજી ચોપડાના પ્રચંડ પુરુષાર્થ અને આચાર્યશ્રીના આશીર્વાદથી સ્થપાયેલ ‘‘પારમાર્થિક શિક્ષણ સંસ્થા, લાડનુ’’ માં સમણ શ્રેણીમાં દીક્ષા લેનારને સંયમજીવનની તાલીમ આપવામાં આવે છે. જૈન દર્શન, અન્ય દર્શનો, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, પ્રાકૃત અને આધુનિક શિક્ષણનો પાંચ વર્ષ સુધી અભ્યાસ કરાવવામાં આવે છે.

દીક્ષા બે પ્રકારની હોય છે - એક મહાવ્રત દીક્ષા, જેમાં સાધુ-સાધ્વીજી સંપૂર્ણ પંમહાવ્રતનું પાલન કરે છે. વીરમણ દીક્ષા-સમણી દીક્ષા એટલે વ્રતદીક્ષામાં સમણ-સમણીજીઓએ નિયમ પ્રમાણે વ્રતો પાળવાનાં હોય છે :-

| | | |
|---|---|---|
| અહિંસા | - | આંશિક છૂટ |
| સત્ય | - | પૂર્ણ પાલન |
| અચૌર્ય | - | પૂર્ણ પાલન |
| બ્રહ્મચર્ય | - | પૂર્ણ પાલન |
| પરિગ્રહ | - | આંશિક છૂટ |

સમણ-સમણીજીએ વર્ષમાં બે વાર કેશલુંચન કરવાનું હોય છે. રાત્રિભોજનત્યાગ અને શ્વેત વસ્ત્ર પરિધાન કરવાનાં હોય છે.

આહાર : સમણીજી નિમિત્તે બનાવેલો આહાર ખપે.

વિહાર : જરૂરિયાત મુજબ વાહનનો ઉપયોગ કરી શકાય.

નિહાર : ટોઈલેટ, બાથરૂમ, રેસ્ટરૂમ કે શૌચાલયનો ઉપયોગ કરી શકાય.

સંદેશાવ્યવહારનાં સાધનો ટેલિફોન, ઈન્ટરનેટ, કૉમ્પ્યુટર અને માઈકનો ઉપયોગ કરી શકાય.

૧૯૮૦ થી અત્યાર સુધીમાં ૧૮૪ દીક્ષા થઈ, જેમાંથી ૮૦ સાધ્વી થયા એટલે એમણે સમણી થયાં પછી પંચમહાવ્રતની પાકી પૂર્ણ દીક્ષા લીધી. ૧૦૨ સમણીઓ અને બે સમણીની જવાબદારી ''તુલસી અધ્યાત્મ નિગમ'' સુંદર રીતે સંભાળી રહેલ છે.

સમણના સૂચિતાર્થો -

સમણ : સમતાની સાધના

શ્રમણ : શ્રમની સાધના

ષમણ : શાંતિની સાધના

એવા અર્થગાંભીર્યને વરેલા આ સાધકો એક જ ગુરુના પ્રભાવશાળી નેતૃત્વ હેઠળ ગુરુઆજ્ઞાથી સંપૂર્ણ સમર્પણભાવ સાથે ધર્મપ્રચાર અને વ્યવસ્થાનું કાર્ય સફળ રીતે પાર પાડી રહ્યા છે. સાધુ-સાધ્વીજી મહાવ્રત, શ્રાવક-શ્રાવિકા અણુવ્રત અને સમણ-સમણીજી સુવ્રતનું પાલન કરે છે.

તાજેતરમાં સ્થાનકવાસી સંપ્રદાયના શ્રી જયમલ જૈન શ્રાવક સંઘ દ્વારા સમણ-સમણી શ્રેણી શરૂ કરવામાં આવી છે. આજથી લગભગ ૨૦૦થી વધુ વર્ષ પહેલાં એકાવતારી મોટી સાધુવંદનાના સર્જક આચાર્ય શ્રી જયમલજી મહારાજે ભિક્ષુ-ભિક્ષુણી દીક્ષાના રૂપમાં આવી પરંપરા શરૂ કરવાની પ્રેરણા કરી હતી.



આચાર્યસમ્રાટ જયજન્મત્રિશતાબ્દી વર્ષના ઉપલક્ષમાં જયગચ્છીય શ્રી આચાર્ય પૂ. શુભચંદ્રજી મ.સા. તથા ઉપાધ્યાય પૂ. પાર્શ્વચંદ્રજી મ.સા. ની સ્વીકૃતિ સાથે પૂ. ડૉ. પદ્મચંદ્રજી મ.સાહેબે અખિલ ભારતીય શ્વેતાંબર સ્થાનકવાસી જયમલ જૈન શ્રાવક સંઘ દ્વારા શ્રીમતી વસંતાજી મહેતા અને સુશ્રી દીપ્તિજી મહેતાને સમણી દીક્ષા પ્રદાન કરી આ પવિત્ર પરંપરાને પ્રવાહિત કરી જે શ્રાવક-શ્રાવિકા વૃંદને સાધુસમાજ સાથે જોડતી મજબૂત કડી રૂપ બની રહેશે.

સાંપ્રત સમયમાં ચતુર્વિધ સંઘને જોડતી આવી કડીરૂપ શ્રૃંખલા રચવાની જરૂર કેમ છે તેના કારણો તપાસીએ તો બે કારણો મુખ્યત્વે જોવા મળશે - એક સાધક બાધક કારણ અને યુગપરિવર્તન કારણ ગણી શકાય.

વસ્તુતઃ દર્શનદૃષ્ટિએ બે જાતનાં કારણો જોવા મળે છે - એક સાધક કારણ અને બીજું બાધક કારણ. સાધક કારણ જેમ સાધનામાં ઉપયોગી છે તેથી પણ વધારે સહયોગી બાધક કારણનો અભાવ છે. બાધક કારણો જ્યાં સુધી પ્રબળ અસ્તિત્વ સાથે ઉપસ્થિત હોય ત્યાં સુધી સાધક કારણને અવકાશ મળતો નથી. જેમ કે, ગાડી ગમે તેટલી સારી હોય છતાં પણ માર્ગમાં પડેલા મોટા પથરાઓ તેને આગળ વધવા દેતા નથી. માટે બાધક કારણોનો પરિહાર નિતાંત જરૂરી છે. આમ, આ બાધક કારણોને હટાવવા માટે કઠોર ક્રિયાની આવશ્યકતા છે. ક્રિયા કે તપસ્યા સીધી રીતે મોક્ષની સાધક નથી, પરંતુ પરોક્ષ રીતે બાધક કારણોને હટાવનારી હોવાથી મોક્ષમાર્ગને મોકળો કરે છે. આમ, અભ્યંતર અને બાહ્ય સાધના બન્ને સાધક માટે ઉપયોગી છે. તે માટે 'આચારાંગ' માં સાધુજીવનની આચારસંહિતા દર્શાવી છે. જૈન સાધુઓની જીવનચર્યાનો પ્રભાવ જનસામાન્ય પર પડે છે અને તે અહિંસા ધર્મથી પ્રભાવિત થાય છે, તે જ જિનદર્શનની વિશિષ્ટતા છે. માટે જ જૈન સાધુને વિશ્વની આઠમી અજાયબી ગણવામાં આવે છે.

સમય બળવાન છે. માનવ સભ્યતાના પ્રાદુર્ભાવથી એટલે કે રાજા ઋષભદેવના જમાનાથી સમયની માગ યગેયુગે થતી રહી છે. સહસ્રાદિ, શતાબ્દી, દશાબ્દી કે તેનાથી ટૂંકા ગાળામાં પરિવર્તનો થતાં જ રહ્યાં છે. આખીય માનવજાતિનો ઈતિહાસ સમયની મુખ્યતાથી જ રચાયો છે. પછી એ રાજકીય ક્ષેત્ર હોય કે ધર્મક્ષેત્ર હોય, પણ સમયની માગને પહોંચી વળવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ પ્રમાણે પરિવર્તનો સદા થતાં જ રહ્યાં છે.

પહેલાંના સમયમાં તીર્થંકરો, ગણધરો, કેવળી, શ્રુતકેવળી, પૂર્વધર પુરુષોની પરંપરામાં તેઓ ભારતની ક્ષેત્રમર્યાદામાં રહી વિચરતા હતા. હવે યુગ પરિવર્તનને કારણે જૈન ગૃહસ્થો દૂર દૂર દેશવિદેશમાં વસતાં થયાં માટે તેને ધર્મ પમાડવા માટે ધર્મપ્રભાવકોની જરૂરિયાત થઈ.

વર્ષો પહેલાં અખિલ ભારતીય સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સના મહાસંમેલનમાં આવા ધર્મપ્રચારકની શ્રેણી શરૂ કરવાનો ઠરાવ કરવામાં આવેલ અને તેનું પ્રાથમિક બંધારણ બનાવવા કવિવર્ય પૂ. નાનચંદ્રજી મહારાજને વિનંતી કરવામાં આવેલ. પૂ. મહારાજસાહેબે એમના મુસદ્દાની રૂપરેખા શ્રેષ્ઠીવર્યને જણાવેલ, પરંતુ પછી કોઈ કામગીરી થઈ હોય તેવી માહિતી મળતી નથી.

આ કામ કૉન્ફરન્સ, મહાસંઘ, પરિષદ કે મંડળો જેવી મહાજન સંસ્થાનું છે. તેમણે સમર્થ સંતના નેતૃત્વ નીચે આવી શ્રેણી શરૂ કરવાની પહેલ કરવી જોઈએ.

આ શ્રેણી માટે સમણ શબ્દનો પ્રયોગ કદાચ ગૂંચવાડો ઊભો કરનારું કે ભ્રમ ઉત્પન્ન કરનારું બને. પરમદાર્શનિક પૂ. જયંતમુનિ કહે છે કે, સારા વ્રતધારીઓ માટે સુવ્રત શબ્દ શાસ્ત્રમાં વારંવાર આવ્યો છે, જેથી આવા વ્રતો પાળવાવાળા સમુદાયને 'સુવ્રતી સમુદાય' કહી શકાય.



સાંપ્રત જૈન શાસનમાં આવા તાલીમ પામેલા ધર્મપ્રચારકો - શાસન પ્રભાવક કે સુવ્રતીઓ છેલ્લી વૈજ્ઞાનિક શોધોથી વાકેફ થઈ આધુનિક સાધનો અને ઉપકરણોના ઉપયોગ દ્વારા યુવાનો અને પાશ્ચાત્ય સંસ્કૃતિ તરફ ઢળી ગયેલી વ્યક્તિઓને ધર્માભિમુખ કરી શકે.

વળી, શાસનની કેટલીક બાબતોનું સાધુજી અને સાધ્વીજીઓ સંચાલન કરે છે અને જે શ્રમણ સમાચારીમાં વિક્ષેપરૂપ બને છે તેવા સંજોગોમાં આવાં કાર્યો ધર્મપ્રચારકો કે સુવ્રતી સમુદાય કરે તો સાધુજીવનમાં આવતા દોષો ટળે છે અને સાધુ-સાધ્વી શુદ્ધ સમાચારીનું પાલન કરી શકે છે.

સંપ્રદાયોમાં વિવેકપૂર્વક નિયમોસહ ગીતાર્થ ગુરુજનોના માર્ગદર્શન હેઠળ આવા સુવ્રતી સમુદાયની શ્રેણી શરૂ કરવામાં આવે તો સ્વપર કલ્યાણકારી બની શકે.

વળી, આવા ધર્મપ્રચારકો, સુવ્રતી સમુદાય કે ધર્મપ્રભાવકો શ્રમણ સંસ્કૃતિની પાવનધારાને ગતિમાન રાખવા, જૈન ધર્મના ગહન રહસ્યોને સરળતાથી અનેક ક્ષેત્રોમાં સમજાવવાના કાર્યને અને શ્રમણો અને શ્રાવકો વચ્ચે જોડતી કડી રૂપ સુંદર કાર્યો કરી અને જૈન સંસ્કૃતિના સંરક્ષણ અને સંવર્ધનનું સુંદર કાર્ય કરી શકે.

**(જૈન ધર્મના અભ્યાસુ મુંબઈ સ્થિત ડૉ. મધુબહેન 'સોહમ મંડળ' સાથે સંકળાયેલા છે. તેમના સંપાદિત ત્રણ પુસ્તકો પ્રગટ થયા છે.)**

સંદર્ભ સૂચિ :-

(૧) સાત્ત્વિક સહચિંતન, જ્ઞાનધારા-૧૧, લે. સં. ગુણવંત બરવાળિયા

## ૭ વિદેશમાં જૈન ધર્મ

- હિંમતલાલ એસ. ગાંધી

અનંતઉપકારી, કરુણાસાગર, જીવમાત્રનું કલ્યાણ કરનાર, પરમ તીર્થંકર શ્રમણ ભગવાનને વંદન.

એ સર્વવિદિત અને સર્વમાન્ય છે કે જૈન ધર્મ અનાદિ કાળથી પ્રવર્તમાન છે. વર્તમાન જંબુદ્વીપ ભરતક્ષેત્રના ચોવીસ તીર્થંકરો વિશે તો દરેક જૈન જાણતા હોય છે. જંબુદ્વીપ ભરતક્ષેત્રમાં થઈ ગયેલ અતીત ચોવીશીના તીર્થંકર ભગવાનો વિશે જ્ઞાનવંત પૂ. સાધુ ભગવંતો તથા વિદ્વાન પંડિતો અને શાસ્ત્રોના અભ્યાસી સિવાયના અલ્પ જૈનો જાણતા હોઈ શકે. જંબુદ્વીપ ભરતક્ષેત્રમાં હવે પછી થનાર અનાગત ચોવીશીના તીર્થંકર ભગવાનો વિશે પણ એ જ પરિસ્થિતિ હોવાની શક્યતા છે.

આ ત્રણે ચોવીશી સિવાય પણ અતીતમાં થઈ ગયેલા તથા ભરતક્ષેત્ર અને ઐરાવત ક્ષેત્રના બીજા નવ ખંડોમાં પણ દરેક અતીત, વર્તમાન તથા અનાગત એમ ત્રણ ત્રણ ચોવીશી થયેલ છે. જૈન શાસ્ત્રો મુજબ. ઉત્સર્પિણીના ઉત્કૃષ્ટ કાળમાં



મનુષ્યોની સંખ્યા ઘણી હોવાથી એ સમયે પાંચ ભરતક્ષેત્રમાં તથા પાંચ ઐરાવત ક્ષેત્રમાં દરેકમાં એક એક તીર્થંકર વિચરતા હતા. તદ્ઉપરાંત પાંચ મહાવિદેહની ૧૬૦ નગરી - દરેકમાં એક એક તીર્થંકર વિચરતા હતા.

તે જ રીતે વર્તમાનકાળમાં મહાવિદેહ ક્ષેત્રમાં ૨૦ તીર્થંકર પ્રભુ વિચરી રહ્યા છે, જ્યારે ૪ તીર્થંકર ભગવાન શાશ્વતા છે. આ રીતે પાંચ ભરતક્ષેત્ર અને પાંચ ઐરાવત ક્ષૈત્ર, એમ દસ ક્ષેત્રમાં, દરેક અતીત, વર્તમાન તથા અનાગત - એમ ત્રણ ત્રણ ચોવીશીના ૭૨૦ તીર્થંકર થયા. ઉત્કૃષ્ટ કાળમાં મહાવિદેહક્ષેત્રમાં દરેક પાંચ ખંડોમાં, દરેકમાં ૩૨ તીર્થંકર થયા. જે ૧૬૦ તીર્થંકર થયા.

મહાવિદેહક્ષેત્રમાં વર્તમાનમાં વિચરતા ૨૦ તીર્થંકર ભગવાન અને ૪ શાશ્વતા તીર્થંકરો જે દરેક ચોવીશીમાં હોય છે. આમ, કુલ ૯૦૪ તીર્થંકર ભગવાનો થયા. એ મુજબ જૈન ધર્મ સર્વ ખંડોમાં હતો.

આ દરેક તીર્થંકરોના પ્રતિમાજીનું જિનાલય એટલે સહસ્ત્રકૂટ જિનાલય - જેમાં આપણને આદિ-અનાદિ-અતીત-અનાગત અને વર્તમાન દરેક તીર્થંકર ભગવાનોના દર્શન-સેવા-પૂજાનો અમૂલ્ય, અલભ્ય લાભ પ્રાપ્ત થઈ શકે. પણ એ જ્ઞાનના અભાવે આપણે એ અલભ્ય લાભ પ્રાપ્ત કરવામાંથી વંચિત રહીએ છીએ.

સહસ્ત્રકૂટ પ્રતિમાજી ૧૦૨૪ હોય છે, જેમાં ૯૦૪ પ્રતિમાજી ઉપર જણાવ્યા મુજબ તીર્થંકર ભગવાનોની છે. જ્યારે ભરતક્ષેત્રની વર્તમાન ચોવીશીના દરેક તીર્થંકર ભગવાનોના પાંચ પાંચ કલ્યાણકોની ૧૨૦ પ્રતિમાઓ સિદ્ધાવસ્થામાં અલગથી રાખવામાં આવે છે. શાશ્વતા તીર્થાધિરાજ શ્રી સિદ્ધાચલ મહાતીર્થમાં ત્રણ સ્થાન ઉપર સહસ્ત્રકૂટ પ્રતિમાજીના જિનાલય છે. (૧) તીર્થાધિપતિ મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનની જમણી બાજુ ભમતિમાં (૨) શ્રી મોતી શાહ શેઠની ટૂંકમાં (૩) ઘેટીયાગ શ્રી સિદ્ધાચલ શણગાર ટૂંક પાસેના નૂતન જિનાલયમાં.

આ ઉપરાંત કચ્છની પંચતીર્થમાં આવેલ સુથરી તીર્થમાં પણ સહસ્રકૂટ પ્રતિમાજી જિનાલય છે. અન્ય સ્થળે પણ હોઈ શકે.

ભગવાન મહાવીર સ્વામીએ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. તે સમયમાં તેમના સમકાલીન ગૌતમ બુદ્ધે બૌદ્ધ ધર્મની સ્થાપના કરેલ, જે એશિયા ખંડના મહત્ત્વના દેશો - ભારત, ચીન, જાપાન, શ્રીલંકા, નેપાળ, તિબેટ, ભૂતાન, કંબોડિયા, થાઈલેન્ડ વગેરે વિવિધ દેશોમાં ફેલાયેલ હતો.

તે પછીના સમયમાં ભારતમાં એક મહાપ્રતાપી સમ્રાટ સંપ્રતિ મહારાજ થયા, જેમણે કેટલાયે એશિયા ખંડના દેશોમાં પોતાનું સામ્રાજ્ય ફેલાવ્યું. તેઓ ભગવાન મહાવીરે પ્રબોધેલા જૈન ધર્મના અનુયાયી હતા. તેમણે પોતાના સામ્રાજ્યમાં, દરેક દેશોમાં જૈન ધર્મનો ફેલાવો કરેલ. ચીનની ઐતિહાસિક દીવાલ પણ ચીનના રાજવીએ મહારાજા સંપ્રતિના આક્રમણથી બચવા માટે બનાવેલ.

સમય જતાં ભારત સિવાયના એશિયા ખંડના બીજા દેશોમાંથી જૈન ધર્મ લુપ્ત થતો ગયો, જ્યારે બૌદ્ધ ધર્મ ફેલાતો ગયો. જેમજેમ યાતાયાતના સાધનો વધતા ગયા, તેમ તેમ એકબીજા દેશો વચ્ચે વેપાર વાણિજ્ય વધતા ગયા, જેના કારણે ધર્મ-સંસ્કૃતિ વગેરેની પણ અરસપરસ જાણ થતી ગઈ.

વિકસતા દેશો - અમેરિકા તથા યુરોપના દેશોમાં એક પ્રબળ માન્યતા ફેલાઈ કે જૈન ધર્મ એ બૌદ્ધ ધર્મની એક શાખા છે, કારણ કે બન્નેના ઘણા બધા સિદ્ધાંતો - અહિંસા - કરુણા વગેરેમાં સામ્યતા હતા અને બૌદ્ધ ધર્મ ઘણા બધા દેશોમાં પળાતો હતો; તેના અનુયાયીઓ હતા. ૧૯ મી સદીના ઉત્તરાર્ધ સુધી ઉપર મુજબની પરિસ્થિતિ પ્રવર્તતી હતી.

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં અમેરિકાના એક સ્વપ્નદષ્ટા ડૉ. ચાર્લ્સ બોનીએ એક ભવ્ય આયોજન કર્યું; જેમાં વિજ્ઞાન, ઈતિહાસ, વ્યાપાર, ધર્મ વગેરે વિવિધ પરિષદોનું આયોજન કર્યું. ૧૮૯૩ સપ્ટેમ્બરમાં શિકાગો, (અમેરિકા)માં



ભરાયેલ પ્રથમ 'વિશ્વધર્મ પરિષદ' આ આયોજનનો એક ભાગ હતી. જેના માટે વિશ્વના દરેક દેશોના ધાર્મિક ગુરુઓ, વિદ્વાનો અને ધાર્મિક નેતાઓને પરિષદમાં સામેલ થવા આમંત્રણો મોકલવામાં આવેલ. જૈન ધર્મના વિદ્વાન મહાન આચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરી - આત્મારામજી મહારાજને ખાસ આમંત્રણ મોકલવામાં આવેલ. સાધુ આચારની મર્યાદાના કારણે પૂજ્યશ્રીએ પોતાની અશક્તિ દર્શાવેલ. આયોજકોએ તેમને પોતાની પ્રતિનિધિ મોકલવા આગ્રહ કરતા. આચાર્યશ્રીએ જૈન એસોસીએશન ઓફ ઈન્ડિયાના મંત્રી, મહુવાના વિદ્વાન બેરીસ્ટર શ્રી વીરચંદ રાઘવજી ગાંધીને પ્રતિનિધિ તરીકે મોકલવાનું નક્કી કર્યું.

શ્રી વીરચંદભાઈ ચૌદ ભાષા જાણતા હતા તથા તેમને જૈન દર્શન, સનાતન હિંદુ ધર્મશાસ્ત્રો, ઈસાઈ તથા ઈસ્લામ ધર્મના શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ હતો. પૂ. આચાર્યશ્રીએ વીરચંદભાઈને છ મહિના પોતાની પાસે રાખીને જૈન તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરાવી નિપુણ બનાવ્યા. વિશ્વધર્મ પરિષદમાં તેમણે સૌથી મહત્ત્વનું કાર્ય - જૈન ધર્મ એક અતિ પ્રાચીન સ્વતંત્ર ધર્મ છે તે પ્રતિપાદિત કરવાનું કર્યું. પરિષદમાંના તેમના જૈન દર્શન, તત્ત્વજ્ઞાન, સિદ્ધાંતો અંગેના તેમના પ્રવચનો સર્વધર્મના વિદ્વાનોએ રસપૂર્વક સાંભળ્યા - વધાવ્યા.

અમેરિકાની સંસ્થાઓ, ચર્ચો, ક્લબો તરફથી મળેલા આમંત્રણોના કારણે તેમણે અમેરિકામાં લગભગ ૫૫૦ પ્રવચનો આપ્યા. તે જ રીતે લંડન, જર્મની વગેરે દેશોમાં પણ આપ્યા અને વિદેશની પરધર્મી પ્રજામાં જૈનદર્શન - ધર્મનો પ્રચાર-પ્રસાર કરવાનું અતિ મહત્ત્વનું કાર્ય કર્યું. વિદેશી વિદ્વાનોમાં જૈનદર્શન - તત્ત્વજ્ઞાનના અભ્યાસની જિજ્ઞાસા ઊભી કરી. જૈનદર્શન તત્ત્વજ્ઞાનનું મહત્ત્વ સ્થાપિત કર્યું.

એ જ અરસામાં ભારતમાં સર્વ શાસ્ત્રોના જ્ઞાતા શાસ્ત્ર વિશારદ આચાર્ય શ્રીમદ્ વિજય ધર્મસૂરીશ્વરજી કાશીવાળા ધર્મ પ્રભાવનામાં વ્યસ્ત હતા. તેઓ પણ

કેટલીય વિદેશ ભાષામાં પ્રવીણ હતા. તેમની ખ્યાતિ પણ દેશવિદેશમાં ફેલાયેલી હતી. ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, જર્મની, ઈટાલી, નોર્વે તથા અન્ય યુરોપીયન દેશના વિદ્વાનો પૂજ્યશ્રી પાસે આવીને અભ્યાસ કરતા. ડૉ. હર્મન જેકોબી, ડૉ. જોહતક હર્ટલ, ડૉ. ગેરીનોટ, ડૉ. થોમસ, ડૉ. રૂડોલ્ફ, ચાર્લ્સ એલિએટ, ડૉ. બેલોની, ડૉ. બુશ, ડૉ. બંડર, મિસ ક્રાઉઝ, ડૉ. ડબલ્યુ ઓરિફૂલ વગેરે સંખ્યાબંધ વિદેશી વિદ્વાનોને તૈયાર કરીને પૂજ્યશ્રીએ જૈનદર્શનને વિશ્વમાં પહોંચાડવાનું અદ્ભુત કાર્ય કર્યું છે. યોગાનુયોગ પૂજ્યશ્રી પણ મહુવાના હતા. બન્ને વિભૂતિએ જૈનદર્શનને વિશ્વના દેશોમાં પહોંચાડ્યું.

૨૦ મી સદીની શરૂઆતથી અને ૧૯ મી સદીના ઉત્તરાર્ધથી જૈન પરિવારો વ્યાપાર ધંધા અર્થે વિદેશ જઈ ત્યાં સ્થાયી થવા લાગ્યા. શરૂઆતમાં આફ્રિકા, લંડન, બેલ્જિયમ વગેરેમાં ગણનાપાત્ર સંખ્યામાં તથા અન્ય દેશોમાં નાની સંખ્યામાં હતા. ત્યારબાદ અભ્યાસ અર્થે અમેરિકા અને યુરોપ ગયા અને ત્યાં સ્થાયી થયા. પોતાનો ધર્મ સચવાય, ધર્મઆરાધના થઈ શકે, બાળકોને ધાર્મિક શિક્ષણ અને સંસ્કાર મળે તે માટે તેમણે જૈન ચૈત્યો, ઉપાશ્રયો, પાઠશાળા વગેરે શરૂ કર્યા તથા ધાર્મિક પર્વો દરમિયાન ભારતથી વિદ્વાન પંડિતોને બોલાવવા લાગ્યા. અમેરિકામાં તો જૈન ધર્મની પ્રભાવનાનું મહત્ત્વનું કાર્ય પૂ. સુશીલ મુનિ તથા ચિત્રભાનુજીએ કર્યું. એટલું જ નહીં પણ વિદેશીઓને પણ શાકાહારી બનાવ્યા.

આજે તો વિશ્વના ઘણા બધા દેશોમાં વસતા પરિવારોએ જૈન સંગઠનો બનાવ્યા છે, આરાધના માટે જૈન ચૈત્યો, ધાર્મિક શિક્ષણ માટે ઉપાશ્રયો અને પાઠશાળાઓ બનાવ્યા છે. તદ્ઉપરાંત રાષ્ટ્રસંત પૂ. નમ્રમુનિની પ્રેરણાથી વિદેશમાં 'લુક એન્ડ લર્ન' જૈન શિક્ષણનું કાર્ય કરે છે. તેમની પ્રેરણાથી ચાલતી 'ધર્મ પ્રભાવક શ્રેણી' વિદેશમાં અનેક જગ્યાએ અહીંના વિદ્વાન શ્રાવક શ્રાવિકાઓ પર્યુષણમાં પ્રવચન આરાધના વગેરે કરાવવા જાય છે.



ભારતથી પૂ. રાકેશભાઈ, પૂ. ચંદનાશ્રીજી, પૂ. લોકેશ મુનિ તથા અન્ય સંતો, વિદ્વાનો પંડિતો - ડૉ. જીતુભાઈ શાહ અને અન્ય કેટલાય વિદ્વાન પંડિતો નિયમિત રીતે વિદેશોમાં જઈને સ્વાધ્યાય, સત્સંગ તથા આરાધના કરાવે છે. અમેરિકામાં JAINA સંગઠનના ૮૦ કરતા વધારે સેન્ટરો છે. તેના લગભગ ૧,૬૦,૦૦૦ થી વધારે સભ્યો છે, જેઓ જૈન આરાધના, ધાર્મિક શિક્ષણ અને સભ્યોના લાભાર્થે ઘણી બધી પ્રવૃત્તિ કરે છે. આ જ રીતે ઈંગ્લેન્ડમાં ઓસવાળ સમાજ, નવ નાત તથા અન્ય સંગઠનો સરાહનીય કાર્ય કરે છે. આ બધા જ પરિવારો, સંગઠનો જૈન ધર્મ - જૈન આચાર સાચવવાના પૂરતા પ્રયત્નો કરે છે. JAINA તો દર બે વર્ષે દ્વિ-વાર્ષિક સંમેલન ગોઠવે છે, જેમાં દેશવિદેશના સંતો, ગુરુદેવો, પંડિતો, વિદ્વાનોને આમંત્રે છે; જેઓ જૈનદર્શન, તત્ત્વજ્ઞાન અને આચાર અંગે પ્રવચનો આપે છે. તદ્ઉપરાંત જૈનત્વ સચવાઈ રહે તે માટે લગ્નસંબંધો માટે પરિચય મેળાવડો, જૈન બાળકોના કલા અને સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજે છે. ધાર્મિક શિક્ષણ માટે અંગ્રેજીમાં પુસ્તકો તથા અભ્યાસક્રમો પણ તૈયાર કર્યા છે.

આ જ રીતે ઈંગ્લેન્ડમાં પણ સંગઠનો સંમેલનો, સાંસ્કૃતિક કાર્યક્રમો યોજે છે. ડૉ. નટુભાઈ શાહ એક ભવ્ય વર્લ્ડ જૈન સેન્ટરનું આયોજન કરી રહ્યા છે. ચંદેરીયા પરિવારનું પણ ઈંગ્લેન્ડમાં જૈન ધર્મની પ્રવૃત્તિઓમાં મોટું યોગદાન છે. અન્ય દેશોમાં વસતા પરિવારો પણ ધર્મઆરાધના, સત્સંગ, સ્વાધ્યાય વગેરે માટે નિયમિત રીતે ભારતથી વિદ્વાન પંડિતોને આમંત્રે છે અને જૈન આચારનું પાલન તથા આરાધના કરે છે.

વિદેશોમાં સ્થાયી થયેલા પરિવારોના સંતાનોનું શિક્ષણ તથા ઉછેર ત્યાંના વાતાવરણ તથા સમાજની વચ્ચે થાય છે. તેઓ આવતીકાલના જૈનો છે. તેઓમાં જૈન ધર્મ, જૈન આચાર તથા સંસ્કાર જળવાઈ રહે અને તેઓ ત્યાંની સંસ્કૃતિથી પણ અલિપ્ત ન થાય તે ખૂબજ મહત્ત્વનું છે. તેઓ ભૌતિકવાદ - આધુનિક

સુખસગવડો વચ્ચે મોટા થાય છે, એટલે તેઓમાં આધ્યાત્મિકતા, ધાર્મિક સંસ્કાર જળવાઈ રહે તેવી યોજના-વ્યવસ્થા કરવાનું કાર્ય અસંભવ તો નથી જ પરંતુ કપરું જરૂર છે.

જે માટે જૈન આચાર-વિચાર, આહારવિજ્ઞાન, જૈન ક્રિયાઓ, તપ અને ભોજન વગેરે સિદ્ધાંતોને આધુનિક વિજ્ઞાનના સંદર્ભમાં સરળ અંગ્રેજી ભાષામાં સમજાવતા પુસ્તકો તૈયાર કરવા પડશે તથા તે અંગેનું શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવી પડશે. શું ખાવું ? શું ન ખાવું ? તપશ્ચર્યા, રાત્રિભોજન નિષેધ, દર્શન-સેવા-પૂજા, ચૈત્યવંદન, સામાયિક, પ્રતિક્રમણ વગેરે ક્રિયાઓને વિજ્ઞાનના સંદર્ભમાં - લાભાલાભ બતાવીને સમજાવવી પડશે. શાકાહારના લાભ, અભક્ષ્યથી નુકસાન, તિથિ, ગરમ પાણી વગેરે બાબતોને પણ વૈજ્ઞાનિક સંદર્ભ - લાભાલાભ સાથે સમજાવવી પડશે.

જૈન ધર્મ સંપૂર્ણ રીતે વૈજ્ઞાનિક છે - તે સમજાવવું પડશે. આ દરેક માટે પુરાવા સાથેનું સાહિત્ય તૈયાર કરવું પડશે તથા પાઠશાળાના અભ્યાસક્રમમાં તેનો સમાવેશ કરવો પડશે. આ માટે નિષ્ણાંતો - શિક્ષકો પણ તૈયાર કરવા પડશે.

આ જ હકીકત દેશમાં પણ આવતીકાલ માટે જરૂરી છે. શાસ્ત્રાજ્ઞા વિરુદ્ધ કશું લખાયું હોય તો ક્ષમા ચાહું છું.

**(મુંબઈ સ્થિત હિંમતલાલ ગાંધી કેટલીક ધાર્મિક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. જૈન જ્ઞાનસત્રો, સંમેલનોમાં અભ્યાસપૂર્ણ શોધપત્રો પ્રસ્તુત કરતા રહે છે.)**



## ૮ સાધુ તો ચલતા ભલા : વિહાર

- ડૉ. સેજલ શાહ

સર્વ માયા છોડી દઈને સાધુ તો ચલતા ભલા,
પંડથી પણ અળગા રહીને સાધુ તો ચાલતા ભલા,
સ્નેહ રાખે સૌથી સાડા બારી કોઈની નહીં,
સાચું મોઢે-મોઢ કહીને સાધુ તો ચલતા ભલા...

આવું નાનપણથી સાંભળ્યું છે. એવા અનેક પ્રસંગો પણ આવ્યા કે જ્યારે રસ્તે ચાલતા આવા સંતોને-સાધુને જોયા. વંદન કરતા શિર નમ્યું. ભારતના રસ્તા આવા અનેક પગલાઓથી અંકિત થયા છે અને વર્ષોથી આ સડકો આવી રીતે પવિત્ર થતી આવી છે. એક સમય હતો જ્યારે આ સંતો સાથે અનેક પ્રભાવક વ્યક્તિઓ પણ યાત્રા કરતી. આ સમય હતો જ્યારે સંતોનો વધુ સંસર્ગ મનુષ્યને આંતરિક શક્તિ અને ચેતના આપતો. એક ગામથી બીજે ગામ જતી વખતે કેટલાય લોકો વળાવવા આવતા અને સામે બીજે ગામ કેટલાયે લોકો સામૈયું કરવા આવતા.

પ્રજા પોતાના સંતના સંસર્ગમાં રહેવા તરસતી પણ ત્યારે પ્રજાની જરૂરિયાત ઓછી હતી અને સંતોષ વધુ હતો.

કાલિદાસની ખૂબ જ જાણીતી કૃતિ 'મેઘદૂત' માં વર્ણનનો મહિમા દર્શાવ્યો છે. અહીં દક્ષિણથી ઉત્તર જતાં યક્ષને માર્ગના વિવિધ સ્થાનોનો પરિચય કરાવવામાં આવ્યો છે. એમાં પ્રવાસનું વર્ણન છે. આની યાદ એટલા માટે કારણ હમણાં જ એક પુસ્તક વાંચ્યું એમાં વિહારવર્ણન લખ્યું છે. આ વર્ણન જુઓ :-

પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય શાન્ત્યાદિ ગુણાલંકૃત વૃદ્ધ ગુરુદેવ પ્રવર્તકજી મહારાજ શ્રી ૧૦૦૮ શ્રી કાન્તિવિજયજી મહારાજજી તથા પૂજ્ય ગુરુવર્ય શ્રી ૧૦૮ શ્રી ચતુરવિજયજી મહારાજ આદિ મુનિમંડળની સેવામાં શિશુ પુણ્ય-પ્રભા-રમણીકની સવિનય સબહુમાન વંદના ૧૦૦૮ વાર સ્વીકૃત હો. આપ ગુરુદેવો ધર્મપ્રસાદે સુખશાતામાં હશો. અમે શિશુઓ પણ આપની કૃપાદૃષ્ટિથી આનંદમાં છીએ. વિશેષ, આબુરોડ સુધીના અમારા વિહારના સમાચાર શ્રી મેઘવિજયજી મહારાજના પત્રમાં લખ્યા હતા તે આપે વાંચ્યા હશે. હવે આગળના સમાચાર આપની સેવામાં નિવેદન કરું છું.

આબુરોડથી અમારો ઈરાદો આબુગિરિ ઉપર જવાનો હતો, પણ ઠંડીના કારણે ઉપર જવાની ના આવવાથી આપથી આજ્ઞાનુસાર ઉપર જવાનો વિચાર અમે માંડી વાળ્યો, અને તુરતમાં નાની મોટી પંચતીર્થયાત્રાનો ક્રમ ગોઠવ્યો. પણ તે અરસામાં અમને સમાચાર મળ્યા કે ખીવાણદીમાં મહા સુધી ૧૦નો પ્રતિષ્ઠા મહોત્સવ છે અને તે સમયે પં.શ્રી લલિતવિજયજી મહારાજ પણ ત્યાં પધારવાના છે. આ ખબર મળવાથી મારવાડમાં પ્રતિષ્ઠા મહોત્સવ કેવો થાય છે, એ જોવાની ઉત્કંઠાથી પંચતીર્થયાત્રાના વિચારને વહેતો મૂકી અમે આબુરોડથી મહા સુદિ ૬ ના દિવસે ખીવાણદી તરફ પ્રયાણ કર્યું.



આબુરોડથી વિહાર કરતાં અમને -

मरुदेशे पञ्च रत्नानि कांटा भाठाश्च पर्वताः ।
चतुर्थो राजदण्डश्च पञ्चमं वस्त्रलुण्ठनम् ॥

એ મારવાડ દેશના પંકાતાં પાંચ રત્નો પૈકીનાં 'કાંટા' 'ભાઠા' અને 'પર્વતો' એ ત્રણ રત્નોનો, ડગલે ને પગલે સાક્ષાત્કાર થવા લાગ્યો. જો કે સામાન્ય રીતે આ રત્નોનું દર્શન તો અમને પાંથાવાડાથી જ થવા લાગ્યું હતું, પણ મરુભૂમિનાં અલંકારભૂત એ રત્નો પોતાની રાજધાનીમાં સવિશેષ શોભી રહે એમાં પૂછવાનું શું હોય વારું ?

આ વર્ણન સાથે અનેક જગ્યાએ એક તરફ પ્રકૃતિ તો બીજી તરફ ધર્મના આડંબર અંગે તેમનું ચિંતન મળે છે. આગળ લખે છે, અહીંના લોકોને સાધુ પ્રત્યે અતીવ પ્રેમ છે. સાધુઓ માટે તેઓ ખૂબ જ તલસે છે. સાધુઓને જોઈને તો હર્ષથી ગદ્ગદ બની જાય છે. તેમનો પ્રેમભર્યો આગ્રહ તરછોડવો ઘણો જ મુશ્કેલ થઈ પડે છે. અમે તો ઘણેય ઠેકાણે એવા પ્રેમભર્યા આગ્રહને તરછોડીને આગળ ચાલ્યા છીએ. કારણ કે અમારે અમારી સ્વેચ્છાએ વિહરવાનું નહોતું. જો આપણા મુનિવર્ગનો આવા ક્ષેત્રોમાં વિહાર થાય તો ઘણો જ લાભ થાય. અહીંની પ્રજામાં ઉદારતા ઘણી જ છે. અહીંના લોકો પ્રતિષ્ઠા, જિનમંદિર વગેરેમાં દર વર્ષે હજારો નહિ પણ લાખો રૂપિયા ખરચે છે. જો પ્રતિભાસંપન્ન સાધુપુરુષો તેમને સમયાનુકૂલ જૈન ધર્મની વૃદ્ધિના કારણો સમજાવે તો જરૂર તેઓ પોતાની ખરી ફરજ સમજે અને પોતાની ઉદારતાના પ્રવાહને માર્ગમાં વહાવે એમાં જરાયે શક નથી.

જૈન ધર્મમાં વિહારને ખૂબ જ આગવું મહત્ત્વ અપાયું છે. સાધુ-ભગવંતના આચારમાં આ એક મહત્ત્વનું પરિબળ છે. વીર પ્રભુ મહાવીર સ્વામીના વિહાર

અંગે અનેક કથાઓ મળે છે. ચોમાસાના ચાર મહિના સિવાયના સમયમાં ભૌગોલિક સ્થળાંતર કરતા રહેવું અને ન કોઈ એક જગ્યાએ કે ન લોકો સાથે વધુ સમય રહેવું. અન્યના મનમાં પણ મોહ ન જન્મે, સાથે જાતને પણ કોઈ એક આદત ન પડી જાય. ઉપરાંત ધર્મપ્રભાવના માટે તે અત્યંત આવશ્યક પણ છે. અનેક ભૌગોલિક પરિસ્થિતિનું અને સામાજિક સૃષ્ટિનું આલેખન, વિવરણ મળે છે.

જૈન આગમમાં આવે છે કે, વિહારચર્યા, ઈસિહં પસત્થા સાધુઓ માટે વિહારચર્યા શ્રેષ્ઠ છે. માર્ગમાં આવતા ક્ષેત્રોમાં જૈન ધર્મમાં સિદ્ધાંતો અને પ્રભુવચનોની પ્રભાવના કરનારા જૈન સંતો સર્વને સત અને સત્યના માર્ગે વાળે છે. તેમની સામે જોઈ અનુસરી પ્રજાને એક બળ મળે છે. એક આખા સમાજની મૂલ્ય વ્યવસ્થા ઉપાડતા આ સંત જ્યારે આજે નગર અને મોટા શહેરોમાંથી પસાર થાય છે ત્યારે આજે આ રસ્તા સલામત રહ્યા નથી. આજના સમયમાં મનુષ્ય સગવડ અને ભૌતિકતા પ્રત્યે વધુ આકર્ષાયો છે. સંપત્તિ મનુષ્યને કાબૂમાં રાખે છે. સમયની ભાગદોડમાં તે સંતોની સાથે વિહાર કરવા માટે સમય ફાળવી શકતો નથી. પરિણામે લાંબા અંતરનો પ્રવાસ તેમને એકલા કરવો પડે છે. વહેલી સવારનું અંધારું, રસ્તા પર વધેલી વાહનોની ભીડ - આ પરિસ્થિતિમાં વિહાર કરતા સાધુ-સાધ્વીના અકસ્માતોની સંખ્યામાં વધારો થયો છે, જે ખરેખર સમાજ માટે ખૂબ જ ચિંતાજનક છે. મનુષ્યે સમજવું પડશે કે માત્ર પૈસા નહીં પણ સગવડ અને એક વ્યવસ્થા ઉભી કરવી પડશે, જેને કારણે આ અકસ્માતોની સંખ્યા ઘટે. નગરના મહા-ધોરી માર્ગો પર વહેલી સવારે વાહનચાલકો ગમે-તેમ વાહન ચલાવે છે અને સડક પર ચાલતા સંતોને વાગી જાય છે. અકસ્માત થાય છે.

શ્રમણ સંસ્કૃતિનો ઈતિહાસ ખૂબ જ ઉજ્જવળ અને પ્રેરણાદાયક રહ્યો છે. માનવ-પવિત્રતાની રક્ષા માટે આ અધ્યાત્મભરી સંસ્કૃતિએ હંમેશ સંઘર્ષ કર્યો



છે. એક તરફ સમાજ પ્રતિ પોતાની ફરજ સતત નિભાવતા આ સંતોની કોઈ અપેક્ષા નથી, તેમને પોતાના ધર્મના પ્રચાર-પ્રસાર અને એ દ્વારા સમાજને યોગ્ય રસ્તે વાળવાનો સતત પ્રયત્ન કર્યો છે. એક તરફ સંત સ્વાધ્યાય દ્વારા પોતાના આત્માનો ઉદ્ધાર કરવામાં મસ્ત હોય તો બીજી તરફ સમાજમાં દીવો પેટાવાનું પણ કાર્ય તેઓ કરે છે. વિહારચર્યા દરમ્યાન તે અનેક પ્રજા માટે આદર્શ બને, અથવા તે સમાજને સમજે અને સમાજ પણ તેમના અસ્તિત્વને નજીકથી જોઈ શકે, તે મહત્ત્વનું છે. વિહાર જૈન સાધુના સ્વાસ્થ્ય અને સમાજના સ્વાસ્થ્ય માટે પણ અનુરૂપ છે.

વિહાર દરમ્યાન જે કેટલાક વિકટ અનુભવ થાય છે તેની કલ્પના કરવી પણ અઘરી છે. ખૂબ લાંબા રસ્તા સુધી છાંયડો, પાણી કે અન્ય વિરામ-સ્થળ ના મળે. પગમાં મારગ કાપ્યાંના છાલા પડ્યા હોય, ગોચરીની વ્યવસ્થા ન હોય અને ઘણીવાર જૈન પ્રજાના ઘર પણ ધોરીમાર્ગ પર ન જોવા મળે, ત્યારે અજાણી પ્રજાને જૈન અન્ન વિષે સમજાવવું અઘરું પડતું હોય છે. પણ આ બધી જ મુશ્કેલીઓની વચ્ચે જે સૌથી વધુ ચિંતાસ્પદ છે તે છે આજે ધોરીમાર્ગ પર થતાં અકસ્માતો, જેના માટે ખૂબ જ ગંભીરતાથી વિચારવાનો સમય આવી ગયો છે. આજના કાળમાં જ્યારે પ્રજા પાસે આટલી સુવિધાઓ ઉપલબ્ધ થઈ છે, ત્યારે પોતાના આ ગુરુજનો પ્રત્યે વિચારવાનો સમય આવી ગયો છે. મનુષ્યે પોતાના માટે સમય અનુસાર માપદંડો બદલ્યા છે, તેમ જ સહુ માટે બદલવા આવશ્યક છે.

ગાંધીજી જ્યારે આફ્રિકાથી ભારત દેશમાં પાછા ફર્યા ત્યારે સમગ્ર ભારતનું ભ્રમણ કરવાની ગોખલેએ સલાહ આપી હતી. ત્યારે ગાંધીજીએ આ પ્રવાસ દ્વારા ભારતનો ચહેરો જાણ્યો હતો. તે સમજાવે છે કે ભારતને સમજવા, પ્રજાને સમજવા, સમાજની નાડને પરખવામાં પ્રવાસ આવશ્યક છે. જો સમાજને બદલવો હોય તો સમાજ સાથે સીધો સંપર્ક જાળવવો પડે. તેમ જ સંત, મનુષ્યને મળ્યા વગર પોતાના

કાર્યને આકાર ન આપી શકે પરંતુ એ માટે, એના પ્રવાસ માટે, વિહાર માટે આજે થઈ રહ્યું છે તે અંગે માત્ર બે દિવસના ગણગણાટ પછી પોતાની જાતને એનાથી મુક્ત ન કરી શકાય. આપણા સંઘના ચાર મહત્ત્વના સ્તંભ એકબીજા પર આધારિત અને જોડાયેલા છે. શ્રાવક-શ્રાવિકાનું કાર્ય સમણ-સમણીજીનું પૂરતું ધ્યાન રાખવાનું છે. સંઘની એ જવાબદારી છે. ઉપાસનાના માર્ગે આગળ વધી રહેલા આ સાધુ-સંતો અને એમની પૂરતી તકેદારી આજે જરૂરી બની છે અને એ માટે વિહાર અંગે કેટલાક વિચારો નવેસરથી કરવા વિચારી શકાય. જ્ઞાન, દર્શન, ચારિત્રની વૃદ્ધિ કાજે જે સંસારને છોડ્યો છે તે જ સંસારના જીવોના ઉદ્ધાર અર્થે એકાંતમાં ન જતાં તેમની વચ્ચે રહેવાનું ઠરાવ્યું અને એક ગામથી બીજે ગામ જઈ ધર્મપ્રચાર કર્યો. પણ સંસારની સ્વાર્થી વૃત્તિ તેમને નુકસાન પહોંચાડતી ગઈ અને તેની સામે તેમને તો કરુણાદૃષ્ટિ જ રાખી પરંતુ શ્રાવકની તે ફરજ છે કે એ ગુરુ-ભગવંતની પૂરતી કાળજી લેવાય અને તેમના વિહારને અડચણમુક્ત બનાવે. જરૂર હોય ત્યાં વાહનના ઉપયોગ માટે ઉદારતા કેળવે.

જ્યારે નજીકના જ વિસ્તારમાં જવાનું હોય ત્યારે તો એટલું અંતર કાપી શકાય પરંતુ જ્યારે બહારગામ જવાનું હોય ત્યારે વધતી ઉંમરના પ્રશ્નો, મારગ સલામત નથી, રસ્તામાં જૈનોના ઘર પણ ન મળે, પરિણામે ગોચરી ના મળે. આવા સમયે બીજે દિવસે ચાલવાની શક્તિ ક્યાંથી લાવવી ? વગેરે પ્રશ્નો નડે છે. એ માટે ચાલણગાડી, યુવાનોની ટોળી જે સાથે વિહાર કરે, જે સંઘમાંથી જતાં હોય ત્યાં અને જે સંઘમાં જવાના હોય ત્યાંના લોકો બધી જ વ્યવસ્થા ઉપાડી લે. અર્થાત્ ઓછામાં ઓછા પાંચ ભાઈ-બહેનો સાથે હોય, વ્હીલ-ચેરની કે ચાલણગાડી. જરૂરી હોય તો નિર્દોષ વાહનો કે એ પ્રકારની વ્યવસ્થા ઉભી કરાય. ગુરુજનોને સમય



અનુસાર થોડાક બદલાવ માટે નવા નિયમો ઘડવાની વિનંતી કરી શકાય. જે રીતે ચાર સમુદાયને એક કરવા માટે કોઈ એક કેન્દ્રિત બિંદુ પર આવવા સહુ કોઈ આગળ વધ્યા હતાં. તેમ જ આજે જ મહત્ત્વના વિષય પર તાત્કાલિક કોઈ એક નિર્ણય પર આવવાનો પ્રયત્ન કરવો જોઈએ. અમુક સમયમાં થોડી છૂટનો સ્વીકાર કરીને પણ પોતાના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવી જોઈએ, જેથી બીજા આવનારા સમયમાં જડ, ચેતન અવસ્થા પોતાના આત્મઉદ્ધાર પ્રત્યે જ જાગૃત રહે, અન્ય કોઈ નહીં.

**(ડૉ. સેજલ શાહ મણિબહેન નાણાવટી વિમેન્સ કૉલેજના ગુજરાતી ભાષાના અધ્યાપક અને વિભાગાધ્યક્ષ છે. 'પ્રબુદ્ધ જીવન' ના તંત્રી છે. તેઓએ બે પુસ્તકો લખ્યાં છે - 'મુઠ્ઠી ભીતરની આઝાદી' અને 'આંતરકૃતિત્વ અને ગુજરાતી કવિતામાં તેનો વિનિયોગ' ઉપરાંત ગુજરાતી પદ્યવિમર્શ : ફાગુ, બારમાસીનું સંપાદનકાર્ય કર્યું છે.)**

| ૯ |
|---|

# જૈન ધર્મની નારી

- ડૉ. જાગૃતિ નલીન ઘીવાલા

કોઈપણ સમાજની સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વાતાવરણનું સાચું પ્રતિબિંબ તે સમાજમાં નારીનું સ્થાન છે. ભારતીય સંસ્કૃતિમાં નારીને અતિ સન્માનનીય માનવામાં આવી છે. તેમાં પણ જૈનધર્મમાં નારીનું સ્થાન પ્રાયઃ ગૌરવમય રહ્યું છે. નારીને દાસી કે ભોગ્યા સ્વરૂપને નકારી પુરુષ સમકક્ષ માનવામાં આવી છે. તેમ છતાં પણ ભારતીય સંસ્કૃતિ મુખ્યત્વે પુરુષપ્રધાન રહી છે અને નારીની સ્થિતિમાં પરિવર્તન થતું રહ્યું છે. સૂત્રોમાં તથા પ્રસિદ્ધ લેખકોએ નારી વિષે કંઈક આવા અભિપ્રાયો આપેલા છે. -

यत्र नारी पूज्यन्ते, रमन्ते तत्र देवताः ।

જ્યાં નારીની પૂજા થાય છે, ત્યાં દેવતાનો વાસ છે.

વિક્ટર હ્યુગો - 'Men have light. Women have Enlighten..

All the reasoning of men is not worth one sentiment of woman.'



માનવ ધર્મશાસ્ત્ર - 'એક પાયાનો સામાજિક કાયદો છે કે નારી પોતાના જીવનમાં બાલપણથી વૃદ્ધાવસ્થા સુધી ક્યારેય પણ પુરુષની છત્રછાયા વિના રહી ના શકે, રસોડામાં પણ એની સત્તા ના હોય.'

સંપૂર્ણ જગતની નારીઓ તેમના આંતરિક સ્વભાવ પ્રમાણે એકબીજાથી ખાસ જુદી નથી પડતી, પરંતુ ઘણી સરખી હોય છે. તેના સામાજિક - ધાર્મિક સંસ્કારોને લઈને તે હંમેશાં એક 'નારી' ના સ્વરૂપમાં જ રહે છે. પ્રાયઃ આપવાની જ ઈચ્છા કરે છે, તેમજ વફાદાર અને કહ્યાગરી હોય છે. પુરુષ કરતાં ઘણું વધારે સહન કરી શકે છે. નારી દરેક સંસ્કૃતિના સંસ્કારની પ્રતિનિધિ હોય છે.

★ ગઈકાલની દૃષ્ટિએ નારી :-

શ્વેતાંબર અને દિગંબર બન્ને સંપ્રદાયોના સાહિત્યમાં પૂર્વની શ્રેષ્ઠ નારીઓના ઘણા ઉદાહરણો છે. તીર્થંકર, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ અને ગણધરોને જન્મ આપનારી નારીઓ તેમજ ગુણવતી - શીલવતી એવી અનેક સતીઓ વગેરે ઉત્તમ પુરુષો દ્વારા પૂજનીય રહ્યા છે. આગમગ્રંથોમાં એવા પણ ઉદાહરણો છે કે જેમાં વાસુદેવ નિયમિત માતાને વંદન કરવા જતા હતા.

અંતઃકૃતદશાંગમાં શ્રીકૃષ્ણ વાસુદેવ દરરોજ પોતાની માતાને વંદન કરવા જતા તેવું વિસ્તૃત વર્ણન મળે છે. તીર્થંકર પ્રભુ મહાવીરસ્વામી પણ માતાને દુઃખ ન થાય તે હેતુથી માતા-પિતાની હયાતીમાં સંસારત્યાગ નહિ કરવાનો નિર્ણય ગર્ભકાલમાં જ કર્યો હતો. તીર્થંકર નેમિનાથના પગલે તેમની વાગ્દત્તા રાજીમતીએ પણ દીક્ષા લીધી હતી અને એક સમય રાજીમતીના પૂર્વાવસ્થાના દિયર રથનેમિને તેમજ ઋષભદેવની પુત્રીઓ બ્રાહ્મી-સુંદરી દ્વારા ભાઈ મુનિ બાહુબલીને પ્રતિબોધિત કર્યાના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. આવી અનેક શ્રમણીઓ, શ્રાવિકાઓના જીવનચરિત્ર

આદર્શરૂપ સિદ્ધ થયેલા છે અને ઘણી શ્રાવિકાઓ આવું આદર્શ જીવન જીવવાનાં પ્રયત્ન કરે છે. દૃષ્ટાંતરૂપે થોડા ઉદાહરણો સંક્ષિપ્તમાં જોઈએ -

મરુદેવા માતા : જૈન ઈતિહાસમાં પ્રથમ તીર્થંકર ઋષદેવના માતા મરુદેવાનું નામ અગ્રસ્થાને છે. જ્યારે ઋષભદેવને કૈવલ્ય પ્રાપ્તિનાં સમાચાર માતાએ સાંભળ્યા, ત્યારે તરત જ પૌત્ર ભરત ચક્રવર્તી સાથે હાથીની અંબાડી ઉપર સવાર થઈને પ્રભુના દર્શન કરવા આવ્યા. પ્રભુનું અપૂર્વ તેજ અને આભા જોઈને મરુદેવી ધ્યાનસ્થ થઈ ગયા અને તેમને ત્યાં જ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તેઓ સિદ્ધ-બુદ્ધ-મુક્ત થઈ ગયા. મરુદેવી વર્તમાન સમયમાં કેવળજ્ઞાન પામનાર પ્રથમ નારી હતા.

બ્રાહ્મી અને સુંદરી : બ્રાહ્મી અને સુંદરી બન્ને ઋષભદેવની પુત્રીઓ હતી. ઋષભદેવે બ્રાહ્મીને ૧૮ ભાષાની લિપિનું જ્ઞાન અને સુંદરીને અંકગણિતનું જ્ઞાન આપ્યું હતું. તે સાથે બન્નેએ સ્ત્રીઓની ૬૪ કલાઓનું શિક્ષણ ગ્રહણ કર્યું હતું. અક્ષરજ્ઞાન અને ભાષા જ્ઞાન શીખનારી આ બન્ને પ્રથમ મહિલાઓ હતી.

તીર્થંકર પ્રભુની પ્રથમ દેશનાથી જ પ્રતિબોધિત બ્રાહ્મીએ દીક્ષા અંગીકાર કરી. સાધ્વી-સંઘના પ્રમુખ થયા. તેમની નીચે ૩ લાખ સાધ્વીઓ અને ૫૪ હજાર શ્રાવિકાઓ હતી.

સુંદરીને પણ જ્ઞાનવૃદ્ધિ તથા ત્યાગના પ્રત્યક્ષ પ્રમાણ ફળરૂપે સાંસારિક સુખોની નશ્વરતાનો અનુભવ થઈ ચૂક્યો હતો અને તે કારણે દીક્ષા લઈ આત્મકલ્યાણ કરવા ઈચ્છતા હતા. પરંતુ ભરતની આજ્ઞા નહીં મળવાથી સુંદરી શ્રાવિકાપણે કઠિન તપ અને બ્રહ્મચર્યની સાધના કરતા. અંતે ભરતની સંમતિ પ્રાપ્ત થઈ અને દીક્ષા લઈ સંયમજીવનનું ઉત્કૃષ્ટ પાલન કરતાં તેઓ પણ સિદ્ધ-બુદ્ધ અને મુક્ત થઈ ગયા.



તીર્થંકર મલ્લિનાથ : મલ્લિકુમારી મિથિલાનાં કુંભરાજાની પ્રભાવતી રાણીની કુક્ષિએ જન્મ્યા. સમય જતા મલ્લિકુમારી બાળપણ પૂર્ણ કરી યુવાનીમાં પ્રવેશ્યા. તેમના રૂપ-ગુણની પ્રશંસા ચારે તરફ ફેલાવા લાગી. તેમને મેળવવા ઘણા મહાન રાજાઓ ઉત્સુક રહેતા. તેમાં તે સમયના ૬ ગણરાજાઓ પણ સામેલ હતા. જેઓ મલ્લિકુમારીના પૂર્વભવનાં મિત્રો હતા. મલ્લિકુમારીએ અવધિજ્ઞાનથી પોતાના ૬ મિત્રોનું જીવન જોયું. તેમની પણ પોતાની સાથે પરણવાની ઉત્સુકતા નિહાળી તેમને પ્રતિબોધ કરવા પોતાની બુદ્ધિ, ચાતુર્ય અને કૌશલ્યતાપૂર્વકના પ્રયોગ દ્વારા સમજાવ્યું કે, ''બહારથી સ્વરૂપવાન દેખાતું આ શરીર અશુચિમય, નાશવંત છે. તેથી ભૌતિક સુખ ત્યાગી આત્મસુખને પ્રાપ્ત કરો.'' અંતમાં મલ્લિજીએ ૩૦૦ સ્ત્રીઓ અને ૩૦૦ પુરુષો સાથે માતા-પિતાની આજ્ઞા સહ દીક્ષા લીધી અને દીક્ષાદિને જ તેઓ ઘાતીકર્મો ક્ષય કરી કેવલજ્ઞાનને પામ્યા. પ્રથમ દેશના સમયે સમવસરણમાં સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. પ્રતિબોધિત તે છએ રાજાઓએ મુનિ દીક્ષા ગ્રહણ કરી. માતા-પિતા સાથે અનેકોએ શ્રાવકધર્મ સ્વીકાર્યો અને સમગ્ર જનમાનસને આત્મશુદ્ધિનો માર્ગ બતાવતાં, આયુષ્ય કર્મ પૂર્ણ થતાં અઘાતી કર્મો ક્ષય થતાં મલ્લિપ્રભુ મુક્તિપદને પામ્યા.

આ ઉપરાંત પણ અનેક એવા શ્રેષ્ઠ નારીઓ થઈ ગયા; જેમાં રાજીમતી, દ્રૌપદી, સીતા, મંદોદરી, મયણા સુંદરી તથા પ્રભુ પાર્શ્વનાથના સમયમાં પુષ્પચૂલા, કાલી, રાજી, સુદર્શના, વસુમતી આદિ આદિ અનેકાનેક નારીઓ કે જેઓએ પોતાનું આત્મકલ્યાણ સાધી ઉચ્ચગતિને પ્રાપ્ત થયા.

★ તીર્થંકર મહાવીરસ્વામીના સમયની વિદૂષી સાધ્વીઓ અને નારીઓ :

તીર્થંકર પ્રભુ વીરવર્ધમાન મહાવીરસ્વામી સમગ્ર માનવજાતને એકસમાન નજરે જોતા હતા. તેમની પાસે નાત-જાતનાં કોઈ ભેદભાવ ન રહેતા. તેઓ આ

વિચારશ્રેણીમાં સમય કરતાં પ્રભુ ઘણા આગળ હતા. તેઓએ સાધુ-સાધ્વી માટે એકસરખા જ નિયમો અને આચારસંહિતા બનાવ્યા હતા. તે જ રીતે શ્રાવિકાઓ માટે પણ શ્રાવકો સમાન નિયમો રહેતા. તેઓશ્રી સાધ્વીઓ-શ્રાવિકાઓને પણ ધાર્મિક જીવન જીવવા સમજાવતા હતા.

તે સમયે પણ ઉચ્ચ સમાજની કન્યાઓ ભણતી. સાથે નૃત્ય, સંગીત આદિ કલાઓમાં પારંગત થતી. રાજવી કુટુંબોમાં નારી માટે ખાસ ઘેર શિક્ષણ આપવાની સગવડ કરવામાં આવતી. તીર્થંકર વીરપ્રભુના કુટુંબની નારીઓના વર્ણનથી જાણવા મળે છે કે તેઓ શિક્ષણપૂર્ણ અને ધાર્મિક વૃત્તિની હતી.

માતા દેવાનંદા :- મહાવીરસ્વામીના પ્રથમ માતા જેમની કુક્ષિમાં સાડા બ્યાસી રાત્રિ રહ્યા હતા. તેવા દેવાનંદાના વિવાહ કુંડગ્રામના ચાર વેદનાં જ્ઞાતા, ધનાઢ્ય અને પ્રસિદ્ધ પંડિત એવા શ્રી ઋષભદત્ત સાથે થયા હતા. તેઓ બન્ને પાર્શ્વનાથ પ્રભુની પરંપરાના મુનિઓના સંપર્કથી શ્રમણોપાસક ધર્મધારક બન્યા હતા. દેવાનંદા સ્વયં જીવ-અજીવ આદિ નવ તત્ત્વના જાણકાર સરળ સુશ્રાવિકા હતા. તીર્થંકર મહાવીરપ્રભુના કેવળજ્ઞાન બાદ પ્રભુની દેશના સાંભળી પતિ-પત્ની બન્નેએ દીક્ષા લીધી. ઉત્કૃષ્ટ સાધનાના ફળરૂપે મુક્તિપદ પ્રાપ્ત કર્યું.

માતા ત્રિશલા રાણી :- મહારાજા ચેટકના પુત્રી ત્રિશલાના વિવાહ રાજા સિદ્ધાર્થ સાથે થયા. પતિ-પત્ની બન્ને સુશિક્ષિત, પ્રબુદ્ધ, ઉદાર અને સરળ સ્વભાવી હતા. પ્રભુ પાર્શ્વનાથના અનુયાયી હતા. શ્રાવકધર્મનું પાલન કરતાં અંતમાં અનશનપૂર્વક સમાધિમરણ પામી બારમાં અચ્યુત દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી આયુષ્ય પૂર્ણ થતા, મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ ઉત્કૃષ્ટ આરાધના કરતાં સિદ્ધ-બુદ્ધ મુક્ત થશે.

પત્ની યશોદા :- જેઓ વસંતપુરના રાજા સમરવીરના પુત્રી હતા. અત્યંત સુંદર અને ગુણવંતી એવા આ નારીએ સ્વયં સાંસારિક સુખોની આહુતિ આપી પતિ વર્ધમાન



મહાવીરના પંથને ઉજાળ્યો હતો. તેમનો ત્યાગ અનુપમ અને દુર્લભ છે. ભલે તે સમયે સમાજ પુરુષપ્રધાન હોવાથી આ આદર્શ નારીનું જીવન, તેની મનોવ્યથા, તેના કાર્યોની ઉપેક્ષા કરવામાં આવી હોય પરંતુ ચિંતનનો વિષય જરૂર છે.

પુત્રી પ્રિયદર્શના : પિતા વીર વર્ધમાન અને માતા યશોદાના એકમાત્ર પુત્રી હતા. તેમના વિવાહ મહાવીરના બેનના પુત્ર જમાલી સાથે થયા હતા. આ પરિવાર તે યુગનો અતિ વૈભવશાળી પરિવાર હતો. એક સમય પ્રભુ મહાવીરસ્વામીના સમવસરણમાં જમાલી અને પ્રિયદર્શના દર્શન-વંદન અને ધર્મોપદેશ સાંભળવા ગયા. પ્રભુની દેશના સાંભળી તેઓને અરિહંતના ધર્મ પર શ્રદ્ધા થઈ અને ગુરુ-વડીલજનોની અનુમતિ લઈ જમાલીએ ૫૦૦ પુરુષો સાથે અને પ્રિયદર્શનાએ ૧૦૦૦ સ્ત્રીઓ સાથે દીક્ષા ગ્રહણ કરી. પ્રિયદર્શના આર્ય ચંદનાના સાધ્વી-સંઘમાં સંમિલિત થઈ ૧૧ અંગોનું અધ્યયન કર્યું અને ઉગ્ર તપની આરાધના કરતાં ઉત્તમ સંયમજીવનની પાલના કરી.

આ ઉપરાંત મહાવીર પ્રભુના બહેન સુદર્શના, મોટાભાઈ નંદિવર્ધનના પત્ની સુજ્યેષ્ઠા, દોહિત્રી શેષવતી આદિ રાજવી કુટુંબની નારીઓ જેઓએ પણ પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી, ઉત્તમ આરાધના કરતાં જૈનધર્મની ગરિમા વધારી હતા.

પ્રાતઃ સ્મરણીય સોળ સતીઓ જેમની નિત્ય સ્તુતિ થાય છે, તેવી સતીઓ -ચંદનબાળા, રાજેમતી, દ્રૌપદી, કૌશલ્યા, સીતા, સુભદ્રા, મૃગાવતી, સુલસા, કુંતી, દમયંતી, શિવાદેવી, ચેલણા, પ્રભાવતી, પદ્માવતી આદિ નારીઓ ઉત્કૃષ્ટ સંયમજીવન પાળતા મોક્ષમાં તેમજ પ્રાયઃ દેવગતિએ પધાર્યા છે. તે સર્વ નારીચરિત્રોએ ભારતીય નારીસમાજ સમક્ષ ઉચ્ચ આદર્શ સ્થાપિત કર્યો છે. તે ઉપરાંત શ્રેણિકમહારાજાની નંદા, નંદવતી, સુજાતા, સુમતિ આદિ ૧૩ રાણીઓ

તેમજ કાલી, સુકાલી, કૃષ્ણા આદિ ૧૦ રાણીઓ આદિ અનેક નારીઓનો ઉત્તમ, વૈભવશાળી કુળમાં જન્મ હોવા છતાં ભૌતિક સુખોની નશ્વરતા જાણી દીક્ષા અંગીકાર કરી. જ્ઞાન અને તપની ઉત્કૃષ્ટ આરાધનાઓ દ્વારા ધર્મમય બનીને કર્મોની નિર્જરા કરી પોતાનું જીવન ઊર્ધ્વગામી કર્યાનું વર્ણન આગમગ્રંથોમાં ઉપલબ્ધ છે, જે નારીમાં શ્રદ્ધા, ચરિત્ર અને શક્તિના ગુણો પુરવાર કરે છે. તે સમયની શ્રાવિકઓમાં પણ જયંતી, રેવતી, સુલસા આદિ નામો પ્રસિદ્ધ છે. કૌશાંબીના રાજાની ધર્મતત્ત્વની જાણકાર પુત્રી શ્રાવિકા જયંતી મહાન વિદૂષી હતા. તે વીરપ્રભુની ધર્મસભામાં નિઃસંકોચ પ્રશ્ન પૂછતી. શ્રાવસ્તી નગરીની રેવતી શ્રાવિકા પ્રભુના ઉપદેશ અને સિદ્ધાંતો પર દૃઢ વિશ્વાસ ધરાવતી હતી. તે દાનધર્મની ઉદાત્ત ભાવના ભાવનાર નારી સ્વયં ઔષધિ બનાવવાની કળામાં નિપુણ હતી. તેની બનાવેલી ઔષધિ વડે આસપાસના વ્યાધિગ્રસ્તો તેમજ સાધુ-પરિવ્રાજકો પણ પોતાના શારીરિક કષ્ટ દૂર કરતાં. તો સુલસાજી પોતાના શુભ કર્મોનાં કારણે તીર્થંકર નામકર્મ ઉપાર્જિત કર્યુ, જેઓ આગામી ચોવીસીમાં સોળમાં તીર્થંકર પદને પ્રાપ્ત કરશે. એક નારી પોતાના પુરુષાર્થના જોરે ઉત્થાન પામી તીર્થંકર અને સિદ્ધપદને પામી શકે છે.

મહાવીરકાલીન નારીઓમાં ચંદનબાળાનું ચરિત્ર જાજવલ્યમાન છે. જે ત્યાગ, તપસ્યા, ધૈર્ય, સહિષ્ણુતાની સાથે પોતાના લક્ષ્ય પર અડગ રહેતી હતી. તેઓશ્રી તીર્થંકર મહાવીરના શ્રમણ-સંઘની ૩૬૦૦૦ સાધ્વીઓનું સફળ નેતૃત્વ કરનાર નારી અંતે મુક્તિપદને પામી ગયા. એ યુગની નારીઓ દરેક કઠિન પરિસ્થિતિઓમાં સંયમ અને વિવેકથી પોતાના કર્તવ્યનું પાલન કરતી. વિનય, સેવા, સમર્પણ, ત્યાગ, દાન, ધર્મ આદિ તેમના સ્વાભાવિક ગુણો રહેતા. પોતાની સમક્ષ ઉત્પન્ન આપત્તિઓને કર્મનું ફળ, કર્મનો ઉદય માની સાહસ અને ધૈર્યથી સામનો કરતી.



તીર્થંકર મહાવીરસ્વામીનાં નિર્વાણથી વર્તમાન સમયની નારીઓ :-

મહાવીરસ્વામી પછી તેમના શાસનની ધુરા પાંચમા ગણધર સુધર્માસ્વામીએ સંભાળી. વીર નિર્વાણ ૧માં શ્રેષ્ઠી જંબુકુમાર સાથે તેમની માતા ધારિણીદેવી, સમુદ્રશ્રી, પદ્મશ્રી, પદ્મસેના આદિ ૮ શ્રેષ્ઠી કન્યાઓ કે જેઓ સર્વ કળાઓમાં નિપુણ, સૌંદર્યવતી, ગુણવતી હતી અને લગ્નની પ્રથમ રાત્રિએ જ પતિ જંબુકુમારથી પ્રતિબોધિત પામી હતી તે આઠેય પત્નીઓ, આઠે પત્નીઓની માતાઓ કુલ ૧૭ નારીઓ દીક્ષિત થઈ.

ધારિણી (બીજી) જે રાજા પાલકના નાના પુત્રની પત્ની હતી. ગુણવંતી અને રૂપવંતી હોવાના કારણે સતીત્વની કસોટી આવી. પોતાના શીલની રક્ષા કાજે રાજ્યનો ત્યાગ કરી કૌશાંબીમાં સાધ્વી-સમુદાયમાં ભળી દીક્ષા લઈ ઉત્તમ આત્મકલ્યાણ સાધ્યું.

મહાસતી ચંદનબાળા પછી યક્ષા, યક્ષદત્તા, ભુતા, ભૂતદત્તા આદિ સ્થુલિભદ્રની ૭ બહેનો, નંદરાજાની પુત્રી સુપ્રભા, પૂર્ણમિત્રા, સાધ્વી સરસ્વતી, ધનપાલ શ્રેષ્ઠીની પુત્રી સુનંદા, ધનકુબેર દેવની પુત્રી રુક્મિણી આદિ અનેક સાધ્વીઓ, શ્રાવિકાઓનાં જીવન શ્રેષ્ઠ દૃષ્ટાંતરૂપ છે. તે સમયે ગૃહસ્થ નારીઓ ઉપાશ્રયમાં જઈ સાધુ-સાધ્વીઓ પાસે ધર્મચર્ચા સાંભળતી તથા વ્રત, તપ આદિમાં સદા જાગ્રત રહેતી. આમ, જૈન નારીઓ સમય આવ્યે કોઈપણ કસોટીઓનો સહજપણે સામનો કરતી જણાય છે. તે ઉપરાંત અન્ય ગુણો પણ સમય સમય પર પ્રગટ થયેલા જણાય છે, જે નીચે પ્રમાણે છે :-

નારી - ત્યાગ અને પ્રેરણારૂપ :- યુગપ્રધાન આચાર્ય આર્યરક્ષિત અને ભાઈ મુનિ ફાલ્ગુનરક્ષિતના માતા રુદ્રસોમા જૈન ધર્મની શ્રાવિકા હતા. તે વિદ્યાભ્યાસ

કરીને આવેલા રક્ષિતને સ્વ-પર કલ્યાણ તેમજ આધ્યાત્મિક અભ્યુત્થાનમાં જરાપણ સહાયક નથી તેમ કહી પુત્રને અધ્યાત્મ માર્ગના સફળ પથદર્શકરૂપે જીવનભર પોતાના બન્ને સંતાનો માટે ત્યાગ અને પ્રેરણામૂર્તિ બની રહ્યા હતા. વીર નિર્વાણનાં લગભગ ૧૨૨૭ વર્ષ બાદ યાકિની મહત્તરાનું નામ પણ ખૂબ પ્રસિદ્ધિને પામ્યું હતું, જેમની પ્રેરણા અને વ્યવહારકુશળતાએ પ્રખર પંડિત હરિભદ્ર જેવા જૈન ધર્મના કટ્ટર વિદ્વેષીને જૈનધર્મના યુગપ્રધાન આચાર્ય હરિભદ્રસૂરિશ્વરજીના રૂપમાં પ્રતિષ્ઠિત કર્યાં.

કોશા નામની ગણિકા સ્થુલિભદ્ર મુનિના ઉપદેશથી શ્રાવિકા ધર્મ પાળવા લાગી હતી. ત્યારબાદ પોતાના આવાસે ચાતુર્માસ કરવા પધારેલા મુનિના સંયમથી ચલિત થઈ જવા પર તે મુનિને સન્માર્ગે વાળે છે. સતી પ્રભાવતી પોતાની ધર્મનિષ્ઠાથી પતિ ઉદાયનને ધર્મ માર્ગે ચાલવાની પ્રેરણા મળે છે. જ્યારે મૃગાવતીએ પોતે દીક્ષિત થઈને યુદ્ધનો રક્તપાત અટકાવ્યો હતો. ગુજરાતની ધંધુકા નગરીના શ્રાવક ચાચિંગની ધર્મપત્ની પાહિણીની પ્રેરણા પુત્ર કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રજી માટે મહત્ત્વપૂર્ણ બની રહી હતી. કવિ ધનપાલની 'અમરકોશ' રચનાની પ્રેરણા બહેન સુંદરી, જેઓ સ્વયં પ્રાકૃત, સંસ્કૃત ભાષાની વિદૂષી હતા. ચંપા શ્રાવિકાના ૬ મહિનાના ઉપવાસથી પ્રભાવિત મુગલ સમ્રાટ અકબરે તે દિવસો દરમ્યાન પોતાના રાજ્યમાં થતી હિંસા બંધ રખાવી હતી.

નારી - સ્મરણ અને સાહિત્ય સર્જનની શક્તિ :- આ ક્ષેત્રમાં પણ જૈન નારીઓનું યોગદાન મહત્ત્વપૂર્ણ છે. સ્થુલિભદ્રજીના બહેન યક્ષા સાધ્વી કઠિન ગદ્ય કે લાંબા પદ્યને એકવાર સાંભળ્યા પછી યથાવત કહી આપતા હતા. ધારાનગરીના રાજા ભોજના રાજકવિ ધનપાલની નવ વર્ષની પુત્રીએ 'તિલકમંજરી' મૂળ પ્રતનો અર્ધો ભાગ પોતાની સ્મરણશક્તિથી કહી સંભળાવ્યો હતો.



વીરનિર્વાણની ૪થી સદીમાં આર્ય પોયણીએ રાજા ખારવેલ દ્વારા આગમસાહિત્યને સુરક્ષિત અને વ્યવસ્થિત કરવા માટે યોજાયેલી પરિષદમાં મહત્ત્વની કામગીરી બજાવી હતી. આચાર્ય સુસ્થિતની પરંપરાનાં પાંચસો શ્રમણ સાથે આર્યા પોયણીના નેતૃત્વમાં ૩૦૦ સાધ્વીઓએ આગમવાચના પરિષદમાં ભાગ લીધો હતો.

છંદ અને સાહિત્યની જ્ઞાતા પંડિત તરીકે પ્રવર્તિની મેરુલક્ષ્મી સં. ૧૪૪૫ માં તેમજ સં. ૧૬૭૦ માં મેઘ સાગરજીની 'ગહુલી' કૃતિ દ્વારા ગુરુની ગુણસ્તુતિ કરનાર લેખિકા સાધ્વી વિમલશ્રી વગેરેનું સાહિત્ય જગતમાં યોગદાન રહ્યું છે.

નારી - રાજ્યકુશળ અને વીર :- બેલગોડાના એક પાષાણ પરના શિલાલેખ પર હાથમાં તલવાર સાથે અશ્વારૂઢ નારી સવિયબ્બે ગજઆરૂઢ યોદ્ધા પર નિર્ભયતાથી પ્રહાર કરે છે તેવું ચિત્ર છે. તેની નીચે લખાણ છે, જેમાં ઉદય વિદ્યાધરની પત્ની સવિયવબ્બેએ બેગપુરના યુદ્ધમાં પોતાના પતિની પડખે રહી લડતા લડતા વીરગતિ મેળવી. તો અતિમબ્બેએ સતીપ્રથાનો વિરોધ કર્યો હતો. ઇ.સ. ૧૦૩૭ માં ચાલુક્ય વંશના રાજા સત્યાશ્રયની બહેન અક્કાદેવીની તેની રાજ્યકુશળતા જોઈને એક પ્રાંતનું રાજ્ય સોંપવામાં આવ્યું હતું.

દક્ષિણ ભારતમાં શાંતલદેવી, કેતલદેવી, અચલદેવી વગેરેએ જિનમંદિરો બંધાવ્યા હતા. વર્તમાનમાં દિગંબર પરંપરાની આર્યિકા કમલશ્રી, ક્ષુલ્લિકાશ્રી, રણમતીશ્રી, રત્નમતીશ્રી, વિનયશ્રી, ચારિત્રશ્રી આદિ અનેક શ્રમણીઓ તેમજ શ્રાવિકાઓએ જૈન ધર્મ અને સંસ્કૃતિના વિકાસ માટે નોંધનીય કાર્યો કર્યા છે. પ્રાચીન તામ્રપત્ર, શિલાલેખ આદિ લેખનકાર્ય સંબંધી વર્ણનો પણ ઉપલબ્ધ છે.

શ્વેતાંબર પરંપરામાં અનેક ગચ્છ જેમાં ઉપકેશગચ્છ, તપાગચ્છ,

અચલગચ્છ આદિ ગચ્છોમાં હજારોની સંખ્યામાં સાધ્વીઓનું જૈનસમાજને મહત્ત્વનું યોગદાન રહ્યું છે. એવી અનેક શ્રમણી રત્નો પણ થયેલ છે જેઓ પોતાના વ્યક્તિત્વથી મહિલાઓ માત્ર નહિ, પરંતુ પુરુષોને પણ પ્રતિબંધિત કરી, તેમને સ્વયં દીક્ષિત કરી આચાર્યપદને યોગ્ય પણ બનાવ્યા છે. તેમાં ખંભાત સંપ્રદાયના શ્રમણી શિરોમણિ શારદાબાઈ મ.સા. જેઓ ૪૬ વર્ષના દીક્ષાપર્યાયમાં આચાર્ય કાંતિઋષિજી, શ્રી સૂર્યમુનિજી, શ્રી અરવિંદ મુનિજી અને વર્તમાન આચાર્યશ્રી નવીનઋષિજીને દીક્ષાના દાન દીધા છે તે સાથે ૪૬ શિષ્યાઓને સંયમદાન દીધા છે. આવા કેટકેટલા સાધ્વી રત્નોએ જૈનશાસનનું નામ ઉજાગર કર્યું છે.

આ પ્રકારે ગઈકાલની નારીઓ કરતાં વર્તમાન યુગની નારીનો દરેક દષ્ટિએ વિકાસ થયો છે. સમાજમાં નારીની વિશેષ ભૂમિકા રહી છે. તે સ્વભાવથી વિશેષપણે કોમળ, સંયમી, સેવા અને ત્યાગની પ્રતિમૂર્તિ છે. નારી પુરુષની સમકક્ષ થઈ રહી છે, પછી તે ચાહે એક મા, એક પત્ની કે દીકરી કેમ ન હોય. જીવનના દરેક ક્ષેત્રમાં તે ડોક્ટર, વકીલ, અધ્યાપક, પાયલોટ, વૈજ્ઞાનિક, સંગીતજ્ઞ, સાહિત્યકાર, કવયિત્રી, રાજનીતિજ્ઞ, વિદૂષી બનીને પોતાની સેવાઓ દેશને આપી રહી છે. ઉદાહરણ રૂપે -

શ્રીમતી અરુણા અભય ઓસવાલ (લુધિયાણા) બી.એલ.એલ.આઈ. ઈન્સ્ટીટ્યુટને ૧૦૦ કરોડ રૂપિયા દાન પ્રદાન કર્યું હતું. સાથે સાથે તેમનો જૈનમંદિરો - સ્થાનકોનાં નિર્માણમાં પણ અમૂલ્ય સહયોગ રહ્યો છે. જોધપુરની શ્રીમતી શશી મહેતા પ્રતિભાશાળી વિદ્યાર્થિનીએ વિશ્વ વિદ્યાલયના અભ્યાસ દરમ્યાન પોતાની દક્ષતાથી છાત્રવૃત્તિ પ્રાપ્ત કરી હતી.

સોનગઢના 'ભગવતી માતા' તરીકે પ્રસિદ્ધ પૂ. બહેનશ્રી ચંપાબહેન જેઓ



સ્વાનુભૂતિ પ્રાપ્ત, જગતના અદ્વિતીય આધ્યાત્મિક મહિલારત્ન, અતિશય વૈરાગી અને પુરુષાર્થી હતા. તેઓ આત્માર્થીઓના મહાન આદર્શ છે. 'બહેનશ્રીનાં વચનામૃતો' પુસ્તકરૂપે ગુજરાતી, હિન્દી, મરાઠી, કન્નડ એમ જુદી જુદી ભાષાઓમાં પ્રકાશિત થયા છે. નવી દિલ્હીના ડૉ. સુનીતા જૈન સુલેખિકા છે. તેઓ ભારત સરકાર દ્વારા 'પદ્મશ્રી' એવોર્ડથી વિભૂષિત તેમજ અન્ય સાહિત્યિક સન્માન પ્રાપ્ત કરી ચુક્યા છે. ડૉ. વીણા જૈને અનુસૂચિત જાતિની મહિલાઓ, બાળકો વગેરે માટે કોમ્પ્યુટર શિક્ષણ, ઈંગ્લીશ સ્પીકિંગ કોર્સ આદિ વિભિન્ન પ્રકારના પ્રશિક્ષણ કેન્દ્રો માદીપુર દિલ્હીમાં ખોલ્યા છે.

આ પ્રકારે અનેકાનેક નારીરત્નો છે, જેઓ ઘર-ગૃહસ્થી સંભાળતા અનેક ક્ષેત્રોમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. નારીની પ્રશંસા કરતા આચાર્ય જિનસેનજી લખે છે કે, 'ગુણવતી નારીઓ પોતાના ગુણો વડે સંસારમાં શ્રેષ્ઠ પદ પ્રાપ્ત કરે છે.'

નારીના ઉપરોક્ત ઉજળા પાસાથી વિરુદ્ધ દોષયુક્ત દષ્ટાંતો પણ હોઈ શકે છે. પરંતુ એ વિષે 'ભગવતી આરાધના' ગ્રંથમાં સ્પષ્ટપણે દર્શાવ્યું છે કે, 'આ દોષવર્ણન એ સામાન્ય અને શિથિલ નારીઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે. જ્યારે ગુણવાન - શીલવાન નારીઓને આવા કોઈ દોષો હોતા નથી.' આ ગ્રંથમાં એથીય વિશેષ પ્રશંસા કરતાં દર્શાવ્યું છે કે, 'ગુણવાન સ્ત્રીઓનો યશ બધે ફેલાય છે અને તે મનુષ્યલોકમાં દેવતા સમાન પૂજાય છે.' આથી જ જૈનાગમોમાં પત્નીને 'ધમ્મસહાયા' ધર્મની સહાયિકા માનવામાં આવી છે.

આવતીકાલની જૈનધર્મની નારી :- જે રીતે ગઈકાલની નારીઓએ સમાજમાં સંસ્કારિતાનો એક મજબૂત પાયો રચ્યો છે તે રીતે વર્તમાનમાં પણ હજારો

નારીઓ એ દિશામાં ઉજાગરપૂર્ણ કાર્યો કરી રહી છે. તેવી જ રીતે આવતીકાલની નારીઓનું પણ વિભિન્ન ક્ષેત્રોમાં મહત્ત્વનું યોગદાન રહેશે તેમાં શંકાને સ્થાન નથી. નારીમુક્તિ, નારી સ્વાતંત્ર્ય અને નારીવિકાસ એ ત્રણે બાબતો જૈનધર્મના પાયામાં છે, જે આવતીકાલના જગતને નારી સ્વાતંત્ર્યની બાબતમાં નવી દિશા ચીંધી શકે તેમ છે.

**(અમદાવાદ સ્થિત જૈન ધર્મના અભ્યાસુ ડૉ. જાગૃતિબેન ગુજરાત વિદ્યાપીઠ સાથે સંકળાયેલા છે. જૈન સાહિત્ય સત્રોમાં નિયમિત શોધપત્રો પ્રસ્તુત કરે છે.)**

સંદર્ભ સૂચિ :-


(૧) શ્રી જિનશાસનના શ્રમણી રત્નો, સં. : નંદલાલ દેવલુક

(૨) जैन श्राविकाओं का बृहद् इतिहास, सं. : डॉ. प्रतिभाश्री 'प्राची'

(૩) જિનશાસનની કીર્તિગાથા, લે. કુમારપાળ દેસાઈ

(૪) અનોખા નારી રત્નો, લે. ડૉ. હંસાબેન ગાલા




# ૧૦ સાધર્મિક ભક્તિ

- ગુણવંત બરવાળિયા

પૂર્વાચાર્યોએ 'જિનશાસનમાં સાધર્મિક ભક્તિનું ઉત્કૃષ્ટ સ્થાન છે' એ વાત સમયે સમયે કહી છે. વળી, શ્રાવકના કર્તવ્યોમાં સાધર્મિક ભક્તિને એક અગત્યનું અંગ ગણ્યું છે.

ભગવાન મહાવીરની વાણી, જિનાગમ શ્રી ભગવતી સૂત્રના સોળમા શતકના બીજા ઉદ્દેશકના સાધર્મિકનું કથન અવગ્રહના સંદર્ભે જોવા મળે છે. સમાન ધર્મનું, એક જ ધર્મનું આચરણ કરનાર સહધર્મિકો, તે સાધર્મિક છે. તેથી એક રીતે જોઈએ તો સાધર્મિક ભક્તિ તે જિનશાસનની પ્રભાવના જ છે. આવા પ્રકારનું કાર્ય કરનાર અને લાભ લેનાર બન્નેની ધર્મમાં શ્રદ્ધા બળવત્તર બને છે.

પૂર્વાચાર્યો આચરણ દ્વારા સાધર્મિક ભક્તિની પ્રેરણા કરતાં તે ઘટનાઓ જૈન ઈતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત છે.

શાકંભરી નગરીમાં ધનાશાહ નામે શ્રાવક રહેતા હતા. નામ ધનાશાહ,

પણ ધનનું નામનિશાન ન મળે. તેમની સ્ત્રી રેંટિયો કાંતે, સૂતર કાઢે અને ધનાશાહ તેનું કાપડ વણાવી વેચે. આમ કરી પતિ-પત્ની પોતાનું ગુજરાન ચલાવતા હતા. એક વખતે ધનાશાહે પોતાના માટે જ સૂતર કંતાવી તેમાંથી ચોફાળ વણાવ્યો, જેથી શિયાળામાં ઓઢવા કામ આવે.

એક દિવસ શાકંભરી નગરીમાં મહારાજા કુમારપાળના ગુરુ પૂ. શ્રી હેમચંદ્રાચાર્ય પધાર્યા. એમને મન તો શ્રીમંત અને રંક સૌ સમાન હતા. આવા મહાન આચાર્ય પોતાની નગરીમાં પધારતાં ધનાશાહને ખૂબ ભાવ આવ્યો એટલે તેમણે સૂઝતો આહાર વહોરાવ્યો અને પેલો ચોફાળ પણ વહોરાવી દીધો. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે તેને ગ્રહણ કર્યો.

કેટલાક દિવસ પછી શ્રી હેમચંદ્રાચાર્ય પાટણ પધાર્યા. ત્યાં તેમનું ભવ્ય સ્વાગત થયું. સામૈયાની શોભાયાત્રામાં મહારાજ પોતે પણ સામેલ હતા. શ્રી હેમચંદ્રાચાર્યનો ચોફાળ જોઈ રાજાએ કહ્યું, ‘‘ભગવાન, આપ તો મારા ગુરુ ગણાવ, આપ જો આવા જાડા ચોફળ જેવાં કપડાં પહેરો તે જોઈ મને શરમ આવે છે.’’

શ્રી હેમચંદ્રાચાર્યે ધાર્મિક જવાબ આપ્યો, ‘‘હા, બીજી રીતે પણ તમે શરમના અધિકારી તો છો જ.’’

રાજાએ આશ્ચર્યસહ પૂછ્યું, ‘‘ગુરુદેવ ! બીજી રીતે એટલે ?’’

શ્રી હેમચંદ્રાચાર્યે કહ્યું, ‘‘જો ભાઈ, અમને મુનિઓને શું ? અમને અલ્પ, મૂલ્યવાન, જાડાં અને જીર્ણ વસ્ત્રો પણ શોભે, પણ તમે તો રાજા છો, તમારા જ રાજ્યમાં સાધર્મિક ગરીબ અને કંગાળ હાલમાં રહે તે શરમજનક કહેવાય કે નહીં?’’ રાજા મર્મ પામી ગયા. આચાર્યની વાત સાધર્મિક વાત્સલ્ય ભક્તિ માટે પ્રેરક બની.



આચરણને કારણે આ ઉપદેશની એવી અસર થઈ કે કુમારપાળે સાધર્મિક ભક્તિ પાછળ દર વર્ષે એક કરોડ સોનામહોર ખર્ચવાનો નિર્ણય કર્યો અને આ રીતે સતત ૧૪ વર્ષમાં ચૌદ કરોડ સોનામહોરોનો સદ્‌વ્યય કર્યો. ઈતિહાસમાં કુમારપાળે સાધર્મિક વાત્સલ્યમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું.

ભગવતીસૂત્રના બારમા શતકના પહેલા ઉદ્દેશકમાં શંખ પોકલીની વાત આવે છે, જે અવારનવાર સમૂહભોજન યોજતો. હાલ ગુરુભગવંતો પર્યુષણના કર્તવ્યોમાં શ્રાવકો માટેનું એક કર્તવ્ય સ્વામીવાત્સલ્ય ગણાવે છે, જેમાં સાધર્મિકોની સમૂહભોજન દ્વારા ભક્તિ કરવાની વાત અભિપ્રેત છે.

જૈન કથાનુયોગમાં તામલી તાપસના ચરિત્રમાં સંન્યાસ વખતે તે બહુ જ મોટા પાયા પર સમૂહભોજનનું આયોજન કરે છે. વર્તમાને દીક્ષા મહોત્સવ પ્રસંગે સ્વામીવાત્સલ્યનું જે આયોજન થાય છે તે સાધર્મિક ભક્તિ જ છે.

માનવસર્જિત કે કુદરતી આફતો વખતે કરાતી સાધર્મિક ભક્તિ મૂલ્યવાન છે. કપરા સમયે કહેવાય છે કે જગડુશા શેઠે લાડવા બનાવડાવ્યા. એ લાડવાની અંદર સોનું-રૂપું મૂકતા. કોઈની સામે હાથ લંબાવી શકતા ન હતા અને ભૂખે મરવાનો વારો આવતો હતો એવા કુટુંબો ઘણા હતા. દરરોજ વહેલી પરોઢે જગડુશા ખુદ જાતે જઈ જરૂરિયાતવાળા, આબરૂદાર એવા કુટુંબોમાં લાડવાની પ્રભાવના કરતા. આ લાડવા ‘જગડુશાના લજ્જાપિંડ’ ના નામે પ્રસિદ્ધ થયા.

વર્ષો પહેલાં પાટણમાં હજારો જૈન કુટુંબો વસવાટ કરતા. આજીવિકા, આરોગ્ય કે કોઈ અગમ્ય કારણસર કોઈ જૈન કુટુંબને પોતાનું વતન છોડી પાટણ વસવાટ કરવા આવવું હોય તો પાટણના પ્રત્યેક સમૃદ્ધ કુટુંબ તેને એકએક સોનામહોરની મદદ કરતા. હજાર સોનામહોરથી તે માણસ ઘર અને ધંધા-

વ્યવસાયમાં સ્થિર થઈ શકતો. થોડાં વર્ષોમાં સદ્ધર થઈને ફરી તે સમાજને આ મદદની રકમ પરત કરતો. આમ, સેંકડો કુટુંબોને સ્થિર વસવાટ કરવામાં સહાય થતી સાધર્મિક ભક્તિનો આ અનન્ય દાખલો છે.

વ્યવહાર સમક્તિના ૬૭ બોલમાં દસ પ્રકારના વિનયમાં એક સાધર્મિક વિનય કહ્યો છે, જે સાધર્મિક ભક્તિનો એક પ્રકાર છે. ઔપપાતિક સૂત્રમાં દસ પ્રકારની વૈયાવચ્ચમાં સાધર્મિકની વૈયાવચ્ચને સ્થાન આપ્યું છે, જે સાધર્મિક ભક્તિ જ છે.

બાવીસમા તીર્થંકર નેમિનાથના શાસનમાં શ્રીકૃષ્ણે જાહેર કરેલ કે, જે પરિવારમાંથી તેનું સંતાન ભગવતી દીક્ષા અંગીકાર કરી સંયમ પંથે જાય તેના માતા-પિતા અને પરિવારની જરૂરિયાત પ્રમાણે હું ભરણપોષણની વ્યવસ્થા કરીશ. આ પ્રકારની સાધર્મિક ભક્તિ જિનશાસનની ઉત્કૃષ્ટ પ્રભાવના કહેવાય.

જૈન કથાનુયોગમાં તો ઠેરઠેર સાધર્મિક ભક્તિના જ્વલંત ઉદાહરણ જોવા મળે છે. હવે વર્તમાન પરિસ્થિતિના સંદર્ભે સાધર્મિક ભક્તિનું વિશ્લેષણ જરૂરી છે.

મોટા શહેર અને મધ્યમ કક્ષાના શહેરોમાં સાધર્મિકોને યોગ્ય જગ્યાએ આવાસની વ્યવસ્થા ખૂબ મુશ્કેલ બની છે. સાધર્મિકો માટે ધર્મસ્થાનકો સહિતની કૉલોની-સોસાયટીમાં રાહતના દરે આવાસ મળે તેવી વ્યવસ્થા જરૂરી છે.

જૈનોનું માતબર ડોનેશન કેળવણી ક્ષેત્રે છે. અન્ય ટ્રસ્ટો ચલાવતી કૉલેજોમાં જૈનોના સંતાનોના એડમિશન માટે કૅપિટેશન ફી પેટે જૈનો કરોડો રૂપિયા પ્રતિવર્ષ ખર્ચે છે, તો જૈનોના ટ્રસ્ટ દ્વારા જ આવી કૉલેજો અને ગુરુકુળની સ્થાપના જરૂરી છે.



મોટાં શહેરોમાં વયસ્કો માટે ટિફિન અને ભોજનાલયોની વ્યવસ્થા રાહતના અલ્પ દરે કરવી જરૂરી છે. હૉસ્પિટલ, ડાયગ્નોસીસ સેન્ટર, આયુર્વેદ અને કુદરતી ઉપચાર કેન્દ્રો દ્વારા નિર્દોષ ચિકિત્સા અને ઉપચાર વાજબી દરે સાધર્મિકોને અને નિઃશુલ્ક સંત-સતીજીઓને મળે તે જરૂરી છે. સત્ત્વશીલ, સાધર્મિક પ્રતિભાવંતને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ રાજ્યસભા, લોકસભા અને વિધાનસભામાં ચૂંટીને મોકલવાથી શાસન અને સાધર્મિકોનો ઉત્કર્ષ થશે.

જૈન સોશિયલ ગ્રુપ અને જૈનજાગૃતિ સેન્ટર્સ ઉચ્ચ અભ્યાસ, તબીબી સહાય અને સ્વરોજગાર માટે કાર્ય કરે છે તે અનુમોદનીય છે, પરંતુ અનેક ટ્રસ્ટો કરી શકે તે ખૂબ જ જરૂરી છે.

સિનિયર સિટિઝન સાધર્મિકો માટે નિવૃત્તિનિવાસ કે વાત્સલ્યધામોનું સર્જન કરવું જોઈએ, જેથી તે અમુક સમય ત્યાં રહીને અધ્યાત્મ સાધના અને સંસ્થા કે સમાજને ઉપયોગી કાર્યો તેની ક્ષમતા પ્રમાણે કરી શકે તે પણ સાધર્મિક ભક્તિનો એક પ્રકાર છે.

ઉદ્યોગપતિ કે વેપારીઓ પોતાની પેઢીમાં જૈનોને પ્રાયોરિટીમાં નોકરી આપે તે માટે પ્રયત્ન કરવો જરૂરી છે. આપણા વેપારમાં ખરીદ-વેચાણમાં જૈન પાર્ટીને પ્રાયોરિટી આપવી જોઈએ. નાના સાધર્મિક વેપારીને સહાય કરવી. જૈનોમાં આગમયુગથી આ પ્રથા અસ્તિત્વમાં છે. ઉપાસક દશાંગ સૂત્રના પ્રથમ અધ્યયનથી છઠ્ઠી ગાથામાં આનંદ શ્રાવકના ચરિત્રના વિવેચનના રસપ્રદ અંશો જોઈએ.

આનંદ શ્રાવક પોતાની સંપત્તિનો દ્વિગુણા લાભ માટે પ્રયોગ કરતો હતો, અર્થાત્ જરૂરિયાતમંદને દાન આપતો અને વ્યાપારાદિક સહાયક બનતો હતો. આ રીતે તે સાધર્મિકોને સહાયક બનતો હતો. આ રીતે તે શાહુકારી પ્રવૃત્તિ કરતો હતો.

આ અધ્યયનની આઠમી ગાથામાં જણાવ્યું છે કે તે વૈભવશાળી, શ્રેષ્ઠી તેમજ નાનાનાના વેપારીઓને સાથે લઈને વેપાર કરનારો સાર્થવાહ હતો.

જરૂરિયાતવાળા સાધર્મિક પરિવારોને મફત અનાજ-મીઠાઈ અને થોડી રકમ તબીબી કે કેળવણી સહાય માટે આપી સંતોષ માની લેવાથી સાધર્મિકોનું દળદર ફીટતું નથી. તેને પગભર કરવાની યોજનાની જરૂર છે.

જૈનોનાં ટ્રસ્ટોના અબજો રૂપિયા બેંકોમાં થાપણરૂપે પડ્યા છે; જેને બેંકો કતલખાના, માંસનિર્યાત, હિંસક અને કર્માદાનના ધંધાર્થીઓને લોનરૂપે આપે છે. તેની આવકમાંથી બેંક જૈન ટ્રસ્ટોને સાત ટકા વ્યાજ આપે તે આવકમાંથી આપણે ધર્મના સાત ક્ષેત્રોમાં વાપરીએ છીએ, આપણી સાધનશુદ્ધિ ગઈ - પાપના ભાગીદાર બન્યા.

જો ટ્રસ્ટોના પૈસા તબીબી, શિક્ષણ અને ઘર બનાવવામાં રોકવામાં આવે ને તેનું સાધર્મિકો પાસેથી વાજબી વળતર-વ્યાજ લેવામાં આવે તો તે ટ્રસ્ટની આવક પણ જળવાશે અને સાધનશુદ્ધિ જળવાશે તેમજ સાધર્મિકોનું કલ્યાણ થશે.

દરેક રાજ્યમાં જૈનોને પોતાની બેંક હોય અને ટ્રસ્ટો આવાં નાણાં તે બેંકો દ્વારા રોકે તો રોકાણને યોગ્ય સાચી દિશા મળી શકે. આ બેંકો દ્વારા સાધર્મિકોને સ્વરોજગાર માટે સરળતાથી ઓછા વ્યાજે લોન પણ આપી શકાય. કેટલાક શહેરોમાં જૈનો સ્લમ એરિયા - ઝૂંપડપટ્ટીમાં રહે છે, જેમને પોતાનું ઘર લેવા સસ્તા વ્યાજે લોન આપવી તે સાધર્મિક ભક્તિ છે. વળી, ઉચ્ચ શિક્ષણ અને વિદેશમાં જઈ શિક્ષણ લેનાર વિદ્યાર્થીઓને સ્કોલરશીપ કે સસ્તા વ્યાજે લોન આપવી તે સાધર્મિક ભક્તિનું કાર્ય છે.



રાજ્યની પૉલીસીનો અમલ કરવાવાળા I.A.S. ઈન્ડીયન એડમીનીસ્ટ્રેટીવ સર્વિસ કે I.C.S. ઈન્ડીયન સીવીલ સર્વિસ. આવા ઓફીસરો સચિવાલયના સેક્રેટરી કે કલેક્ટર જેવા હોદ્દેદારોના કોર્સ માટે આચાર્ય ભગવંતો પ્રેરિત કેટલીક સંસ્થા લોન સ્કોલરશીપ આપે છે, તે અનુમોદનીય છે.

સરકારી ક્ષેત્રના ઊંચા હોદ્દા પર જૈનો હશે તો ભ્રષ્ટાચાર ઘટશે અને નીતિમત્તવાળો, સ્વચ્છ પારદર્શક વહીવટ દેશને મળશે.

ગીતાર્થ ગુરુભગવંતોના માર્ગદર્શન હેઠળ આપણે સૌ સાંપ્રત પ્રવાહને ઓળખી સાધર્મિકોના ઉત્કર્ષની યોજના બનાવી, જિનશાસનની શ્રમણ સંસ્કૃતિનું રક્ષણ અને સંવર્ધન કરીએ.

**(ગુણવંતભાઈએ સી.એ. સુધી અભ્યાસ કર્યો છે. તેઓ શૈક્ષણિક, ધાર્મિક અને આરોગ્યને લગતી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. તેમના લખેલા અને સંપાદિત થયેલા ૬૦ પુસ્તકો પ્રગટ થયા છે. જ્ઞાનસત્રોના આયોજનમાં રસ લે છે. જૈન વિશ્વકોશ, ગુજરાત વિશ્વકોશ અને જૈન આગમ મીશન સાથે જોડાયેલા છે.)**

૧૧

# જૈન સાહિત્યસર્જન

- ભારતી દીપક મહેતા

જૈન સાહિત્યના નભોમંડળમાં રચનાસાલ ધરાવતી સૌ પ્રથમ જૈન કૃતિ મળે છે સં. ૧૧૮૫ ની, નામે 'ભરતેશ્વર-બાહુબલિ રાસ', જેના કર્તા છે આચાર્યશ્રી શાલિભદ્રસૂરિજી. આની સામે જૈનેતર પ્રથમ કૃતિ મળે છે સં. ૧૩૭૧ ની, નામે 'હંસાઉલી', જેના કર્તા છે અસાઈત. ઈતિહાસ કહે છે તેમ જૈન સાહિત્ય ૯૮% શ્રમણ-શ્રમણીજી ભગવંતોએ તથા ફક્ત ૨% શ્રાવકોએ રચેલું મળે છે.

મધ્યકાલીન સાહિત્યમાં ૧૬૦૦ કર્તાઓની નામાવલિ મળે છે અને જૈનેતર કર્તાઓની સંખ્યા માત્ર ૫૦૦ મળે છે. ૧૧ મી થી ૧૮ મી સદી વચ્ચે જૈનેતર કૃતિઓ જે ૭૫૦ મળે છે, તેની સામે જૈન કર્તાઓની ૧૮૦૦ કૃતિઓ આજે પ્રાપ્ય છે એના કારણો છે : જૈનસંઘોની આર્થિક સંપન્નતા, આગમશાસ્ત્રો તથા અન્ય સાહિત્યસ્વરૂપો ઉપરની અજોડ પ્રીતિ, ગ્રંથ સાચવણીની સૂઝ તથા હસ્તપ્રતોની સંચયકળા. ૨૦૦ સંચયોમાંથી આજે પાટણના સંચયમાં ૨૦,૦૦૦ પ્રતો, ફાર્બસ



સંચયમાં ૧૫૦૦ તથા ગુજરાતી વિદ્યાશાખામાં ૧૦૦૦ પ્રતો મળે છે.

જૈન સર્જકો હંમેશાં વિશિષ્ટ શ્રેણીના ત્યાગી, સંયમી, તપસ્વી, પરોપકારી સાધુ મહાત્માઓ હોવાના કારણે વાચના-પૃચ્છના-પરાવર્તના-અનુપ્રેક્ષાથી મંજાઈને જે સર્જન થાય છે, તે અજોડ બની રહે છે. યશ-નામ-કીર્તિ-ધન કમાવાની લાલચ વિના અને આત્મકલ્યાણ તથા પરહિતચિંતા સાધી મોક્ષપ્રાપ્તિનો જ હેતુ હોવાથી તે ઉત્તમ સર્જકો દ્વારા ને વિશિષ્ટ કોટિનું સાહિત્ય સર્જાઈ શકાયું છે.

જૈન સાહિત્ય મુખ્યત્વે ચાર સ્વરૂપ કે પ્રકારોમાં વિભાજિત મળતું આવ્યું છે : પૌરાણિક (તીર્થંકરોના ચરિત્રો), ચરિતાત્મક (મહાપુરુષો તથા સતીઓના ચરિત્રવર્ણનો), લોકકથાત્મક (પાદલિપ્તાચાર્યની 'તરંગલોલા', આ.હરિભદ્રસૂરિજીની 'સમરાઈચ્ચકહા') તથા સંગ્રહરૂપ (પ્રબોધ ચિંતામણિ, કથા બત્રીસી, ઉપદેશમાલા, ત્રિષષ્ઠિ શલાકાપુરુષ આદિ). ગઈકાલના સાહિત્યસ્વરૂપોમાં પ્રવેશ કરી તેમાં વૈવિધ્ય જોઈએ તો : ફાગુ, બારમાસા, પદ, કવિતા, ગઝલો, પવાડો, છંદરચના, હરિયાળી, ગીતાકાવ્યો, પૂજા સાહિત્ય, હોરીપદો, રાસ, હાલરડાં વગેરેમાં સર્જન થયેલા જોવા મળ્યા છે.

પૂર્વના વૈદિક, જૈન અને બૌદ્ધ - એમ ભારતના આર્યધર્મની મુખ્ય ૩ શાખાઓના સમકાલીન સાહિત્યની તુલના કરીએ તો : સંસ્કૃત-અપભ્રંશ-પ્રાકૃત-અર્ધમાગધી-જૂની ગુજરાતી આદિ ભાષામાં જૈન સાહિત્ય તથા વ્યાકરણ રચાયું, જેમાં મુખ્યત્વે વિષયો હતા : ૪૫ આગમો, ષડ્દર્શન તુલનાત્મક અભ્યાસ, ૬૩ શલાકાપુરુષોનું જીવનચરિત્ર, કાળચક્ર ગણના, ૪ ગતિ, ફિરકા-ગચ્છ પરિચય,શંત્રુજયતીર્થના ૧૬ ઉદ્ધારો, શ્રાવકના ૧૨ વ્રતો, તપના ૧૨ ભેદ, ૭ ક્ષેત્ર, તીર્થયાત્રાનું માહાત્મ્ય, ૮ કર્મની પ્રકૃતિ, ૯ પુણ્યબંધ તથા ૧૮ પાપસ્થાનકો, કાયોત્સર્ગ, નમસ્કાર મહામંત્રનો મહિમા, ૯ તત્ત્વો, ૬ લેશ્યા, ૧૨ દેવલોક, ૭

નરક, ૪ કષાયો, ૪ સંજ્ઞા, પંચાચાર, શ્રાવકના ૧૪ નિયમો, યોગ, કાયોત્સર્ગ, જીવના ૫૬૩ ભેદ, તત્ત્વત્રયી-રત્નત્રયી, અહિંસા, અનેકાંતાદિ.

આમ, પૂર્વે વિષયોમાં મૂળ અને મુખ્ય તત્ત્વચિંતન રહેતું... હવે આજે શિલ્પકળા, ચિત્રકળા, સંગીતકળા, સ્થાપત્યકળા આદિ વિષયો તરીકે તેમાં ઉમેરાયા છે તથા અંગ્રેજી ભાષામાં તેના અનુવાદો પણ થઈ રહ્યા છે. ઓનલાઈન મળતા સાહિત્યનું પ્રમાણ પણ આજે વધ્યું છે. આજના સાહિત્યસર્જનની વાત કરીએ તો : આચારમાં અહિંસા, જીવનમાં અપરિગ્રહ, વિચારમાં અનેકાંત અને હૃદયમાં ક્ષમાપના એવા સાત્ત્વિક જીવનના સિદ્ધાંતોને લઈને પ્રભુવીરના ભેખધારી અનેકાનેક મહાત્માઓએ છેલ્લા ૧૦૦ વર્ષમાં પણ સાહિત્યનું સુંદર સર્જન કર્યું છે.

'આ પડતાં કાળે આપણને ધારી રાખે, તે ધર્મ જ છે' એમ સમજાવનાર અને 'સુખ પદાર્થમાં નહીં, ધર્મમાં - આત્મામાં છે' એમ લખનાર અનેક સર્જકોના આપણે આજે ઋણી છીએ, જેઓએ આપણને મોક્ષપથ ઉપર અદ્યપિ ચાલતા રાખ્યા છે. આત્મવિષયક તત્ત્વચિંતનથી ભર્યા-ભર્યા રાખનાર આવા સર્જકો આ યુગમાં ઓછા જરૂર છે, કિન્તુ જેઓ છે તેઓએ કર્મ, ભક્તિ અને યોગમાર્ગે ખેડાણ કર્યું જ છે.

આગમોદ્ધારક, ૧૪ ભાષાના જાણકાર પૂજ્ય જંબુવિજયજી સમીપે જાપાન વગેરે દેશોથી યુરોપિયન વિદ્વાનોએ આવીને કરેલ અભ્યાસ હજુ પણ આજે સૌ સ્મરે છે. આગમોના સારનો ગુજરાતીમાં ભાવાનુવાદ વગેરે દિશાઓ પણ આજે ખૂલી છે, કેમકે આ યુગ માને છે કે સાહિત્યે પણ પ્રજાકીય અને રાષ્ટ્રીય હિત જોવા પડશે. જૈન તત્ત્વજ્ઞાન ઉપર થતાં સીમ્પોઝીયમ્સ, કોન્ફરન્સીસ, જૈન કલ્ચર એન્ડ લીટરેચર સમા યુનિવર્સિટીમાં થતાં કોર્સમાં નવયુવાનોની રુચિ, શક્તિ અને પ્રવૃત્તિ



જોતાં શ્રદ્ધા છે કે આવતીકાલે પણ જૈન સાહિત્યનું દસ્તાવેજી મૂલ્ય અમૂલ્ય જ રહેશે. હવે તો ભસ્મગ્રહની અસર પણ ઊતરી ગઈ છે તથા જે શાસન ૨૧,૦૦૦ વર્ષ પર્યંત ચાલવાનું છે, તેમાં સ્વાધ્યાય જ સંજીવની બની રહેનાર છે. પોતાની ૨૨૪ રોજનીશીઓમાં ઉત્તમોત્તમ અનુપ્રેક્ષાઓ લખીને સૌથી મહત્તમ ઉપકાર કરી ગયા છે એવા ૪૦ વર્ષ પૂર્વે કાળધર્મ પામનાર પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજીની 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' નામે ૫૦ થી અધિક ગ્રંથોની શ્રેણી અત્યારે પ્રકાશિત થઈ રહી છે, તે આ વાતની સાક્ષી પૂરે છે.

જૈન સાહિત્યનો ઈતિહાસ રત્નાકર સમ અગાધ-વિશાળ અને હિમાલય સમાન ઉન્નત છે. આજે ક્યાંક તે સ્થિતિ નિમ્ન બનેલી પણ ભાસે છે. તેની ઊંચાઈ અને ઊંડાઈ ઘટતી જોઈને એવું લાગે છે કે જાણે બહુશ્રુતપણાની એ ગંગા હવે આજે ક્યાંક-ક્યાંક માત્ર ગંગોત્રી બની છે, તો બીજી બાજુ 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' કે 'યશોલતા' જેવા ય ઉદાહરણો છે !

૧૮ મી સદીના પંડિત ધર્મદત્ત ઝા દ્વારા સંસ્કૃતમાં લિખિત 'ગૂઢાર્થ તત્ત્વાલોક', જે મૂળ ગ્રંથ ફક્ત ૪૧ પાનાનો અને ૯૦૦ શ્લોક ધરાવતો છે, તેનું વિવેચન આચાર્ય પૂજ્ય યશોવિજયજીના માત્ર ૨૧ વર્ષના શિષ્ય મહાત્મા ભક્તિયશવિજયજીએ ૪૫૦૦ પાના તથા ૯૦,૦૦૦ શ્લોકમાં કર્યું છે. આ વ્યાખ્યા ગ્રંથ 'યશોલતા' માત્ર ૩ વર્ષમાં રચાયો છે. તર્કશાસ્ત્ર જેવા ગહન શાસ્ત્રનું જ્ઞાન સંપાદન કરી ૧૪ ભાગમાં વિસ્તરિત આ ગ્રંથનું સર્જન આપણા આશાદીપમાં ઘૃતનું (ઘી નું) કામ કરે છે.

પત્રસાહિત્ય - ગદ્ય - પદ્ય - નિબંધ - કવિતા વગેરે સર્જનો થકી જૈન સંઘની શ્રુતભક્તિ આજે પણ પ્રશસ્ય રહી છે. આધુનિક યુવાનોની વિચારસરણી એવી છે કે ગુણીજનોએ દયા-અહિંસા-સંયમ-બ્રહ્મચર્ય-તપ-ત્યાગ, આ બધા ગુણોની સંગાથે

સમય સાથે ચાલતાં યે શીખવું જ પડશે. નૂતન પેઢી ખૂબ સાલસ, સરળ, નિખાલસ અને બુદ્ધિવંત છે. અંગ્રેજી સિવાયની ભાષામાં તેને સમજ પાડવી અઘરી બનતી જાય છે, તો શ્રી સંઘના ચારે સ્તંભોએ અંગ્રેજી બોલતાં-લખતાં-સમજતાં-શીખવું જ પડશે, નહીંતર આ નવી પેઢીનો જીવનરાહ અવળે ફાંટે ફંટાશે એમ ઘણાને લાગે છે. જોકે આજે દીક્ષાઓ વધી છે, જ્ઞાનોપાર્જન વધ્યું છે છતાં હવે સાહિત્ય સર્જનની ભાત પહેલા જેવી રહી નથી, એવો ય એક મત છે. દરેક સાધકે પોતાનું સ્વરૂપ તૈયાર થાય ત્યાં સુધી સુગુરુની અંગુલિ પકડીને સત્સાહિત્યની શ્રેણીને પગથિયે ચડતાં જવાનું જ છે... તે પછી જ એક એવી શૂન્યતાની પૂર્ણતાની શક્યતા આવે છે કે ઊર્ધ્વચેતના સ્વયં સાહિત્ય બની તે આત્મા થકી અવતરિત થાય છે જ. આજે શતાવધાનના પ્રયોગો વધ્યા છે. પાશ્ચાત્ય દેશોમાં પણ તત્ત્વની ભૂખ ઉઘડી છે. આવતીકાલે તત્ત્વજ્ઞાનીઓ કરતાં વધુ સરળ રીતે ત્યાં પહોંચી શકશે કિન્ડલ અને વર્લ્ડવાઈડ વેબપોર્ટલ. આપણી આવતી કાલ જ્ઞાનક્ષેત્રે વધુ ક્રાંતિ લાવશે. તે ઈલેક્ટ્રોનિક યુગને પણ ભવિજનો અવશ્ય માણશે, વધાવશે તથા લેખિત મૂળ તત્ત્વોને સાચવવાની પદ્ધતિને ય આવકારશે, એ વાત નિઃશંક છે કેમકે આ સંસ્કૃતિ ટકી રહેશે સાહિત્યથી જ. આવતી કાલના યુગમાં પણ અભ્યાસનું ગ્રહણ, મનન, નિદિધ્યાસન કર્યા પછી સંપૂર્ણ સ્વાધ્યાય કરીને તેમાંથી તોલન-પદ્ધતિપૂર્વક સામાન્ય અને વિશેષ તત્ત્વોને તારવીને પછી નિયમન-પદ્ધતિ એટલે કે સ્વતંત્ર રીતે વસ્તુના મૂળ સ્વરૂપમાંથી જ પ્રસ્તુત વિષયમાં સિદ્ધાંતો ઘડવાની પદ્ધતિ, જેને અનુસરવાથી તાત્ત્વિક અને આકસ્મિક અંશનો ભેદ પાડી શકાય... એ અપનાવાઈ રહી જ છે. યોગ્ય અધિકાર મેળવી શ્રુતસર્જન કરાશે તો ફરીથી એ 'હેમયુગ' અવતારવો અઘરો નહીં બને !



ઉચ્ચ બુદ્ધિઆંક ધરાવતા ને નીચો શ્રદ્ધાઆંક ધરાવતા હવે પછીની પેઢીની સાહિત્યની ખીલવણી માટે મૂળ વિચારક બનવું જરૂરી છે, જેને માટે નૂતન જીવજાતિ તૈયાર તો છે જ પણ કેળવણી અર્પવા માટે આપણે એટલે કે આગલી પેઢીએ તૈયાર થવું જ રહ્યું. અતિ માનસની ચેતના જ્યારે માનવચેતનામાં પ્રવેશીને પ્રગટે છે, તો એ પ્રગતિમાં સાહિત્યનું મંથન બહુ મોટો ભાગ ભજવતું હોય છે. આપણું કર્તવ્ય છે આ સાત્ત્વિક-તાત્ત્વિક-સાહિત્યિક ધારાને સાચી ગતિ મળતી જ રહે.

આપણા પ્રાચીન વારસાની ધરોહર મળે છે સાહિત્યમાંથી. કાળ શાશ્વત છે અને દરેક કાળમાં સાહિત્યની અનાહૂત સહાય પણ શાશ્વત રહેવાની જ છે. સાહિત્યનું સાતત્ય સનાતન સત્ય ઉપર નભતું હોવાથી હું માનું છું કે સાહિત્યની ગઈકાલ-આજ-આવતીકાલ સુદૃઢ હતી-છે-રહેશે.

**(રાજકોટ સ્થિત જૈનદર્શનના અભ્યાસુ ભારતીબહેનના ચાર પુસ્તકો પ્રગટ થયા છે. હાલમાં તેઓ 'હસ્તાક્ષર' અંતર્ગત પૂ. શ્રી ભદ્રંકર વિજયજીના સાહિત્યના સંપાદન-પ્રકાશનનું સુંદર કાર્ય કરી રહ્યા છે.)**

| ૧૨ |
|---|

# જૈન પરંપરા

- મિતેશભાઈ એ. શાહ

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ જૈનદર્શન અંગે પ્રતિપાદન કર્યું છે, ''જૈનના અક્કેકા પવિત્ર સિદ્ધાંત પર વિચાર કરતાં આયુષ્ય પૂર્ણ થાય, તોપણ પાર પામીએ નહીં તેમ રહ્યું છે. બાકીના સઘળા ધર્મમતોના વિચાર જિનપ્રણીત વચનામૃતસિંધુ આગળ એક બિંદુરૂપ પણ નથી. એક વિષયને અનંત ભેદે પરિપૂર્ણ કહેનાર તે જૈનદર્શન છે. પ્રયોજનભૂત તત્ત્વ એના જેવું ક્યાંય નથી. એક દેહમાં બે આત્મા નથી; તેમ આખી સૃષ્ટિમાં બે જૈન એટલે જૈનની તુલ્ય એક્કે દર્શન નથી.''

जिनस्य उपासक: जैन: । અર્થાત્ જિનના ઉપાસકને જૈન કહે છે. આમ, જૈન એ ગુણવાચક શબ્દ છે. જૈન ધર્મ અનાદિકાળથી ચાલ્યો આવે છે અને અનંત કાળ સુધી રહેશે. અઢી દ્વીપમાં ૫ ભરત, ૫ ઐરાવત અને ૧૬૦ વિદેહક્ષેત્રોમાં તીર્થંકરો થતાં રહે છે. વર્તમાન ચોવીશીના અંતિમ તીર્થંકર શ્રી મહાવીર ભગવાન નિર્વાણ પધાર્યા ત્યારે ચોથા આરાનો ૩ વર્ષ અને ૮.૫ મહિનાનો સમય બાકી



હતો. મૂળ પરંપરા (દિગંબર આમ્નાય) ના સંદર્ભમાં આપણે જૈનધર્મની ગઈકાલ વિચારીશું.

ભગવાન મહાવીરના નિર્વાણ બાદ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં કોઈ તીર્થંકર થયા નહીં, પરંતુ કેવળી, શ્રુતકેવળી, આચાર્ય વગેરે મહાપુરુષો થઈ ગયા, જેઓએ જિનશાસનને આગળ ધપાવ્યું.

(૧) ત્રણ અનુબદ્ધ કેવળી :- ભગવાન મહાવીરના નિર્વાણ બાદ શ્રી ગૌતમસ્વામી (૧૨ વર્ષ), શ્રી સુધર્માસ્વામી (૧૨ વર્ષ) અને શ્રી જંબુસ્વામી (૩૮ વર્ષ) ત્રણ કેવળી થયા.

(૨) પાંચ શ્રુતકેવળી :- દ્વાદશાંગરૂપ સમસ્ત શ્રુતને જાણનારા મહામુનિઓને શ્રુતકેવળી કહે છે. ત્રણ કેવળી બાદ ૧૦૦ વર્ષમાં વિષ્ણુકુમાર, નંદિમિત્ર, અપરાજિત ગોવર્ધન અને ભદ્રબાહુ નામના પાંચ શ્રુતકેવળી થઈ ગયા. અહીં સુધી જ્ઞાનપ્રવાહ અવિરત ચાલતો રહ્યો અને ત્યારબાદ આચાર્યોની સ્મૃતિ ક્ષીણ થવા લાગી.

(૩) ૧૧ અંગ - ૧૦ પૂર્વધારી :- ત્યારબાદ ૧૮૩ વર્ષમાં વિશાખાચાર્ય, પ્રોષ્ઠિલાચાર્ય, ક્ષત્રિય, જયસેન, નાગસેન, સિદ્ધાર્થ, ઘૃતિષેણ, વિજય, બુદ્ધિલિંગ, ગંગદેવ અને ધર્મસેન નામના ૧૧ આચાર્ય ૧૧ અંગ - ૧૦ પૂર્વધારી થઈ ગયા.

(૪) ૧૧ અંગધારી આચાર્ય :- ત્યારબાદ ૨૨૦ વર્ષમાં નક્ષત્ર, જયપાલ, પાંડુ ધ્રુવસેન અને કંસાચાર્ય નામના પાંચ મુનિઓ થયા, જેઓને ૧૧ અંગનું જ્ઞાન હતું.

(૫) આચારાંગધારી :- સુભદ્રાચાર્ય, યશોભદ્ર, યશોબાહુ અને લોહાચાર્ય નામના ચાર આચાર્ય એક અંગ (આચારાંગ) ના ધારક હતા. (૧૧૮ વર્ષ)

ત્યારબાદ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં કોઈપણ આચાર્ય અંગ-પૂર્વના ધારક થયા નહીં; તેમના અંશોના જાણનાર થયા. ગુણધર, વિનયદત્ત, શ્રીદત્ત,

શિવદત્ત,અર્હદત્ત, અર્હદ્બલિ, માઘનંદિ અને ધરસેન વગેરે આચાર્યો થઈ ગયા; જેઓ ક્ષીણ અંગના ધારક હતા. આ અવધિ સુધી કોઈ શાસ્ત્ર લિપિબદ્ધ થયા નહોતા. શ્રી ધરસેનાચાર્યે વિચાર્યું કે મુનિઓની સ્મૃતિ ક્ષીણ થવા લાગી છે અને આ પ્રકારે શ્રુતનો લોપ થઈ જશે. ધરસેનાચાર્યે સાધુ સંમેલન બોલાવી પુષ્પદંત અને ભૂતબલિ નામના બે વિદ્વાન શિષ્યોને પસંદ કર્યા. બન્ને શિષ્યોએ મળીને મહાન સિદ્ધાંત ગ્રંથ 'ષટ્ ખંડાગમ' ની રચના કરી. ઈ.સ. ૧૫૬ માં જેઠ શુક્લ પાંચમના દિવસે ચતુર્વિધ સંઘ અને દેવોએ આ ગ્રંથની પૂજા કરી. આ તિથિ જૈનોમાં 'શ્રુતપંચમી' ના નામે પ્રસિદ્ધ થઈ.

ત્યારબાદ અનેક મહાન આચાર્યો થઈ ગયા; જેમાં મુખ્ય છે - શ્રી કુંદકુંદાચાર્ય, શ્રી ઉમાસ્વામી, શ્રી સમંતભદ્ર, શ્રી પૂજ્યપાદ સ્વામી, શ્રી યોગીન્દુ દેવ, શ્રી માનતુંગાચાર્ય, શ્રી અકલંક, શ્રી રવિષેણ, શ્રી જિનસેન, શ્રી વિદ્યાનંદી, શ્રી વીરસેના વગેરે.

૧૨ થી ૧૬ સદી દરમિયાન ભટ્ટારક પરંપરા ચાલી. ભટ્ટારકો પરિગ્રહ રાખતા. શાસ્ત્રરક્ષા અને તીર્થરક્ષા તેઓએ કરી. ૧૬ મી સદીમાં દિગંબરમાં તેરાપંથ અને વીસપંથ અલગ પડ્યા. ત્યારબાદ તારણપંથ, કહાનપંથ અસ્તિત્વમાં આવ્યા. ૧૩ થી ૧૯ મી સદી દરમિયાન દિગંબર મુનિઓનો અભાવ રહ્યો. વીસમી સદીના પ્રારંભમાં ચારિત્ર ચક્રવર્તી આચાર્ય શાંતિસાગરજી ''દક્ષિણ'', આચાર્ય શાંતિસાગરજી ''છાણી'' તથા આચાર્ય આદિસાગરજીએ દિગંબર મુનિરાજોની પરંપરાને આગળ વધારી.

અંતિમ શ્રુતકેવળી ભદ્રબાહુસ્વામીએ નિમિત્તજ્ઞાનથી જાણ્યું કે ૧૨ વર્ષ દુકાળ પડવાનો છે. એટલે ઉજ્જૈન છોડી સંઘ સાથે દક્ષિણ ભારત તરફ વિહાર કર્યો. કેટલાક સાધુઓ સ્થૂલિભદ્ર આચાર્ય સાથે ઉત્તર ભારતમાં રહ્યા. સ્થાનિક



પરિસ્થિતિઓથી પીડિત તે સાધુઓએ વસ્ત્ર, પાત્ર આદિ અંગીકાર કર્યા. આમ, સાધુસંઘમાં બે ભેદ પડી ગયા. વસ્ત્ર, પાત્ર રાખનારા સાધુઓ શ્વેતાંબર અને વસ્ત્ર વિનાના સાધુઓ દિગંબર તરીકે ઓળખાયા. આમ, જૈનસમાજ શ્વેતાંબર અને દિગંબર સંપ્રદાયમાં વહેંચાઈ ગયો. આગળ જતા લોકાશાહ મુનિએ સ્થાનકવાસી સંપ્રદાયની સ્થાપના કરી. તેમાંથી તેરાપંથી સંપ્રદાય અસ્તિત્વમાં આવ્યો.

આજે તો અનેક સંપ્રદાય અને પેટાસંપ્રદાયોમાં જૈનસમાજ વિભક્ત થઈ ગયો છે. આજે પરંપરાપોષક આચાર્યો, મુનિઓ, ભટ્ટારકો, જ્ઞાનીઓ અને સંતો જિનશાસનની પ્રભાવના કરી રહ્યા છે. શ્વેતાંબર સંપ્રદાયમાં પણ શ્રી હરિભદ્રસૂરિ, શ્રી હેમચંદ્રાચાર્ય, શ્રી આનંદઘનજી મહારાજ વગેરે અનેક મહાપુરુષો થઈ ગયા. વર્તમાનમાં ઘણી જગ્યાએ જિનશાસનમાં મતાગ્રહ, હઠાગ્રહ, કદાગ્રહો વધી ગયેલા જોવા મળે છે. શ્રી શાંતિભાઈ શાહે વર્તમાનના મતભેદ અંગે વ્યથા વ્યક્ત કરી છેઃ-

''એક કહે હું શ્વેતાંબર, બીજો કહે દિગંબર,
સ્થાનકવાસી તેરાપંથી કેટકેટલું અંતર ?
જુદી ક્રિયાઓ, સૂત્રો જુદા, અનુમાનો પણ નોખાં
એમ જ લાગે જાણે સહુના મહાવીર નોખાં નોખાં.''

શ્રી આનંદઘનજી મહારાજ એક સ્તવનમાં કહે છે,

''ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે;
ઉદરભરણાદિ નિજ કાજ કરતાં થકાં, મોહ નડિયા કલિકાલ રાજે.''

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી 'આત્મસિદ્ધિશાસ્ત્ર' માં જણાવે છે,

''ગચ્છ મતની જે કલ્પના, તે નહિ સદ્વ્યવહાર;
ભાન નહીં નિજ રૂપનું, તે નિશ્ચય નહિ સાર.''

આ ઉપરાંત તેઓશ્રી જણાવે છે, ''મહાવીર ભગવંતના શાસનમાં બહુ મતમતાંતર પડી ગયા છે. ચાલતા મતના પ્રકારની વાત કાને પડે છે કે હૃદયને વિષે મૃત્યુથી અધિક વેદના થાય છે. જીવને જ્યાં સુધી સંતનો જોગ ન થાય ત્યાં સુધી મતમતાંતરમાં મધ્યસ્થ રહેવું યોગ્ય છે. જીવે સર્વ પ્રકારના મતમતાંતરનો, કુળધર્મનો, લોકસંજ્ઞારૂપ ધર્મનો, ઓઘસંજ્ઞારૂપ ધર્મનો ઉદાસભાવ તજી એક આત્મવિચાર કર્ત્તવ્યરૂપ ધર્મ ભજવો યોગ્ય છે. સર્વજ્ઞ ભગવાનનું કહેલું ગુપ્ત તત્ત્વ પ્રમાદસ્થિતિમાં આવી પડ્યું છે, તેને પ્રકાશિત કરવા તથા પૂર્વાચાર્યોના ગૂંથેલા મહાન શાસ્ત્રો એકત્ર કરવા, પડેલા ગચ્છના મતમતાંતરને ટાળવા તેમજ ધર્મવિદ્યાને પ્રફુલ્લિત કરવા એક મહાન સમાજ સદાચરણી શ્રીમંત અને ધીમંત બન્નેએ મળીને સ્થાપન કરવાની અવશ્ય છે એમ દર્શાવું છું. પવિત્ર સ્યાદ્વાદમતનું ઢંકાયેલું તત્ત્વ પ્રસિદ્ધિમાં આણવા જ્યાં સુધી પ્રયોજન નથી, ત્યાં સુધી શાસનની ઉન્નતિ પણ નથી.''

માર્ગપ્રાપ્તિના પંથ અલગ હોય, માન્યતા અલગ હોય પણ મનભેદ તો જ ન રાખીએ. વર્તમાનમાં જૈન ધર્મના સમસ્ત ફિરકાઓએ એક થવાની જરૂર છે અને સમસ્ત વિશ્વમાં અહિંસા, અનેકાંત, અપરિગ્રહ વગેરે અનેક જૈનદર્શનના મહાન સિદ્ધાંતોનો પ્રસાર કરવાની જરૂર છે. આપણે એકબીજાની સદ્ભાવનાઓનો આદર કરીએ, પરસ્પર મૈત્રીભાવ રાખીએ, એકાંતને છોડીને અનેકાંતને અપનાવીએ અને ભગવાન મહાવીરે કહેલા જિનદર્શનના મૂળભૂત સિદ્ધાંતોને અપનાવીશું તો જૈનધર્મની આવતીકાલ ઉજ્જવળ બનશે. આપણે સૌ આ માટે પ્રયત્ન કરીએ તેવી મંગલ કામના.

**(અમદાવાદ સ્થિત જૈનધર્મના અભ્યાસુ મિતેશભાઈ 'દિવ્યધ્વનિ' ના તંત્રી છે. તેમના લેખો સામયિકો અને વર્તમાનપત્રોમાં અવારનવાર પ્રસિદ્ધ થાય છે.)**

સંદર્ભ ગ્રંથ :-
(१) जैन धर्म जानिए, लेखक और संकलनकर्ता : शेखर चन्द्र जैन



૧૩

# જૈન ધર્મમાં તપ

- ડૉ. ઉત્પલા મોદી

કર્મોને તપાવે તે તપ. અનાદિકાળથી આત્મા પર લાગેલા કર્મોની નિર્જરા કરવા માટે તપ એક ઉત્કૃષ્ટ સાધન છે. ભગવાન ઋષભદેવથી શરૂ કરીને પ્રભુ મહાવીર સુધીના તમામ તીર્થંકરોએ તો સાધના કરી અને મુક્તિ મેળવી છે. ભૂતકાળમાં અનેક સાધુ ભગવંતો, અનેક સાધ્વીજી, શ્રાવક અને શ્રાવિકાઓ પોતાના જીવનમાં બાહ્ય-આભ્યંતર તપની શૃંખલા રચી હતી તે આગમગ્રંથો અને જૈન કથાનકોમાંથી આપણે જાણી શકીએ છીએ.

ઈતિહાસમાં અનેક સંલેખના તપ થયા તે પણ સુવર્ણ અક્ષરે અંકિત છે. આવા મહાન તપસ્વીઓની પ્રેરણાથી વર્તમાનમાં ખૂબજ સારી રીતે જૈન શાસનમાં તપશ્ચર્યા થઈ રહી છે.

વર્તમાનકાળમાં પણ ઘોર તપ કરનારા અનેક ભવ્ય જીવો છે. પ્રફુલ્લચંદ્ર વરજીવનદાસ બખાઈએ પણ ઘણી ઉગ્ર તપશ્ચર્યા કરેલ છે અને કરી રહ્યા છે. ચાર ઉપવાસથી લઈને ૪૫૧ સુધી ઉપવાસ કરેલ છે. વરસીતપ, આયંબિલ, ચોમાસીતપ, દોઢમાસી તપ, ૨૪ તીર્થંકરનું તપ, સિદ્ધિતપ, રજોહરણ તપ, ધર્મચક્ર

તપ, પરદેશી રાજાના છટ્ઠનું તપ, ઉત્કૃષ્ટ ગણધરતપ, શંત્રુજય તપ, સ્વસ્તિક તપ કરેલ છે. અત્યારે પણ તપશ્ચર્યા ચાલુ જ છે. પ.પૂ. સહજ મુનિ મહારાજ સાહેબે ૨૦૧, ૩૦૧ અને ૩૬૫ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા કરેલ છે. હાલ દેવગતિ-કાળધર્મ પામ્યા છે.પ.પૂ. શાલિભદ્ર મુનિ મ.સા. પણ મોટા તપસ્વી છે. પ.પૂ. મોહનમાલાજી મહાસતીજીએ ૨૫૧ ઉપવાસ કરેલ છે. હીરા રતન માણેકે ૧૦૧ થી વધુ ઉપવાસ કરેલ છે. કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજના શિષ્ય હંસરત્નવિજયજી મહારાજ સાહેબે ૨૦૦ થી વધુ ઉગ્ર તપશ્ચર્યા કરેલ છે. સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુના શિલ્પ તપસમ્રાટ શ્રી રતિલાલ મહારાજશ્રીએ ૧૩ વર્ષ સુધી એકાંતરા આયંબિલ અને એકાંતરા ઉપવાસના વરસીતપ કરેલ છે અને પારણામાં માત્ર છાશની પરાશ લઈને ઘોર તપશ્ચર્યા કરેલ છે. આ કાળમાં નાના નાના બાળકો ચાર વર્ષના, આઠ વર્ષના પણ અઠ્ઠાઈ અને તેથી વધુ ઉપવાસની તપશ્ચર્યા કરે છે. પારસમુનિશ્રીએ પણ ૫૦ વરસીતપની તપશ્ચર્યા કરેલ.

અનશનમાં અલ્પ સમયથી શરૂ કરીને લાંબા દિવસો અથવા યાવત્ જીવનપર્યંત આહારનો ત્યાગ કરવામાં આવે છે. ઉણોદરી (ભૂખથી ઓછો આહાર લેવો) તે તપ છે. ઊણોદરી તપથી શરીરમાં સ્ફૂર્તિ આવે છે. પરિણામે સંયમમાં અપ્રમત્તતા, અલ્પનિદ્રા, સંતોષ વગેરે ગુણોનો લાભ થવાથી સ્વાધ્યાય આદિ સઘળી સાધના સુખપૂર્વક સારી રીતે થાય છે. ઉણોદરી તપ સંયમની રક્ષા આદિ માટે અતિશય આવશ્યક છે. આહારની લાલસાને ઓછી કરવા માટે અમુક પ્રકારનો જ આહાર લેવો એ પ્રમાણે આહારનું નિયમન કરવું તે વૃત્તિસંક્ષેપ તપ છે. ભોજનમાં ઘણા દ્રવ્યોમાંથી ૫/૧૦/૧૫/૨૦/૨૫ દ્રવ્યોની મર્યાદા કરવી, મારે આટલા જ દ્રવ્યો વાપરવા તે વૃત્તિસંક્ષેપ તપ છે.વર્તમાન સમયમાં ઘણા શ્રાવક-શ્રાવિકાઓ આ વ્રતનું પાલન કરે છે. વૈયાવૃત્યમાં સાધુ-સાધ્વીઓને સંયમ-નિર્વાહમાં કોઈપણ પ્રકારની પ્રતિકૂળતા ન રહે તે રીતે તમામ સેવા કરીને પણ સંયમયાત્રા સુખેથી કરી



શકે તે રીતે ભક્તિ કરવી. સ્વાધ્યાયનો મુખ્ય ધ્યેય જ્ઞાનપ્રાપ્તિ અને કર્મનિર્જરા છે. સ્વાધ્યાય એ અનંત કર્મની નિર્જરા કરાવનાર છે. એના વડે જ તપની પૂર્તિ થાય છે. માટે અરિહંતોએ સ્વાધ્યાયને સર્વોત્કૃષ્ટ તપ કહેલ છે. સર્વજ્ઞ પરમાત્માએ પ્રરૂપેલ બાર પ્રકારના તપમાં સ્વાધ્યાય જેવું કોઈ તપ છે પણ નહીં અને થશે પણ નહીં. બધા મોક્ષગામી જીવો બારેય પ્રકારના તપનું આચરણ કરે તે જરૂરી નથી, પણ ધ્યાન તપ બધા મોક્ષગામી જીવોને હોય જ છે. આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન આત્મા માટે અહિતકારી છે, માટે તેને તજી દેવા. ધર્મધ્યાન અને શુક્લધ્યાન આત્માને માટે હિતકારી છે, માટે તેના સ્વરૂપને સમજીને જીવનમાં તે ધ્યાન કરવાનો પુરુષાર્થ કરવો જરૂરી છે. ધ્યાન એટલે ચિત્તની એકાગ્રતા. ઠેર ઠેર ધ્યાનની શિબિરો યોજાય છે, જે એકાગ્ર થવાનો અભ્યાસ કેળવવામાં મદદરૂપ થાય છે.

આવતીકાલ એટલે કે ભવિષ્યમાં પણ તપની શૃંખલા ચાલુ રહેશે જ. તેના માટે વર્તમાનમાં અથાગ પરિશ્રમની જરૂર છે. પાઠશાળામાં, જૈનશાળામાં, મહિલામંડળમાં, વ્યાખ્યાનો વગેરેમાં તપની સમજ આપવામાં આવે તો ચોક્કસપણે ભવિષ્યમાં પણ તપશ્ચર્યા વધુ ને વધુ થશે. અવારનવાર ઉપધાન તપ, શિબિરો, જ્ઞાનસત્ર, સેમિનારો યોજાય છે, જેમાં વધુને વધુ વિષયોનું જ્ઞાન અને સાચી સમજ આપવામાં આવે છે અને આપશે તો આવતીકાલ એટલે કે ભવિષ્યમાં પણ તપની મહત્તા સમજીને જૈન શ્રાવક, શ્રાવિકાઓ, સાધુ, સાધ્વીઓને તપ કરવાની પ્રેરણા મળશે અને તપ કરશે. જે સંસ્કારના બીજ અત્યારે વાવવામાં આવશે તે જરૂર ભવિષ્યમાં અંકુર ફૂટીને વટવૃક્ષ બનશે.

**(ડૉ. ઉત્પલાબહેને M.A. Ph.D. સુધી અભ્યાસ કર્યો છે. તેઓ સોમાની ભવન્સ કોલેજના ફિલોસોફીના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ છે. તેઓનાં ત્રણ પુસ્તકો પ્રગટ થયા છે.)**

# ૧૪ જૈનમંદિરોના સ્થાપત્યની રચનાઓ : અતીત, આજ અને ભવિષ્યના સંદર્ભે

- ડૉ. રેણુકા પોરવાલ

વિષયપ્રવેશ :-

દેરાસરોને સ્થાપિત કરનાર શ્રેષ્ઠીઓ, સ્થપિતો અને દરેક જીવને સંસારસાગર પાર કરાવનાર જંગમ તીર્થનું બિરુદ મેળવનાર ગુરુજનોની પ્રેરણાનો જ્યારે ત્રિવેણી સંગમ રચાય ત્યારે જ મનુષ્યલોકની આ ભૂમિ પર મંદિરોની બેનમૂન રચનાઓ થાય. તેમાં કલાકારો પોતાના પ્રાણ રેડીને શિલ્પ અને પ્રતિમાને ચેતનવંતી બનાવે. શાસનના આવા દુર્લભ અનુષ્ઠાનોના કાર્યો ઘણીવાર ત્રણથી ચાર પેઢી સુધી પણ ચાલે છે. આપણા મનમોહક દેરાસરોનો ઈતિહાસ જેટલો રોચક અને રસમય છે એટલો જ જાણવા અને સમજવા જેવો તો જરૂર જ છે.

જ્યારથી મનુષ્યમાં કલાની પરખ આવી ત્યારથી તે કલાને વધુ ને વધુ મહત્ત્વ આપવા લાગ્યો, જેને પરિણામે કળાનો ઉત્તરોત્તર વિકાસ થતો ગયો. કલાની સાથે તેને અભિવ્યક્ત કરવા માટે ભાષા, શિલ્પ, ચિત્ર અને સંસ્કૃતિનો સુમેળ જામ્યો.



એમાં અનાયાસે સ્થાપત્ય પણ જોડાય. સ્થાપત્યનો અર્થ ગૃહનિર્માણની વિદ્યા કે ભવનનિર્માણની શૈલી થાય. સ્થાપત્યની કૌશલતા પ્રથમ સ્તૂપમાં આકાર પામી. ત્યારબાદ ગુફામંદિરોમાં વિકસિત થઈ અને અંતે વર્તમાનમાં નિર્માણ પામતાં ભવ્ય દેરાસરોના રૂપમાં પરિવર્તિત પામી. આ થઈ જૈન સ્થાપત્યની વિશેષતા.

અતીતના મંદિરોનો વિકાસક્રમ (ચૈત્ય, સ્તૂપ તથા ગુફાઓ)

ચૈત્ય :-

પ્રાચીન સમયમાં મહાપુરુષોના નિર્વાણસ્થળ પર એમની યાદમાં ભવન નિર્માણ કરવામાં આવતું. આ પ્રથા ભારતીય મૂળના દરેક ધર્મમાં સરખી જોવા મળે છે. વિશેષ પ્રકારે તૈયાર થયેલ આ બાંધકામને ચેઈય કે ચૈત્ય કહેવાય. આવા ચૈત્યો પુણ્યભૂમિ તરીકે વિકાસ પામતા ગયા અને કાળક્રમે મંદિર કે દેરાસરના ભવન તરીકે પ્રખ્યાત થયા. જૈનોમાં ચૈત્યાલય શબ્દ દેરાસરો માટે આજે પણ વપરાય છે. 'ચૈત્યવંદન કે અરિહંતે ચેઈયાઈમ' વગેરે રોજિંદા શબ્દો ચૈત્ય શબ્દના ઉત્તરોત્તર વિકાસ પછી નિપજેલ છે. નિર્વાણસ્થળ પર નિર્માણ પામેલ બાંધકામ જો અર્ધગોળાકાર હોય તો એને સ્તૂપ કહેવાય.

સ્તૂપ :-

જૈનધર્મમાં સ્તૂપની અવધારણા કે વિચાર કે concept બૌદ્ધધર્મથી પણ વધુ પ્રાચીન છે. જૈનશાસ્ત્રોમાં ત્રણ સ્થળે વિશાળ સ્તૂપ હોવાના ઉલ્લેખો મળે છે -

અષ્ટાપદ :- ભરત ચક્રવર્તીએ પ્રભુ ઋષભદેવના નિર્વાણસ્થળે સિંહનિષિદ્યા આયતન-અષ્ટ સૌપાનીય સ્તૂપનું નિર્માણ કર્યું હતું. ભરતે સ્થાપિત કરેલ એ સ્તૂપનું નામ સિંહનિષદ્યાયતન હતું. આ વિશાળ સ્તૂપમાં ભરત ચક્રવર્તીએ ચોવીસ જિન અને પોતાના ભાઈઓની પ્રતિમાઓ ભરાવી હતી. આ સંપૂર્ણ ક્ષેત્રના

રક્ષણાર્થે તેમણે લોહમાનવ અર્થાત્ યંત્રપુરુષનું સુરક્ષાકવચ દ્વારપાળના રૂપમાં બનાવ્યું હતું; જેથી કોઈ આક્રમણકારી એનો નાશ કરી શકે નહીં. આ કારણે ત્યાં કોઈ પહોંચી શકતું નથી. ગૌતમસ્વામી અહીં સૂર્યકિરણની સહાયથી દર્શનાર્થે આવ્યા હતા.

વૈશાલી :- આ સ્થળે મુનિસુવ્રતસ્વામીનો અતિ વિશાળ સ્તૂપ હતો, જેનો કૃણિકરાજાએ વૈશાલી પર જીત મેળવવા માટે નાશ કર્યો.

મથુરા :- મથુરાના દેવનિર્મિત સ્તૂપના ઉલ્લેખો આવશ્યક નિર્યુક્તિ, આવશ્યક ચૂર્ણી - ટીકા, વ્યવહાર ચૂર્ણી - ટીકા, યશસતિલક ચંપૂ કાવ્ય વગેરે ઘણા જૈન શાસ્ત્રોમાં જોવા મળે છે. 'વિવિધ તીર્થકલ્પ' ખરતરગચ્છના આચાર્ય શ્રીજિનપ્રભસૂરિએ ઈ.સ. ૧૩૩૩ માં રચ્યો હતો. એમાં સ્તૂપ નિર્માણની કથા, એના સ્થાપત્યનો પ્રકાર, ગુરુમહારાજાઓની મથુરાની યાત્રા વગેરે વિપુલ માહિતી ભરી છે.

કાશ્મીરદેશમાં ઈ.સ. પૂર્વ ત્રણસોમાં અશોક મૌર્યે જૈન સ્તૂપોનું નિર્માણ કરાવ્યું હતું એવો ઉલ્લેખ કલ્હણ રચિત 'રાજ તરંગિણી' માં મળે છે. આ ગ્રંથ કાશ્મીરના ઈતિહાસ માટેનો પ્રમાણભૂત ગ્રંથ ગણાય છે. એની રચના દશમી સદીની આસપાસ થઈ હતી. ભારતમાં જ્યારે આજથી દોઢસોથી બસો વર્ષ પૂર્વે પુરાતત્ત્વના ઐતિહાસિક સ્થાનો પર ઉત્ખનન કરવામાં આવતા કે કોઈ ગ્રંથનો અનુવાદ થતાં ત્યારે યુરોપિયન વિદ્વાનોને જૈન ધર્મ વિશેની અજ્ઞાનતાને કારણે પ્રાચીન જૈન ધર્મને ભૂલમાં 'ઓર્થોડક્ષ બુદ્ધિસ્ટ' કહી દેતા. જે કાળક્રમે એ સર્વે બૌદ્ધધર્મના અવશેષો તરીકે ખ્યાતનામ થયા. 'રાજતરંગિણી' ગ્રંથમાં ભાવાર્થમાં 'જિન સ્તૂપ' માટેનો અર્થ 'ઓર્થોડક્ષ બુદ્ધિસ્ટ' નો સ્તૂપ એ પ્રમાણે સમજાવ્યું છે.



સ્તૂપનું સ્થાપત્ય જાણવા અને જોવા માટે આપણી પાસે શાસ્ત્રો ઉપરાંત મથુરાના જૈન સ્તૂપમાંથી પ્રાપ્ત થયેલા કેટલાક શિલ્પો છે, જેમાં સંપૂર્ણ સ્તૂપનું સ્થાપત્ય દૃષ્ટિગોચર થાય છે.

ગુફામંદિરો :-

પ્રાચીન સમયમાં સાધુઓ કુદરતી ગુફાઓ અને જંગલોમાં રહેતા તથા કેવળ ચાતુર્માસ દરમ્યાન વસ્તીમાં આવતા. ગુફાઓમાં ધ્યાન કરવા માટે તીર્થંકરોની પ્રતિમાઓ હતી. આ ગુફાઓમાં તીર્થંકરોના જીવન પ્રસંગોના શિલ્પો તથા ચિત્રો દોરતા, જે આજે કલાનો અદ્ભુત વારસો ગણાય. દા.ત. રાજગિરિની સોનભંડારની ગુફાઓ, ઉદયગિરિ-ખંડગિરિ, એલોરા, બદામી, ઐહોલે, સિતાનાવત્સલ, દેવગઢ વગેરે.

રાજગિરિની સોનભંડારની ગુફાઓ :-

નંદરાજાઓના સમયમાં કે એનાથી પણ પૂર્વના સમયની એ ગુફાઓ છે. એક લોકવાયકા મુજબ અહીં નંદવંશી રાજાઓએ સોનારૂપાની પાટો છુપાવેલી છે. સાંકેતિક ભાષામાં દરવાજો ખોલવા માટેનો ઉપાય ત્યાં બતાવ્યો છે, પરંતુ હજુ કોઈને સફળતા મળી નથી. એક અતિ પ્રાચીન પ્રતિમા ગુફાની દીવાલ પર કોતરલી દેખાય છે, એના પછીના સમયની પણ ઘણી પ્રતિમાઓ અહીં નજરે પડે છે.

ઉદયગિરિ-ખંડગિરિની ગુફાઓમાં ખારવેલના શિલાલેખ ઉપરાંત પાર્શ્વનાથના જીવનપ્રસંગો છે. બદામીની ગુફાઓમાં અદ્ભુત કોતરણી છે. આ સર્વ ગુફાઓમાં શિલાલેખો હોવાથી જૈનોનો મંદિરોનો કડીબદ્ધ વિકાસક્રમ અને ઈતિહાસ જાણવા મળે છે. એલોરાની ગુફાઓમાં સ્તંભોની વચ્ચે ગવાક્ષ-ગોખલામાં દેવ-દેવીની પ્રતિમાઓ કોતરેલી છે. એ હૉલમાં પણ એવી જ રચનાઓ જોવા મળે

છે, જે આજના ગર્ભગૃહનું અર્ધવિકસિત સ્વરૂપ હોઈ શકે. અહીંની ત્રણ માળની ગુફા દ્રવિડશૈલીનું પૂર્વ રૂપ છે.

સિતાનાવત્સલ, તિરુમલાઈ, તિરુપતિકુંદરમ્, જિનકાંચિ વગેરે દક્ષિણ ભારતની ઘણી ટેકરીઓ પર સાધુઓના સુવા માટે ઓશીકાઓ સહિતની શૈયાઓ પથ્થર પર કોતરેલી છે. ઉપરાંત પહાડોની ટોચ પર જિનપ્રતિમા તરાશેલી છે. આવી ઊંચાઈ પર કેવી રીતે કયા સાધનો વડે આવું દુર્ગમ કાર્ય કર્યું હશે તે આશ્ચર્ય પમાડે છે. તમિલનાડુના ૮૯ બ્રાહ્મી ભાષાના શિલાલેખોમાંથી ૮૫ જૈનોના છે. આ સર્વ ગુફાઓ જૈનો ક્યારે દક્ષિણ ભારત અને સિલોનમાં ગયા હતા તેની માહિતી મળે છે.

વર્તમાન દેરાસરોનો ઉદ્ભવ :-

ઐહોલેની મૈનાબસતીની ગુફાનું સ્થાપત્ય અદ્ભુત રીતે તૈયાર કરાયું છે. ગુફામાં દાખલ થતાં છત ઉપર મિથુન, વિશાળ નાગરાજ અને નક્શીદાર સ્વસ્તિકનું શિલ્પાંકન છે. ગર્ભગૃહને અલગ દર્શાવવા માટે ત્રણ સ્તંભોની આડશ લઈને મૂળનાયકને સ્થાપિત કર્યા છે. બદામીની ગુફામાં બાહુબલીનું અંકન છઠ્ઠી સદીનું છે. રાષ્ટ્રકૂટવંશના રાજા અમોઘવર્ષ અહીં સંલેખનાવ્રત લઈ મોક્ષે ગયા હતા. ગુફામંદિરોની સાથે સમાંતરે નગરોમાં પણ મંદિરો બાંધવાની કળા આ સમયે ચાલુ થઈ ગઈ હતી.

મંદિરોના સ્થાપત્યના ગ્રંથો :-

મંદિરોના સ્થાપત્યને વિગતવાર વર્ણવતા સોલંકીકાળના ગ્રંથો નીચે મુજબ છે -

(૧) વાસ્તુશાસ્ત્ર - વિશ્વકર્મા



(૨) વાસ્તુવિદ્યા - વિશ્વકર્મા

(૩) અપરાજિત પૃચ્છા - ભુવનદેવ

(૪) શ્રી દેવ્યાધિકાર

(૫) વૃક્ષાર્ણવ - પૂર્વ સોલંકીકાળનો ગ્રંથ

દેરાસરોના અલગ અલગ ભાગોની ઓળખ નીચે મુજબ છે -

જગતી - લંબચોરસ પ્લેટફોર્મ.

પેસેજ - નલી મધ્યકાલીન, પ્રાસાદ - મુખ્ય મંદિર, ગૂઢમંડપ - ગભારો.

ત્રિક - પ્રદક્ષિણા પથ, રંગમંડપ - ગભારાની બહારનો મંડપ, ભમતી

વલનક - મંદિરમાં દાખલ થવા માટેનું ભવન, દેવકુલિકા - બહારની દેરીઓ, વિતાન-છત, તોરણ, સ્તંભ.

વર્તમાન દેરાસરોના સ્થાપત્ય :-

દેરાસરોના સ્થાપત્યમાં મુખ્યત્વે બે પ્રકાર જોવા મળે છે - નગરશૈલી અને દ્રવિડશૈલી.

ઉત્તર ભારતની દેરાસર નિર્માણની શૈલી દક્ષિણ ભારતની શૈલી કરતાં ઘણી રીતે જુદી પડે છે, પછી ભલે એ મંદિરો જૈન હોય કે શૈવ કે વૈષ્ણવ. દેરાસરોના સ્થાપત્યમાં મુખ્યત્વે બે પ્રકાર જોવા મળે છે - નગરશૈલી અને દ્રવિડશૈલી.

નગરશૈલી :-

ઉત્તર ભારતના મંદિરોમાંનું સ્થાપત્ય નગર કે નાગરશૈલીનું ગણાય, જેમાં મુખ્યત્વે શિખરોની રચનામાં ફરક હોય છે. અહીં પંચરથ પ્રકાર ઉપરાંત શિખરની ગોળાકાર રચના અને તેની ઉપર કલશ જોવા મળે છે. ખજૂરાહોનું પાર્શ્વનાથનું મંદિર શાંધાર પ્રાસાદ કલાનું કહેવાય.

રાણકપુરનું 'ત્રૈલોક્યદીપક પ્રાસાદ' ચતુર્મુખ મંદિર એના સ્થાપત્ય અને કળા માટે અજોડ છે. શિખરોની રચના નળીની ગુલ્મ વિમાન જેવી છે. અહીં ત્રણમાળનું વળનક છે, જેમાં અંદર દાખલ થવા માટે એક પેસેજ - નળીમાંથી પસાર થવું પડે છે. જેનું કાર્ય દર્શનાર્થીઓને એક નજરમાં સંપૂર્ણ મંદિરના દર્શન કરાવવાના હોય છે. જ્યારે ભક્ત પગથિયા ચઢીને વળનકના દરવાજે આવે છે ત્યારે એને લગભગ વીસથી પચ્ચીસ ફૂટ લાંબી આ ઊંચી નળી-ટનલમાંથી પસાર થવું પડે છે. અહીં બંને તરફ ગવાક્ષમાં એક એક શાસનદેવ કે ઈન્દ્ર હોય છે. જેવો પેસેજ પૂરો થાય કે તુરંત ઉપર ચઢવા માટે અષ્ટ સોપાન નજરે ચઢે છે અને અંતે દર્શનાર્થી પોતાની જાતને કોઈ સ્વપ્નલોકમાં આવી ગયો હોય એવું અનુભવે છે, પછી એ દેરાસરની ભવ્યતાને ધરાઈને નિહાળે છે. આ વિશેષતા પશ્ચિમ ભારતમાં અગિયારમી સદીમાં વિકાસ પામી. રાણકપુર, મીરપુર, કેસરિયાજી, પાલિતાણા વગેરે સ્થળોએ આ પ્રકારની બાંધણી જોવા મળે છે. જ્યારે મંદિર ફરતે સત્તાવીસ નાની દેરીઓ હોય તો સતાવીસ દેરી કહેવાય. ચિત્તોડમાં સતાવીસ દેરી છે. બાવન નાની દેરીઓ હોય તો એને બાવન જિનાલય અને બોતેર દેરીઓ હોય તો બોતેર જિનાલય કહેવાય છે.

દ્રવિડશૈલી :-

દ્રવિડશૈલીમાં સ્તંભ કે ચતુષ્કોણ આકૃતિઓ હોય છે, જે ઉપર તરફ જતાં ક્રમશઃ નાના થાય છે અને અંતે સ્તૂપિકા જેવો આકાર ગ્રહણ કરે છે. ઐહોલેનું મેધુટી મંદિર સૌથી પ્રાચીન અને ત્યારબાદ પટટડકલનું મંદિર ગણાય, જે છઠ્ઠી સદીનું છે. શ્રવણબેલગોલાનું દસમી સદીનું મંદિર વિશ્વની અજાયબી ગણાય. તે ઉપરાંત કાંચિપુરમ્, હલિબિડૂ, મૂળબદ્રી, હુમચ, લકુંડિ, કારકલ, વગેરે ઘણે સ્થળે બસદી અને બેટટા પ્રકારના મંદિરો છે.



બસદી પ્રકાર :- બસદી પ્રકારમાં વિપુલ પ્રમાણમાં સ્તંભો હોય છે અને કોઈક વાર જ પરિક્રમા જોવા મળે છે. મૂળબદ્રીનું મંદિર આવું કહી શકાય. એના શિખરો પિરામિડિયલ શૈલીના છે.

બેટટા પ્રકાર :- બેટટા પ્રકારમાં મંદિર નાની ટેકરી પર બાંધેલું જોવા મળે છે. દિગંબર સંપ્રદાયના મંદિરોમાં પ્રવેશમાં એક વિશાળ સ્તંભ હોય છે, જે માનસ્તંભ કહેવાય છે.

ભારત દેશની બહાર આવેલા મંદિરો :-

જૈનધર્મનો પ્રસાર સદીઓથી બીજા દેશમાં થતો આવ્યો છે. મહારાજા સંપ્રતિ મૌર્ય યુરોપ અને એશિયાના ઘણા દેશોમાં જૈન ધર્મના અનુયાયીઓને મોકલ્યા હતા. આજે પણ એ બાબતમાં જૈન સંઘ પાછળ નથી. આજથી લગભગ એંશી વર્ષ પહેલાનું જૈન નાનું દેરાસર અને પ્રતિમા બુડાપેસ્ટમાંથી મળી આવ્યા હતા. આફ્રિકામાં દોઢસો વર્ષથી પણ પ્રાચીન મંદિરોનો જીર્ણોદ્ધાર થઈ ગયો છે. અમેરિકાના મોટા ભાગના રાજ્યોમાં સુંદર, કલાપૂર્ણ વિશાળ મંદિરો સ્થાપિત થઈ ગયા છે. લંડન, જાપાન, દુબઈ વગેરે દેશો પણ આ બાબતમાં પાછળ નથી.

બહુમૂલ્ય ધરોહર :-

જૈન ધર્મની બહુમૂલ્ય ધરોહર પ્રાચીન પ્રતિમા અને દેરાસરો છે. એ સાચવવાની આપણી જવાબદારી ઘણી મોટી છે. કેટલાયે સ્થળોએ પ્રતિમા અને શિલ્પોની ચોરીઓ થાય છે તો કંઈ કેટલાયે સ્થળોએ જીર્ણોદ્ધારને નામે સારામાં સારા દેરાસરોને પાયામાંથી લઈને નવા તૈયાર કરવામાં આવે છે. અહીં દેવદ્રવ્યનો અપવ્યય ઉપરાંત તીર્થના શિલાલેખો કે ચિત્રકારી કે અન્ય શિલ્પો પર પૂરતું ધ્યાન નહીં રાખવાથી સરવાળે જૈન ધર્મની પ્રાચીનતા સિદ્ધ કરવામાં કઠિનાઈ આવે છે. જ્યારે આવી બાબતોમાં અન્ય પરંપરા ફાવી જતાં જૈન પરંપરા પ્રાચીન હોવા છતાં

પ્રમાણોના અભાવમાં પાછળ રહી જાય છે. પરદેશીઓ આપણી અઢળક કળાસંપદા અને સંપત્તિ લૂંટી ગયા છતાં બાકી રહેલ કિંમતી વિરાસતને સમજી વિચારીને બચાવવા પૂરતાં પગલા લઈએ. જ્યારે દેરાસરોને જીર્ણોદ્ધારની જરૂર હોય ત્યારે એક નિષ્ણાતોની ટીમ બનાવી એમના માર્ગદર્શનમાં પ્લાન તૈયાર કરાવવો અને ત્યારબાદ કામ કરાવવું વધારે હિતાવહ ગણાય. પ્રતિમાને પણ જ્યારે ઓપ આપવો કે લેપ કરવો કે સ્થાન પર સ્થાયી કરવી હોય ત્યારે પણ કાળજી લઈએ તો એનું પરિણામ સારું આવે છે કારણ કે એને માટેના કારીગરો ઘણીવાર અણઆવડતવાળા હોવાથી પ્રતિમાની પાદપીઠ ઉપરના શિલાલેખને પણ બેકાળજીથી સિમેન્ટ વડે ઢાંકી દે છે.

સંકલન :-

જૈન શાસ્ત્રો પહેલા મૌખિકરૂપે જ હતા પરંતુ મહામારી કે બીજી કોઈ કુદરતી આફત કે સમસ્યા ઉદ્‌ભવે તો એ ભૂલી ન જવાય કે સ્મૃતિશેષ થાય તો એને સતત સ્મરણમાં રાખવા માટે એનો ઉપાય આપણા મહાન ગુરુજનોએ શોધ્યો. તેમણે જૈન ધર્મના આચારો, સિદ્ધાંતો, પ્રભુપૂજનવિધિ, ગુરુપરંપરા, ગોચરી વહોરવાના નિયમો, ચતુર્વિધસંઘનો પહેરવેશ, જિનકલ્પી અને સ્થવિરકલ્પી સાધુઓના પાત્ર અને પ્રતિલેખના સાથેના પરિધાન. સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રની રત્નત્રયી વગેરેને શિલ્પોમાં મઢી લીધી. આ સર્વ આજે પણ મથુરાના સ્તૂપમાંથી પ્રાપ્ત થયેલ શિલ્પો ઉપર તથા આબુ. જૂના દેલવાડા, ઓશિયાજી, મિરપુર, શ્રવણબેલગોલાની ચંદ્રગિરિ પહાડીના મંદિરોમાં વિશેષરૂપે જળવાયેલ છે.

બે હજાર વર્ષથી વધુ જૂના મંદિરોના અવશેષો, મૂર્તિઓ, ઉત્તમ કારીગરીયુક્ત સ્તંભ, તોરણ, બારશાખ, છત્ર, પૂતળી વગેરેનો વિપુલ જથ્થો અને



વર્તમાનના મંદિરોમાં જળવાયેલ શિલ્પો અને પ્રતિમાઓ જૈનોની કલા અને સ્થાપત્ય પ્રત્યેની ઊંડી સમજને પ્રતિબિંબિત કરે છે. સાથે સાથે આત્મિક સિદ્ધિ મેળવવાની ઝંખના સેવતા જીવને મોક્ષપ્રાપ્તિના સોપાનો દર્શાવે છે.

**(મુંબઈ સ્થિત જૈન દર્શનના અભ્યાસુ રેણુકાબહેને આચાર્ય બુદ્ધિસાગરજીના જીવન અને કથન પર સંશોધન કરી Ph.D. કર્યું છે. "જૈન જગત" સામયિકના હિન્દી વિભાગના સંપાદન સાથે સંકળાયેલા છે. તેમના ચાર પુસ્તકો પ્રગટ થયા છે.)**

સંદર્ભ સૂચિ :-

(૧) કલ્હણ - રાજ તરંગિણી, પ્રથમ તરંગ, શ્લોક - ૧૦૧ થી ૧૦૫

(૨) મધુકર મુનિ - રાયપ્રસેનિય સૂત્ર

(૩) જિનપ્રભસૂરિ - વિવિધ તીર્થ કલ્પ

૧૫

# જૈન ધર્મમાં દાન

- ડૉ. ભાનુબેન જે. શાહ (સત્રા)

માનવજીવનમાં ધર્મનું મહત્ત્વ અદકેરું છે. ભૌતિક કે આધ્યાત્મિક સુખ, ટોચ કક્ષાની સદ્‌ગતિ કે ભોગભૂમિના સુખો, એનાથી પણ ચડિયાતું મુક્તિનું શાશ્વત સુખ ધર્મને જ આભારી છે. તીર્થંકર પ્રદત્ત ધર્મ ચાર પ્રકારનો છે - દાન, શીલ, તપ અને ભાવ.

આ ચારે પ્રકારના ધર્મમાં દાનની પ્રાથમિકતા છે. દાન એ ધર્મનું પ્રથમ સોપાન છે. અનુગ્રહ માટે પોતીકી મિલકતનું સહર્ષ સમર્પણ એ દાન છે, જે ધનની મૂર્ચ્છા - આસક્તિ પાતળી પાડે અને પરિગ્રહની મમતાને તોડાવે છે. દાન સ્વ-પરનું કલ્યાણ કરે છે.

દાનના વિશ્વમાં દૃષ્ટિ કરીએ તો તેની ગઈકાલ ક્યારથી શરૂ થઈ ? આ અવસર્પિણીકાળના પ્રથમ રાજા ઋષભદેવે દાનના શ્રીગણેશ કર્યા હતા. તેમણે



ત્યાગના પંથે જતાં પહેલાં એક વર્ષ સુધી લગાતાર નિત્ય એક પ્રહર દાન આપ્યું હતું. તેમણે ત્રણ અબજ, અઠ્યાસી કરોડ, એંશી લાખ સોનામહોરો દાનમાં આપી હતી. આ દાન 'સંવત્સર કે વર્ષીદાન' તરીકે કહેવાયું. દાન ધર્મનો જૈન જગતમાં આ ભવ્ય ભૂતકાળ હતો. આ સિલસિલો ચોવીસ તીર્થંકરોની સીરિયલ સુધી રાબેતા મુજબ જળવાઈ રહ્યો. આ મહાબલી નરવીરો મહાપુણ્યના ધણી હતા. દેવો તેમની સેવામાં હાજરાહજૂર રહેતા હતા. વૈશ્રમણ દેવોની આજ્ઞા થતાં કુબેર દેવ મુમુક્ષુ (ભાવિના ભગવાન) ના ખજાનાને ધનથી છલકાવતા હતાં. બિનવારસદારોનું તેમજ જમીનમાં દટાયેલા ધનના સાત પેઢી સુધી કોઈ  માલિક ન હોય તેમનું ધન દાનધર્મનો મહિમા વધારવા દેવો લાવતા હતા. યાચકોને તેમના ભાગ્યાનુસાર ધન મળતું. એની સર્વ વ્યવસ્થા દેવો દ્વારા થતી હતી. ત્યાગના પંથે પ્રયાણ કરતાં કરતાંય જનકલ્યાણની ભાવના એ કરુણાસાગર ભૂલ્યા નથી !

તીર્થંકરોના કરકમળથી જન્મેલી આ દિવ્યદાનની ગંગોત્રીની ભવ્યતા ત્યાર પછી સંકેલાઈ ગઈ. તે દરમિયાન આ પરંપરાનો ઉછેર રાજા, મહારાજા, શ્રેષ્ઠીપુત્રો અને મુમુક્ષુ આત્માઓ દ્વારા થયો. સમયના વહેણમાં આ વર્ષીદાનની ગંગોત્રી સુકાઈને એક નાનકડી વીરડી બની ગઈ. આજે પણ દીક્ષાર્થી દીક્ષા પૂર્વે વર્ષીદાન જરૂર આપે છે અને ભવિષ્યમાં પણ તીર્થંકરની નકલરૂપ વર્ષીદાન થશે જ, પરંતુ મર્યાદિત હશે.

પરિવર્તન જીવનનો નિયમ છે. પરિસ્થિતિ બદલાય તેમ તેના ઘાટઘૂટમાં ફેરફાર થતાં જ રહે છે. સત્‌યુગની બીજી અગત્યની નોંધનીય ઘટના એ હતી કે જ્યાં તીર્થંકરોના લાંબી તપશ્ચર્યાના પારણા થતાં ત્યાં દાનનો અચિંત્ય મહિમા પ્રદર્શિત કરવા દેવો 'અહોદાનં' ના દિવ્યધ્વનિ સાથે આકાશમાંથી પાંચ દિવ્યવૃષ્ટિ કરતા

હતા. ચંદનબાળાના હાથે પ્રભુ વીરનું પાંચ માસ અને પચ્ચીસ દિવસના ઉપવાસનું પારણું થયું ત્યારે અને જીરણશેઠને ત્યાં પુનઃ છ માસિક ઉપવાસનું પારણું થયું ત્યારે તેમનું પ્રાંગણ સોનામહોરના વરસાદથી છલકાઈ ગયું. જનસમૂહમાં દાનનો પ્રભાવ જામ્યો હતો.

સાંપ્રતકાળે આવી ચમત્કારિક ઘટનાઓ સદંતર અદશ્ય થઈ ગઈ છે. તેની નિષ્ફળતાનું શું કારણ હોઈ શકે ? એક તો આપ્તપુરુષોનો વિરહ પડ્યો છે. કળિયુગના લોકોના માયકાંગલા પુણ્યથી દેવ-દેવીઓએ મોં મચકોડી લીધું છે. સૌથી ઠોસ કારણ એ છે કે અનીતિથી ઉપાર્જન કરેલું ધન દાનમાર્ગે વાપરવાથી દિવ્યતા પ્રગટાવી શકે ખરું ? પાત્રશુદ્ધિ, ભાવશુદ્ધિ અને અર્થશુદ્ધિ ત્રણે અત્યંત આવશ્યક છે.

દાનનું નામ પડે ને આંખો સામે સંગમ (શાલિભદ્રનો જીવ) ની તસવીર તરવરી ઉઠે. કોઈ પર્વ પ્રસંગે મિત્રો પાસેથી ખીરની વાત સાંભળી સંગમને ખીર ખાવાની અદમ્ય તલપ જાગી. બાળસહજ સ્વભાવથી માતા પાસે ખીરની માંગણી કરી. વિધવા, નિર્ધન માતા છાશ અને વાસી રોટલો માંડ પામતી હતી ત્યાં ખીર ક્યાંથી લાવે ? બાળક જીદે ચડ્યું. પોતાના છોરુની ઈચ્છાપૂર્તિ ન કરી શકવાથી દુઃખી માતાની આંખો વરસી પડી. બાળકનું આક્રંદ વધ્યું. માતા અને બાળકના રુદનનો અવાજ સાંભળી પાડોશણો દોડી આવી. સ્વમાની માતા પહેલાં તો કાંઈ ન બોલી. સ્રીઓના અતિશય આગ્રહથી તેણે કારણ જણાવ્યું. ત્યારે દયાળુ અને પરગજુ પાડોશણોએ અંદરોઅંદર ગુપસુપ નથી કરી કે નથી મશ્કરી -ઉપેક્ષા-અવમાનના કરી. 'આવા ગરીબને તે વળી આ શા ચાળા ? જેવા એના કરમ ! બિચારી રડે નહીં તો શું કરે ?' આવાં એક પણ દિલને ડામનારા વેણ કહ્યાં નથી, પરંતુ ખભેખભો



મેળવીને હૃદયના ઉમળકાથી ખીરની સામગ્રી ભરપેટ આપી. આ હતો દયાભાવ, ઋજુતા અને ઔચિત્ય! માત્ર સહાય ! દુઃખીનું દુઃખ ટળે, તેના હૈયાની ટાઢક જળવાય, યાચકને પોતાનું જીવન બોજીલ ન લાગે એવી તે કાળની લોકભાવના પડઘાતી હતી. સખાવત (સહ ખાવત) નો ભાવ આમ તો, બધા ધર્મોએ એકીસૂરે સ્વીકાર્યો છે. આ ભૂતકાલીન ગૌરવ ગણાય. ભગવાન મહાવીરે અનુકંપાથી પ્રેરાઈ નિર્ધન બ્રાહ્મણને ખભા પર રહેલું દેવદૂષ્ય આપી દીધું હતું.

તેરમી સદીમાં શ્રેષ્ઠિવર્ય જગડુશાએ (વિ.સં. ૧૩૧૩ થી ૧૩૧૫) ઉપરાઉપરી આવેલા ત્રણ દુષ્કાળમાં ચાર ક્રોડ, નવ્વાણુ લાખ, પચાસ હજાર મણ ધાન્ય ખરીદી તકવાદી ન બનતાં વિનામૂલ્યે આમજનતામાં વિતરણ કર્યું. તેમણે ૧૧૫ જેટલી દાનશાળાઓ ખોલી, જેમાં રોજ પાંચ લાખ લોકોને ભોજન આપવામાં આવતું હતું.

કચ્છના આંતરરાષ્ટ્રીય વેપારી સુંદરજી શિવજી સોદાગરે ૧૮૧૩ ના દુષ્કાળ સમયે રોજ આઠ હજાર માણસોને ભોજન ખવડાવી આંતરડી ઠારી હતી. લક્ષ્મીની પ્રાપ્તિ એ એક વાત છે અને તેનું અંતિમ તો લક્ષ્મીનો સદ્વ્યય કરવાનો જ છે. બાકી, તકવાદી બની શોષણવૃત્તિ કરવી એ તો નરી શેતાનિયત છે.

કોઈ સમાજ કોઈપણ જમાનામાં દાનની ઉજળી પરંપરા વિના ચાલ્યું નથી અને ચાલવાનું પણ નથી. હા, તેમાં ચડતીપડતી આવે ખરી. આજે પણ જિનાલયોના નિર્માણ, જીર્ણોદ્ધાર, અનાથાલયો, ઘરડાઘરો, ગૌશાળાઓ, શાળા, કૉલેજો, વિદ્યાપીઠો, હૉસ્પિટલો, ઉપાશ્રયો, ચૌવિહાર હાઉસો, આયંબિલ ખાતાઓ, વિહારધામો ઈત્યાદિ સંસ્થાઓનું ચાલકબળ દાનની મળેલી ધનરાશિ જ છે. અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ભૂકંપ, સુનામી જેવી કુદરતી આફતોના સમયે ઈજાગ્રસ્ત

લોકોને ઉગારવા, મદદરૂપ થવા આજે પણ નાણાંબળિયા લોકો દોડી આવે છે. ભેખધારી સંતોની પ્રેરણાથી આજે કેટકેટલી સંસ્થાઓ જનકલ્યાણના કાર્યો કરી રહી છે. તેમની પ્રેરણાથી ચૌવિહાર હાઉસ શરૂ થયા છે. આ સર્વમાં શ્રીમંતોની માતબર રકમ સહાયરૂપે મળે છે.

અભયદાનના સંદર્ભમાં જોઈએ તો નેમકુમાર, મેઘરથ રાજા, મેતાર્ય મુનિ અને કુમારપાળ રાજા અચૂક યાદ આવે. કેવા સત્ત્વશાળી હતા આપણા પૂર્વજો ! કેવા મચી પડ્યા પરમાર્થ માટે ! નોખી માટીમાંથી બનેલા આપણા પૂર્વજોએ માનવહિતની ચિંતા તો કરી જ છે, સાથે સાથે પશુ-પક્ષીઓને ઉગારવા પણ પાછીપાની કરી નથી. હીરવિજય સૂરિજીએ મોગલ બાદશાહ અકબરને પ્રતિબોધી પર્યુષણના આઠ દિવસ સુધી કતલખાના બંધ કરાવ્યા. રાજા કુમારપાળે પોતાના રાજ્યમાં અમારિ પ્રવર્તન કરાવ્યું.

વર્તમાનકાળે જીવદયાના સુંદર કાર્યો અનેક સંસ્થાઓ દ્વારા થઈ રહ્યા છે. કીડીઓને કીડિયારું પૂરવું, કબૂતરોને ચણ નાખવા, કાગડાને ગાંઠિયા નાખવા, કૂતરાને દૂધ અને રોટલા નાખવા અને ગાય-ભેંસને ઘાસનું નીરણ આ સંસ્થાઓ દ્વારા થાય છે. હા, પૂર્વે સંયુક્ત કુટુંબ વ્યવસ્થા હતી એટલે ગામડાઓમાં પ્રત્યેક શેરીમાં થોડા થોડા અંતરે કુંડીઓ મૂકવામાં આવતી હતી, જેમાં ખીચડી, રોટલા ઈત્યાદિ વધેલું અન્ન તેમાં રાખવામાં આવતું. શેરીના કૂતરા, બિલાડાઓ આ એંઠવાડમાં પોતાનું પેટ ભરી લેતાં. આજે ગામડાઓ પડી ભાંગ્યા. લોકોએ શહેર તરફ દોટ મૂકી. શહેરની રહેણીકરણી અને ખાનપાન બદલાયા. વધેલું અન્ન કાં તો ગટરમાં જાય અથવા ફ્રીજમાં મૂકાય, પરંતુ અબોલા પ્રાણીઓના પેટે પડતું નથી કે નથી વેંત ઊંડા ખાડા પડેલા ગરીબોના પેટે જતું. તેનો વસવસો અનુભવાય છે.



શું ભવિષ્યમાં સ્વભૂમિના વારસાગત જીવન સંસ્કારોનો ઉજાસ પુનઃ પ્રદીપ્ત થશે ખરો ?

આપણા પૂર્વજો કેવા દીર્ઘદૃષ્ટા અને ગણતરીબાજ હતા. તેઓ પ્રાયઃ અભણ હતા પરંતુ અત્યંત વિચક્ષણ પ્રતિભાવંત હતા. પોતીકા વ્યવસાયમાંથી આવકના ચાર ભાગ કરતા. એક ભાગ ધંધામાં, એક ભાગ ઘરખર્ચમાં, એક ભાગ દાન-પુણ્યમાં વાપરતા અને ચોથો ભાગ બચત કરતા. ભવિષ્યમાં મુશ્કેલી ત્રાટકે ત્યારે કોઈની પાસે હાથ લંબાવવો ન પડે કે ન કરજ લેવું પડે. કેવા સ્વાવલંબી ! આપણે તેમના જ સંતાનો છીએ. આજે ભણતર ખૂબ વધ્યું છે પણ ગણતરના નામે મીંડું છે. રાતોરાત શ્રીમંત બનવાના ઉધામા, વિચાર્યા વિનાના ઉતાવળા નિર્ણયો, અવળા ધંધા, વ્યસનોના રવાડે ચડી આર્થિક સંકડામણમાં ફસાય છે. દેવાળિયાઓ બિલાડીના ટોપની જેમ આજે ફૂટી નીકળ્યા છે. સમાજમાં તેમનો રાફડો ફાટ્યો છે. તેઓ સ્વયં તો ડૂબે છે, બીજાને પણ ડૂબાડે છે. આવા દેવાળિયાઓના કારણે સમાજનો પાયો હચમચી ઉઠ્યો છે. મધ્યમ વર્ગના લોકો પણ આનાથી બાકાત રહ્યા નથી. લોકોમાં ધીમે ધીમે પરોપકાર અને હમદર્દીની ભાવના ક્ષતવિક્ષત થતી જાય છે. આનું પરિણામ એવું આવ્યું છે કે, હવે જેને ખરેખર મદદની જરૂર છે, તેને પણ કોઈ આર્થિક સહાય કરવા તૈયાર નથી. પોતાના કુટુંબીજનોને સદ્ધર કરવાની ભાવના પર ગ્રહણ લાગી ગયું છે. ભવિષ્ય આપણું કેવું અંધકારમય હશે! પડતાને ઊંચકી લેવાની ઉચ્ચ ભાવના કયે ખૂણે ધકેલાઈ ગઈ છે ?

સુપાત્રદાન વિષે વિચારીએ તો દાનની પળોમાં દાતાનું હૈયું ગદ્‌ગદિત બની યાચકના ઉપકારને માથે ચડાવતું હોય, દિલમાં એવા અનોખા ભાવો વારંવાર ઉછળતા હોય કે, 'જો મને યાચક ન મળત તો દાન કેવી રીતે કરી શકત ? યાચક

મહાન ઉપકારી છે.' આવું હૈયું દાનને વરદાનમાં પરિવર્તિત કરી શકે છે. આવી સજાગતાથી આપનારનો અહમ્ ન વધે અને લેનારને લઘુતાનો ભાર ન પડે. આપનાર અને લેનારના હર્ષનો સરવાળો થાય. આ સુપાત્રદાનનો મંત્રઘોષ છે.

સંગમે રડી રડીને મેળવેલી પ્રિય ખીર મોઢે લાગે તે પહેલાં જ રોમાંચિત થઈ, ખચકાટ વિના, સહર્ષ સુપાત્રને વહોરાવી 'સ્વ' ના ભૂગોળ અને ઈતિહાસ ભૂંસી નાંખ્યા. ક્યાં ગરીબડો, નિર્ધન ભરવાડનો પુત્ર સંગમ અને ક્યાં ગોભદ્ર શેઠ અને ભદ્રામાતાનો લાડકવાયો પુત્ર શાલિભદ્ર ! ક્યાં રોટલાના ટુકડા માટે વલવલતો સંગમ અને ક્યાં દૈવી રિદ્ધિ-સિદ્ધિમાં આળોટતો શાલિભદ્ર ! આનું જ નામ 'જેવું વાવો તેવું લણો !'

ભૂતકાળમાં સદાકાળ આવું જ હતું એવું એકાંત ન કહી શકાય. સિક્કાની બીજી બાજુ નિહાળીએ તો કપિલા દાસી, નાગશ્રી અને નંદમણિયારની તસવીર દૃષ્ટિ સમક્ષ ઉપસી આવે છે, જેમનું દાન કલંકિત બન્યું. રાજા શ્રેણિકનું ધન હોવા છતાં દેવાનું મન જ ન થયું. તેથી કમને આપેલું કપિલાદાસીનું દાન નિષ્ફળ ગયું. આબરૂ સાચવવા આંગણે આવેલા તપસ્વી ધર્મરુચિ અણગારને ઉકરડો સમજીને આપેલું નાગશ્રી બ્રાહ્મણીનું દાન જગતમાં વગોવાઈ ગયું. પ્રતિષ્ઠા-કીર્તિ અને સ્વપ્રશંસાના ધખારાથી કરેલું નંદમણિયારનું દાન વખોડાઈ ગયું. દાનની પ્રક્રિયા સુંદર હોવા છતાં 'ખાટલે મોટી ખોડ' ભાવની હતી. જીવનને સુંદર બનાવવાનું રસાયણ એટલે 'ભાવે દીજે દાન !' દાન આપતાં અનાદર, અપશબ્દો, વિલંબ, અરુચિ, ખેદ એ દાનની મેલી મથરાવટી છે, જેનાથી દાનનું ફળ ભસ્મ થાય છે.

આજે તર્કયુગ કે યંત્રયુગ છે. આ યુગનો માનવ બેધડક દાન કરતાં ખચકાય છે. ભીખમંગો કાકલૂદી કરી મદદનો હાથ લંબાવે છે ત્યારે પોતાના મોજશોખમાં



અઢળક ધન વેડફનારાઓ ગરીબની આંખોમાં તગતગતી તરસ કે ચહેરા પર લાચારીની લકીર દેખાવા છતાં ફદીયો દેવાનું મન થતું નથી. તેઓ મસ્તક ધુણાવતા કટુ વાક્બાણો વરસાવતાં કહે છે : 'હટ્ટોકટ્ટો થઈને ભીખ શું માંગે છે ? કામ કરવું નથી અને કાકલૂદી કરી બીજાને પીગળાવી પૈસા પડાવવા... આવા ભિખારીઓનો દેશમાં તોટો નથી.' આવી ઉટપટાંગ વાતો યાચકના સ્વમાનને ઠેસ પહોંચાડે છે. તે લજ્જિત થઈ ખાલીપો-અધૂરપની લાગણી અનુભવે છે. તેના તરફ હમદર્દીનો હાથ લંબાવવાથી, તેની સુષુપ્ત શક્તિઓ જાગ્રત કરવાથી તે કામ કરી ઈજ્જતથી જીવી શકે છે. ભવિષ્યમાં અવળે માર્ગે ચડતો નથી કે કૂવોટૂંપો કરતો નથી. વિનોબાજીએ 'દાનં સંવિભાગઃ' ના આધારે ઊંડા સાંસ્કૃતિક મૂલ્યો પ્રગટ કર્યા છે. 'આપણે કોઈને દાન નથી આપતા, તેને તેનો ભાગ આપીએ છીએ.'

શ્રી મલ્લી ભગવતી (જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર - ૧/૮/૭૬) ના કથાનકમાં સૂત્રકાર કહે છે : 'તેમના હાથનું દાન લેવા સનાથ, અનાથ, પથિક, પ્રેષ્ય, ભિક્ષુક આવતા હતા. તેમને તેઓ મુક્ત હાથે દાન આપતા હતા.' અહીં સૂત્રકાર એવી પુષ્ટિ કરે છે કે, આખો સમાજ દાન ધર્મ પર જ નિર્ભર હતો. વર્તમાને પ્રત્યેક ધર્મના સાધુ, સંન્યાસી, ભિક્ષુક, બ્રાહ્મણો, ગોરમહારાજ, ભટ્ટ, ચારણો આદિ પરોપજીવી છે. દાનથી ગરીબ-તવંગરનો ભેદ ભૂંસાય છે. નિરાશ્રિતોને હૂંફ મળે છે. ગૃહસ્થધર્મ આ સર્વનો ભાર ઉપાડે છે.

શ્રી ઉપાસકદશાંગ સૂત્રાનુસાર : તુંગિયા નગરીના શ્રાવકોના દ્વાર સુપાત્રદાન માટે સદા ખુલ્લા રહેતા હતા. આજે આ પરિસ્થિતિમાં સદંતર બદલાવ આવી ગયો છે. 'સ્માર્ટ સીટી' માં વસનારા, શાસ્ત્રોક્ત 'અમ્માપિયા' નું બિરુદ પામેલા શ્રાવકો ઊંચી ઈમારતોના ઊંચા મજલે રહેવાનું જ વધુ પસંદ કરે છે. હવાઉજાસ અને

વ્યૂહના અભરખામાં સંતો પ્રત્યે કેવી ઉપેક્ષા ? આ અવસર્પિણી કાળના પંચમ આરામાં દિનપ્રતિદિન સંઘયણબળ નબળું થતું જાય છે. નાની ઉંમરમાં ગોઠણની બીમારીઓ ફૂટી નીકળી છે ત્યારે ગૃહસ્થધર્મ પર નભનારા સંતોને ઢાળ અને માળ ચઢવા કપરાં થઈ પડ્યા છે. શ્રાવકોના આપખુદી વલણથી સંતોને નિર્દોષ ગોચરી મળશે ખરી ? ભવિષ્યમાં શું થશે ? આ મોટી વિડંબના પર વિચાર કરવો રહ્યો.

હજી સાત-આઠ દાયકા પૂર્વે જ આપણી ગ્રામ્ય જીવનશૈલીમાં 'અતિથિ દેવો ભવ' ની ભાવના ધબકતી હતી. સુપાત્ર સાથે સાધર્મિકની ભક્તિ કરવા ગ્રામજનો તત્પર રહેતા હતા. પેલા પૂનમચંદ શેઠ, પરિગ્રહની મર્યાદા કરી પુણિયો શ્રાવક થયા. માત્ર બે જણનું ભરણપોષણ થાય એટલું જ કમાવવું. આમાંથી એકલપેટા કે આપગદાઈયા થઈ ન ખાવું, પરંતુ નિત્ય એક સાધર્મિકને જમાડી પછી પતિ-પત્નીમાંથી કોઈ એક જમે અને બીજો ઉપવાસ કરે; એવી ભીષ્મ પ્રતિજ્ઞા હતી. કેવું પરોપકારી ભક્તિમય જીવનચક્ર !

શ્રેણિક ઘર છોડી બેનાતટ નગરે આવ્યા ત્યારે નંદાના પિતાએ તેમને પરદેશી હોવા છતાં મહેમાન સમજી ઘર આંગણે નોતર્યા. તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું, ભેળા બેસી શિરામણ કરાવ્યું. અંતે શ્રેણિકની યોગ્યતા જોઈ પોતાની કન્યાનો હાથ આપ્યો. આ દંપતીએ જૈન જગતને બુદ્ધિનિધાન અભયકુમારનું અમૂલ્ય નજરાણું આપ્યું.

વીતેલા દિવસોની જાહોજલાલી રહી નથી. વિકટ તબક્કો શરૂ થયો છે. પુરુષ સમોવડી બનેલી આજની નારીએ ઘરકામ, ઘરની દેખરેખ પ્રત્યે ઉદાસીનતા સેવી છે. તે વ્યવસાયમાં ગળાડૂબ રહેવા લાગી છે. તેણે ઊંબરો ઓળંગ્યો એટલે અતિથિ કે સાધર્મિક ભક્તિ પર સન્નાટો છવાઈ ગયો છે. પુણ્ય ઉપાર્જન કરવાના



વિનિયોગનું ગળું ઘુંટાઈ ગયું છે. ભૂતકાળનો નિર્મમત્વી પુણિયો માત્ર ઈતિહાસના પૃષ્ઠો પર જ રહી ગયો. કળિયુગનું આ કેવું વાવાઝોડું! આ વિણસતી પરિસ્થિતિ થામી શકાય ખરી ?

પ્રાચીનકાળમાં તબીબી વ્યવસાયમાં નાણાંનું ચલણ સર્વસ્વ ન હતું. જીવાનંદા વૈદ્યને ત્યાં ગોચરી માટે આવેલા ગુણાકર નામના તપસ્વી મુનિરાજ કૃમિ રોગથી ઘેરાયેલા હતા. તેમની ચિકિત્સા માટે લક્ષપાક તેલ, ગોશીર્ષ ચંદન અને રત્નકંબલ જેવી કિંમતી વસ્તુઓની આવશ્યકતા હતી. આવી મહામૂલી વસ્તુઓ માટે અઢળક નાણું જોઈએ. જીવાનંદા વૈદ્ય પાસે માત્ર લક્ષપાક તેલ જ હતું. બાકીની વસ્તુઓ મેળવવા તેના મિત્રો એક વૃદ્ધ વણિક પાસે આવ્યા. તે વસ્તુના દામ પૂછ્યા. તેનું લાખ સોનામહોર મૂલ્ય હતું, મિત્રો વિચારમાં પડ્યા ત્યારે વણિકે મિત્રો પાસે વિગત જાણી, દયાળુ વણિકે સેવાના ભાવથી વિનામૂલ્ય ગોશીર્ષ ચંદન અને રત્નકંબલ આપ્યા.નવૈદ્યો પણ ખચકાટ વિના લક્ષપાક તેલ આપી મુનિને નીરોગી કર્યા. આ માનવ ઈતિહાસનું મહાન પ્રેરણાદાયક પ્રકરણ છે.

આજે તબીબી વ્યવસાયમાં નાણાનું ચલણ વધ્યું છે, વ્યવસાયિક સેવા માટેની ફીના ધોરણો નક્કી કરવામાં સઘળા તબીબી સંગઠનો મનસ્વી રીતે વર્તી રહ્યા છે. ફીના સતત વધી રહેલા ધોરણોની સામે તબીબી સેવાનું ધોરણ સુધર્યું નથી. તેમાંથી ઉત્તરોત્તર માનવતાવાદી અભિગમની બાદબાકી થતી ગઈ છે. ડૉક્ટરોએ ઉમદા વ્યવસાયમાં નફાની માનસિકતા ઊભી કરી છે. માંદા પડેલા માનવીની લાગણીઓને પિછાણાતી નથી.

મુઠ્ઠીભર લોકો વિપુલતામાં જીવે છે અને જીવનની સઘળી સુવિધાઓ ભોગવે છે. મોંઘીદાટ સારવાર તેમને હાથવગી થાય છે. ખોટકાયેલું અંગ સાજું

કરવા લખલૂટ નાણાં વેરી શકે છે, જેની સામે અસંખ્ય શિશુઓ ભૂખમરો અને નિર્જલીયતાનો શિકાર બનીને મૃત્યુના મુખમાં ધકેલાય છે. માનવતાની સામે આ ઘોર અપરાધ છે, જેમાં આધુનિક તબીબ પણ ભળેલો છે. તકનીકી જ્ઞાન અને સાધનથી સજ્જ તબીબ છાણથી લીંપેલા ઘરઆંગણે પગ મૂકતો નથી. ગરીબ, પીડિત અને શોષિત વિશાળ માનવ સમુદાય માટે એની કોર્પોરેટ હૉસ્પિટલના દ્વાર ખુલ્લા નથી. આજનો તબીબ પોતાની માનવતાવાદી ઓળખ ગુમાવી બેઠો છે. ખર્ચાળ તબીબી સારવારથી રુગ્ણ માનવજાતને કંઈ લાભ મળશે નહીં. આધુનિક ચિકિત્સા આજે ત્રિભેટે આવીને ઊભી છે. અહીંથી ભવિષ્યમાં એ કયા માર્ગે આગળ વધશે તે કહેવું મુશ્કેલ બની ગયું છે. સમાજચિંતકોએ તેની પહેલ કરવી પડશે.

અંતે સમાજના ઉત્કર્ષ માટે, સ્વસ્થ સમાજની રચના માટે ભવિષ્યમાં ધનિકોએ વધુને વધુ ઉદ્યમશીલ બનવું પડશે. ઓછી આવકવાળા સાધર્મિકો માટે આવાસયોજના; બાળશિશુ આવતીકાલના શાસનના રખેવાળ છે તેમના ઘડતર માટે સંસ્કારવર્ધક પાઠશાળાઓ; ગરીબો અને અછતગ્રસ્ત પરિવારો માટે નિઃશુલ્ક ચિકિત્સા, દવાઓ અને બોડીચેકઅપ, એમ.આર. આઈ. માટે ઔષધાલયો; મોંઘાદાટ શિક્ષણ ન ખમી શકનારા વિદ્યાર્થીઓ માટે સ્કૂલો, કૉલેજોની અતિ આવશ્યકતા છે. વળી, તેજસ્વી વિદ્યાર્થી અભ્યાસ માટે વિદેશ જવા ઈચ્છતો હોય તો તેને સ્કોલરશીપ આપવી, ફી ઈત્યાદિ માટે આર્થિક સહાય કરવી જોઈએ. આ કાર્ય કોઈ એક, બે વ્યક્તિઓથી શક્ય નથી. તે માટે સર્વનો સધિયારો જોઈશે. કહ્યું છે કે -

‘ટીપે ટીપે સરોવર ભરાય, કાંકરે કાંકરે પાળ બંધાય.’



‘ઝાઝા હાથ રળિયામણા !’ દરેક વ્યક્તિ પોતાની બચતનો થોડો થોડો હિસ્સો દાનમાં આપે તો શું અસંભવ છે ? આવું કરવાથી સમાજની ધ્યેયલક્ષી યોજનાઓ જરૂર આકાર લેશે.

**(જૈન દર્શનના વિદ્વાન ડૉ. ભાનુબહેન શાહ (સત્રા) એ શ્રાવકકવિ ઋષભદાસની રચના સુમિત્ર રાજશ્રી રાસ પર મહાનિબંધ લખી Ph.D. કર્યું છે. હસ્તલિખિત ગ્રંથોના સંશોધનકાર્યમાં ખૂબ રસ ધરાવે છે.)**

## ૧૬

## નાટક : જૈન ધર્મની ગઈકાલ, આજ અને આવતીકાલ

- જ્હોની કીર્તિકુમાર શાહ

પુસ્તકોની સૂચિ :-

(૧) નાટ્યદર્પણમ્ : લેખક : રામચન્દ્રસૂરિ - ગુણચન્દ્રસૂરિ
પ્રકાશક : પરિમલ પબ્લિકેશન્સ, દિલ્હી

(૨) નાટ્યસાહિત્યમાલા ભા-૧, ૨, ૩
સંપાદક : પ.પૂ. આ.દે. શ્રીમદ્ વિજય યોગતિલકસૂરીશ્વરજી
પ્રકાશક : વીરશાસનમ્

(૩) ફ્લેશ બેક : લેખક : રસિકલાલ વકીલ
પ્રકાશક : અસાઈત સાહિત્ય સભા, ઊંઝા

(૪) જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ ભાગ - ૨

(૫) પ્રબુદ્ધ રૌહિણેયમ્ : લેખક : શ્રી રામભદ્રમુનિ
અનુવાદક : વિજયશીલચન્દ્રસૂરિ
પ્રકાશક : જૈન સાહિત્ય અકાદમી, ગાંધીધામ



(૬) તથાકથિત ધાર્મિક નાટકોની અધાર્મિકતા : ગીતાર્થ ગુરુભગવંતોનું માર્ગદર્શનઃ
સંકલન : શ્રી સંજય કાન્તિલાલ વોરા
પ્રકાશક : શ્રી જિનવાણી પ્રચારક ટ્રસ્ટ

ભૂમિકા :-

કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચન્દ્રસૂરીશ્વરજીના જીવન અને કવન ઉપર આધારિત એકોક્તિ 'પાહિણીદેવી' નું મંચન અમે વર્ષ ૨૦૧૨ થી કરીએ છીએ. પરંતુ વર્ષ ૨૦૧૭ માં અમદાવાદ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં તથાકથિત વીરસૈનિકો દ્વારા ધાંધલ મચાવવાની કોશિશ કરવામાં આવી. આયોજકો દ્વારા બાઉન્સર બોલાવવામાં આવ્યા. પોલીસ પ્રોટેકશન હેઠળ આખો કાર્યક્રમ યોજાયો. પ્રયોગ સભૂતપૂર્વ સફળતાને વર્યો અને ત્યારબાદ 'પાહિણીદેવી' ના ઘણા બધા કાર્યક્રમો ઉમળકાભેર યોજાઈ રહ્યા છે.

નાટક (જૈન ધર્મની ગઈકાલ) :-

જૈન આગમગ્રંથના 'રાયપસેણી સૂત' નામના પવિત્ર ગ્રંથમાં લખ્યું છે કે, એક સમયે ભગવાન મહાવીર અશોકવૃક્ષની નીચે એક મોટી કાળી શિલા પર બિરાજ્યા હતા. એ જ સમયે સૂર્યાભદેવ એમને વંદન કરવા આવ્યા અને સૂર્યાભદેવે બત્રીસ પ્રકારના અભિનયાત્મક નાટક કરી બતાવ્યા. આ બત્રીસ પ્રકારના અભિનયોમાં કેટલાક તો એવા છે કે ભરતમુનિના નાટ્યશાસ્ત્રમાં પણ નાટ્યપ્રકારો તરીકે મળે છે.

શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયાનો લેખ પ્રાચીન સમયમાં ભજવાયેલા જૈન નાટકો ('જૈન સત્ય પ્રકાશ', વર્ષ ૧૯, અંક ૧) માં અન્ય નામોનો પણ ઉલ્લેખ મળે છે. જેમ કે, રટ્ટવાલ નાટક, મહુયરીગીય નાટક, સોયામણી નાટક, વૃષભદ્વજ

ચરિત્ર.

નાટક એ 'દશ્ય-કાવ્ય' છે. પ્રાચીન સમયમાં તેને 'રૂપક' તરીકે પણ ઓળખવામાં આવતું. જૈન સાહિત્યમાં પણ ઘણા રૂપકોની રચના થઈ છે.

સૌપ્રથમ કેટલાક દિગંબરીય રૂપકોનો નામોલ્લેખ કરું છું -

(૧) જીવન્ધર-ચરિત : વિક્રમની ૧૩ મી સદી
કર્તા : ધર્મશર્માભ્યદયના પ્રણેતા દિ.હરિચન્દ્ર

(૨) નાટ્યકાર હસ્તિમલ્લ દ્વારા રચાયેલા નાટકો :
અંજના પવનંજય, મૈથિલી કલ્યાણ, સુભદ્રાહરણ, વિક્રાન્ત કૌરવ કિંવા સુલોચના, અર્જુનરાજ, ઉદયનરાજ, ભરતરાજ, મેઘેશ્વર વગેરે.

(૩) જ્ઞાનચન્દ્રોદય : વિક્રમ સંવત, ૧૬૨૦
કર્તા : 'રાયમલ્લાભ્યુદય' રચનારા પદ્મસુંદર

(૪) જ્ઞાનસૂર્યોદય : વિક્રમ સંવત ૧૬૪૮
કર્તા : દિ. વાદિચન્દ્રસૂરિ

(૫) શ્રી ચન્દ્રકેવલિ ચરિત્ર

(૬) પદ્મસુંદર મહાકાવ્ય

(૭) રત્નસાર ચરિત્ર

(૮) ઋષભદેવનિર્વાણાનન્દ નાટક : કર્તા - કેશવસેન

હવે કેટલાક શ્વેતાંબરીય રૂપકોનો નામોલ્લેખ કરું છું.

(૧) વિબુધાનન્દ : લગભગ વિ.સં. ૯૨૫
કર્તા : શીલાઙ્કાચાર્ય

(૨) મહાકવિ રામચન્દ્રકૃત અગિયાર રૂપકો :
કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચન્દ્રસૂરિજીના આ વિદ્વાન શિષ્યે ૧૦૦ રૂપકોની રચના કરી હતી એવું કહી શકાય. કારણ કે તેમને 'પ્રબન્ધશતકર્તા' નું બિરુદ મળેલું. તેમાંથી હાલમાં ૧૧ રૂપકો મળે છે. તેમણે જાતજાતના રૂપકો રચ્યા. જેમકે,નાટક,નાટિકા, પ્રકરણ અને વ્યાયોગ. કેટલાક રૂપકો એકાંકી, પંચાંકી, ષડંકી, સપ્તાંકી અને દશાંકી છે. ૧૧ રૂપકોના નામ આ પ્રમાણે છે :-

- પાદવાભ્યુદયમ્ : લગભગ વિ.સં. ૧૧૯૫
- રાઘવાભ્યુદયમ્ : લગભગ વિ.સં. ૧૨૦૦
- નલવિલાસનાટકમ્ : લગભગ વિ.સં. ૧૨૦૦
- કૌમુદી-મિત્રાણાન્દપ્રકરણ : લગભગ વિ.સં. ૧૨૦૦
- રઘુવિલાસમ્
- સત્યહરિશ્ચન્દ્ર નાટકમ્ : લગભગ વિ.સં. ૧૨૦૫
- નિર્ભય ભીમવ્યાયોગ
- મલ્લિકા મકરન્દપ્રકરણમ્
- પદ્મવિલાસ
- રોહિણી - મૃગાઙ્કપ્રકરણમ્
- વનમાલા નાટિકા

(૩) કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યના શિષ્ય દેવચન્દ્રગણિએ રચેલ નાટકોઃ
ચન્દ્રલેખા વિજય : લગભગ વિ.સં. ૧૨૦૭
માન-મુદ્રા ભંજન : લગભગ વિ.સં. ૧૨૧૦

(૪) મુદ્રિત કુમુદચન્દ્ર : લગભગ વિ.સં. ૧૨૧૦
કર્તા : યશશ્ચન્દ્ર (જૈનગૃહસ્થ)

(૫) મોહરાજપરાજય : લગભગ વિ.સં. ૧૨૩૦
કર્તા : યશઃપાલ (જૈન ગૃહસ્થ)

(૬) પ્રબુદ્ધ રૌહિણેય : લગભગ વિ.સં. ૧૨૪૦
કર્તા : રામભદ્રમુનિ

(૭) દ્રૌપદી સ્વયંવર : લગભગ વિ.સં. ૧૨૬૦
કર્તા : વિજયપાલ (જૈન ગૃહસ્થ)

(૮) કરુણા વજાયુધ : લગભગ વિ.સં. ૧૨૭૭
કર્તા : વસન્તવિલાસના રચનારા બાલચન્દ્રસૂરિ

(૯) કાકુત્સ્થકેલિ : લગભગ વિ.સં. ૧૨૮૦
કર્તા : અલંકારમહોદધિના પ્રણેતા નરેન્દ્રપ્રભસૂરિ

(૧૦) હમ્મીરમદમર્દન : લગભગ વિ.સં. ૧૨૮૨
કર્તા : જયસિંહસૂરિ

(૧૧) ધર્માભ્યુદય : લગભગ વિક્રમની ૧૩ મી સદી
કર્તા : મેઘપ્રભસૂરિ

(૧૨) રંભામંજરી : લગભગ વિ.સં. ૧૪૯૦
કર્તા : નયચન્દ્રસૂરિ

(૧૩) શ્રીપાલ નાટક : વિ.સં. ૧૫૩૧
કર્તા : ધર્મસુંદરસૂરિ ઉર્ફે સિદ્ધસૂરિ

(૧૪) શમામૃત : વિક્રમની ૧૭ મી સદી
કર્તા : રત્નસિંહ

નાટ્યદર્પણમ્ :-

જૈન નાટ્યક્ષેત્રે સૌથી મહત્ત્વનું કાર્ય કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચન્દ્રસૂરિશ્વરજીના બે વિદ્વાન શિષ્યો શ્રી રામચન્દ્રસૂરિ તથા શ્રી ગુણચન્દ્રસૂરિએ કર્યું. ભરતમુનિના નાટ્યશાસ્ત્રની પરંપરાનો એક ગ્રંથ રચ્યો - 'નાટ્યદર્પણ'.



તેમના જણાવ્યા પ્રમાણે આચાર્યશ્રીની પ્રીતિ માટે 'શ્રી હેમચન્દ્રપાદાનાં પ્રસાદાય' (ના.દ.વિ.૪), આ શિષ્યોએ પોતાની વિદ્યા-પ્રવૃત્તિના ફળરૂપે 'નાટ્યદર્પણ' રચ્યું હતું. આનો એક અર્થ એવો પણ કાઢી શકાય કે 'નાટ્યદર્પણ' ગ્રંથ રચવા માટે કલિકાલસર્વજ્ઞએ અનુમતિ આપી હતી.

આ ગ્રંથ ચાર વિવેકમાં રચાયો છે. પ્રથમ વિવેકમાં નાટકનું કલેવર બીજ જેવા વિષયોની છણાવટ કરી છે. બીજા વિવેકમાં નાટક સિવાયના રૂપક પ્રકારોની ચર્ચા કરી છે. ત્રીજા વિવેકમાં રસ વિચાર, રસ-સ્વભાવ, ચતુર્વિધ અભિનય જેવા વિષયો ચર્ચવામાં આવ્યા છે. ચોથા વિવેકમાં નાટકને લગતી પ્રકીર્ણ સર્વસામાન્ય માહિતી આપી છે.

પ.પૂ.આ.દે. શ્રીમદ્ વિજય યોગતિલકસૂરિ સંપાદિત નાટ્ય સાહિત્યમાલા ભા-૧ માં પોતાના પ્રાક્કથનમાં ડૉ. તપસ્વી નાન્દી તથા સહાયકો ડૉ. સનત જોશી અને ડૉ. દિલીપ પટેલ લખે છે : ''શ્રી હેમચન્દ્ર તથા તેમના શિષ્યો જૈનધર્મના અનુયાયી તથા પ્રકાંડ વિદ્વાન હતા. સાથે એ પણ નોંધપાત્ર વિગત છે કે આ આચાર્ય તથા તેમના શિષ્યોમાં કોઈ ધાર્મિક કટ્ટરતા જણાતી નથી પણ આપણે આજે જેને 'હિન્દુ ધર્મ' કહીએ છીએ તેના તરફ સમભાવ-આદરભાવ તેઓ ધરાવે છે તથા વાલ્મિકીના રામાયણ કે વ્યાસજીના મહાભારતના પાત્રોને પોતાની રચનાઓમાં નેતારૂપે નિરૂપી તે સહુનું સન્માન પણ તેઓ વ્યક્ત કરે છે. શ્રીરામ કે પાંડવો વિશે ક્યાંય કોઈ જાતનો કટાક્ષ અથવા જે તે પાત્રો કે રામાયણ વગેરે કૃતિઓ ઓછી આદરપાત્ર હતી તેવો કોઈ આડકતરો ઈશારો પણ તેમણે કર્યો નથી અને આમાં તે આચાર્યોની મહાનુભાવતા, તેજસ્વિતા અને ગુણવત્તાના આપણને દર્શન થાય છે. તે જૈન વિદ્વાનો, ધર્માચાર્યો, અધ્યાત્મગુરુઓ કોઈ સંકુચિત મનોવૃત્તિવાળા નહોતા તે આપણે માટે ગૌરવ તથા ગર્વની વાત છે.''

વ્યાખ્યાકાર પં. થાનેશચન્દ્ર ઉપ્રેતી આ ગ્રંથની વિશેષતા બતાવતા લખે છે, ''विश्व को न्याय मार्ग का प्रदर्शन करनेवाले इन द्वादशांग आचार की तरह द्वादश रूपों का फल भी चतुर्वर्ग (धर्मार्थकाममोक्ष) बतलाया है, जबकि अन्यत्र केवल "त्रिवर्गसाधनं नाट्यम्" कहा है ।''

चतुर्वर्गफलां नित्यं, जैंनी वाचमुवास्महे ।
रूपैद्वादशभिर्विश्वं, यया न्याय्ये धृतं पथि ।। १।।

પ્રાચીન નાટકોની ભજવણી :-

આચાર્ય વિજય શીલચન્દ્રસૂરીશ્વરજીના મતે આ સંસ્કૃત નાટકો જિનમંદિરના પ્રાંગણમાં ભજવાતા હતા. મંદિરની સ્થાપના, ધ્વજારોહણ, વાર્ષિકોત્સવ કે પછી કોઈ વિશેષ નિમિત્તે અષ્ટાહ્નિકાદિ મહોત્સવ જેવા પ્રસંગે ભજવણી થતી. આવા નવતર નાટકની રચના કુશળ કવિ - સાહિત્યિક દ્વારા થતી અને તેનું મંચન નિપુણ નટસમૂહ દ્વારા તે તે અવસરે થતું અને રસજ્ઞ નાગરિકોનો વિશાળ સમૂહ મોડી રાત પર્યંત તે મંચન નિરખવા - રસાનુભૂતિ પામવા હંમેશાં ઉપસ્થિત રહેતો. મધ્યકાળના 'પ્રબુદ્ધ - રૌહિણેય' જેવા અનેક નાટકોની પ્રસ્તાવના જોવાથી આ વિધાનોને સમર્થન મળતું અનુભવાશે. નાટકની કથાવસ્તુ જૈન સિવાયના વિષયની પણ રહેતી. બિલ્હણકવિનું 'કર્ણસુંદરી' નાટક પાટણના મહામંત્રી શાન્તૂ - સંપત્કર મહેતાના જિનમંદિરના મહોત્સવ નિમિત્તે સર્જાયેલું તથા ભજવાયેલું. ભગવાનના દરબારમાં સામાન્ય જનસમૂહને આકર્ષવા માટે, પોતાના ચૈત્યનો મહિમા તથા ખ્યાતિ વધારવા માટે, ભગવાનની નૃત્ય-નાટ્યાભિનય વગેરેરૂપ ભક્તિના પ્રકારલેખે સંપન્ન સદ્ગૃહસ્થો આવા ઉપક્રમો રચાવતા હોય તેમ નિઃસંકોચ કલ્પી શકાય.



હેમચંદ્રાચાર્યના શિષ્ય દેવચંદ્રે 'ચંદ્રલેખાવિજય' લખીને શ્રી કુમારપાળના દરબારમાં રજૂ કર્યું હતું. કવિ બાલચંદ્રે લખેલું નાટક 'કરુણાવજ્રયુદ્ધ' શત્રુંજય પર્વત પર વૃષભનાથજીના મંદિરના ચોગાનમાં ભજવાયું હતું. આ નાટકમાં વજ્રયુદ્ધ નામના રાજાએ એક કબૂતરનો જીવ બચાવવા પોતાનો જીવ કેમ સમર્પણ કર્યો અને અહિંસાનો ધ્વજ ઊંચો રાખ્યો એવી કથાવસ્તુ છે.

નાટક :- (જૈન ધર્મની આજ)

મોગલોના આક્રમણો પછી પ્રાચીન જૈન સંસ્કૃત નાટ્યપરંપરાનો હ્રાસ થતો ગયો. ગઈ સદીમાં તા.૦૭-૦૮-૧૯૦૬ ના રોજ દેશી નાટક સમાજે સંસ્થાના સ્થાપક સ્વ. ડાહ્યાભાઈની જન્મજયંતિ નિમિત્તે માંગરોળ જૈન સભાના લાભાર્થે તેમનું 'વીણાવેલી' જે શ્રીપાળ મહારાજાના રાસ ઉપરથી લખાયેલું હતું તે ભજવ્યું. આ ગુજરાતી જૈન નાટક માંગરોળ જૈન સભા એટલે આજની શકુંતલા કાન્તિલાલ જૈન હાઈસ્કૂલના લાભાર્થે ભજવાયું.

સદ્ગત શ્રી ગોવર્ધન પંચાલે ઈ.સ. ૧૯૯૪ માં 'પ્રબુદ્ધ રૌહિણેયમ્' સંસ્કૃત નાટકનું અમદાવાદની ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટના ખુલ્લા પ્રાંગણમાં મંચન કર્યું. ભરતમુનિના નાટ્યશાસ્ત્રના સંકેતો પ્રમાણે આ નાટકનું મંચન થયું હતું. બારમી સદીમાં એક મંચન પછી લગભગ સાતસો વર્ષે થયેલું આ મંચન પણ એક અવિસ્મરણીય ઘટના હતી.

આ ઉપરાંત 'પ્રબુદ્ધ રોહિણેયમ્' નાટક ઉપર આધારિત એક નૃત્ય નાટિકાની ભજવણી શ્રી વસંત દેઢીયાએ સેવાભાવી કલાકારો દ્વારા એકથી વધુ સ્થળે કરી છે. આ ઉપરાંત કેટલાક જૈન નાટકો જે વ્યાવસાયિક રંગભૂમિ ઉપર ભજવાયા તેમાંના થોડાનો નામોલ્લેખ કરું છું. મૃત્યુંજય (શિવમ્ પ્રોડક્શન),

સિદ્ધહેમ (આઈડિયાઝ અનલિમિટેડ), યુગપુરુષ (શ્રીમદ્ રાજચંદ્રજી મિશન, ધરમપુર).

પરંતુ, વર્તમાન સમયમાં ઉત્તમ જૈન નાટકોનું પ્રમાણ ખૂબજ ઓછું રહ્યું છે. આનું મુખ્ય કારણ છે સાધુ સમાજની નાટક પ્રત્યે નારાજગી અથવા ગેરસમજ. થોડા વર્ષો પહેલાં સંજય કાન્તિલાલ વોરા દ્વારા એક પુસ્તિકાનું સંકલન થયું હતું. તેનું શીર્ષક હતું 'તથાકથિત ધાર્મિક નાટકોની અધાર્મિકતા : ગીતાર્થ ગુરુ ભગવંતોનું માર્ગદર્શન'. તેમાંથી કેટલાંક અવતરણો ટાંકું છું.

(૧) મુંબઈ શહેરમાં 'અંધી દૌડ' નામનું ધર્મની ઠેકડી ઉડાડતું નાટક ભજવવાને પ્રશ્ને મોટો વિવાદ થયો અને 'ભગવાન વર્ધમાન મહાવીર' નામની નૃત્યનાટિકા ભજવાઈ. તેને કારણે આ ગંભીર પ્રશ્ને વાસ્તવિક પરિસ્થિતિ શી હોવી જોઈએ તે બાબતમાં અનેક શાસનપ્રેમીઓના મનમાં ઊંડું મનોમંથન પેદા થયું છે.

(૨) ધંધાદારી રંગભૂમિ ઉપર જે તથાકથિત ધાર્મિક નાટકો ભજવાય છે, તેને ધંધાદારી રીતે સફળ બનાવવા માટે તેમાં અનિવાર્યપણે 'મનોરંજન' નું તત્ત્વ ઉમેરવું પડે. જો ધર્મનો ઉપદેશ પણ મનોરંજનના હેતુથી કરવામાં આવે તો તે અધાર્મિક પ્રવૃત્તિ બની જાય છે. વળી, જે કલાકારો મહેનતાણું મેળવવા માટે અભિનય કરતા હોય તેઓ ક્યારેય પ્રેક્ષકોમાં વિશુદ્ધ વૈરાગ્ય અને પરોપકારના ભાવો પેદા કરી શકે નહીં. આવા કારણોસર ધંધાદારી ધાર્મિક નાટકો ધર્મની ઘોર ખોદનારા જ બની રહે છે.

(૩) પાત્રો ભજવવા માટે ધંધાદારી રંગભૂમિના રંગરાગમાં રંગાયેલા કલાકારોની જ મદદ લેવામાં આવે છે. આ કલાકારોના પોતાના ચારિત્ર્યના કોઈ ઠેકાણા નથી હોતા. અમુક કલાકારો તો સૂરા અને સુંદરીઓમાં ડૂબેલા હોય છે.



આવા ધંધાદારી કલાકારો સ્ટેજ ઉપર તીર્થંકર પરમાત્મા કે જૈન સાધુ-સાધ્વીજી ભગવંતનો વેશ પરિધાન કરીને આવે એ જૈનશાસનની ઘોર આશાતના છે. આ વેશધારીઓ પવિત્ર એવા દેવ અને ગુરુતત્ત્વનું ભારે અવમૂલ્યન કરનારા હોય છે. અમુક નિર્માતાઓ એવો દાવો કરે છે કે તેમના 'ધાર્મિક' નાટકમાં તીર્થંકર પરમાત્મા કે સાધુ સાધ્વીજી ભગવંતોનું કોઈ પાત્ર સ્ટેજ ઉપર લાવવામાં આવતું નથી. જોકે આવા નાટકોમાં પણ ચંદનબાળાની સાધ્વી બનતાં અગાઉની અવસ્થા કે સુલસા જેવી શ્રાવિકા કે શ્રેણિક મહારાજા જેવા નિર્મળ સમ્યક્દષ્ટિ આત્માને સ્ટેજ ઉપર રજૂ કરવામાં આવે છે. આ મહાપુરુષો અને મહાસતીઓના પાત્રો ભજવનારા કલાકારોમાં તેમના પગની જૂતી બનવા જેટલી પણ પાત્રતા હોતી નથી. વ્યવસાયિક કલાકારોનું સંદેહાત્મક ચારિત્ર્ય આવા નાટકોને ધર્મના ઉપહાસ સ્વરૂપ બનાવી દે છે.

(૪) જે નાટ્યગૃહમાં તથાકથિત ધાર્મિક નાટક ભજવવાનો દાવો કરવામાં આવે છે તેમાં પણ અગાઉ અનેક સેક્સ, હિંસા, મારધાડ અને વિકૃતિઓને પ્રોત્સાહન આપતા નાટકો ભજવાઈ ચૂક્યા હોય છે. આજકાલ રંગભૂમિ ઉપર દ્વિઅર્થી સંવાદો ધરાવતા બિભત્સ નાટકોની ભરમાર જોવા મળે છે. જે ઓડીટોરીયમમાં સતત આ પ્રકારના જ નાટકો ભજવાતા હોય તેનું વાયુમંડળ પણ ખરાબ સંવેદનાથી દૂષિત થયેલું જોવા મળે છે. આવા સભાગૃહમાં ખરેખર ધાર્મિક ભાવનાને પોષણ આપતું હોય તેવું કોઈ નાટક હોય તો તે પણ ભજવવું ઈચ્છનીય નથી કારણ કે ત્યાંના વાયુમંડળની અસર જ પ્રેક્ષકોમાં અસાત્ત્વિક ભાવો જગાડનારી હોય છે. આવા વિલાસપ્રચુર વાતાવરણમાં ધાર્મિક નાટક ભજવીને હકીકતમાં ધર્મનું જ અવમૂલ્યન કરવામાં આવે છે.

(૫) પૂર્વના પ્રભાવક જૈનાચાર્યોએ નાટ્યગ્રંથો લખ્યા છે તે બધા ભજવવા માટે

નથી લખ્યા પણ સાહિત્યના પ્રકાર તરીકે મુખ્યત્વે વાંચવા માટે અને વૈરાગ્યરસમાં પ્લાવિત થવા માટે લખ્યા છે. ભૂતકાળમાં ક્યાંક પૂર્વાચાર્યોએ લખેલા નાટકો ભજવાયાના પણ દાખલાઓ છે, પણ તે કાળ અલગ હતો.

આ જ પુસ્તિકામાં લગભગ બાવીસ પૂજનીય ગીતાર્થ ગુરુ ભગવંતોના માર્મિક સંદેશાઓ છાપવામાં આવ્યા છે. બે-ત્રણ સંદેશાઓ પણ જોઈએ.

(૧) કચ્છવાગડ સમુદાયના ગચ્છાધિપતિ શ્રી વિજય કલાપ્રભસૂરિશ્વરજી મહારાજા :

'અંધી દૌડ' માં ઘણા પ્રંસગો વાંધાજનક છે, જે ત્યાગી વર્ગને અને સર્વવિરતિધર આત્માઓને ખરાબ ચિતરવારૂપ છે. નાટકો - સિને દશ્યોથી બાળકોમાં કુસંસ્કારો રોપાય છે; જેથી નાટકો - સિને દશ્યોમાં ઉચ્ચ ધાર્મિક પાત્રોના જ આવવા જોઈએ, અન્યથા ઘોર આશાતના - પાપરૂપ થાય છે. ભારતીય નાટકો - સિને દશ્યોમાં ભારતીય સંસ્કૃતિના આદર્શોને અનુરૂપ નિયમો કરવા જોઈએ. મર્યાદાવિરુદ્ધ દશ્યો ન જ ભજવી કે મૂકી શકાય.

(૨) ગણિશ્રી યુગભૂષણવિજયજી મહારાજા (પંડિત મહારાજ) :-

જે લોકો ધંધાદારી વ્યવસાયલક્ષી પ્રવૃત્તિરૂપે ધર્મના નાટકો, સિનેમાઓ રજૂ કરે છે તેઓ હજારો વર્ષથી સ્થપાયેલા અને સમાજમાં સ્વબળથી ટકનારા ધર્મના પવિત્ર આધ્યાત્મિક પ્રતીકોનો વ્યાપારી ઉપયોગ કરે છે, જે તે તે ધર્મના સ્થાપિત અધિકારો પરની તરાપ છે.

આમ, ઘણા બધા જૈન સાધુભગવંતોના વિરોધને કારણે જૈન ધાર્મિક નાટકોનું પ્રમાણ વર્તમાનમાં બહુ જ ઓછું રહ્યું છે. તેના કેટલાંક પરિણામો જોઈએ :-



(૧) 'નાટક પાપ છે' એવું શ્રાવકોના મગજમાં ઠસાવ્યા છતાંય મુંબઈના વ્યાવસાયિક નાટકોની જીવાદોરી જૈન સોશિયલ ગ્રુપો અને જૈન જાગૃતિ સેન્ટરો જ રહ્યા છે એ સર્વસ્વીકૃત છે. આમ છતાં જૈન ધાર્મિક નાટકોનો વિરોધ કરનારાઓએ આ વાસ્તવિકતા તરફ દુર્લક્ષ્ય સેવ્યું છે.

(૨) ઘણી ખરી જૈન શૈક્ષણિક સંસ્થાઓ, પાઠશાળાઓ કે પછી ઉપાશ્રયોમાં નાટક કે સંવાદોને નામે જે પ્રવૃત્તિ કરવામાં આવે છે એ ઘણીવાર તો એટલી બાલીશ હોય છે કે તેમાં કલાનો એક અંશમાત્ર દેખાતો નથી. કલાની દેવી સરસ્વતીમાતા અને નાટ્યદર્પણ ગ્રંથના કર્તાઓનું અપમાન થતું હોય એવું ક્યારેક લાગે. આવા નાટકો દ્વારા સંસાર પ્રત્યે કોઈને વૈરાગ્ય ઉપજતો હશે કે કેમ એ પ્રશ્ન છે.

પૂજ્ય બંધુત્રિપુટી મહારાજ, પૂજ્ય નમ્રમુનિજી, રાકેશભાઈ ઝવેરી, ભાઈશ્રી વગેરેએ ધાર્મિક નાટ્યપ્રવૃત્તિને પ્રોત્સાહન આપ્યું છે. નાટકો પણ કરાવ્યા છે. પરિણામે કેટલાંય બાળકો અને યુવાનો આ માધ્યમ દ્વારા ધર્મમાર્ગે વળ્યા છે. મારું માનવું છે કે નાટક એ સાહિત્યનો એક ઉત્કૃષ્ટ પ્રકાર છે. નાટક કે ફિલ્મ એ તો માત્ર એક માધ્યમ છે. કોઈપણ માધ્યમનો ઉપયોગ વ્યક્તિની વિવેકબુદ્ધિ ઉપર આધાર રાખે છે. કોઈક દ્વારા આ માધ્યમનો દુરુપયોગ થતો હોય તો એનો અર્થ એવો કરી શકાય કે એ માધ્યમ જ પાપરૂપ છે ?

કલાત્મક અને સુસંસ્કારી ધાર્મિક નાટકોને ઘણા પારંપરિક સાધુભગવંતો પણ પ્રોત્સાહિત કરે છે. બે દાખલા નોંધું છું -

(૧) 'પ્રબુદ્ધ રૌહિણેયમ્' ની ભજવણી વિશે મુનિ ભુવનચંદ્રજી લખે છે : ''ધર્મ અને સંસ્કૃતિને મિષ્ટ-મધુર રૂપરંગ સાથે જીવંત કરતા આવા નાટ્ય પ્રયોગોને જૈન સંઘ દ્વારા ઉજવાતા ભવ્ય મહોત્સવમાં સ્થાન મળશે તો વળી સવિશેષ આનંદ થશે.''

(૨) 'ઈતિહાસ અને ઉપક્રમ : પ્રબુદ્ધ રૌહિણેયમ્‌ના પરિપ્રેક્ષ્યમાં' શીર્ષકવાળા લેખમાં પૂજ્ય આચાર્ય શ્રી શીલચંદ્રસૂરીશ્વરજી લખે છે : ''જિનમંદિરમાં નાટક ભજવવાની વાત આજે તો તદ્દન અજુગતી, અપ્રસ્તુત, હાસ્યાસ્પદ અને જડ સાંપ્રદાયિકો માટે તો ડૂબી મરવા જેવી લાગે. પરંતુ ઈતિહાસના પાનાં ફેરવીએ તો અને આવી નાટ્યરચનાઓ વાંચીએ તો તરત ખ્યાલ આવે કે આપણા પૂર્વજો, મહાન જૈનાચાર્યો તેમજ મહાન શ્રાવકો - સંઘોની નજર સમક્ષ જ આપણા ભવ્ય જિનાલયોમાં આવા નાટકો ભજવાતા હતા અને જૈન-જૈનેતર સમગ્ર જનતા ઉપરાંત રાજાઓ અને મંત્રીઓ પણ તે જોવા ઉપસ્થિત રહેતા હતા અને હેમચંદ્રાચાર્ય જેવા સેંકડો મહાન ધુરંધર આચાર્યોએ પણ આ પ્રથાનો નિષેધ-વિરોધ કર્યો હોય તેવું હજી સુધી તો ક્યાંય જાણવા - વાંચવા મળ્યું નથી. બલ્કે તે આચાર્યોએ કે તેમના શિષ્યોએ તો આવા પ્રયોજનો માટે જ નાટ્યરચનાઓ કરી હોવાનું જાણવા મળે છે.''

આવી અદ્‌ભુત પરંપરા શાને કારણે બંધ થઈ અને તેનાથી શું નુકસાન થયું તે વિશે આચાર્ય શીલચન્દ્રસૂરીશ્વરજી લખે છે, ''મંદિરોમાં ખરેખર તો જાહેરમાં નાટકો ભજવવાની આ રસપ્રદ પરંપરા ક્યારથી બંધ પડી તે વિષે કોઈ સ્પષ્ટ કે અસ્પષ્ટ નિર્દેશ મળતા નથી. એવું અનુમાન થાય છે કે મૂર્તિભંજકોના આક્રમણો વધી ગયા હશે ત્યારથી આ પ્રવૃત્તિ સંકેલી લેવામાં આવી હશે કેમ કે મંદિર અને મૂર્તિનો ભંગ, સ્ત્રીજન પર અત્યાચાર અને નિર્દોષોને અકારણ હણવા - લૂંટવાની વૃત્તિ એ બધું જ આવા જાહેર સમારંભો થતા રહે તો વધુ વકરે; એના કરતાં એવા પ્રસંગો જ ટાળી દેવા એ વધુ શ્રેયસ્કર - આવા શાણપણાથી પ્રેરાઈને તત્કાલીન સામાજિકોએ આ બધા પ્રયોજનો બંધ કરાવી દીધા હોય તેમ માની શકાય. અર્થાત્‌, આ પ્રયોજનો બંધ કરાવવા પાછળ કોઈ આશાતના કે આ અયોગ્ય હોવાના ખ્યાલે ભાગ ભજવ્યો નથી, પરંતુ મંદિરથી માંડીને જીવનની સુરક્ષાની સમયોચિત અનિવાર્યતા જ તેમાં કામ કરી ગઈ છે - એમ માનવાનું વધુ સમુચિત - સુસંગત લાગે છે. આનું સીધું પરિણામ એ આવ્યું કે ચૌદમા શતક પછી જૈન વિદ્વાનો દ્વારા નાટકોની રચના થવાનું લગભગ બંધ પડી ગયું. જલ્દી નજરમાં ન આવે તેવો આ સાંસ્કૃતિક હ્રાસ, જો ઊંડા ઉતરીએ તો કેટલો બધો તીવ્ર છે ! કેટલો હાનિપ્રદ બન્યો છે ! આમાં માત્ર થોડીક પ્રશિષ્ટ કે શિષ્ટ રચનાઓ ગુમાવવાની થઈ તેટલો જ સવાલ નથી; આમાં તો એક જીવંત - રસિક સમાજની આખી જીવનશૈલી કેવી રીતે અસ્ત થઈ ગઈ કે ઘરમૂળથી બદલાઈ ગઈ તે સમજવાનું જ મહત્ત્વપૂર્ણ છે.''

નાટક :- જૈન ધર્મની આવતીકાલ

મારું સ્પષ્ટ માનવું છે કે ફરી એકવાર આવી સરસ નાટ્યકલાની પરંપરા જૈન સમાજમાં શરૂ થશે. ઉપાશ્રયોમાં ખેલાતાં નાટકો કે સંવાદોમાં પણ કલાનું તત્ત્વ ઉમેરાશે. હાસ્યાસ્પદ અને બાલીશ સંવાદોનું સ્થાન કલાત્મક નાટકો લેશે. નાટ્યકલા પણ સંગીત, નૃત્ય અને અન્ય સાહિત્ય પ્રકારની જેમ જ ભક્તિનું ઉચ્ચ માધ્યમ છે એવું બહુજન સમાજ સ્વીકારતો થશે. અત્યારથી જ એ વહેણ શરૂ થઈ ચૂક્યું છે. બે દાખલા ટાંકું છું :-

(૧) પંડિત મહારાજ દ્વારા પ્રોત્સાહિત બે ધાર્મિક ફિલ્મો બની છે. 'ચલ મન જીતવા જઈએ' તો ખૂબ લોકપ્રિય થઈ. ખરેખર, ખૂબજ સુંદર ફિલ્મ ! અમે આ ફિલ્મ કાંદીવલીના રઘુલીલા મોલના એક મલ્ટીપ્લેક્સ થિયેટરમાં જોઈ હતી. એક વાત ચોક્કસ કહેવાનું મન થાય છે કે જે સિનેમાગૃહમાં અમે આ ફિલ્મ નિહાળી તેમાં માત્ર ધાર્મિક ફિલ્મો જ નથી પ્રદર્શિત કરવામાં આવતી, એડલ્ટ ફિલ્મો પણ બતાવવામાં આવે છે. છતાંય આ ફિલ્મ જોતી વખતે ત્યાંના વાયુમંડળની કોઈ

ખરાબ અસર પ્રેક્ષકોના માનસ ઉપર પડી હોય એવું જરા પણ લાગ્યું નહીં. આ ફિલ્મનો બીજો ભાગ ટૂંક સમયમાં જ રજૂ થનાર છે એવું જાણવા મળ્યું છે. ગીતાર્થ ગુરુભગવંતે પંડિત મહારાજ દ્વારા ફિલ્મના માધ્યમનો સ્વીકાર એ 'નાટક' ના ઉજ્જવળ ભવિષ્ય માટે સૂચક છે.

(૨) 'ઉપમિતિભવપ્રપંચ કથા' પરથી મુંબઈના વ્યાવસાયિક કલાકારો દ્વારા એક નાટક ભજવવામાં આવ્યું. બોરીવલીના ચીકુવાડી મેદાનમાં એક મહોત્સવ નિમિત્તે આચાર્ય શ્રેયાંસપ્રભસૂરિજીની નિશ્રામાં આ નાટક ભજવાયું.

આ બન્ને ગીતાર્થ ગુરુભગવંતો પ.પૂ. આચાર્ય રામચંદ્રસૂરીશ્વરજીના શિષ્યો છે. જૈન ધાર્મિક નાટકોનો મુખ્યત્વે વિરોધ ચન્દ્રશેખર વિજયજી અને રામચન્દ્રસૂરીજીના નામે કરાતો રહ્યો છે. આ બન્ને ગીતાર્થ ગુરુભગવંતો દ્વારા અનુક્રમે ફિલ્મ અને નાટકના માધ્યમનો સ્વીકાર એ ધાર્મિક નાટકોના ભાવિ અંગે ઘણું બધું સૂચિત કરી જાય છે.

**(મુંબઈ સ્થિત જૈનદર્શનના અભ્યાસુ જહોની શાહ નાટ્ય લેખક, નાટ્ય દિગ્દર્શક છે. તેઓ સ્તવનો, ભજનો, જૈનકથાગીતો અને એકાંકિતનું સુંદર આયોજન કરે છે.)**



# ૧૭ આવશ્યક સૂત્ર - પ્રતિક્રમણ

- પૂર્ણિમાબેન મહેતા

એક મહાન અનુષ્ઠાનને મારે ત્રણ ડાયમેન્શનમાં રજૂ કરવાનું છે ત્યારે કૃતજ્ઞતાને અભિવ્યક્ત કરવાની આ વેળા, 'અર્થ' થી છ આવશ્યકોના ઉદ્ધાતા શ્રી તીર્થંકર ભગવંતો, સૂત્ર રચયિતા શ્રી ગણધર ભગવંતો અને નિર્યુક્તિ-ભાવા-ચૂર્ણિ, વૃત્તિકાર, પૂર્વ મહર્ષિઓને યાદ કરવા સાથે સુવિદિત ગુરુ પરંપરાનું સ્મરણ કરતાં કરતાં હું ધન્યતા અનુભવું છું અને મારા અલ્પ ક્ષયોપશમ અનુસાર હું રજૂઆત કરું છું.

'પ્રતિક્રમણ' શબ્દ 'ક્રિયા' ને સૂચવે છે. 'આવશ્યક' શબ્દનો અર્થ - સાધુ, શ્રાવક આદિ ચતુર્વિધ સંઘે અવશ્ય કરવા યોગ્ય જ્ઞાનાદિ ગુણોને તથા મોક્ષને પ્રાપ્ત કરે તે આવશ્યક છે. 'અનુયોગદ્વાર સૂત્ર'માં આવશ્યકના પર્યાય શબ્દો આ પ્રમાણે દર્શાવેલ છે - આવશ્યક, અવશ્ય કરણીય, ધ્રુવ, નિગ્રહ, વિશોધિ, અધ્યયન-ષડ્વર્ગ, ન્યાય, આરાધના અને માર્ગ.

આવશ્યકની મહત્તા :-

આવશ્યક જૈન સાધનાનું પ્રમુખતમ અંગ છે. આ આધ્યાત્મિક સમતા-નમ્રતા આદિ સદ્‌ગુણોનો આધાર છે. દરેક સાધક માટે આવશ્યકનું જ્ઞાન આવશ્યક જ નહીં પણ અનિવાર્ય છે. જેમ વૈદિક પરંપરામાં 'સંધ્યા'નું, બૌદ્ધમાં ઉપાસનાનું, પારસીઓમાં ખોરદેદ્ધ અવસ્થાનું, યહૂદી અને ઈસાઈઓમાં પ્રાર્થનાનું, ઈસ્લામ ધર્મમાં નમાઝનું જેટલું મહત્ત્વ છે, તેટલું જ મહત્ત્વ જૈન ધર્મમાં દોષોની શુદ્ધિ માટે અને ગુણોની અભિવૃદ્ધિ માટે આવશ્યક છે. જે દિવસ અને રાત્રિના અંતભાગે શ્રમણ અને શ્રાવક વડે આવશ્યક કરવા યોગ્ય છે, તેથી તે આવશ્યક કહેવાય છે. "अवश्यं करणाद् आवश्यकम्" અર્થાત્ જે અવશ્ય કરવાનું જ હોય તે આવશ્યક.

આવશ્યક અને સાધુ શ્રાવકસંઘ :-

જૈન સમાજની મુખ્ય બે શાખાઓ છે, (૧) શ્વેતાંબર અને (૨) દિગંબર. દિગંબર સંપ્રદાયમાં મુનિઓને માટે 'આવશ્યક વિધાન' તે સંપ્રદાયમાં માત્ર શાસ્ત્રમાં છે; પરંતુ વ્યવહારમાં નથી તેવું કેટલાક વિદ્વાનોનું મંતવ્ય છે.

શ્વેતાંબર સંપ્રદાયની બે મુખ્ય શાખાઓ છે, (૧) મૂર્તિપૂજક અને (૨) સ્થાનકવાસી. આ બંને સંપ્રદાયના સાધુ તેમજ શ્રાવકોમાં છ યે આવશ્યકનો નિયમિત પ્રચાર અધિકાર પ્રમાણે યથાસ્થિત ચાલુ જ છે.

ઉપરોક્ત બન્ને શાખાઓમાં સાધુઓને તો સાંજ અને સવાર આવશ્યક અવશ્ય કરવાનું હોય છે, કારણ કે શાસ્ત્રમાં એની આજ્ઞા છે કે પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓ આવશ્યક નિયમપૂર્વક કરે જ. આ આજ્ઞા પાળવામાં ન આવે તો તે સાધુપદનો અધિકારી નથી.

શ્રાવક કે ગૃહસ્થ વર્ગમાં આવશ્યક વિકલ્પે છે, અર્થાત્ જે ભાવિક અને



નિયમવાળા હોય છે, તે તે અવશ્ય કરે છે અને બાકીના માટે તો આ ઐચ્છિક છે. જે વ્યક્તિ બીજે કોઈપણ પ્રસંગે ધર્મસ્થાનમાં ન જતી હોય તે પણ સાંવત્સરિક પર્વ પ્રસંગે ધર્મસ્થાનમાં આવશ્યક ક્રિયા કરવાને માટે એકત્રિત થાય છે, અને તે ક્રિયા કરી પોતાને અહોભાગ્ય માને છે. આમ, શ્વેતાંબર સંપ્રદાયમાં ઉપર્યુક્ત ક્રિયાનું મહત્ત્વ અધિકતર છે. તેથી જ આ સંપ્રદાયના અનુયાયીઓ સંતાનોને ધાર્મિક શિક્ષણ આપતી વખતે સૌથી પહેલા આવશ્યક ક્રિયા જ શીખવવાનો પ્રબંધ કરે છે.

આવશ્યકનું સ્વરૂપ :-

આવશ્યક સૂત્રના વિભાગો કે અંગ આ પ્રમાણે છે. (૧) સામાયિક (૨) ચતુર્વિંશતિ સ્તવ (૩) વંદન (૪) પ્રતિક્રમણ (૫) કાયોત્સર્ગ (૬) પ્રત્યાખ્યાન.

(૧) સામાયિક :-

સર્વ પાપકાર્યોથી વિરમી, મન-વચન-કાયાને શાંત કરી, ઈન્દ્રિયોને વશમાં રાખી જે વ્યક્તિ સમતાનો અભ્યાસ કરે છે તેનું સામાયિક સ્થિર થાય છે એમ કેવળી ભગવાને કહ્યું છે. શાસ્ત્રોમાં સામાયિકના ત્રણ ભેદ દર્શાવેલ છે - (૧) સમ્યક્ત્વ સામાયિક (૨) શ્રુત સામાયિક (૩) ચારિત્ર સામાયિક. આ ત્રણ દ્વારા જ સમભાવમાં સ્થિર રહી શકાય છે. ચારિત્ર સામાયિક પણ અધિકારીની અપેક્ષાએ દેશ અને સર્વે એમ બે પ્રકાર છે. દેશ સામાયિક ચારિત્ર ગૃહસ્થને અને સર્વ સામાયિક ચારિત્ર સાધુઓને હોય છે. સામાયિકની સાધના વિશે ગણધર ગૌતમ સ્વામી તીર્થંકર મહાવીર સ્વામીને પ્રશ્ન પૂછે છે.

હે પૂજ્ય ! સામાયિક ક્રિયાથી જીવને કયો લાભ પ્રાપ્ત થાય ?

શ્રી મહાવીર પ્રભુ : ગૌતમ ! શત્રુ કે મિત્ર તરફ, મહેલ કે મસાણમાં સામ્યભાવ રૂપ સામાયિક કરનાર જીવને સંપૂર્ણ પાપજનક યોગોનો ત્યાગ થાય છે;

તેથી નવીન કર્મનો બંધ થતો નથી અને પૂર્વકર્મોની નિર્જરા થાય છે; ક્રમશઃ સમસ્ત કર્મોની શીઘ્ર નિર્જરા થઈ મોક્ષ પ્રાપ્ત થાય છે. પુણિયા શ્રાવકની સામાયિક તો શાસ્ત્રપ્રસિદ્ધ છે. તેમની એક સામાયિકનું મૂલ્યાંકન કરવું અસંભવ હતું. ભગવાન મહાવીર સ્વામીએ શ્રેણિક રાજા સન્મુખ પુણિયા શ્રાવકની સામાયિકની પ્રશંસા કરી હતી. આથી સ્પષ્ટ થાય છે કે પુણિયા શ્રાવકની સામાયિક શ્રેષ્ઠ હતી.

(૨) ચતુર્વિંશતિ સ્તવ :-

ઋષભ આદિ ચોવીસ જિનોના નામ ઉચ્ચારવા, તેમના ગુણોનું કીર્તન કરવું, ઉચિત પદાર્થોથી તેમની પૂજા કરવી અને મન-વચન-કાયાની શુદ્ધિ સહિત વંદન કરવાં એ ચતુર્વિંશતિ-સ્તવ નામનું બીજું આવશ્યક છે.

ચોવીસ તીર્થંકરોની સ્તુતિ કરવી તે ચતુર્વિંશતિ સ્તવ છે. સાધક સ્તુતિ દ્વારા વીતરાગ પરમાત્માના ગુણોના ગુણગાન કરે છે, અને આ માધ્યમ દ્વારા સાધક પોતાના અહંકારનો નાશ અને સદ્‌ગુણોની વૃદ્ધિ કરે છે.

ગુરુ ગૌતમ સ્વામી : હે ભગવન ! ચોવીસ તીર્થંકરોની સ્તુતિ કરવાથી જીવને શો લાભ પ્રાપ્ત થાય ?

શ્રી મહાવીર પ્રભુ : હે ગૌતમ ! ચોવીસ તીર્થંકરોના ગુણોનું કીર્તન કરવાથી મિથ્યાત્વ મોહનીયનો ક્ષયોપશમ થઈ દર્શનમાં (સમ્યક્ત્વ) માં વિશુદ્ધિ (નિર્મળતા) ઉત્પન્ન થાય છે તથા તીર્થંકરોના ગુણોમાં અનુરાગ-પ્રેમ થવાથી તે ગુણોની પ્રાપ્તિ થાય છે અને અલ્પકાળમાં સંસારથી મુક્ત થાય છે.

(૩) વંદન :-

જેના દ્વારા પૂજ્ય કે ગુરુજન પ્રતિ બહુમાન પ્રગટ કરી શકાય તે પ્રકારનો મન, વચન અને કાયાનો વ્યાપાર કે પ્રવૃત્તિ તે 'વંદન' છે, શાસ્ત્રમાં વંદનને ચિતિ



કર્મ, કૃતિકર્મ, પૂજાકર્મ આદિ પર્યાય શબ્દ દ્વારા પણ ઓળખાવેલ છે.

ગુરુવંદનમાં છ બાબતોનો સમાવેશ થાય છે. ગુરુ સમક્ષ વંદન કરવાની ઈચ્છા દર્શાવવી, અનુજ્ઞા મળતા ગુરુની નિકટ જવું, સ્વાસ્થ્યની પૃચ્છા કરવી, ગુરુની સંયમયાત્રા નિર્વિઘ્ન છે કે કેમ તેની પૃચ્છા કરવી, તેમના સંયમની અનુમોદના કરવી અને પોતાથી થયેલ અપરાધોની ક્ષમા યાચવી.

'સમણસુત્તં' માં વિનયનું ફળ દર્શાવતા જણાવે છે કે વંદન કરવાથી ગુરુનો વિનય થાય છે, પોતાના અભિમાનનો નાશ થાય છે, ગુરુજનોનું પૂજન થાય છે, તીર્થંકર પ્રભુની આજ્ઞાનું પાલન થાય છે, જ્ઞાનની આરાધના થાય છે અને તેના ફળસ્વરૂપે ધ્યાન અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.'

(૪) પ્રતિક્રમણ :-

'પ્રતિક્રમણ' આ શબ્દમાં 'પ્રતિ' અને 'ક્રમણ' બે શબ્દો છે. 'પ્રતિ' એટલે પાછું અને 'ક્રમણ' એટલે 'ચાલવું', 'ફૂંકવું', 'આવવું' કે 'ફરવું'. પાછાં આવવું કે કરવું પણ શેનાથી ? તેનો જવાબ નીચેનો શ્લોક આપે છે.

''स्वस्थानादयत् परस्यानं,
प्रमादस्य वेशाद गतः ।
प्रति प्रति वर्तनं वा, शुभेवु योगेषु मोक्षफलदेषु ।
निःशल्यस्य यतेर्यत्, तद वा ज्ञेयं प्रतिकमण म ।।''

અર્થાત્ પ્રમાદને વશ થયેલો આત્મા પોતાના સ્થાનથી પરસ્થાનને વિષે ગયો હોય તેને ત્યાંથી પાછો ફેરવી પોતાના સ્થાનમાં લાવવો તે 'પ્રતિક્રમણ' કહેવાય છે. શલ્યથી રહિત એવા મુનિનું મોક્ષરૂપ ફળ દેનારા શુભ યોગોને વિષે વારંવાર વર્તન તે પણ 'પ્રતિક્રમણ' જાણવું.

પડિક્કમણું એટલે 'અતિક્રમણ'નું પ્રતિક્રમણ. પાપથી પાછા હઠવાની ક્રિયા દર્શાવતા સૂત્રો દ્વારા ક્ષણે-ક્ષણે મન, વચન, કાયાથી થતા પાપો-દોષોથી આલોચના, ક્ષમા માંગવી, શુદ્ધ થવું તેનું નામ પ્રતિક્રમણ છે.

દૈવસિક, રાત્રિક, પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક આદિ પ્રતિક્રમણના પાંચ ભેદ પણ પ્રાચીન અને શાસ્ત્રસંમત છે કારણ કે તેનો ઉલ્લેખ શ્રી ભદ્રબાહુસ્વામીએ પણ કરેલ છે. કાર્યભેદથી ત્રણ પ્રકારના પ્રતિક્રમણ પણ કહ્યાં છે -

- ભૂતકાળમાં લાગેલા દોષની આલોચના કરવી.
- સંવર કરી વર્તમાનકાળના દોષથી રક્ષણ કરવું.
- પ્રત્યાખ્યાન દ્વારા ભવિષ્યકાળના દોષોને રોકવા.

આત્માની ઉત્તરોત્તર વિશેષ શુદ્ધ રૂપે સ્થિરતા થાય તે માટે પ્રતિક્રમણ કરવાનું છે અર્થાત્

- મિથ્યાત્વ તજી સમકિત મેળવવું.
- અવિરતિ તજી વિરતિ (ત્યાગ) સ્વીકારવો.
- કષાય દૂર કરી ક્ષમા આદિ ગુણો પ્રગટાવવા.
- સંસાર વધારનાર પ્રવૃત્તિ તજી આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરવી.

(૫) કાયોત્સર્ગ :-

કાઉસ્સગનું સંસ્કૃત રૂપાંતર 'કાયોત્સર્ગ' છે. આ પાંચમું આવશ્યક છે. શરીર પરથી મમતાનો ત્યાગ કરવો તે કાયોત્સર્ગ છે.

કાયોત્સર્ગથી દેહ અને બુદ્ધિની જડતા દૂર થાય છે કારણ કે તે દ્વારા વાયુ આદિ ધાતુઓની વિષમતા (સમાનતા) દૂર થઈ, પરિણામે બુદ્ધિની મંદતા હઠી



જાય છે અને વિચારશક્તિનો વિકાસ થાય છે. અનુકૂળ અને પ્રતિકૂળ એવા બન્ને પ્રકારના સંયોગોમાં સમભાવ રાખવાની શક્તિ પ્રાપ્ત થાય છે, ભાવના અને ધ્યાનનો અભ્યાસ પણ પુષ્ટ બને છે તેમજ અતિચારનું ચિંતન પણ કાયોત્સર્ગમાં સારી રીતે થઈ શકે છે. આમ, કાયોત્સર્ગ એ બહુ જ મહત્ત્વની આવશ્યક ક્રિયા છે.

(૬) પ્રત્યાખ્યાન :- ત્યાગ તે 'પ્રત્યાખ્યાન' છે.

રાતના યથાશક્તિ આહાર, પાણીનો વિવિધ રીતે ત્યાગ કરવાનો નિયમ કરવો. આથી છઠ્ઠા આવશ્યકની આરાધના થાય છે. જીવનને સંયમી બનાવવું, વિવિધ કુટેવોથી બચવું, સદાચરણમાં પ્રવૃત્તિ કરવી અને પાપાશ્રવથી અટકવું એ પ્રત્યાખ્યાનનો હેતુ છે.

શ્રી ગૌતમ સ્વામી પ્રભુ વીરને પૂછે છે,

હે પૂજ્ય, પ્રત્યાખ્યાન કરીને જીવને શો લાભ પ્રાપ્ત થાય ?

શ્રી મહાવીર પ્રભુ : હે શિષ્ય ! પ્રત્યાખ્યાન વડે જીવ હિંસાદિક આસ્રવના દ્વારોને રુંધે છે અને પૂર્વ ઉપાર્જન કરેલા કર્મોને ખપાવે છે. પ્રત્યાખ્યાન (ત્યાગ) થી ઈચ્છાનો નિરોધ થાય છે. ઈચ્છાનિરોધથી સર્વ દ્રવ્યોની લાલસારૂપ અગ્નિનો નાશ થાય છે. આથી જીવ શાંત ચિત્તયુક્ત બની સુખપૂર્વક વિહાર કરે છે.

પરિક્રમણમાં છ આવશ્યકના સૂત્રો દ્વાર પંચાચારનો સમાવેશ થાય છે, જેમ કે,

પહેલું આવશ્યક સામાયિકથી ચારિત્રાચાર

બીજું આવશ્યક ચતુર્વિશતિસ્તવથી (લોગસ્સ) - દર્શન આચાર

ત્રીજું આવશ્યક - વંદનાથી જ્ઞાનાદિ આચાર

ચોથું આવશ્યક - કાઉસગ્ગથી પ્રતિક્રમણમાં બાકી રહી ગયેલા

અતિચારથી ચારિત્રાચાર

છઠ્ઠા આવશ્યક - પચ્ચક્ખાણથી તપાચાર

અને આ છ આવશ્યક વડે વીર્યાચારની શુદ્ધિ થાય છે.

પ્રતિક્રમણ આજની દૃષ્ટિએ :-

વર્તમાનમાં જૈનધર્મની તમામ પરંપરામાં પ્રતિક્રમણની ક્રિયાને અત્યંત આદર અને ભાવપૂર્વક કરવામાં આવે છે.

આમ તો વિશ્વના તમામ ધર્મો થયેલી ભૂલોના પશ્ચાત્તાપ અને ક્ષમાપના માટેના સિદ્ધાંત પોતપોતાના અનુયાયીઓને બતાવે છે.

જૈન ધર્મ આચાર અને વિચાર પ્રધાન હોવાથી દૈનિક જીવનમાં રોજિંદી પ્રવૃત્તિઓમાં થતી હિંસા પ્રત્યે જાગૃત બનવા માટે સતત પ્રેરણા કરે છે, કારણ કે અહિંસા એ જૈન ધર્મનો પાયાનો સિદ્ધાંત છે. એટલે જૈન આચાર્યો જીવનની દરેક ક્રિયાને હિંસાને અહિંસાના માપદંડોથી મૂલવે છે.

અંતરનિરક્ષણની પ્રક્રિયા દ્વારા થયેલી ભૂલોનું આકલન, એના માટે પશ્ચાત્તાપનો ભાવ, થયેલી ભૂલો માટે પ્રાયશ્ચિત્તનો ભાવ અને મનની ભૂલો માટે વધુ સજાગ બનાવવાની પ્રક્રિયા, સાથે કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન (પચ્ચક્ખાણ) ની સાધનાનો માર્ગ બતાવે છે. સામાન્ય રીતે આના માટેની વિધિ અલગ પરંપરાઓમાં જુદી પણ બતાવાય છે. છતાંય છ આવશ્યકતાના સિદ્ધાંત સાથે દરેક પરંપરા એકમત છે.

જૈન ધર્મના કેટલાક સંપ્રદાયોમાં વર્તમાનમાં પ્રતિક્રમણ ગુરુજનો સાધુ-સાધ્વીજીની સાક્ષીમાં અર્થાત્ એના સાન્નિધ્યમાં કરવામાં આવે છે; જેમાં શ્રાવકો-પુરુષવર્ગ, સાધુ પુરુષોના સાન્નિધ્યમાં એ ક્રિયા કરે છે. શ્રાવિકાઓ સાધ્વીજીના



સાન્નિધ્યમાં આ ક્રિયા કરે છે. જ્યારે કેટલાક સંપ્રદાયો અને પરંપરાઓમાં ગૃહસ્થ સ્ત્રી-પુરુષના પ્રતિક્રમણની અલગ-અલગ વ્યવસ્થા પણ કરે છે, જેમાં સાધુ-સાધ્વીજીની હાજરી હોતી નથી.

પ્રતિક્રમણની ક્રિયા મુખ્યત્વે શ્રાવક જીવનના બાર વ્રતોની સાથે સંકળાયેલી હોવાથી તે વ્રતોમાં થતી સ્ખલનાઓ - ભૂલોને યાદ કરીને અને એના વિષય નિંદા અને ગર્હાનો ભાવ વ્યક્ત કરવામાં આવે છે. જો કે વર્તમાન સમયની જીવનપદ્ધતિના કારણે એ વ્રતોની થોડીક વાતો આજના સંદર્ભમાં અપ્રસ્તુત લાગતી હોય છે એ સ્વાભાવિક છે. જ્યારે રોજિંદા જીવનમાં થતી મન-વચન-કાયાની અનેક દુષ્ટ પ્રવૃત્તિઓનો સમાવેશ વર્તમાનમાં બોલાતા મુખ્ય સૂત્રોમાં ન હોવાથી પ્રાયશ્ચિત્તની પ્રક્રિયા અધૂરી રહી જતી હોય એવો અહેસાસ થાય છે. એ માટે વ્યક્તિગત રીતે પોતાનું આંતરનિરીક્ષણ કરીને થતી ભૂલોને સ્મરણમાં લાવીને તેના પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત્ત માટે સજાગ થવું જોઈએ.

હાલમાં થતી પ્રતિક્રમણની ક્રિયાના સૂત્રો મોટાભાગે અર્ધમાગધી પ્રાકૃતભાષામાં હોવાથી ન સમજાવાની ફરિયાદ પણ ઉઠતી હોય છે એટલે કેટલીક પરંપરાઓએ ગુજરાતી ભાષામાં પ્રતિક્રમણનો કોન્સેપ્ટ તૈયાર કરીને પણ પ્રતિક્રમણ કરતા હોય છે.

વર્તમાનમાં ભાષાનો પ્રશ્ન વધુને વધુ વિકટ બન્યો છે. આવનારી પેઢી જે અહીંયા કે વિદેશમાં રહે છે તેમના માટે ભાષાની સમસ્યા ખાસ કરીને સૂત્રો અને શાસ્ત્રોની ભાષા મોટા પડકારરૂપ બની રહી છે... અમેરિકા જેવા દેશમાં અનેક ઠેકાણે ઈંગ્લીશ પ્રતિક્રમણનું પ્રચલન પણ વ્યાપક બનવા લાગ્યું છે. સમજાતી ભાષામાં કહેવાથી અભિવ્યક્તિ સરળતાથી ગ્રાહ્ય બની જાય છે. પણ એમાં

આવશ્યકમય પ્રતિક્રમણની અવધારણા પૂરેપૂરી સાચવવાની સંભાવના નથી. પણ ભૂલો પ્રત્યેની સભાનતા અને એના માટે અફસોસ અને પશ્ચાત્તાપની લાગણી ચોક્કસ અનુભવી શકીએ.

પરમપૂજ્ય વંદનીય શ્રી લલિતાબાઈ મહાસતીજીએ ખૂબ સુંદર રીતે ભાવ-પ્રતિક્રમણનું આલેખન કર્યું છે, જે પુસ્તક રૂપ આપણે પ્રાપ્ત થયું છે. ''આલોચનાની આંખેને પ્રાયશ્ચિત્તની પાંખે'' તેમનો ઉદ્દેશ્ય એ હતો કે આ ભાવ પ્રતિક્રમણનું મહત્ત્વ જાણીને વ્યક્તિ પ્રતિક્રમણના મૂળ-પાઠનો અભ્યાસ કરવા પ્રેરાય.

પ્રતિક્રમણ આવતીકાલની દૃષ્ટિએ :-

આજના અને આવનારા ભવિષ્યમાં ઓછા સમયમાં પ્રતિક્રમણની ક્રિયા કરવાનું માનસ વધતું જવાનું છે. કારણ કે વધુ પડતી લાંબી ક્રિયાઓ કંટાળાજનક બને છે, એટલે ધાર્મિક ક્રિયાઓ કરવાની માનસિકતાવાળો વર્ગ ચોક્કસપણે આવા પરિવર્તનો તરફ દોરવાશે. ખાસ કરીને જ્યાં સાધુ-સાધ્વીજીની ઉપસ્થિતિ અથવા એમનું માર્ગદર્શન નહીં હોય ત્યાં આવા બદલાવ આવી શકે છે. અલબત્ત, ધર્મ અને ધર્મગુરુઓ તથા ધર્મશાસ્ત્રો પ્રત્યે શ્રદ્ધા-સદ્ભાવ અને સમર્પણ રાખનારો વર્ગ તો પારંપરિક રીતે પ્રતિક્રમણની ક્રિયા કરશે અને કરવાનો આગ્રહ રાખશે. જ્યારે ધર્મને માત્ર વૈચારિક અને વલણ (એટીટ્યુડ) ની ભૂમિકામાં જોનારો વર્ગ ભાષા, સમય, પરિસ્થિતિ, વાતાવરણ વગેરે અનેક કારણોને આગળ કરીને એમાં પરિવર્તન કરશે અને સ્વીકારશે.

વર્તમાનની તનાવપૂર્ણ જીવનશૈલી અને માત્ર ભૌતિક પદાર્થો તરફની દોડના યુગમાં શ્રમણ ભગવાન મહાવીરના ધર્મશાસનમાં કથિત છ આવશ્યકતાઓ અનેક રીતે માનવને અનિવાર્યપણે ઉપયોગી બની શકે એમ છે. સમત્વ ભાવની સાધના, પરમાત્મ તત્ત્વ પ્રત્યેની શ્રદ્ધા, ગુરુ પ્રત્યેનું સમર્પણ, સ્વયંનું અંતરનિરીક્ષણ, સ્થિરતા અને એકાગ્રતાનો અભ્યાસ, સંતુલિત અને અનુશાસિત જીવન વ્યવસ્થા - આ બધી વાતો જીવનના અનેક પાસાઓને સમજણપૂર્વક જીવનમાં ચોક્કસપણે સહાયક બની શકે એમ છે.

These 6 Essentials will be Essential for the future generations FOREVER and EVER... as it will be a source to lead one from STRESSFUL to PEACEFUL LIFE.

**(અમદાવાદ સ્થિત ડૉ. પૂર્ણિમા એસ. મહેતા ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ જૈન વિદ્યા અધ્યયન કેન્દ્રના ઈન્ચાર્જ છે અને જ્ઞાનસત્રોમાં અભ્યાસપૂર્ણ શોધપત્રો પ્રસ્તુત કરે છે.)**

સંદર્ભ સૂચિ :-

(૧) આ. નિઆવશ્યક નિર્યુક્તિ, ગાથા - ૭૯૬

(૨) સુમન સુત્તં - ૪૩૦

(૩) એજન - ૪૩૧

(૪) આવશ્યક વૃત્તિ - પૃ. ૫૫૧

(૫) ઉત્તરાધ્યયન સૂત્ર, અ.૨૯, સૂત્ર - ૬૧

## ૧૮ પ્રભુભક્તિનું શ્રેષ્ઠ આલંબન : જિનદર્શન અને જિનપૂજા

- કનુભાઈ એલ. શાહ

અરિહંત આદિ ભગવંતો વીતરાગ છે, સર્વજ્ઞ છે, પરમ કલ્યાણને કરનારા છે, જીવોના ઉત્તમ કલ્યાણના હેતુ છે. અર્હત્ પરમાત્મા તીર્થની સ્થાપના કરે છે. ભગવાનનું વચન એ તીર્થ છે, કારણ કે એનાથી સંસાર-સાગરને તરી શકાય છે. આ તીર્થનું જે સર્જન કરે છે તેને તીર્થંકર કહેવાય છે. તીર્થમાં આત્મહિતકર સર્વ વિધાનો સર્વાંગ સંપૂર્ણ હોય છે. તીર્થનું મુખ્ય સંચાલન જ્યાં સુધી ગણધર ભગવંતો હોય છે ત્યાં સુધી તેઓ કરે છે, ત્યારબાદ તેમની પટ્ટપરંપરામાં જે આચાર્ય ભગવંતો આવે તેઓ કરે છે.

શ્રાવક-શ્રાવિકાના જીવનનું મહત્ત્વનું અંગ છે - પ્રભુભક્તિ. પ્રભુએ આપણા પર જે કરુણા વહાવી, આપણું કલ્યાણ કરવા માટે એમણે જે કઠોર સાધના કરી અને આપણને દુઃખમુક્તિનો જે માર્ગ બતાવ્યો તેનો બદલો વાળવા આપણે સમર્થ નથી. પ્રભુ સર્વગુણસંપન્ન હોવાથી પૂજ્યતમ છે, માટે પ્રભુની ઉચ્ચ ભાવના



ભક્તિ કરવામાં આવે છે. આ ભક્તિનું નામ છે, અષ્ટપ્રકારી પૂજા.

પ્રભુભક્તિનું અંગ છે, જિનદર્શન અને જિનપૂજા. જિનપૂજા દિવસમાં ત્રણવાર કરવા જણાવેલ છે એને કહેવાય છે 'ત્રિકાળપૂજા' : (૧) પ્રાતઃકાળની પૂજા, (૨) મધ્યાહ્નકાળની પૂજા અને (૩) સાંયકાળની પૂજા.

(૧) પ્રાતઃકાળની પૂજા :- રાત્રિ સંબંધિત પાપોનો નાશ કરે છે. સ્વચ્છ વસ્ત્રો ધારણ કરીને પૂજાની સામગ્રી લઈ, દેરાસરે પહોંચતાં, પ્રથમ પગશુદ્ધિ કરી પ્રવેશ કરતાં 'પહેલી નિસ્સીહિ' બોલવી. પ્રભુજીના મુખદર્શન થતાં 'નમો જિણાણં' અડધા કમરેથી નમીને બોલવું. પ્રભુજીને હૃદયમાં સ્થાપન કરી ત્રણ પ્રદક્ષિણા આપવી. પ્રદક્ષિણા આપીને બંને હાથ સ્વચ્છ પાણીથી શુદ્ધ કરી, આઠ પડવાળો મુખકોશ બાંધી, વાટકીમાં વાસચૂર્ણ (ક્ષેપ) લઈ, ગભારામાં પ્રવેશ કરતાં 'બીજી નિસ્સીહિ' બોલવી.

પ્રભુજીના પબાસનથી દૂર અને યથાયોગ્ય અંતરે રહી અંગૂઠો + અનામિકા (= પૂજાની આંગળી) ની ચપટીમાં વાસચૂર્ણ લઈ પ્રભુજીને સ્પર્શ કર્યા વિના (પૂજાનાં વસ્ત્રો હોય તો પણ) અધ્ધરથી બહુમાન ભાવપૂર્વક નવ અંગે ખૂબ શાંતિથી પૂજા કરવી. વાસચૂર્ણ પૂજા કરતાં પહેલાં કે પછી પ્રભુજીના અંગે ચઢેલ વાસચૂર્ણ પોતાના હાથે લઈને મસ્તકે નાખવાથી પ્રભુજીની ઘોર આશાતના લાગે.

વાસચૂર્ણ પૂજા કરી પ્રભુજીને પૂંઠ ન પડે તેમ ગભારાની બહાર આવીને પુરુષોએ + બહેનોએ પ્રભુજીની ડાબી બાજુ ઊભા રહી ધૂપપૂજા ધૂપસળી સ્થિર રાખીને કરી પછી પુરુષોએ જમણી બાજુએ અને બહેનોએ ડાબી તરફ ઊભા રહીને દીપકપૂજા કરવી.

પાટલા પર અક્ષત-નૈવેદ્ય-ફૂલ પૂજા કરવી. (મધ્યાહ્નકાળની પૂજામાં વિસ્તારપૂર્વક વિધિ જણાવેલ છે) ત્રણવાર ભૂમિ પ્રમાર્જન કરી 'ત્રીજી નિસ્સીહિ'

બોલીને પછી ઈરિયાવહિયં કરીને ચૈત્યવંદન કરી પચ્ચખાણ લેવું.

જિનાલયથી ઉપાશ્રયે જઈને પૂ. ગુરુભગવંતોને ગુરુવંદન કરી પચ્ચખાણ ગ્રહણ કરવું. ગૌચરીપાણી વહોરવા પધારવા વિનંતી કરવી. ત્યારબાદ ગુરુભગવંતોને પૂંઠ ન પડે તેમ ઉપાશ્રયેથી નિર્ગમન કરવું. (રાઈ પ્રતિક્રમણ કરતાં પહેલાં દેરાસરે ન જવાય. દેરાસર જઈને આવ્યા બાદ રાઈ પ્રતિક્રમણ ન થાય. પ્રાતઃકાળની પૂજાનો સમય અરૂણોદયથી ૧૨.૦૦ કલાક સુધી)

(૨) મધ્યાહ્નકાળની પૂજા :- આ ભવના પાપનો નાશ કરે છે. (જિનપૂજા વિધિમાં વિગતવાર વર્ણન સાથે બતાવેલ અષ્ટપ્રકારી પૂજા જાણવી) આ પૂજા મધ્યાહ્નકાળના ભોજન પહેલાં પરિમુહુ પચ્ચખાણની આસપાસ કરવાનું વિધાન છે.

(૩) સાયંકાળની પૂજા :- સાત ભવના પાપનો નાશ કરે છે. સાંજનું વાળું પતાવી, પાણી સૂકવી, સ્વચ્છ વસ્ત્રો પહેરી ચાંદી/પિત્તળની થાળીમાં ધૂળિયું + ધૂપસળી અને ફાનસ સાથે દીપક લઈને જિનાલયે જવું, 'નિસ્સહિ' બોલી પ્રવેશ કરવો, પ્રભુનાં મુખદર્શન થતાં 'નમો જિણાણં' નમન કરી બોલવું. સૂર્યાસ્ત પછી પ્રદક્ષિણા આપવાનું વિધાન નથી. પ્રભુ સમક્ષ સ્તુતિઓ બોલવી. 'બીજી નિસ્સીહિ' બોલીને પ્રાતઃ કાળની પૂજાની જેમ જ ધૂપપૂજા અને દીપકપૂજા કરવી.

ત્રણ વાર ભૂમિપ્રમાર્જના કરી 'ત્રીજી નિસ્સીહિ' બોલી, ઈરિયાવહિયં કરી, ચૈત્યવંદન કરવું. ત્યારબાદ પરચખાણ લેવું. ઉપાશ્રયે જઈ પૂ. ગુરુભગવંતોની નિશ્રામાં 'દેવસીય પ્રતિક્રમણ' કરવું. (દેવસીય પ્રતિક્રમણ પહેલાં આ પૂજા કરાય, પછી નહિ)

મધ્યાહ્નકાળ પૂજા :-



સૌ પ્રથમ સ્નાન મંત્ર બોલવાપૂર્વક યોગ્ય દિશા સમક્ષ બેસી જયણાપૂર્વક સ્નાન કરવું. વસ્ત્રમંત્રના ઉચ્ચારપૂર્વક ધૂપવાસિત અતિ સ્વચ્છ વસ્ત્ર, સ્વચ્છ ગરમ શાલ પર ઊભા રહી ધારણ કરવાં. અષ્ટપ્રકારી પૂજાની સામગ્રી ગ્રહણ કરવી. દેરાસરે જતાં દૂરથી જિનાલયનાં શિખર, ધજા કે અન્ય કોઈ ભાગનાં દર્શન થતાં મસ્તક ઝુકાવી 'નમો જિણાણં' બોલવું. દેરાસરના મુખ્ય પ્રવેશદ્વારે પ્રવેશ કરતાં 'પહેલી નિસ્સીહિ' ત્રણવાર બોલવી. મૂળનાયક ભગવાનના દર્શન કરી 'નમો જિણાણં' બોલીને સુખડઘરમાં દાખલ થવું. સુખડઘરમાં ઓરસીયા પર કેસર-અંબર-કસ્તુરી-ચંદન મિશ્રિત કેસર એક વાટકીમાં લઈ, મસ્તકે તિલક કરી, પૂજા માટે ઉપયોગી બધી જ સામગ્રી હાથમાં લઈ મૂળનાયક ભગવાન સમક્ષ જઈ 'નમો જિણાણં' બોલીને મૂળનાયક પ્રભુજીની જમણી તરફથી જયણાપૂર્વક સામગ્રી સાથે રાખીને ત્રણ પ્રદક્ષિણા આપવી. પ્રદક્ષિણા આપ્યા બાદ પ્રભુજી સન્મુખ અર્ધ-વિનત થઈ યોગમુદ્રામાં ભાવવાહી સ્તુતિઓ મંદસ્વરે બોલવી. પછી અષ્ટપડ મુખકોશ બાંધી પૂજાની સામગ્રી સાથે ગભારામાં જમણો પગ પ્રથમ મૂકી પ્રવેશતાં અડધા નમીને 'બીજી નિસ્સીહિ' ત્રણવાર બોલવી.

ગભારામાં પ્રભુજીને ચઢાવેલાં વાસી પુષ્પ, હાર, મુગટ, કુંડલ, બાજુબંધ, ચાંદીનું ખોખું આદિ ઉતારી નિશ્ચિત જગ્યાએ મૂકવાં. પબાસણમાં એકત્રિત થયેલ નિર્માલ્યને દૂર કરવાં સ્વચ્છ પૂજણીનો ઉપયોગ કરવો. ગભારામાં ભૂમિતલને જયણાપૂર્વક સાફ કરવું. શુદ્ધ પાણીથી કળશ ભરીને ચંદનાદિ ભીનું કરવું. પછી ભીના પોતાથી કેસર દૂર કરવું. ત્યારબાદ પંચામૃતને સુવાસિત કરી કળશમાં ભરીને મૌનપૂર્વક મસ્તકેથી પક્ષાલ કરવો. પક્ષાલ કર્યા બાદ શરીર-વસ્ત્ર-પબાસણ-નખ-પસીનો આદિના સ્પર્શ વગર કોમળતાથી અંગલૂછણાં કરવાં. કપૂર-ચંદન મિશ્રિત વાટકીમાંથી પાંચેય આંગળીઓ વડે પ્રભુજીના અંગોએ મૌનપણે ચંદનપૂજા કરવી.

વિલેપન પૂજા કર્યા બાદ સુયોગ્ય સ્વચ્છ વસ્ત્રથી પ્રભુજીને લૂછવા. પ્રભુજીને સાફ કર્યા બાદ મૌનપૂર્વક મનમાં દુહા ભાવતાં ભાવતાં કેશર-અંબર-કસ્તૂરી મિશ્રિત ચંદનથી પ્રભુજીને નવ અંગે પૂજા કરવી. શુદ્ધ-અખંડ-સુવાસિત પુષ્પોથી / પુષ્પમાળા મનમાં મંત્રોચ્ચાર કરી પુષ્પપૂજા કરવી. દશાંગ આદિ ઉત્તમ દ્રવ્યો દ્વારા ગભારા બહાર ડાબી તરફ સૌએ મંત્રોચ્ચારપૂર્વક ધૂપપૂજા કરવી. ત્યારબાદ ભાઈઓએ જમણે અને બહેનોએ ડાબે ઉભી રહી દીપકપૂજા કરવી. નૃત્ય સાથે ચામરપૂજા કરવી. શુભભાવે દર્પણપૂજા, દર્પણમાં પ્રભુજીના દર્શન થતાં પંખો વીંઝવો.

શુદ્ધ અખંડ અક્ષત દ્વારા અષ્ટમંગળ / નંદાવર્ત / સ્વસ્તિકનું આલેખન મંત્ર-દુહા બોલવા સાથે કરવું. દર્શન-જ્ઞાન-ચારિત્રની ત્રણ ઢગલી અને તેની ઉપર સિદ્ધશિલાનું આલેખન અક્ષતથી કરવું.

રસવંતી શુદ્ધ મીઠાઈઓનો થાળ મંત્ર-દુહા બોલવા સાથે સ્વસ્તિક ઉપર નૈવેદ્ય ચઢાવવું.

શ્રેષ્ઠ ફળો (ઋતુ પ્રમાણેનાં) નો થાળ મંત્ર-દુહા બોલવાં સાથે સિદ્ધશિલા પર ફળ ચઢાવવું.

અંગ પૂજા અને અગ્રપૂજાના સમાપનપૂર્વક 'ત્રીજી નિસ્સીહિં' ત્રણવાર બોલવી. ત્યારબાદ ભાવપૂજામાં પ્રવેશ કરવો.

ભાવપૂજા :- એક ખમાસમણ આપી ઈરિયાવહિયં નો કાઉસગ્ગ કરી લોગસ્સ બોલી ત્રણ ખમાસમણાં આપવાં.

યોગ્ય મુદ્રામાં ભાવવાહી ચૈત્યવંદન કરતાં પ્રભુજીની ત્રણ અવસ્થાનું ભાવન કરવું. ચૈત્યવંદનમાં શાસ્ત્રીય રાગો મુજબ સ્તવન દ્વારા પ્રભુજીના ગુણગાન પ્રગટ કરવાં. ચૈત્યવંદન બાદ પચ્ચખાણ કરવું.



પાછળ ધીમા પગલે પ્રભુજીને પોતાની પૂંઠ ન દેખાય તેમ બહાર નીકળતાં ઘંટનાદ કરવો.

દેરાસરના ઓટલે બેસી પ્રભુજીની ભક્તિના આનંદને મમળાવવો.

દેરાસરની બહાર નીકળતાં 'આવસ્સહિ' બોલવું તેમજ પ્રભુજીની ભક્તિનો આનંદ અને પ્રભુજીના વિરહનો વિષાદ સાથે રાખી જયણાપૂર્વક ઘર તરફ પ્રયાણ કરવું.

દશ-ત્રિક= (દશ પ્રકારે ત્રણ-ત્રણ વસ્તુઓનું પાલન) (૧) નિસ્સીહિ ત્રિક (૨) પ્રદક્ષિણા ત્રિક (૩) પ્રણામ ત્રિક (૪) પૂજા ત્રિક (૫) અવસ્થા ત્રિક (૬) ત્રણ દિશા નિરીક્ષણ ત્યાગ સ્વરૂપ દિશીત્યાગ ત્રિક (૭) પ્રમાર્જના ત્રિક (૮) આલંબન ત્રિક (૯) મુદ્રાત્રિક (૧૦) પ્રણિધાન ત્રિક. દરેક ક્રિયા વખતે યોગ્ય સમયે આ ત્રિક બોલવાની હોય છે.

ઉપરોક્ત જિનદર્શન-પૂજા વિધિ તદ્દન સંક્ષિપ્તરૂપે દર્શાવી છે. એકેએક ક્રિયા વિધિપૂર્વક કરવાની છે. તેના માટેની સૂચનાઓ આપવામાં આવી છે. દા.ત. સ્નાન કેવી રીતે કરવું, પૂજાનાં વસ્ત્રો કેવાં હોવાં જોઈએ, વસ્ત્રો કેવી રીતે પહેરવાં, પહેરતી વખતે યોગ્ય સાવધાની રાખવી વગેરે અંગેની સૂચનાઓ આપવામાં આવી છે. જિનપૂજા માટે પોતાનાં જ વસ્ત્રો વાપરવાં, સંસ્થાનાં નહિ. જયણાપૂર્વક દેરાસરે ગમન કરવું.

પોતાના વૈભવ સાથે અને મોભા પ્રમાણે આડંબરપૂર્વક રિદ્ધિ સાથે સુયોગ્ય નયનરમ્ય પૂજાની સામગ્રી લઈને જ દેરાસર જવું.

દેરાસરમાં પ્રવેશ કરવાની વિધિ, પ્રદક્ષિણા કરતાં દુહા બોલવા, યોગ્ય કાળજી રાખવી, ચંદન ઘસતી વખતે યોગ્ય કાળજી લેવી, તિલક કરવાની વિધિ,

અભિષેક માટે કળશ ભરવાની વિધિ, ગભારામાં પ્રવેશ વખતની વિધિ, પ્રભુજી પરનું નિર્માલ્ય ઉતારવાની અને પક્ષાલ કરવાની વિધિ, પક્ષાલ કર્યા બાદ અંગલૂછણાં કરતી વેળાએ રાખવા યોગ્ય કાળજી, પ્રભુજીને વિલેપન કરવાની વિધિ, પ્રભુજીની કેશરપૂજા વેળાએ રાખવા યોગ્ય સાવધાની, પુષ્પપૂજાની વિધિ, દીપકપૂજાની વિધિ, ચામરપૂજાની વિધિ, દર્પણદર્શન તથા પંખો વિંઝવાની વિધિ, અક્ષત-નૈવેદ્ય અને ફળપૂજા પછી યોગ્ય સાવધાની, ચૈત્યવંદન પહેલાં સમજવા યોગ્ય વાતો, ચૈત્યવંદન વિધિ, દેરાસર બહાર નીકળવાની વિધિ, પ્રભુજીને વધાવવાની વિધિ, ન્હવણ જળ લગાડવાની વિધિ, દેરાસરના ઓટલા પર બેસવાની વિધિ, દહેરાસરની બહાર નીકળતી વખતની વિધિ વગેરે વિધિઓની વિગતવાર સમજણ આપવામાં આવી છે.

જિનદર્શન અને જિનપૂજા, ભક્તિ જૈન પરિવારો માટે હંમેશાં કરવા જેવી યોગ્ય એવી પ્રક્રિયા છે. પરંતુ આપણે આ જિનભક્તિ આપણી જીવનશૈલીના એક ભાગરૂપે વણી લીધી નથી. વ્યવહારિક અભ્યાસને આપણે ખૂબ જ મહત્ત્વ આપ્યું છે અને તે જરૂરી પણ છે, છતાં ધાર્મિક અભ્યાસ તરફ આપણે દુર્લક્ષ્ય સેવ્યું છે એ હકીકત આંખે ઊડીને વળગે છે.

સમાજમાં આજે મહત્ત્વનો પ્રશ્ન છે - ધાર્મિક જ્ઞાન વિષયક. એમાં અનેક બાબતો સંકળાયેલી છે. આજે વડીલોએ એટલે કે માત-પિતાએ ધાર્મિક શિક્ષણને ગૌણ બનાવ્યું છે. તેઓ આ બાબતની મહત્તા સમજતા નથી કે તેની અવગણના કરવામાં આવી રહી છે ? આપણી પાઠશાળાઓ વ્યવસ્થિત ચાલતી નથી, કારણ કે એના પર સંઘની દેખરેખ કે પૂરતી કાળજી લેવાતી નથી. બાળકો પણ પાઠશાળામાં પૂરતી સંખ્યામાં આવતાં નથી કારણ કે ધાર્મિક શિક્ષકો કે પંડિતોએ બાળકોમાં રસ



લઈને પ્રેમથી શિક્ષણ આપવું જોઈએ તેવી રીતની કાળજી લેવાતી નથી. એનું કારણ પણ જોવા જઈએ તો સમાજમાં ધાર્મિક શિક્ષકોને જે સન્માન (સ્ટેટસ) મળવું જોઈએ તે મળતું નથી વગેરે વગેરે.

આપણો ધર્મ-જૈન ધર્મ વૈજ્ઞાનિક છે. વનસ્પતિમાં જીવ છે, કંદમૂળ અભક્ષ્ય છે કારણ કે એમાં અસંખ્ય જીવો છે, જે નરી આંખે જોઈ શકાતા નથી. જૈન આહારસંહિતાના નિયમો આરોગ્યની દૃષ્ટિએ પણ વૈજ્ઞાનિક છે તે રીતે સાચા પુરવાર થયા છે. રાત્રિભોજનત્યાગનું ધર્મમાં અગત્યનું પાસું ગણાય છે. આયુર્વેદ અને આધુનિક મેડિકલ સાયન્સ આરોગ્ય માટે રાત્રિભોજન ન કરવાની સલાહ આપે છે. જો આજની પેઢીને ધર્મ તરફ વાળવી હોય કે રસ લેતી કરવી હોય તો વૈજ્ઞાનિક દૃષ્ટિએ તાર્કિક રીતે તેમને સમજણ આપવી પડશે. આજની પેઢી સ્માર્ટ છે, હોંશિયાર છે. તેમને ધર્મની દરેક ક્રિયામાં વૈજ્ઞાનિક દૃષ્ટિનો સમાવેશ થયેલો છે તેની વ્યવસ્થિત રજૂઆત કરીશું તો તેમને સારી રીતે સમજાશે. પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈએ યોગ્ય રીતે જ કહ્યું છે કે ".. એના પ્રત્યેક ક્રિયાકાંડોમાં માનવીનું સ્વસ્થ જીવન અગ્રસ્થાને છે. આજના યુવાનોને આ બધી જ બાબતો વૈજ્ઞાનિક રીતે દર્શાવવામાં આવે તો એને ખ્યાલ આવે કે આ બધા ક્રિયાકાંડોની પાછળ સાધના અને સ્વાસ્થ્ય બંને સંકળાયેલા હતાં. આજે આવા વિજ્ઞાનની ખોજ કરનાર આપણી પાસે કેટલાં છે ? હકીકતમાં તો આ સઘળી બાબતનો મોહ વૈજ્ઞાનિક સંશોધન કેન્દ્ર હોવું જોઈએ કે જ્યાં જીવનશૈલી પાછળ રહેલા વિજ્ઞાનનું સંશોધન - પરીક્ષણ વિશેની આપણી વિચારણાને પણ વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોવી જોઈએ".

ज्ञान - क्रियाभ्यां मोक्षः ।

पढमं नाणं तओ दया ।

જ્ઞાન દ્વારા જીવનને મઘમઘતું બનાવવું હોય તો જ્ઞાન અને ક્રિયાની જોડીને સાથે રાખીને ચાલવું પડશે. તેમજ 'દયા' નો ભાવ જાણવો હોય તો તેના વિશે પ્રથમ જ્ઞાન દ્વારા તેની સમજણ પ્રાપ્ત કરવી પડશે.

હજારો જૈનો પ્રતિદિન સ્વયં આ રીતે પ્રભુ-ભક્તિ કરે છે. પ્રભુનો શણગાર રચે છે, પ્રભુની સ્તુતિ કરે છે અને પોતાના દોષો દૂર થાય એ માટે પ્રભુને હાર્દિક પ્રાર્થના કરે છે. પ્રેમ-કરુણા-સદ્‌ગુણો-સદાચારથીય જીવન જીવવાની ઊર્જા વગેરેને પામવા માટે પ્રભુભક્તિ એ પાવરહાઉસ જેવી છે.

**(અમદાવાદ સ્થિત કનુભાઈ શાહને લાઈબ્રેરી અને ગ્રંથભંડારોની જાળવણી અને વ્યવસ્થાનો બહોળો અનુભવ છે. તેઓ ગુજરાત વિદ્યાપીઠ - અમદાવાદ, મહાવીર જૈન અધ્યયન કેન્દ્ર વગેરે અનેક સંસ્થાઓમાં સેવા આપી ચૂક્યા છે.)**

સંદર્ભ સૂચિ :-


(૧) સંપૂર્ણ સચિત્ર આવશ્યક ક્રિયા - સાધના

સંપાદક : શ્રી રમ્યદર્શનવિજયજી મ.સા., પી. પરેશકુમાર જી. શાહ

(૨) આધુનિક યુગસંદર્ભ અને જૈનદર્શનના તત્ત્વો, સંપાદક : નલિની દેસાઈ




## ૧૯

# શાસન પ્રભાવના

- હેમાંગ અજમેરા

લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાન પ્રાપ્ત કરી પ્રત્યેક તીર્થંકર, દેવો રચિત ભવ્ય અને દિવ્ય સમોસરણમાં બેસી દેશનાની અસ્ખલિત ધારા વહાવતા વૈશાખ સુદ ૧૧ ના શુભ દિને ભગવાન મહાવીરે ''નમો તિથ્થસ'' કહીને જિનશાસનની શ્રમણ-શ્રમણી, શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી.

કોઈપણ બંધારણ વિના ૨૬૦૦ વર્ષથી ભગવાનનું આ શાસન ચાલી રહ્યું છે.

જિજ્ઞાસાવૃત્તિથી અનેક લોકો સમોસરણને જોવા આવતા અને અનેક લોકો ભાવપૂર્વક દર્શન - શ્રવણ કરવા આવતા, પરંતુ તે બધા જ ભવ્ય જીવો પ્રભુથી પ્રભાવિત થઈને પરમાત્માને પામી જતા હતા.

પાટાનુસાર સુધર્મા સ્વામી, જંબુસ્વામી આ બોધને અનેક લોકો સુધી પહોંચાડ્યો. તે સમયખંડમાં આચાર્ય સાધુ ભગવંતોનું જીવન જ પ્રેરણાત્મક હતું. એમના દર્શન માત્રથી શ્રાવકોની શ્રદ્ધા વધુને વધુ દૃઢ થતી.

આચાર્ય ભગવંત સંતોષ પામીને ઉગ્રવિહાર કરી, આગળના ક્ષેત્રોમાં જઈ અને ભગવાનના ઉપદેશનો પ્રચાર કરતા હતા. કાળના પ્રભાવે દેવાર્ધિગણી મહાશ્રમણને લાગ્યું કે હવે આ કાળમાં સ્મરણશક્તિ ઓછી થવાને કારણે આગમરૂપી પ્રભુની વાણીને આગળ વધારી પ્રચાર કરવો મુશ્કેલ થશે એટલે તેમણે વલ્લભીપુરમાં ૫૦૦ સાધુઓના સાન્નિધ્યમાં આગમવાચના દ્વારા આગમને કંઠસ્થમાંથી ગ્રંથસ્થ કરવાની શરૂઆત કરી. આ પવિત્ર આગમો તાડપત્રીય ગ્રંથ રૂપે શાસનને મળ્યા. ધીરે ધીરે આ તાડપત્રીય ગ્રંથો પણ જર્જરિત થવા લાગ્યા.

પરિવર્તન એ પ્રકૃતિનો નિયમ છે. ત્યારપછીના સમયમાં કાગળ પર હસ્તલિખિત ગ્રંથો થયા. સચિત્રગ્રંથો થયા. એ ગ્રંથો પણ જર્જરિત થવા લાગ્યા અને તેની જાળવણી મુશ્કેલ બનવા લાગી.

સમૂહ માધ્યમો અને ટેકનોલોજીનો વિકાસ થતા આ શ્રુત જ્ઞાનરૂપી જિનવાણી સાંભળવા અને વાંચવા માટે ટી.વી., ઓડીયો કેસેટ, ડીવીડી, સીડી, કોમ્પ્યુટર વગેરેનો ઉપયોગ થવા લાગ્યો. વળી, આ ગ્રંથોને સાચવવા માટે સ્કેન કરી સીડી, ડીવીડી, પેનડ્રાઈવ વગેરેમાં સ્ટોર કરી દેવામાં આવ્યા. ગ્રંથભંડારોનું આધુનિકરણ થયું. તેમાં સંગ્રહિત તમામ ગ્રંથોના કેટલોગ બનવા લાગ્યા, જેથી સરળતાથી વિષયવાર ગ્રંથો શોધી શકાય.

આપણે બીજાને ધર્મ પમાડવાનું કાર્ય કરીએ તો ભવિષ્યમાં ભવાંતરે પણ આપણે પણ ધર્મ પામી શકીએ. માટે ધર્મપ્રભાવનાનું કાર્ય જીવનમાં મહત્ત્વનું છે. સવાસો વર્ષ પહેલા બેરીસ્ટર શ્રાવક વીરચંદ રાઘવજી ગાંધીને પંજાબકેસરી પૂ. આત્મારામજી મ.સા. ૧૮૯૩ માં શિકાગોની વિશ્વ ધર્મ પરિષદમાં પોતાને મળેલા આમંત્રણને કારણે પોતાના પ્રતિનિધિરૂપે તેમને ધર્મપ્રભાવના માટે મોકલ્યા ને તે યાત્રા સફળ ઐતિહાસિક યાત્રા બની રહી.



ધર્મપ્રભાવનાની આ શૃંખલા હજુ અવિરત ગતિથી ચાલુ છે. કેટલાય ગુરુ ભગવંતો પાત્ર શ્રાવક શ્રાવિકાઓને દેશવિદેશમાં શાસનપ્રભાવના કરવા મોકલે છે. ભવિષ્યમાં વધુ સારી રીતે આ કાર્ય આગળ ચલાવવા ઈ-બુક ઉપલબ્ધ કરાવવી, ઈ-લાયબ્રેરી, ઈન્ટરનેટ દ્વારા શ્રુત પ્રભાવનાનું કાર્ય થઈ શકે. ઈ-બુક મોબાઈલ ફોનમાં પણ વાંચી શકાય - પ્રવચનરૂપે સાંભળી પણ શકાય. 'લૂક એન લર્ન' પદ્ધતિ દ્વારા બાળકોને આધુનિક ઉપકરણોના ઉપયોગ દ્વારા જૈન શિક્ષણ આપી શકાય.

ઓનલાઈન કોન્ફરન્સ દ્વારા પણ સ્વાધ્યાય - સત્સંગ કરી શકાય. રાષ્ટ્રસંત પૂ. નમ્રમુનિ મ.સા. પ્રેરિત સંબોધિ સત્સંગ દેશવિદેશમાં અનેક સ્થળે કોન્ફરન્સ દ્વારા વાંચણી-સ્વાધ્યાય અને સત્સંગનું કાર્ય કરી રહેલ છે. 'તત્ત્વાર્થ સૂત્ર' અને આગમ ગ્રંથો જેવા અગત્યના ગ્રંથોને અંગ્રેજીમાં અનુવાદ કરી પ્રકાશિત કરવાથી વિદેશમાં વસતા જૈનો તથા દેશવિદેશના યુવાનોને જૈન ધર્મનું જ્ઞાન મળશે.

સોશ્યલ મીડીયામાં ટૂંકા આધ્યાત્મિક પ્રવચનો, સુવિચાર અને રોજબરોજના જીવનની સમસ્યાઓનું આપણા ધર્મમાં શું અને કઈ રીતે ઉકેલ કે સમાધાન બતાવેલ છે તેના ટૂંકા લખાણો અંગ્રેજી સહિત અગત્યની ભાષાઓમાં મૂકી શકાય. જ્ઞાનસત્રો, સાહિત્ય સંમેલનો અને શાસનપ્રભાવના કરનારને ટ્રેનીંગ આપવાના કાર્યક્રમો જૈન સંસ્કૃતિની અસ્મિતાને ઉજાગર કરશે અને સંસ્કૃતિ સંરક્ષણ અને સંવર્ધનનું કાર્ય કરશે જ.

**(ચેન્નઈ સ્થિત હેમાંગભાઈ જૈન ધર્મના અભ્યાસુ છે. તેઓ M.Tech., I.I.T. એરોસ્પેસ એન્જિનીયર છે અને મુંબઈ યુનિવર્સિટીમાં જૈનોલોજી ડિપ્લોમા કરેલ છે. તેઓ રાષ્ટ્રસંત પૂ. ગુરુદેવ નમ્રમુનિ મ.સા. પ્રેરિત 'સંબોધી સત્સંગ' સાથે સંકળાયેલા છે.)**

## ગુણવંત બરવાળિયાનાં પુસ્તકો
## સર્જન તથા સંપાદન

ખાંભા (અમરેલી) ના વતની ગુણવંતભાઈએ C.A. સુધી અભ્યાસ કર્યા બાદ, હાલ ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીમાં પ્રવૃત્ત છે. જૈન કોન્ફરન્સના મંત્રી, મુનિશ્રી સંતબાલજી પ્રેરિત વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ, મુંબઈ - ચીંચણી, કલ્પતરુ સાધના કેન્દ્ર-દેવલાલી, પારસધામ સંઘ-ઘાટકોપર, પ્રાણગુરુ જૈન સેન્ટર, એમ.બી. બરવાળિયા ફાઉન્ડેશનની સ્પંદન હોલીસ્ટિક ઈન્સ્ટિટ્યૂટ વગેરેમાં ટ્રસ્ટી છે. ઘણી સંસ્થાઓનાં મુખપત્રમાં તંત્રી તરીકે સેવા આપેલ છે. અમેરિકા, સિંગાપોર વગેરેમાં તેમનાં સફળ પ્રવચનો યોજાયાં છે. તેમનાં ધર્મપત્ની મધુબહેને હિન્દી સાહિત્યમાં ડોક્ટરેટ કરેલ છે. તેમના મુંબઈ સમાચારમાં પ્રગટ થયેલા લેખના ''પ્રથમ જૈન પત્રકાર એવોર્ડ'' તથા મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીનો તેમના પુસ્તક વિશ્વ કલ્યાણની વાટે ને પ્રથમ એવોર્ડ મળેલ છે.

● હૃદયસંદેશ ● પ્રીત-ગુંજન ● શ્રીમદ્ રાજચંદ્ર એક દર્શન ● અમૃતધારા ● સમરસેન વયરસેન કથા ● સંકલ્પ સિદ્ધિનાં સોપાન ● **Glimpsis of world Religion** ●**Introduction to Jainisim** ● **Commentray on non-violence** ● **Kamdhenu (wish cow)** ● **Glorry of detechment** ● ઉપસર્ગ અને પરિષહ પ્રધાન જૈનકથાઓ ● વિનયધર્મ ● ભારતીય સંસ્કૃતિમાં દાનભાવના - ભારતીય ● સંસ્કૃતિમાં ગુરુમહિમા ● આગમ અવગાહન ● જ્ઞાનધારા (ભાગ - ૧ થી ૧૯) (જૈન સાહિત્ય જ્ઞાનસત્રમાં વિવિધ વિદ્વાનોના પ્રસ્તુત થયેલા નિબંધો અને શોધપત્રોના સંગ્રહ) ● કલાપીદર્શન (ડૉ. ધનવંત શાહ સાથે) ● વિચારમંથન ● દાર્શનિક દૃષ્ટા ● અધ્યાત્મસુધા (ડૉ. મધુબહેન બરવાળિયા સાથે) ● જૈન ધર્મ (પરિચય પુસ્તિકા) ● અહિંસા મીમાંસા (ડૉ. કનુભાઈ શેઠ સાથે) ● ચંદ્રસેન કથા (ડૉ. કનુભાઈ શેઠ સાથે) ● અમરતાના આરાધક ● જૈનદર્શનમાં કેળવણી વિચાર ● જૈનદર્શન અને ગાંધીવિચારધારા ● અધ્યાત્મનિષ્ઠ સંતબાલજી ● આપની સન્મુખ ● મર્મ સ્પર્શ (ડૉ. જયંત મહેતા સાથે) ● વીતરાગ વૈભવ ● આગમદર્શન ● જૈનદર્શનમાં સદ્બોધના સ્પંદનો ● જ્ઞાનસાધના અને સરસ્વતીવંદના ● વિશ્વવાત્સલ્યનો સંકલ્પ ● વાત્સલ્યનું અમીઝરણું (માતૃવાત્સલ્યનાં વિવિધ સ્વરૂપો) ● આધ્યાત્મિક કાવ્યોમાં આત્મદર્શન ● જીવન સંધ્યાએ અરુણોદય ● સર્વધર્મદર્શન (વિશ્વના મુખ્ય ધર્મોનો પરિચય) ● આદર્શ કેળવણીનું ઉપનિષદ ● અણગારનાં અજવાળાં (પ્રો. પ્રવીણાબહેન ગાંધી સાથે ● ઉરનિર્ઝરા (કાવ્યસંગ્રહ) ● તપાધિરાજ વર્ષીતપ ● દામ્પત્યવૈભવ (દામ્પત્યજીવનને લગતા લેખોનો સંચય) ● ઉત્તમ શ્રાવકો ● ભગવાન મહાવીર અને સંયમજીવન ● મૃત્યુનું સ્મરણ (મૃત્યુચિંતન) ● **Aagam An Introduction** ● **Development & Impact of Jainism is India & abroad** ● જૈન પત્રકારિત્વ ● અધ્યાત્મ આભા ● શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર : એક અધ્યયન ● શ્રુતજ્ઞાનનાં અજવાળાં ● શૈલેષી (આલોચના અને ઉપાસના) ● જૈન ધર્મના ચોવીસ તીર્થંકરો ● જૈન વિશ્વકોશ ખંડ : ૧ - ૨ (ડૉ. કુમારપાળ દેસાઈ સાથે) ● પાકિસ્તાનના જૈન મંદિરો (અનુવાદ)

**E-mail : gunvant.barvalia@gmail.com 022-2500 0900**

## સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર, મુંબઈ - ઘાટકોપર

સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મહારાજસાહેબની શ્રુતપ્રભાવના વિશિષ્ટ હતી. શાસ્ત્રગ્રંથોનું પરિશીલન, તાડપત્રીય ગ્રંથોનો સંગ્રહ અને જાળવણી, શાસ્ત્રભંડારો અને પાઠશાળાની સ્થાપનામાં એમનું અનેરું યોગદાન હતું.

આ સંદભમાં પરિપ્રેક્ષ્યમાં અધ્યાત્મયોગિની પૂ. લલિતબાઈ મ.સ. નાં વિદ્વાન પૂ. ડૉ. તરુલતાજીની પ્રેરણાથી સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણગુરુ જન્મશતાબ્દી સમિતિ, મુબંઈના સહયોગથી ગુરુદેવની સ્મૃતિ ચિરંજીવ રાખવા પૂજ્યશ્રીની જન્મશતાબ્દી પ્રસંગે સંસ્થાએ સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફી એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટરની સ્થાપના કરી છે. સેન્ટરનો ઉદ્દેશ આ પ્રમાણે છે :

- જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્યનું અધ્યયન, સંશોધન, સંપાદન અને પ્રકાશન કરવું.
- સંસ્કૃતિ, ધર્મ અને અધ્યાત્મનાં સાહિત્યનું પ્રકાશન કરવું.
- જૈન ધર્મનાં તત્ત્વોની વૈજ્ઞાનિક રીતે રજૂઆત કરવી.
- પ્રાચીન હસ્તલિખિત અને તાડપત્રીય ગ્રંથોનું સંશોધન અને પુસ્તકાલયની પ્રવૃત્તિ કરવી.
- જૈન ધર્મને કેન્દ્રમાં રાખી માનવધર્મની પ્રવૃત્તિનો વિકાસ કરવો.
- જૈન સાહિત્યમાં અધ્યયન અને સંશોધન માટે **Work-shop** કાર્ય-શાળાનું આયોજન કરવું.
- જૈન સાહિત્ય જ્ઞાનસત્રનું આયોજન કરવું.
- વિદ્વાનો અને સંતોનાં પ્રવચનોનું આયોજન કરવું.
- ધર્મ અને સંસ્કારનો વિકાસ અને સંવર્ધન થાય તેવી શિબિર અને અન્ય કાર્યક્રમોનું આયોજન કરવું, સંસ્કારલક્ષી, સત્ત્વલક્ષી અને શિષ્ટ સાહિત્યનું પ્રકાશન કરવું.
- અભ્યાસ નિબંધ વાંચન (**Paper Reading**), લિપિ-વાંચન અને પ્રાચીન જૈન ગ્રંથો (**Old Jain Manuscript**) નું વાંચન.
- જૈન ધર્મ પર સંશોધન **M.A., Ph.D., M.Phill** કરનારાં જિજ્ઞાસુ, શ્રાવક, સંત-સતીજીઓને સહયોગ અને સંશોધિત સાહિત્યનું પ્રકાશન.
- જૈન પ્રાચીન ગ્રંથો, ચિત્રો, શિલ્પ, સ્થાપત્યના ફોટાઓ વગેરે સી.ડી. તૈયાર કરાવવી.
- દેશ-વિદેશનમાં જૈન ધર્મ પર પરિસંવાદ, પ્રવચન - આયોજન, ઈન્ટરનેટ પર 'વેબસાઈટ' દ્વારા જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્ય વિષયક માહિતીનો પ્રચાર કરવો.

સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ
જૈન ફિલોસોફિકલ એન્ડ
લિટરરી રિસર્ચ સેન્ટર,
અર્હમ સ્પીરીચ્યુલ સેન્ટર

આપના સહયોગની અપેક્ષા સાથે
ટ્રસ્ટી અને માનદ્ સંયોજક
ગુણવંત બરવાળિયા
મો. ૦૯૮૨૦૨૧૫૫૪૨

**E-mail : gunvant.barvalia@gmail.com**

# જ્ઞાન એ આત્માનો મૂળ ગુણ છે

जहा सूई पडिआ न विणस्सइ ।
तहा जीवे रसुत्ते संसारे न विणस्सइ ।।

Just as a threaded needle does not
get lost even when it falls on the ground,
Similarly the soul with knowledge of scriptures
is not lost in the world of birth and death

જેમ દોરો પરોવેલી સોય પડી જાય
તો પણ ખોવાઈ જતી નથી,
તેમ શ્રુતજ્ઞાની જીવ સંસારમાં રખડતો નથી.
(ઉત્તરાધ્યયન સૂત્ર, ૨૯–૫૯)

विद्यां चाचिद्यां च यस्तद् वेदोमयं सह
अविधया मृत्युं तीत्वां विधयामृतमश्नुते ।

વિદ્યા અને અવિદ્યા બંને સાથે અને
યથાર્થતઃ જાણે છે તે અવિદ્યા દ્વારા મૃત્યું
તરી જાય છે અને વિદ્યા દ્વારા અમૃતને પામે છે.
– ઈશોપનિષદ : ૧૧

જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોઈ;
જ્ઞાની વેદે ધૈર્યથી અજ્ઞાની વેદે રોઈ.
– શ્રીમદ્ રાજચંદ્ર